# આચારાંગ સૂત્ર.

## ભાગ ૫ મો.

(સટીક ભાષાંતર સમાપ્ત)

લેખક—મુનિ માણેક.

# સનિર્યુક્તિ મૂળ આચારાંગ સૂત્રનું ટીકાના આધારે ભાષાંતર.

## ભાગ ૫ મો.

પાલણપુરના શ્રાવકોની મુખ્ય સહાયતાથી

લેખક,

~~મુનિ માણેક.~~

પ્રસિદ્ધકર્ત્તા,

શ્રીમન્ મોહનલાલજી જૈન શ્વેતામ્બર જ્ઞાન-
ભંડાર સુરત ગોપીપુરા તરફથી

મેનેજીંગ ટ્રસ્ટી,

ચુનીલાલ ગુલાબચંદ દાળીયા.

સં. ૧૯૭૮ | પ્રતિ ૭૦૦ | સને ૧૯૨૨

આચારાંગના દરેક ભાગના મૂલ્ય બે રૂપિયા.

લેખકઃ—

મુનિ માણેક.

## શુદ્ધિપત્ર.

પૃષ્ટ ૧ લે અધ્યયન ૫ મું છે ત્યાં ભાગ ૫ મો વાંચવું.

જુના ગ્રાહકોને દરેક પુસ્તક પોણી કિંમતે મળશે.

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ.

ભાવનગર.

# પ્રસ્તાવના.

આ ભાગમાં બીજો સ્કંધ અને આચારાંગ સૂત્ર સમાપ્ત થાય છે, દરેક અધ્યયનમાં શું વિષય છે તે નિર્યુક્તિકારે બરોબર બતાવેલ છે, તે વિષયઅનુક્રમણિકામાં પણ ટુંકમાં જોવાશે.

આ સાધુનો આચાર દરેક સાધુ સાધ્વીએ સમજીને પાળવાનો છે, અને તે પ્રમાણે વર્ત્તન કરવાથી આ લોકમાં શાંતિ, નિર્ભયતા અને કીર્ત્તિ પ્રાપ્ત થાય છે, પરભવમાં મોક્ષ પ્રાપ્તિ અથવા ઉચ્ચ કોટીનું દેવપણું પ્રાપ્ત થાય છે, પ્રથમ સ્કંધનો ખુલાસો આ સ્કંધમાં હોવાથી ટીકા કે નિર્યુક્તિ વિશેષ નથી, મૂળ સૂત્ર વિશેષ છે. તેમ દશ વૈકાલિકમાં સારાંશ આવી જવાથી વાંચનારને પુનરોક્તિ જેવું પણ લાગશે, પણ દશ વૈકાલિક સૂત્ર પાછળથી ઉદ્ધરેલું હોવાથી અને તે ગાથા રૂપે હોવાથી યાદ કરવા માટે વધારે ઉપયોગી છે, અને આ વિચારવા માટે છે, તેમ જે વિષય હૃદયમાં કોતરી રાખવા જેવો છે, તેને વારંવાર વાંચીએ તોપણ તે લાભદાયી છે. એમ જાણીને આ ભાગ બહાર પાડ્યો છે.

સાધુના આચારથી તથા જૈનશૈલીથી અનભિજ્ઞ હરમન જેકોબી મહાશયે અભક્ષ્ય સંબંધી પાઠોમાં વિપરીત લખેલું છે, અને જૈન લોકોને પણ ભ્રમણામાં પાડ્યા હતા, તેઓનું સમાધાન પણ આ ભાગમાં વિશેષ ખુલાસાથી બહાર પાડયું છે.

આ દરેક ભાગો સાધુઓને વિચરવાના સ્થળોમાં જ્ઞાન ભંડારોમાં

સંગ્રહ કરાય તો ચતુર્વિધ સંઘને લાભ થાય એ હેતુથી બધા ભાગો સાથે લેનારને પડતર કિંમતે આપવા પણ કાર્યવાહકો તૈયાર થશે.

જો કે ભાષાંતર કરનાર છદ્મસ્થ અને બીજો આધાર ન હોવાથી વિપરીત જણાય તો દરેક ગીતાર્થ સાધુ અથવા શ્રાવકે લખી જણાવવું કે સુધારો થાય. આચાર્ય મહારાજશ્રીબુદ્ધિસાગરજીએ યોગ્ય સલાહ આપી છે. તથા લક્ષ્મીમુનિજી તથા જીતેંદ્રમુનિએ બનતી સહાય આપવાથી તેમનો, આભાર માનવામાં આવે છે. પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં પાર્શ્વચંદ્રસૂરિનો બાળાવબોધ (ટબો) પ્રથમ થએલ છે અને દીપિકા પછી થયેલ છે, એમ જાણવું. તથા ગુજરાતી ભાષાંતર યથાયોગ્ય પ્રયાસ કરી રવજીભાઇ દેવરાજ વિગેરેએ છપાવેલ તેની પણ કોઇ જગ્યાએ સહાય લીધી છે, છતાં આ ભાષાંતર સ્વતંત્ર છે તે વાંચનાર બંધુઓને જણાશે.

આ ચતુર્માસમાં અમારા પરમમિત્ર અભેદભાવી મુનિશ્રી તિલોકચંદ્રજી જેઓ સાધુ માર્ગી સંપ્રદાયના છતાં તેમણે યોગ્ય સહાયતા આપી છે તેમનો પણ ઉપકાર માનવાની આવશ્યકતા છે.

| | |
|---|---|
| પાલણપુર તપગચ્છ ઉપાશ્રય આસો શુદ ૧૨ સં. ૧૯૭૮ | **સુજ્ઞ મુનિવરોનો આજ્ઞાંકિત મુનિ માણેક** |

# વિષય અનુક્રમણિકા.


| નંબર. | | વિષય. |
|---|---|---|
| ૧ | | ટીકાકારનું મંગળાચરણ. |
| ૨ –૬ | | અગ્ર શબ્દના નિક્ષેપા, તથા અગ્રનું સ્વરૂપ |
| ૭ –૧૧ | | આ અગ્ર ( ચુલાઓ ) કોણે અને શામાંથી ઉદ્ધરી |
| ૧૨ –૧૬ | સૂત્ર ૧ લું | આહાર શા માટે લેવો. |
| ૧૭ –૨૧ | સૂ. ૨-૩-૪ | સાધુને આહાર લેવાની વિધિ. |
| ૨૨ –૨૮ | સૂ. ૫-થી-૯ | કેવો આહાર ન લેવો તથા તેના દોષોનું સ્વરૂપ ઉદ્દેશો ૧ લો સમાપ્ત. |
| ૨૮ –૩૨ | સૂ. ૧૦-૧૧-૧૨ | નિર્દોષ આહાર લેવો, કેવા કુળોમાં ગોચરી જવું. |
| ૩૩ –૩૬ | સૂ. ૧૨ –૧૩ | સંખંડી ( જમણ )માં ન જવું, બીજો ઉદ્દેશો સમાપ્ત. |
| ૩૭ –૪૧ | સૂ. ૧૫ –૧૭ | સંખંડીના દોષો. |
| ૪૨ –૪૬ | સૂ. ૧૮ –૨૧ | જિનકલ્પી સ્થવિર કલ્પીના ઉપકરણો તથા ગોચરીની વિધિ. ઉદ્દેશો ત્રીજો સ૦ |
| ૪૬ –૫૦ | સૂ. ૨૨ – | અભક્ષ્ય વસ્તુના સ્થાનમાં ન જવું, ત્યાં અપવાદ માર્ગે જવું પડે તો સંભાળ રાખવાની જરૂર તે ઉપર ફ્રેંકલીનનું દૃષ્ટાંત. |
| ૫૧ –૫૫ | સૂ. ૨૩ –૨૪ | પિંડના અધિકારે સગાંને ઘેરે લાગતા અભક્ષ્યના દોષોથી સંભાળવું, ઉ. ૪થો સ. |
| ૫૬ –૬૦ | સૂ. ૨૫ –૨૮ | પિંડ લેવાની તથા રસ્તામાં ચાલવાની વિધિ |

| | | | |
|---|---|---|---|
| ૬૧ –૬૪ | સૂ. | ૨૯ –૩૦ | આહાર વહેંચવામાં કપટ ન કરે તથા બીજા ભિક્ષુક સાથેનો વહેવાર. તેને દુઃખ ન દેવું પાંચમો ઉદ્દેશો સમાપ્ત. |
| ૬૫ –૬૯ | સૂ. | ૩૧ –૩૨ | અન્ય પ્રાણીને તથા ગૃહસ્થને દુઃખ ન દેવું |
| ૭૦ –૭૩ | સૂ. | ૩૩ –૩૬ | દોષિત આહાર ન લેવો ૬ઠો ઉ૦ સમાપ્ત. |
| ૭૪ –૭૮ | સૂ. | ૩૭ –૪૦ | ગોચરી આપનાર તથા બીજી કાયોને પીડા ન કરવી. |
| ૭૯ –૮૧ | સૂ. | ૪૧ –૪૨ | પાણીની વિધિ, પાણીના વિભાગો સાતમો ઉદ્દેશો સમાપ્ત. |
| ૮૨ –૮૩ | સૂ. | ૪૩ – | ૨૧ પ્રકારનું પાણી. ઉદગમ દોષોનું વર્ણન |
| ૮૪ –૮૯ | સૂ. | ૪૪ –૪૮ | ભક્ષ્ય અભક્ષ્ય પદાર્થોનું વિવેચન, આઠમો ઉદ્દેશો સમાપ્ત. |
| ૯૦ –૯૫ | સૂ. | ૪૯ –૫૦ | ગોચરીમાં સગાંનો પ્રેમ ન રાખવો, તે તથા ૧૬ ઉત્પાદ દોષોનું વર્ણન. |
| ૯૬ –૯૮ | સૂ. | ૫૧ –૫૫ | મિશ્ર તથા ગોચરીના દોષોનું વર્ણન, નવમો ઉદ્દેશો સમાપ્ત. |
| ૯૯–૧૦૭ | સૂ. | ૫૬ –૫૮ | સાધુઓમાં ગોચરી કેવી રીતે વહેંચવી, તથા અયોગ્ય વસ્તુ પરઠવવી તથા અભક્ષ્ય વસ્તુનો ખુલાસો. |
| ૧૦૭–૧૦૮ | સૂ. | ૫૯ – | ખાંડને બદલે ભૂલથી લુણ આવે તો શું કરવું ? દશમો ઉદ્દેશો સમાપ્ત. |
| ૧૦૯–૧૧૧ | સૂ. | ૬૦ –૬૧ | માંદાને ગોચરી આપતાં કપટ ન કરવું. |
| ૧૧૨–૧૧૮ | સૂ. | ૬૨ –૬૩ | પિંડ એષણા સાત પ્રકારની છે, તેમ પાણીની છે, ૧૧ મો ઉદ્દેશો તથા પહેલું અધ્યયન સમાપ્ત. |

| | | |
|---|---|---|
| ૧૧૮–૧૨૨ | નિ. ૩૦૪– | શય્યા એષણાનું સ્વરૂપ. |
| ૧૨૩–૧૨૮ | સૂ. ૬૪ –૬૭ | ઉતરવાનું મકાન નિર્દોષ લેવું જયણાથી વાપરવું. |
| ૧૨૯–૧૩૨ | સૂ. ૬૮ –૭૧ | કેવા મકાનમાં ન ઉતરવું, ગૃહસ્થો સાથે ન ઉતરવું. પહેલો ઉદ્દેશો સમાપ્ત. |
| ૧૩૩–૧૪૪ | સૂ. ૭૨ –૮૨ | ગૃહસ્થ સાથેના બીજા દોષો, તથા વસતિનું વર્ણન બીજો ઉદ્દેશો સમાપ્ત. |
| ૧૪૫–૧૫૧ | સૂ. ૮૭ –૮૯ | નિર્દોષ શય્યાનું વર્ણન. |
| ૧૫૨–૧૫૭ | સૂ. ૯૦–૧૦૦ | ગૃહસ્થ સાથે શરતો ન કરવી તથા શય્યા ( સુવાનું ) કેવી રીતે કરવું. |
| ૧૫૮–૧૬૩ | સૂ. ૧૦૧–૧૧૦ | સંથારાનું વર્ણન બીજું અધ્યયન સમાપ્ત |
| ૧૬૪–૧૬૭ | નિ. ૩૦૫–૩૧૨ | ઇર્યાના નિક્ષેપા. |
| ૧૬૭–૧૬૯ | સૂ. ૧૧૧–૧૨ | કયે કારણે ગમન કરવું તથા ચોમાસાનું વર્ણન. તથા અપવાદથી ક્યાં સુધી રહેવાય ? |
| ૧૭૦–૧૭૪ | સૂ. ૧૧૩–૧૧૭ | ઉપદ્રવવાળે રસ્તે ન જવું ? |
| ૧૭૫–૧૭૯ | સૂ. ૧૧૮–૧૧૯ | નાવથી નદી કેવી રીતે ઉતરવી ? ત્રીજો ઉદ્દેશો સમાપ્ત. |
| ૧૮૦–૧૮૨ | સૂ. ૧૨૦–૧૨૨ | નાવવાળો પાણીમાં ફેંકે તો શું કરવું ? |
| ૧૮૩–૧૮૮ | સૂ. ૧૨૩–૧૨૬ | નદીથી નિકળી ગામ તરફ જવાની વિધિ બીજો ઉદ્દેશો સમાપ્ત. |
| ૧૮૯–૧૯૨ | સૂ. ૧૨૭–૧૨૯ | વિહાર કરતાં ગુરૂની આજ્ઞામાં રહેવું. |
| ૧૯૩–૧૯૬ | સૂ. ૧૩૦–૧૩૧ | શાંતિથી વિહાર કરવો, ૩જું અ. સમાપ્ત |
| ૧૯૭–૧૯૮ | નિ. ૩૧૩– ૧૪ | ભાષા જાતના નિક્ષેપા. |
| ૧૯૯–૨૦૯ | સૂ. ૧૩૨–૧૩૫ | ભાષાના ૧૬ ભેદો. પહેલો ઉદ્દેશો સમાપ્ત. |

| | | |
|---|---|---|
| ૨૦૯–૨૧૮ | સૂ. ૧૩૬–૧૪૦ | ગુણ ગ્રાહક ઉપર કૃષ્ણ વાસુદેવનું દૃષ્ટાંત. સાધુને બોલવા યોગ્ય ન બોલવા યોગ્ય વચનોનું ચોથું અધ્યયન સમાપ્ત. |
| ૨૧૮ | નિ. ૩૧૫ | વસ્ત્ર એષણાનું વર્ણન. |
| ૨૧૯–૨૩૨ | સૂ. ૧૪૧–૧૪૮ | સાધુ સાધ્વીનાં વસ્ત્રો લેવા ન લેવાની વિધિ તથા સુકવવાની વિધિ. |
| ૨૩૩–૨૩૭ | સૂ. ૧૪૯–૧૫૧ | સાધુ સાધુને વસ્ત્ર વાપરવા આપતાં બગડે તો શું કરવું ? પાંચમું અધ્યયન સમાપ્ત. |
| ૨૩૮–૨૪૪ | સૂ. ૧૫૧–૧૫૨ | પાત્રને લેવાની તથા ન લેવાની વિધિ. |
| ૨૪૫–૨૪૬ | સૂ. ૧૫૩–૧૫૪ | પાણી કાચું વહોરાવે તો શું કરવું ? છઠ્ઠું અધ્યયન સમાપ્ત |
| ૨૪૭–૨૪૯ | નિ. ૩૧૬– ૧૯ | અવગ્રહોનું વર્ણન. |
| ૨૪૯–૨૫૫ | સૂ. ૧૫૫– ૫૮ | કેવા મકાનમાં કેવી રીતે રહેવુ |
| ૨૫૬–૨૬ ૨ | સૂ. ૧૫૯– ૬૨ | તેની સાત પ્રતિમાઓ પહેલી ચુલા સ૦ |
| ૨૬૨- ૨૬૫ | નિ. ૩૨. સૂ. ૧૬૩ | રાત્રિ કેવી રીતે સાધુએ ગાળવી. |
| ૨૬૫–૨૬૭ | | નિષીથિકામાં ભણવાની જગ્યાનું વર્ણન. |
| ૨૬૮–૨૭૬ | | ઉચ્ચાર પ્રશ્રવણની જગ્યાનું વર્ણન. |
| ૨૭૬–૨૮૩ | | શબ્દોથી મોહિત ન થવું તેમ રૂપમાં ન લલચાવું. |
| ૨૮૫–૨૯૩ | | પરક્રિયાનું સ્વરૂપ તથા અન્યોઅન્ય ક્રિયાનું વર્ણન. |
| ૨૯૪–૩૦૫ | | ભાવના નામની ત્રીજી ચૂલિકામાં દર્શન, જ્ઞાન, ચારિત્રની ભાવના. |
| ૩૦૫–૩૫૨ | | મહાવીર પ્રભુનું ચરિત્ર તથા મહાવ્રતની ભાવનાઓ. તથા છેવટે વિમુક્તિ અધ્યયનનું સુંદર વર્ણન અને સમાપ્તિ. |

# પુસ્તક પ્રસિદ્ધી માટે મળેલી મદદ.

આચારાંગના પાંચમા ભાગ માટે તથા આવસ્યક વીગેરે સૂત્રો છ-પાવવા પાલણપુરના જે પુન્યાત્માઓએ પોતાના અમૂલ્ય દ્રવ્યનો સદ્ઉપયોગ કર્યો છે, તેમની ટીપ નીચે આપેલી છે કે તેવી રીતે હવે પછી પણ તેઓ અને બીજા ધર્માત્મા બંધુઓ યોગ્ય મદદ કરતા રહે.

૨૫) મહેતા મોતીચંદ ખેતશી નગરશેઠ હ. ચમનભાઇ પાલણપુર

૧૦૦) મહેતા અમૃતલાલ રાયચંદ પાલણપુર
  ૬૪ આચારાંગના પાંચમા ભાગ માટે દીધા છે.
  ૩૬ દસવૈકાલીકની સંસ્કૃત દીપિકા અને બાર પર્વની કથા-આ ભંડારમાંથી લઇ તેમની તરફથી પાલણપુરમાં મુની મંડળમાં તથા જ્ઞાનના ભંડારોમાં ભેટ આપી છે.

૫૦) મહેતા જસકરણ મયાચંદ

૩૦) ભણુસાળી રાયચંદ બેચર

૨૫) કોઠારી રીખવચંદ ઊજમભાઇ

૨૫) મહેતા રવચંદ મગનલાલ

૨૫) મહેતા ચીમનલાલ નીહાલચંદ

૨૫) કોઠારી બાદરમલ મંગળજીભાઈ

૨૫) પારી સુરજમલ લવજીની વીધવા ઓરત ધાપુબાઈ પાલણપુર

૫૦) પારી પ્રેમચંદ કેવળભાઇ બાદરગંજના બાઇઓના જેની તરફથી પાલણપુર જ્ઞાન ભંડાર તરફથી પાલણપુર

૨૫) શાહ પ્રતાપચંદ કાળીદાસ ”

૨૫) કોઠારી ચંદુલાલભાઈ સોભાગચંદ ,,

૫૦) પારી દલછાભાઈ રામચંદ તરફથી કાળીદાસ રામચંદની વિધવા દીવાળીબાઈના સ્મરણાર્થે

૫૦) પારી સુરજમલ નીહાલચંદ

૫૦) કોઠારી મગનભાઇ ઉજમભાઇ

૫) કકલભાઇ રીખવચંદ

૧૦) જસકરણભાઇ તળશીભાઇ

૧૫) શા. ચંદુલાલ નગીનદાસ

૨૦) ડીસા જૈન શ્વે. જ્ઞાનભંડાર તરફથી હા. કોઠારી પાનાચંદ માણેકચંદ પુસ્તકો લેવા

૧૦) કોઠારી અમુલખભાઇ મલુકચંદ

૧૦) આવશ્યકસંપૂર્ણ લક્ષ્મીમુનિજી માટે પાલણપુર જૈન શાળાથી

૧૦) દર્શન શ્રીજી માટે એક બાઇ આવશ્યકમાં

૨૫) જૈનશાળા પાલણપુર જ્ઞાન ભંડાર માટે આવશ્યક વિગેરે માટે

૧૦) કોઠારી કેશવલાલ જસકરણની વિધવા લક્ષ્મણીબાઇ

૧૧) મેતા સામંતમલજી લક્ષ્મીચંદજીના સ્મરણાર્થે હા. બાઇ બબુ

૧૦) મેતા લલુભાઇ જીવચંદ

૧૦) તપગચ્છ ઉપાશ્રય પાલણપુર

# स्तुति.

केवल्यश्री धर जिनवर स्तीर्थ कृद्वर्धमानो ।
जीयादर्थ प्रकट करणात् श्रेयसे मोक्षभाजां ॥
सूत्राधारे गणधरगणे चेंद्रभूतिः सुधर्मो ।
निर्युक्तीना मपिरचयिता पूर्वभृ द्भद्रबाहुः ॥ १ ॥

शीलांकाचार्यं साधुं विवरण करणे दक्षबुद्धि न मामि
कारूण्यैक प्रवाहं परमशम मुनि मोहनं बोधदंच ॥
दाक्षा शिक्षा प्रदानो जयतिमुनिभटः श्रेष्ट पन्यास हर्षः
सर्वे वा बोधदाना जगति मुनिवरा मोक्षलक्षा जयंतु ॥२॥

प्राह्लादने जिनवरो खलु पार्श्वनाथ
शांतिप्रदो नत सुरो मुनि नाथ शांतिः
धर्मार्थिनः सुमतिदा जिन भक्ति चित्ताः
श्राद्धाः सुखं किमपिभो रधिकं ब्रूहिमे ॥ ३ ॥

आचार सूत्रं प्रथम यदंगं
जीवै कहितं पर रक्षणार्थं
अत्रै व सौख्यं शिवदंपरत्र
माणिक्य साधोः सुमति प्रदानं ॥ ४ ॥

परोपकाराय सतां विभूतिः
परोपकाराय मुनेः सुबोधः
परोपकाराय घनस्य वृष्टिः
परोपकाराय रुचिः सुधर्मे ॥ ५ ॥

# પરિચય.

આ સાથે પાલણપુર નિવાસી પારી અમુલખભાઇ ખુમચંદનો ફોટો આપવામાં આવેલો છે, તેઓશ્રીનો સુબોધ ઘણા પુરૂષોને લાભદાયી થયો છે, ભાષાંતરકારને [ મને ] દીક્ષા લીધા પહેલાં અનેકવાર તેમની ઉત્તમ સલાહ મળેલી તેના સ્મરણને ખાતર કંઈપણ મારે લખવું જોઇએ.

સાધુતા એ ધર્મ કલ્પવૃક્ષનું ફળ છે અને શ્રાવકપણું કલ્પવૃક્ષનું બીજ છે, જો શ્રાવકપણામાં સારા સંસ્કારો પડે તોજ સાધુપણું નિર્મળ પળી શકે. પાલણપુરમાં જન્મ લઇને તેમણે મુંબઈમાં પોતાનો પુન્યપ્રભાવ ઉદયમાં આણી અનેક પાલણપુર નિવાસી બંધુઓને તથા અન્ય સ્થાન નિવાસીઓને આશ્રય આપી પોતાના કુળને, જૈનધર્મને દીપાવેલ છે, શ્રાવકને યોગ્ય બાહ્ય અને અભ્યંતર શુદ્ધિની ખાસ જરૂર છે, એટલે ધન કમાવામાં નીતિને પ્રધાન ગણવી અને મેળવેલા ધનનો સદુપયોગ કરવો. તેની સાથે પોતાની ધાર્મિક ક્રિયામાં પણ યોગ્ય લાભ લેવો એ બધામાં એક આદર્શરૂપે પોતે વિદ્યમાન હતા અને હાલ સ્થુલ દેહે વિદ્યમાન ન હોય, તોપણ પોતાના ઉત્તમ ગુણોથી તો ભવ્યાત્માના હૃદયમાં જીવતાજ રહેશે.

તેમનું જીવનચરિત્ર તેમના ગુણ પ્રશંસકો તરફથી છપાએલ છે, તે વાંચવાથી જણાશે. પણ મુખ્ય યાદ કરવા યોગ્ય સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્ર યથાશક્તિ શ્રાવકને યોગ્ય જે આરાધેલ છે, તે વર્તમાનકાળના નવ યુવકોને માટે ખાસ આદરણીય છે.

તેમનું બહોળું કુટુંબ તેમના અને તેમના વડિલ બંધુ પારી ભાયચંદ વર્ધમાન જે તેમના કાકાના દીકરા હતા અને વડોદરામાં નામાંકિત ઝવેરી તરીકે પ્રસિદ્ધ થયા હતા, તે બન્નેના પ્રતાપથી સુખશાંતિમાં રહેલ છે, તેની સાથેજ તેમના સદ્‌ગુણોથી બીજા પણ નવ યુવકો પરોપકારી

કામમાં ખાસ ભાગ લે છે, આગમોદય સમિતિને અંગે તથા પાલણપુરના દરેક ધાર્મિક ખાતામાં તથા સાર્વજનિક હિતના કામમાં કેવો સુંદર ભાગ લે છે, તે સર્વને જાણીતું હોવાથી વધારે લખતા નથી.

આ પારીખ કુટુંબ પાલણપુરના જૈનોમાં પોતાના ધાર્મિક સદ્વર્તનથી તથા તન–મન–ધનથી જે જે કાર્યો કરે છે, તે દરેકનું વર્ણન કરવાથી એક જુદો ગ્રંથ લખાઇ જાય, માટે આ સ્થળે લખતા નથી. છતાં તે કુટુંબનું વૃક્ષ પૂર્વે છપાએલ હોવાથી સહેજસાજ ફેરફાર કરી પુસ્તક પ્રસિદ્ધ કરનારાએ આ સાથે જોડેલ છે.

આગળ પાલણપુરમાં સોમસુંદરસૂરિજી તથા અકબર બાદશાહ પ્રતિબોધક હીરવિજયસૂરિજી જન્મીને યશસ્વી કીર્તિ જગતમાં વિસ્તારી ગયા છે, એટલુંજ નહિં પણ વર્તમાનકાળે જ્યારે સંવત ૧૯૪૨ ની સાલમાં મહારાજ શ્રી મોહનલાલજીનું ચોમાસું અહીં થયું, ત્યારે બાદરમલ ભાઇને પ્રતિબોધ લાગ્યો અને દીક્ષા લઈ જ્ઞાનધ્યાન સમાધિવડે પોતાના સદ્વર્તનથી જગતને લાભ આપવા સાથે હાલ પ્રવર્તકપદે મહારાજ શ્રી કાન્તિમુનિજી નામથી વિરાજે છે, જેની પૂર્ણ કૃપાથી ભાષાંતરકારની જન્મભૂમિમાં પુન્યોદયથી ચોમાસું થયું અને આચારાંગ સૂત્રની નિર્વિઘ્ને યથાશક્તિ પૂર્ણતા થઇ, એજ અહોભાગ્યની વાત છે.

આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરિજી તથા અનેક મુનિરત્નો જેવા કે નેમસાગરજી તથા રવિસાગરજી મહારાજ, આલમચંદજ મહારાજ તથા વિદ્યાપ્રેમી શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ તથા શાંતમૂર્ત્તિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ અનેક પૂજ્ય પુરૂષોના નિરંતર સુબોધથી આ પવિત્ર ક્ષેત્ર છે, એમ સહેજ અનુભવ થાય છે.

પાલણપુરની સ્થાપના સાથે પ્રાલ્હાદન પાર્શ્વનાથ ( પાલવીયા નામે પ્રસિદ્ધ)નું મંદીર છે, જે અનેક ભવ્યાત્માઓના સમ્યક્‌દર્શનને નિર્મળ કરે છે, તથા અનેક મંદીરો, ઉપાશ્રયો, પાઠશાળાઓ, વાંચનાલયો તથા દરેક પક્ષના મુનિવરોથી સુશોભિત રહે છે તેથી કેટલેક દરજ્જે દેવલોકથી પણ અધિક આ સ્થાન છે, તે શાંત રીતે દેખતાં જણાશે.

'મુનિ માણેક'

# અમુલખભાઇનું ટુંક જીવન ચરિત્ર.

અમુલખભાઇનો જન્મ સંવત ૧૮૯૮ ના પોષ શુદ ૧૫ બુધવારે થયો હતો, અને તેઓ સંવત ૧૯૬૬ ના પોષ શુદ ૧૪ કાળધર્મ પામ્યા હતા, પોતે પોતાના ઉત્તમ ગુણોથી પોતાનું અમુલખ નામ સાર્થક કર્યું હતું. તેઓએ ઝવેરાતનો ધંધો શરૂઆતમાં પોતાના ભાઈ ભાયચંદભાઇ સાથે કરેલ, પણ પાછળથી બાહોશીથી હિંદુસ્તાનના એક આગેવાન ઝવેરી તરીકે નામ મેળવ્યું, એટલુંજ નહિ પણ વિલાયતના ઘણા વેપારીઓ તથા હિન્દુસ્તાનના સારા સારા રાજા રજવાડાઓ સાથે પોતાનો સંબંધ મેળવી પોતાના વેપારને આબાદ કર્યો હતો. ઝવેરાતનો ધંધો શરૂ કર્યા પેલા પોતાના ભાઇ ભાયચંદભાઇએ ઇજારે રાખેલ ગામ દેહગામ સંભાળવા બે વર્ષ ત્યાં રહ્યા. તે દરમિયાન પોતાના સ્વધર્મિ બંધુઓ ઉપર કેટલીક ગેરવ્યાજબી વેઠ હતી તે દૂર કરાવી હતી. પોતાના ભાઈ ભાઇચંદભાઇએ ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરાવેલ તેના મુહુર્ત્તમાં કંઇ ફારફેર હોવાથી ફરીથી સંવત ૧૯૪૪ ના શ્રાવણ વદ ૩ અમુલખ ભાઇએ બીજા બધા ભાઇઓની સાથે મળી ફરીથી પ્રતિષ્ઠા કરાવી હતી; મુનિ મહારાજ શ્રી હંસ-



પારી અમુલખ ખુબચંદ.

મુ૦ પાલણપુર.

આનંદ પ્રેસ—ભાવનગર.

વિજયજીના ઉપદેશથી તેઓએ તેમની તથા તેમના ભાઇ રવચંદ ઉજમચંદની મુંબઇની દુકાનોના ખર્ચે સવંત ૧૯૫૨ ની સાલમાં પાલીતાણાનો ' છરી ' પાળતો સંઘ કાઢયો હતો. સંવત ૧૯૫૬ ની સાલમાં ભયંકર દુષ્કાળમાં પાલણપુર પાંજરાપોળને પોતાની પેઢી તરફથી સારી મદદ કરી હતી. તેમજ બીજાઓ પાસે કરાવી આપી હતી. આ સિવાય પણ ધર્મનાં અને કોમનાં દરેક કામમાં પોતે હૃદયની દાઝથી અગ્ર ભાગ લેતા હતા. તેમની શાંત પ્રકૃતિને લઇને, લગભગ આખી જીંદગીમાં કોઇ જીવને તેમણે દુભવ્યો હોય તેમ બન્યું નથી. ખાસ કરીને સ્વધર્મિ ભાઇઓને ધંધે લગાડવાનો અત્યંત પ્રશંસનિય ગુણે એમનામાં ખાસ વાસ કરેલ હતો. સંવત ૧૯૫૮ માં તેમના ભાઇના દીકરા કાળીદાસભાઇ તથા લાખોનો માલ ઝવેરાતનો મદ્રાસ રેલ્વે એક્ષીડંટમાં ડુબી જવાથી ભારે નુકશાન લાગ્યું હતું, છતાં ધીરજ અને બાહોશીથી તેને કર્મનો પ્રભાવ સમજી સમતાથી સહન કરી પોતાની વેપારી તરીકેની આંટ સંપૂર્ણ રીતે જાળવી રાખી હતી.

## ભાયચંદભાઇનું ટુંક જીવન ચરિત્ર.

પારી કરમચંદ મયાચંદના કુટુંબમાં કરમચંદભાઇના પુત્ર વર્ધમાનભાઈ તેમના પુત્ર ભાયચંદભાઇ હાલમાં એક અગ્રગણ્ય નામાંકિત પુરૂષ થઇ ગયા છે, તેમનો જન્મ સંવત ૧૮૭૨ ના ભાદરવા વદ ૧૩ ગુરૂના રોજ થયો હતો. અને તેઓ સંવત ૧૯૪૫ ના ભાદરવા વદ ૧૨ કાલધર્મ પામ્યા હતા. તે હીસાબે તેઓ ૭૩ વર્ષ જીવ્યા હતા. કુદરતની બલીહારી કે કોઇપણ લાયક પુરૂષમાં કંઇક લાયક ઘટના મુકે છે જે

દીવસે જન્મ તેજ દીવસે કાળધર્મ. તેઓ પોતાની બાહોશીથી ગણુપતરાવ મહારાજા સાહેબના વખતમાં વડોદરા રાજ્યના ઝવેરી નીમાયા હતા, અને તેથી લગભગ આખા હિંદુસ્તાનમાં સારી નામના અને બાહોશી મેળવી હતી. સંવત ૧૯૧૧ ની સાલમાં વડોદરા ઝવેરી અમીચંદ માણેકચંદની સાથે કેસરીઆજીનો સંઘ કાઢયો હતો, તથા સંવત ૧૯૧૬ ની સાલમાં પોતે એકલાએ પંચતિર્થી તથા કેસરીઆજીનો સંઘ કાઢયો હતો. સંવત ૧૯૨૦ ની સાલમાં પોતાની પુત્રી દીવાળીબેનને હાલમાં અમદાવાદમાં તેમજ મુંબઇ અને જ્યાં જ્યાં જવાનું થાય ત્યાં ત્યાં જીવદયા–દેરાસર–જાહેર સભાઓ વિગેરે ધર્મનાં–કોમના અને દેશનાં દરેક કામમાં આગેવાન ભાગ લેનાર સુપ્રસિદ્ધ ઝવેરી મોહનલાલ મગનભાઇના પિતાશ્રી વેરે પરણાવ્યાં હતાં. તેની જાન તેડાવેલ તે વખતનો પ્રસંગ લગભગ એક રાજદરબારના લગ્ન જેવો કર્યો હતો સંવત ૧૯૩૦ ના શ્રાવણ વદ ૩ ભારે ઉજમણા સહિત પોતાના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરાવી હતી. પાલણપુર–પાટણ–વીસનગર–અમદાવાદ–વડોદરા અને મુંબઇમાં તેઓની દુકાનો ચાલતી હતી. રાજ્યની લાગવગને વડોદરા અને પાટણનાં ઘણા ધર્માદાં તથા સામાજીક ખાતાંને પુષ્ટિ આપતા હતા. સંવત ૧૯૪૧માં તેમના પૌત્ર મોહનલાલનું મરણ થવાથી દીલ ઉઠી જવાથી પાછલો વખત પાલણપુરમાંજ તેઓ રહ્યા હતા.

લી.

**માસ્તર પ્રેમચંદ અભેચંદ પટેલ.**

વંડાકર.

ॐ श्री वीतरागाय नमः ।

# आचारांग सूत्र भाषांतर.

## स्कंध २ जो.

## अध्ययन पांचमुं.

जयत्यनादिपर्यन्तमनेकगुणरत्नभृत् ।
न्यत्कृताशेषतीर्थेशं तीर्थं तीर्थाधिपैर्नुतम् ॥ १ ॥

અનાદિ, અનંત કાળ રહેનારૂં, અનેક ગુણ રત્નોથી ભરેલું, બધા મતવાળાને સીધે રસ્તે લાવનાર અને તીર્થંકરોએ નમસ્કાર કરેલું એવું તીર્થ (જૈન શાસન) જયવંતુ વર્ત્તે છે—

नमः श्रीवर्द्धमानाय, सदाचारविधायिने ।
प्रणताशेषगीर्वाणचूडारत्नार्चितांह्रये ॥ २ ॥

સદાચાર બતાવનારા અને નમેલા બધા દેવતાઓના મુકુટના રત્નોથી જેના પગ પૂજીત છે એવા શ્રી વર્દ્ધમાનસ્વામીને નમસ્કાર થાઓ.

आचारमेरोर्मंदितस्य लेशतः,
प्रवच्मि तच्छेषिकचूलिकागतम् ।
आरिप्सितेऽर्थे गुणवान् कृती सदा,
जायेत निःशेषमशेषितक्रियः ॥ ३ ॥

આચારાંગ સૂત્રરૂપ મેરૂપર્વતની ચૂલિકા સમાન આ ચૂલિકામાં જે થોડો વિષય આવેલ છે, તેને થોડામાં કહું છું. કારણ કે હુમેશાં કૃત્ય કરનારો ગુણવાન પુરૂષ આરંભેલા ઈચ્છિત અર્થમાં બાકી રહેલી ક્રિયા કરવાથીજ સંપૂર્ણપણા (ની અર્થસિદ્ધિ) ને પામે છે.

નવ બ્રહ્મચર્ય અધ્યયન રૂપ આચાર પ્રથમ શ્રુતસ્કંધ કહ્યો, હવે અગ્રશ્રુતસ્કંધ આરંભે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે.

પૂર્વે આચારના પરિમાણને બતાવતાં કહ્યું કે—

**नवबंभचेरमइओ अट्ठारसपयसहस्सिओ वेओ ।**
**हवइ य स पंचचूलो बहुबहुअयरो पयग्गेणं ॥ १ ॥**

નવ બ્રહ્મચર્યવાળો, અઢાર હજાર પદવાળો પંચ ચૂલા સહિત પદોના અગ્રવડે ઘણો ઘણો આ વેદ (જૈનાગમ) આચારાંગ થાય છે.

તેમાં પ્રથમ સ્કંધમાં નવ બ્રહ્મચર્ય અધ્યયનોને કહ્યાં, અને તેમાં પણ સમસ્ત વિવક્ષિત અર્થ કહ્યો નથી અને કહેલો વિષય પણ સંક્ષેપથી કહ્યો છે, જેથી ન કહેવાયેલા વિષયનો કહેવા માટે તથા સંક્ષેપમાં કહેલા વિષયને વિસ્તારથી કહેવા તેના અગ્રભૂત (મુખ્ય) ચાર ચુડાઓ પૂર્વે કહેલા વિષયનો સંગ્રાહિકજ અર્થ બતાવે છે, તેથી તે અર્થવાળો આ બીજો અગ્રશ્રુત સ્કંધ છે, એથી આવા સંબંધે આવેલા

આ સ્કંધની વ્યાખ્યા કહેવાય છે, નામ સ્થાપના સુગમને છોડી દ્રવ્ય અગ્રના નિક્ષેપા બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

**दव्वो[१] गाहण[२] आएस[३] काल[४] कम[५] गणण[६] संचए[७] भावे[८] । अग्गं भावे उ पहाण[१] बहुय[२] उवगारओ[३] तिविहं ॥ नि. २८५.**

દ્રવ્ય અગ્ર બે પ્રકારે છે, આગમ અને નોઆગમ વિગેરે છે. તે સિવાય વ્યતિરિક્તમાં દ્રવ્યાગ્ર સચિત્ત અચિત્ત મિશ્ર દ્રવ્યના વૃક્ષ (ઝાડ) કુંત (ભાલા) વિગેરેનો જે અગ્રભાગ છે તે લેવો. અવગાહના અગ્ર જે જે દ્રવ્યનો નીચલો ભાગ અવગાહના કરે તે અવગાહના અગ્ર છે. જેમકે મનુષ્ય ક્ષેત્રમાં મેરૂ છોડીને બીજા પર્વતોની ઉંચાઈનો ચોથો ભાગ જમીનમાં દટાયેલો છે અને મેરૂ પર્વતનો એકહજાર જોજન ભાગ દટાયેલો છે.

## આદેશ અગ્ર.

આદેશ કરાય તે આદેશ છે અને તે વ્યાપારની નિયોજના છે. અહીં અગ્ર શબ્દ પરિમાણુ વાચી છે, તેથી જ્યાં પરિમિત પદાર્થોનો આદેશ દેવાય તે આદેશ અગ્ર છે. તે આ પ્રમાણે–ત્રણુ પુરૂષોવડે જે કૃત્ય કરાય છે અથવા તેમને જમાડે છે.

## કાલાગ્ર.

અધિકમાસ છે. અથવા અગ્ર શબ્દ પરિમાણવાચક છે, તેમાં અતીતકાલ અનાદિ છે. અનાગત (આવનારો) ભવિષ્ય કાળ અનંત છે અથવા સર્વાદ્ધા–સંપૂર્ણ કાળ છે.

## ક્રમાગ્ર.

પરિપાટીવડે અગ્ર તે ક્રમાગ્ર છે. આ દ્રવ્યાદિ ચાર પ્રકારનું છે, તેમાં દ્રવ્યાગ્ર તે એક અણુથી બે અણુ અને બે અણુથી ત્રણ અણુ વિગેરે છે.

## ક્ષેત્રાગ્ર.

એક પ્રદેશના અવગાઢથી બે પ્રદેશના અવગાઢ સુધી, બે પ્રદેશના અવગાઢથી ત્રણ પ્રદેશ અવગાઢ વિગેરે છે.

## કાલાગ્ર.

એક સમયની સ્થિતિથી બે સમયની સ્થિતિ સુધી, બે સમયની સ્થિતિથી ત્રણ સમયની સ્થિતિ સુધી.

## ભાવાગ્ર.

એક ગુણ કાળાશથી બે ગુણ કાળાશ, બે ગુણ કાળાશથી ત્રણ ગુણ કાળાશ વિગેરે છે.

## ગણના અગ્ર.

સંખ્યા ધર્મ સ્થાન તે, એક સ્થાનથી બીજા દશ સ્થાન સુધી તે દશ ગુણો જેમ એક–દશ–સો–હજાર

## સંચય અગ્ર.

સંચિત દ્રવ્યના ઉપર જે છે, તે તામ્ર (                    ) ઉપસ્કર સચિત્તના ઉપર શંખ છે.

## ભાવાગ્રના ત્રણ પ્રકાર.

૧ પ્રધાન અગ્ર, ૨ પ્રભૂત અગ્ર, ૩ ઉપકાર અગ્ર, તેમાં પ્રધાન અગ્ર સચિત્ત, અચિત્ત, મિશ્ર–એમ ત્રણ પ્રકારે છે. સચિત્ત પણ બે પગવાળાં ચાર પગવાળાં અપદ વિગેરે ત્રણ ભેદે છે, તેમાં દ્વિપદમાં તીર્થંકર, ચોપદમાં સિંહ, અપદમાં કલ્પવૃક્ષ છે. અચિત્તમાં વૈડુર્ય વિગેરે, મિશ્રમાં તીર્થંકરજ દાગીનાથીજ અલંકૃત હોય તે, પ્રભૂત અગ્ર તે અપેક્ષા રાખનાર છે. જેમ કે—

" **जीवा पोग्गल समया दव्व पएसा य पज्जवा चेव।**
**थोवाऽणंताणंता विसेसहिया दुवेमणंता ॥१॥**"

૧ જીવ, ૨ પુદ્‌ગલો, ૩ ત્રણે કાલના સમયો, ૪ દ્રવ્યો, ૫ પ્રદેશો, ૬ પર્યવો. ૧ સ્તોક (થોડા), ૨ અનંત ગુણા, ૩ અનંત ગુણા, ૪ વિશેષઅધિકા બે અનંતા (અનંત અનંત ગુણા.)

આ બધામાં એક પછી એક અગ્ર છે, અને પર્યાય અગ્ર તો સૌથી અગ્ર છે, ઉપકાર અગ્ર તો પૂર્વે કહેલા વિસ્તારથી અને ન કહેલા બતાવવાથી ઉપકારમાં વર્ત્તે છે, જેમકે—

દશવૈકાલિક સૂત્રમાં જે વિષય કહેવાનો બાકી રહ્યો હોય તે ચુડામાં કહેવાય–એવી બે ચુડા દશવૈકાલિકમાં છે.

અથવા ઉપકાર અગ્ર તે આ આચાર શ્રુતસ્કંધની ચૂડાનો વિષય છે અને તેથી ઉપકાર અગ્રનુંજ અહીં પ્રયોજન છે, અને તે નિર્યુક્તિકાર કહે છે.

**उवयारेण उ पगयं आयारस्सेव उवरिमाइं तु ।**
**रुक्खस्स य पव्वयस्स य जह अग्गाइं तहेयाइं ॥२८६॥**

આપણે અહીંયા ઉપકાર અગ્રથી અધિકાર (પ્રયોજન) છે. કારણ કે આ ચૂડાઓ આચારાંગસૂત્રના ઉપર વર્ત્તે છે, એટલે આચારાંગના વિષયનેજ વિશેષ ખુલાસાથી કહેવા આ ચૂડાઓ ગોઠવાયેલી છે, જેમ કે વૃક્ષને અગ્ર (ટોચ) હોય છે, તથા પહાડને ટોચ (શીખર) હોય છે અને બાકીના અગ્રના નિક્ષેપાનું વર્ણન તો શિષ્યની મતિ ખીલવવા માટે છે તથા તેને લીધે ઉપકાર અગ્ર સુખેથી સમજી શકાય. કહ્યું છે કે—

**उच्चारिअस्स सरिसं, जं केणइ तं परूवए विहिणा ।**
**जेणऽहिगारो तंमि उ, परूविए होइ सुहगेज्झं ॥ १ ॥**

જે કહેવાનું હોય તેના જેવા પદાર્થો વિધિએ કહેવાથી જેનાવડે અધિકાર છે તેમાં પણ બીજા સરખા પદાર્થો સાંભળવાથી કહેવાનો મુખ્ય પદાર્થ પણ સુખેથી ગ્રહણ કરાય છે.

તેમાં હમણાં આ કહેવું જોઈએ. કે આ ચૂલાઓ (અગ્રભાગો) કોણે રચી છે? શા માટે? અથવા કયાંથી ઉદ્ધરી તે ત્રણનો ખુલાસો કરે છે.—

**थेरेहिऽणुग्गहट्ठा सीसहिअं होउ पागडत्थं च ।**
**आयाराओ अत्थो आयारंगेसु पविभत्तो ॥ २८७ ॥**

શ્રુતજ્ઞાનના પારંગામી વૃદ્ધ પુરૂષો જે ચૌદ પૂર્વી છે તેમણે આ રચી છે, તથા શિષ્યના ઉપર અનુગ્રહ લાવીને કે એઓ સહેલથી સમજે.

તથા અપ્રકટ (ગુહ્ય) અર્થ ખુલ્લો થાય માટે આચારાંગ સૂત્રમાંથી આ બધા વિષયોને વિસ્તારથી કહ્યો છે. હવે જે અધ્યયનમાંથી જે અધિકાર લીધો છે, તે વિભાગ પાડીને કહે છે.–

**बिइअस्स य पंचमए अट्ठमगस्स बिइयंमि उद्देसे।**
**भणिओ पिंडो सिज्जा वत्थं पाउग्गहो चेव ॥ २८८ ॥**
**पंचमगस्स चउत्थे इरिया वण्णिज्जई समासेणं।**
**छट्ठस्स य पंचमए भासज्जायं वियाणाहि ॥ २८९ ॥**

બ્રહ્મચર્યનાં નવે અધ્યયનોમાંથી બીજું લોક વિજય અધ્યયન છે, તેના પાંચમા ઉદ્દેશામાં આ સૂત્ર છે, **सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए.** તેમાં આમ શબ્દથી હણવું, હણાવવું, હણતાને અનુમોદવું એ ત્રણ કોટી લીધી છે. ગંધ શબ્દ લેવાથી બીજી ત્રણ લીધી છે. આ છએ અવિશુદ્ધ કોટી છે તે નીચે પ્રમાણે છે.

હણે, હણાવે, હણતાને અનુમોદે, રાંધે, રંધાવે રાંધતાને અનુમોદે તે છ છે, તથા તે અધ્યયનમાંજ આ સૂત્ર છે.

"**अदिस्समाणो कयविक्कएहिं**" આ સૂત્રથી ત્રણ વિશોધિ કોટી લીધી છે. ખરીદ કરે, ખરીદ કરાવે, અને ખરીદ કરનારને અનુમોદે તે ત્રણ છે,

તથા આઠમા વિમોહ (વિમોક્ષ) અધ્યયનના બીજા ઉદ્દેશામાં આ સૂત્ર છે—

**भिक्खू परक्कमेज्जा चिट्ठेज्ज वा निसीएज्ज वा तुयट्टेज्ज वा सुसाणंसि वा**" इत्यादि થી લઇને "**बहिया विहरिज्जा तं**

भिक्खुं गाहावती उवसंकमितु वएज्जाअहमाउसंतो समणा! तुब्भट्ठाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा पाणाइं भूयाई जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं" इत्यादि.

આ બધાંને આશ્રયીને ૧૧ પિંડૈષણાઓ રચી છે, તથા તેજ બીજા અધ્યયનમાં પાંચમા ઉદ્દેશામાં આ સૂત્ર છે.

"से वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं उग्गहं च कडासणं" इति. તેમાં વસ્ત્ર કાંબળ પાદપુંછન લેવાથી વસ્ત્ર એષણા લીધી, પાતરાં લેવાથી પાત્રૈષણા લીધી છે, અવગ્રહ શબ્દથી અવગ્રહ ( ઈંદ્ર વિગેરેનો પાંચ પ્રકારનો ) છે તે લીધી કટાશન લેવાથી શય્યા લીધી. તેજ પ્રમાણે પાંચમું અધ્યયન आवंती નામનું છે, તેના ચોથા ઉદ્દેશામાં આ સૂત્ર છે.

गामाणुगामं दूइज्जमाणस्स दुज्जायं दुप्परिक्कंतं इत्यादि

આ સૂત્રથી 'इर्या' સમિતિ સંક્ષેપથી વર્ણવી. તેથી ઈર્યા અધ્યયન રચ્યું છે. તથા છઠ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેશામાં આ સૂત્ર છે.

आइक्खइ विहयइ किट्टइ धम्मकामी

આથી ભાષા જાત અધ્યયન રચ્યું છે તેમ તું જાણ. ॥૨૮૯॥

सत्तिक्कगाणि सत्तवि निज्जूढाइं महापरिन्नाओ।
सत्थपरिन्ना भावण निज्जूढा उ धुय विमुत्ती ॥ २९० ॥
आयारपकप्पो पुण पच्चक्खाणस्स तइयवत्थूओ।
आयारनामधिज्जा वीसइमा पाहुडच्छेया ॥ २९१ ॥

તથા મહાપરિજ્ઞા નામના સાતમા અધ્યયનમાં સાત ઉદ્દેશા હતા, તેમાંથી એકેક લેવાથી સાત લીધા છે. તથા શસ્ત્ર પરિજ્ઞામાંથી ભાવના અધિકાર લીધો છે, તથા ધુત અધ્યયનના બીજા ચોથા ઉદ્દેશામાંથી વિમુક્તિ અધ્યયન લીધું છે. ॥ ૯ ॥

તથા આચાર પ્રકલ્પ તે નિશીથ સૂત્ર છે અને તે પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુ છે તેમાં ૨૦ મું પાહુડ આચાર નામનું છે તેમાંથી લીધેલ છે. (આ પાંચમી ચૂડા જુદી પાડી છે.)

બ્રહ્મચર્યનાં નવ અધ્યયનોથી આચાર અગ્ર ( મૂલિકાઓ ) રચેલ છે. એથી નિર્યુહન ( રચવા ) ના અધિકારથી જ તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથીજ તે આચાર અગ્ર ( ચૂલા ) રચી છે, તે બતાવે છે.

**अव्वोगडो उ भणिओ सत्थपरिन्नाय दंडनिक्खेवो।**
**सो पुण विभज्जमाणो तहा तहा होइ नायव्वो ॥२९२॥**

અવ્યક્ત દંડ નિક્ષેપો હતો તે બતાવ્યો છે, એટલે પ્રાણીઓને પીડા રૂપ જે દંડ છે, તેનો નિક્ષેપ ( પરિત્યાગ ) છે, અર્થાત્ સંયમ છે, તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં ગુપ્ત રીતે કહ્યો હતો, તેથી તે સંયમને જ જુદા જુદા ભાગ પાડીને આઠે અધ્યયનમાં અનેક પ્રકારે વર્ણવ્યો છે, એમ જાણવું.

પ્ર૦ આ સંયમ સંક્ષેપથી કહેલો છે, તે કેવી રીતે વિસ્તારથી કહેવાય છે ? તે કહે છે.

**एगविहो पुण सो संजमुत्ति अज्झत्थ बाहिरो य दुहा ।**
**मणवयणकाय तिविहो चउव्विहो चाउजामो उ ॥२९३॥**

અવિરતિનો ત્યાગ રૂપ એક પ્રકારનો સંયમ છે અને તેજ આધ્યાત્મિક ( અભ્યંતર ) અને બાહ્ય એમ બે ભેદ થાય છે, અને મન વચન કાયાના યોગના ભેદથી ત્રણ પ્રકારનો છે, તથા ચાર મહાવ્રતના ભેદથી ચાર પ્રકારનો છે.

**पंच य महव्वयाइं तु पंचहा राइभोअणे छट्ठा ।**
**सीलंगसहस्साणि य आयारस्सप्पवीभागा ॥ २९४ ॥**

પાંચ મહાવ્રતના ભેદથી પાંચ પ્રકારનો અને રાત્રિભોજન વિરમણ મેળવતાં છ પ્રકારે છે, એ પ્રમાણે અનેક પ્રક્રિયાથી ભેદ પાડેલા ૧૮ હજાર શીલાંગના ભેદ સુધી પરિમાણવાળો સંયમ થાય છે.

પ્ર૦ પણ આ સંયમ કેવો છે ? ઉ૦ તે પ્રવચનમાં પાંચ મહા વ્રતના ભેદ તરીકે વર્ણવાય છે તે કહે છે.

**आइक्खिउं विभइउं विन्नाउं चेव सुहतरं होइ ।**
**एएण कारणेणं महव्वया पंच पन्नत्ता ॥ २९५ ॥**

પંચ મહાવ્રતરૂપે વ્યવસ્થાપેલો હોય, તો સુખેથી કહેવાય અને શિષ્યને સુખેથીજ સમજાય, એ કારણથીજ પાંચ મહાવ્રતો બતાવે છે, અને એ પાંચ મહાવ્રતો અસ્ખલિત ( સંપૂર્ણ ) હોય તોજ ફલવાળા ( સિદ્ધિ આપનાર ) થાય છે, તેથી તેની રક્ષામાં યત્ન કરવો, તે કહે છે.

**तेसिं च रक्खणट्ठा य भावणा पंच पंच इक्विके ।**
**ता सत्थपरिन्नए, एसोअब्भिंतरो होई ॥ २९६ ॥**

તે મહાવ્રતોની દરેકની પાંચ પાંચ વૃત્તિ સમાન ભાવનાઓ છે. તે બધી આ બીજા અગ્રશ્રુત સ્કંધમાં કહેવાય છે, એથી આ શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં અભ્યંતર થાય છે.

હવે ચૂડાઓનું યથાસ્વ ( પોતાનું ) પરિમાણ કહે છે.

**जावोग्गहपडिमाओ पढमा सत्तिक्कगा बिइअचूला ।**
**भावण विमुत्ति आयारपक्कप्पा तिन्नि इअ पंच ॥२९७॥**

પિંડૈષણા અધ્યયનથી આરંભીને અવગ્રહ પ્રતિમા અધ્યયન સુધીમાં સાત અધ્યયનોની પહેલી ચૂડા છે, સાત સાતની એકેક એ બીજી ચૂડા છે, ભાવના નામની ત્રીજી છે, અને વિમુક્તિ નામની ચોથી ચૂડા છે. આચાર પ્રકલ્પ નિશીથ છે, તે પાંચમી ચૂડા છે, તે ચુડાનો નામ વિગેરે નિક્ષેપો છ પ્રકારનો છે. નામ સ્થાપના સુગમ છે, દ્રવ્ય ચુડા વ્યતિરિકતમાં-સચિત્તમાં કુકડાની, અચિત્તમાં મુકુટના ચુડાની મણિ છે. મિશ્રમાં મયૂરની છે, ક્ષેત્ર ચૂડામાં લોક નિષ્કુટ રૂપ છે, કાલ ચૂડામાં અધિક માસના સ્વભાવવાળી, અને ભાવ ચૂડામાં આજ ચૂડા છે. કારણ કે તે ક્ષાયોપશમિક ( શ્રુતજ્ઞાન ) માં વર્ત્તે છે. આ સાત અધ્યયન રૂપ છે, તેમાં પ્રથમ અધ્યયન પિંડ એષણા છે, તેના ચાર અનુયોગદ્વાર છે. નામનિષ્પન્ન નિક્ષેપામાં પિંડ એષણા અધ્યયન છે, તેના નિક્ષેપદ્વારે સર્વે પિંડ

નિર્યુક્તિઓ અહીં કહેવી, હવે સૂગાનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણ યુક્ત સૂત્ર ઉચ્ચારવું જોઇએ, તે કહે છે.

**से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से जं पुण जाणिज्जा–असणं वा पाणं वा खाइमं वा साइमं वा पाणेहिं वा पणगेहिं वा बीएहिं वा हरिएहिं वा संसत्तं उम्मिस्सं सीओदएण वा ओसित्तं रयसा वा परिघासियं वा तहप्पगारं असणं वा पाणं वा खाइमं वा साइमं वा परहत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जंति मन्नमाणे लाभेऽवि संते नो पडिग्गाहिज्जा॥ से य आहच्च पडिग्गहे सिया से तं आयाय एगंतमवक्कमिज्जा एगंतमवक्कमित्ता अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अप्पंडे अप्पपाणे अप्पबीए अप्पहरिए अप्पोसे अप्पुदए अप्पुत्तिगपणगदगमट्टियमक्कडासंताणए विगिंचिय २ उम्मीसं विसोहिय २ तओ संजयामेव भुंजिज्ज वा पीइज्ज वा, जं च नो संचाइज्जा भुत्तए वा पायए वा से तमायाय एगंतमवक्कमिज्जा, अहे झामथंडिलंसि वा अट्ठिरासिंसि वा किट्टरासिंसि वा तुसरासिंसि वा गोमयरासिंसि वा अन्नयरंसि वा तहप्पगारंसि थंडिलंसि पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय तओ संजयामेव परिट्ठविज्जा॥** ( सू० १ )

( સે શબ્દ મગધ દેશમાં પહેલી વિભકિતના નિર્દેશમાં વપરાય છે. તેથી ) જે કોઇ ભિક્ષાથી નિર્વાહ કરનાર ભાવભિક્ષુ મૂળ ઉત્તરગુણ ધારનારો વિવિધ અભિગ્રહ ( તપવિશેષ ) કરનારો ઉત્તમ સાધુ હોય અથવા સાધ્વી હોય, તે ભાવભિક્ષુ

કે સાધ્વી અશાતા વેદનીય વિગેરેના કારણોથી આહાર ગ્રહણ કરે છે, તે બતાવે છે.

**वेअण १ वेआवच्चे २ इरियट्ठाए य ३ संजमट्ठाए ४ ।**
**तह पाणवत्तियाए ५ छट्ठं पुण धम्मचिंताए ॥ १ ॥"**

૧ અશાતા વેદનીય કર્મ દૂર કરવા, ૨ બીજા સાધુ-ઓની વેયાવચ્ચ કરવા ૩ ઈર્યા સમિતિ પાળવા માટે, ૪ સંયમ પાળવા માટે ૫ જીવિત ધારણ કરવા ૬ અને ધર્મચિંતવન કરવા માટે આહાર લેવાય છે, ઉપર બતાવેલા કારણો-માંથી કોઈ પણ કારણે આહારનો અર્થી બનીને ગૃહસ્થના ઘરે જાય, પ્ર૦ શામાટે ? ઉ૦ '**पिंडवाय पडियाए**' ભિક્ષા ( નો લાભ તેની પ્રતિજ્ઞા તે ) અહીં મને મળશે, તેથી ત્યાં પેસીને અશન વિગેરે જાણે, કેવી રીતે ? તે કહે છે, પ્રાણિ તે '૨ સજા' ( વાસી પાણીવાળા રાંધેલા અનાજમાં બેઈંદ્રિય વિગેરે ઝીણા જીવ ઉત્પન્ન થાય છે તે ) દેખીને તે જીવો હોય તો ગોચરી ન લેવી, તેજ પ્રમાણે પનક ( ઉલ આવે છે તે ) જોવી, તથા ઘઉંના દાણા વિગેરે અડકેલ હોય, હરિત તે દરો જુન્હારા વિગેરે અંકુરાવાળું લીલું ઘાસ હોય, તેની સાથે મિશ્ર થઈ ગયું હોય, તથા કાચા પાણીથી ભીંજાયલું હોય, અથવા સચિત્ત રજથી પરિગુંડિત ( ખરડાયેલું ) ભોજન પાણી ખાદિમ કે સ્વાદિમ હોય, તે ચારે પ્રકારનો આહાર દેનારના હાથમાં હોય કે ગૃહસ્થના વાસણમાં હોય, તે સચિત્ત અથવા આધાકર્મ વિગેરે દોષથી અનેષણીય ( દોષિત) હોય

એવું જાણે તો તે ભાવભિક્ષુ મળતું હોય, તો પણ ન લે, આ ઉત્સર્ગની વિધિ છે, હવે અપવાદની વિધિ કહે છે. કે દ્રવ્યાદિ એટલે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિચારીને જરૂર પડતાં લેવું પડે તો લે, પણ ખરો. તે બતાવે છે, દ્રવ્યથી તે દ્રવ્ય જરૂરનું હોય, અને બીજે મળવું દુર્લભ હોય, તથા ક્ષેત્રથી તે બધા સાધુને સાધારણ ગોચરી મળે તેમ ન હોય એટલે લોકો દૃષ્ટિ રાગી હોય અથવા વિશેષથી અન્યદર્શનીના રાગી હોય ? કાલથી દુકાલ વિગેરે હોય. અને ભાવથી ગ્લાન (મંદવાડ) વિગેરે હોય, વિગેરે કારણો હોય તો ગીતાર્થ સાધુ લાભ વિશેષ હોય અને દોષ ઓછો લાગતો હોય તો તે લે.

વળી કોઇ વખત અજાણપણે જીવાતવાળું અથવા જીવ ઉત્પન્ન થાય ( તેવું વિદળ વિગેરે ) ઉન્મિશ્ર ભોજન વિગેરે લીધું હોય તો તેની: પરઠવવાની વિધિ કહે છે. **से अहच्च इत्यादि** એટલે કોઈવાર ઉપયોગ રાખવા છતાં પણ ભૂલથી ઓચિંતું સંસક્ત વિગેરે ભોજન લેવાયું હોય તો, તે ' અનાભોગ ' દેનાર, લેનાર એ બેના ભેદથી ચાર પ્રકારનો થાય છે, ( જેમકે (૧) સાધુનો ઉપયોગ હોય ગૃહસ્થનો ન હોય. (૨) ગૃહસ્થનો ઉપયોગ હોય સાધુનો ન હોય, (૩) બંનેનો ઉપયોગ ન હોય, (૪) બંનેનો ઉપયોગ હોય.) આવો આહાર અશુદ્ધ આવેલો જણાય તો તે આહાર લઈને એકાંતમાં જાય, એટલે જ્યાં ગૃહસ્થ લોક દેખે નહિ, તેમ આવે પણ નહિ, તે એકાંત સ્થળ અનેક પ્રકારનું હોય છે. તે બતાવે છે.

આરામ, ઉપાશ્રય ( અથ શબ્દ લોક આવતા ન હોય તેવો વિશિષ્ટ પ્રદેશના સંગ્રહ માટે છે. ) અથવા શૂન્યગૃહ વિગેરે સ્થળ હોય, તે સ્થળ કેવું હોય, તે કહે છે. ( અલ્પ શબ્દ અભાવવાચક છે. ) જ્યાં ઇંડા ન હોય, બીજ, હરિત, ઠાર, કાચું પાણી, તથા ઉતિંગ ઘાસના અગ્ર ભાગે પાણીનાં બિંદુ હોય તે, પનક લીલણ ફૂલણ હોય, વધારે પાણીથી ભીંજાવેલી માટી હોય, મર્કટ તે સૂક્ષ્મ જીવ અથવા કરોલીયાનાં જાળાં જેમાં તેનાં બચ્ચાં હોય છે, તે દરેક જીવથી રહિત આરામ વિગેરે સ્થળે જઈને પૂર્વે લીધેલા આહારમાં જે જીવ મિશ્રિત હોય તે દેખીદેખીને અશુદ્ધ આહારને ત્યાગવો, અથવા ભવિષ્યમાં જીવ થાય તેવું સાથવો વિગેરે હોય તેમાં જીવો જોઈજોઈને તેવું ભોજન દૂર કરીને ખાવા જેવું બાકી શુદ્ધ રહ્યું હોય તે બરોબર જાણીને પોતે રાગદ્વેષ છોડીને ખાય અથવા પીએ, કહ્યું છે કે—

**बायालीसेसणसंकडंमि गहणंमि जीव ! ण हु छलिओ ।**
**इण्हि जह न छलिज्जसि भुंजंतो रागदोसेहिं ॥ १ ॥**

બેંતાળીસ દોષ ગોચરીના છે. તેના સંકટમાં હે જીવ ! તું પ્રથમ ઠગાયો નથી, તેમ હવે પણ ગોચરી કરતાં રાગદ્વેષ વડે ઠગાતા નહીં !

**रागेण सइंगालं दोसेण सधूमगं वियाणाहि ।**
**रागद्दोसविमुक्को भुंजेज्जा निज्जरापेही ॥ २ ॥**

રાગથી અંગાર દોષ થાય છે, દ્વેષવડે ધૂમ્ર દોષ લાગે

છે, માટે રાગદ્વેષથી રહિત બની સકામનિર્જરાની ઇચ્છા રાખી ગોચરી કરજે !

અને જે આહાર વિગેરે ખાવામાં કે પીવામાં વધારે હોય તે ન ખવાય, અથવા અશુદ્ધ પ્રથક્ કરવું અશક્ય હોય તો પરઠવવું જોઈએ, તેથી તે ભિક્ષુ તેવા વધેલા કે અશુદ્ધ આહારને લેઈને એકાંતમાં જાય, એકાંતમાં જઈને તે આહારને પરઠવે, હવે જ્યાં પરઠવે, તે બતાવે છે. ( અથ-નો અર્થ પછી છે, વા ના અર્થ અથવા છે) (**झामेत्ति**) બળેલું સ્થાન, ( ઇંટના નિભાડાની જગ્યા ) અથવા અસ્થિ અચિત્ત હળીયાના ઢગલામાં કીટ, (લોઢાનો કાટ)ના ઢગલામાં, અથવા તુષના ઢગલામાં સૂકાં અડાયાં, કે તેવા કોઈપણ ઢગલામાં પૂર્વે બતાવેલ ફાસુ જગ્યામાં જઈને ત્યાં વારંવાર આંખે જોઈને રજોહરણ વિગેરેથી પુંજીપુંજીને પરઠવે. પ્રત્યુપેક્ષણ અને પ્રમાર્જનને આશ્રયી ભાંગા થાય છે.

(૧) અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત, (૨) અપ્રત્યુપેક્ષિત પ્રમાર્જિત (૩) પ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત. તેમાં પણ દેખ્યા વિના પ્રમાર્જન કરતો એક સ્થાનથી બીજા સ્થાને જતાં ત્રસ જીવોને વિરાધે છે. અને દેખીને પૂંજ્યા વિના આવતા પૃથ્વી-કાય વિગેરેને વિરાધે છે, બાકીના ચાર ભાંગા નીચે મુજબ છે.

(૪)ખરાબ રીતે દેખેલું અને પુંજેલું (૫) ખરાબ રીતે દેખેલું બરોબર પુંજેલું (૬) સારી રીતે દેખેલું ખરાબ રીતે

પુંજેલું ( ૭ ) સારી રીતે દેખેલું, સારીરીતે પુંજેલું. તેથી આ સાતમા ભાંગામાં બતાવેલી રીતિએ સ્થંડિલ જોઈને ઉત્તમ સાધુ ઉપયોગ રાખીને જ શુદ્ધ અશુદ્ધ પુંજના ભાગો પરિકલ્પીને ત્યજે ( પરઠવે )

## હવે ઔષધિની વિધિ કહે છે.

से भिक्खू वा भिक्खूणी वा गाहावइ० जाव पविट्ठे समाणे से जाओ पुण ओसहीओ जाणिज्जा–कसिणाओ सासियाओ अविदलकडाओ अतिरिच्छच्छिन्नाओ अवुच्छिण्णाओ तरुणियं वा छिवाडिं अणभिक्कंतभज्जियं पेहाए अफासुयं अणेसणिज्जंति मन्नमाणे लाभे संते नो पडिग्गाहिज्जा ॥ से भिक्खू वा० जाव पविट्ठे समाणे से जाओ पुण ओसहीओ जाणिज्जा–अकसिणाओ असासियाओ विदलकडाओ तिरिच्छच्छिन्नाओ वुच्छिन्नाओ तरुणियं वा छिवाडिं अभिक्कंतं भज्जियं पेहाए फासुयं एसणिज्जंति मन्नमाणे लाभे संते पडिग्गाहिज्जा ॥ ( सू० २ )

તે ભાવભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગયેલો હોય, ત્યાં શાલીબીજ વિગેરે ઔષધિ હોય તેને આ પ્રમાણે જાણે કે આ બધી હણાયેલી નથી ( સચિત્ત છે ) આમાં પણ ચોભંગી છે, તેમાં દ્રવ્યકૃત્સ્ના તે અશસ્ત્ર ઉપહુત ( શસ્ત્રથી હણાયેલી નથી, ) ભાવકૃત્સ્ના તે સચિત્ત છે. તેમાં કૃત્સ્ના આ પદવડે ચાર ભાંગામાંના પહેલા ત્રણ લેવા, એટલે દ્રવ્યથી તથા ભાવથી બંને પ્રકારે અચિત્ત થયેલી હોય તે ચોથો ભાંગો લેવો કલ્પે. બાકીના ત્રણ ભાંગાવાળી ન કલ્પે.

'सासियाओ' त्ति—જીવનું સ્વપણું તે ઉપજવાનું સ્થાન પ્રત્યાશ્રય ' જેમાં છે, તે સ્વાશ્રય છે. અર્થાત્ અવિનષ્ટ-યોનિવાળું અનાજ છે, અને આગમમાં પણ કેટલીક ઔષધિ (અનાજ) નો અવિનષ્ટ યોનિકાલ બતાવ્યો છે, તે આ પ્રમાણે— "पतेसिणं भंते ! सालीणं के वइ अं कालं जोणी संचिट्ठइ"? એવા સૂત્ર પાઠો છે, (ગૌતમસ્વામી પૂછે છે કે હે ભગવન્! આ કમોદની યોનિ કેટલો કાળ સચિત્ત (ઉપજવા યોગ્ય) છે. વિગેરે ('अविदल कडाओ' त्ति—જયાંસુધી બે ફાડચાં ઉપરથી નીચે સુધી સરખાં ન કર્યાં હોય અર્થાત્ દાળ ન બનાવી હોય. (કઠોળની પ્રાયે દાળ સર્વત્ર બને છે) 'अतिरिच्छच्छिन्नाओ' त्ति—કંદલી કરેલી નહોય તે. એ દ્રવ્યથી કૃત્સ્ન (આખી) છે અને ભાવથી સચિત્ત હોય કે ન હોય.

તેજ પ્રમાણે 'अवोच्छिनाओ' त्ति-જીવ રહિત ન થઇ હોય, તે અર્થાત્ ભાવથી કૃત્સ્ન (આખી સચિત્ત) હોય, તથા 'तरुणियं वा छिवाडिं' त्ति—અપરિપક્વ મગ વિગેરેની શીંગ (ફળી) તેનું જ વિશેષ કહે છે. 'अणभिक्कंत भज्जिय' त्ति-જીવિતથી અભિક્રાન્ત ન હોય અર્થાત્ સચિત્ત હોય તથા 'अभज्जिय' અમર્દિત 'અવિરાધિત' હોય, આ પ્રમાણે આવો આહાર ખાવાયોગ્ય હોય, પણ તે અપ્રાસુક અથવા અનેષણીય પોતે દેખીને સચિત્ત જાણતો હોય તો, ગૃહસ્થ આપે તોપણ પોતે સચિત્તને ગ્રહણ કરે નહિ, હવે તેથી ઉલટું સૂત્ર કહે છે. તે ભાવભિક્ષુ તેવી ઔષધિને અસંપૂર્ણ

ટુકડા થએલી અને અચિત્ત થયેલી વિનષ્ટયોનિવાળી દાળ બનાવેલી કંદલી કરેલી તથા ફૂગી અચિત્ત થયેલી અને ભાંગેલી હોય અને તે પ્રાસુક અને એષણીય ( લેવાયોગ્ય ) હોય અને ગૃહસ્થ આપે તો કારણ હોય તો સાધુ તેને લે, લેવાયોગ્ય અને ન લેવા યોગ્યના અધિકારવાળો આહાર વિશેષનું જ કહે છે—

से भिक्खू वा० जाव समाणे से जं पुण जाणिज्जा–पिहुयं वा बहुरयं वा भुंजियं वा मंथुं वा चाउलं वा चाउलपलंबं वा सइं संभज्जियं अफासुयं जाव नो पडिगाहिज्जा ॥ से भिक्खू वा० जाव समाणे से जं पुण जाणिज्जा—पिहुयं वा जाव चाउलपलंबं वा असइं भज्जियं दुक्खुत्तो वा तिक्खुत्तो वा भज्जियं फासुयं एसणिज्जं जाव पडिगाहिज्जा ॥ ( सू० ३ )

તે ભાવભિક્ષુ ગૃહસ્થને ઘેર ગયેલો પૃથુક શાલી તથા વરીને શેકીને ધાણી બનાવે, તેમાં તુષ વિગેરેની બહુ રજ હોય, તથા ઘઉં વિગેરેને ભૂંજેલા ( અડધા શેકેલા ) હોય એટલે એક બાજુથી કે છેડા તરફથી શેકયા હોય, અથવા તલ, ઘઉં વિગેરે શેકયા હોય તથા ઘઉં વિગેરે ચૂર્ણ બનાવી શેકેલ હોય અથવા શાલીવ્રીહીના તાંદળા, અથવા તેનીજ કણકી ( ચાઉલ પલંબ ) હોય આવું કોઈપણ જાતનું અનાજ વિગેરે એકવાર થોડું સેકયું હોય, થોડું બીજા શસ્ત્રવડે મરડેલું કુટેલું હોય પણ તે જો અપ્રાસુક અને અનેષણીય પોતે માનતો હોય તો તેવું અન્ન લે નહિ, એથી વિપરીત હોય તો તે લેવું એટલે અગ્નિ વિગેરેથી વારંવાર શેકયું હોય, અથવા પૂરેપુરૂં કુટયું હોય, અને

અધકાચું વિગેરે દોષવાળું નહોય; અને પ્રાસુક હોય તેવી ખાત્રી થાય તો લાભ થતાં જરૂર હોય તો સાધુ ગ્રહણ કરે.

## હવે ગૃહસ્થના ઘરમાં પેસવાની વિધિ કહેછે.

से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं जाव पविसिउकामे नो अन्नउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अप्परिहारिएणं सद्धिं गाहावइकुलं पिंडवायपडियाए पविसिज्ज वा निक्खमिज्ज वा ॥ से भिक्खू वा० बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खममाणे वा पविसमाणे वा नो अन्नउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अपरिहारिएण सद्धिं बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमिज्ज वा पविसिज्ज वा ॥ से भिक्खू वा० गामाणुगामं दूइज्जमाणे नो अन्नउत्थिएण वा जाव गामाणुगामं दूइज्जिज्जा ॥ ( सू० ४ )

તે સાધુએ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવો હોય તો આટલા માણુસો સાથે ન જવું, અથવા પૂર્વે તે પેઠો હોય તો, તેની સાથે ન નીકળવું. તેમનાં નામ બતાવે છે. ( ૧ ) અન્ય તીર્થિક તે લાલ કપડાં રાખનારા બાવા વિગેરે. ગૃહસ્થો–ભીખના પિંડ ઉપર જીવનારા બ્રાહ્મણ વિગેરે. તેમની સાથે પેસતા નીચલા દોષો થાય છે, જો પાછળ ચાલે તો તેઓની કરેલી ઈર્યા પ્રત્યયનો કર્મબંધ લાગે–જીવરક્ષા ન થાય, તથા જૈનશાસનની નિંદા થાય, તથા તેઓની જાતિમાં અહંકાર થાય કે આવા સાધુઓ પણ અમારી પાછળ ચાલે છે ! તે પ્રમાણે

કદાચ સાધુ આગળ ચાલે તો તેઓને દ્વેષ ઉત્પન્ન થાય, અથ-
વા દેનાર અસરળ સ્વભાવી હોય તો તેને દ્વેષ થાય, અને વસ્તુ
વહેંચીને આપે તો ખરાબ વખતમાં પૂરો આહાર ન મળતાં
જીવનનિર્વાહ ન થઇ શકે, તેજ પ્રમાણે પરિહરણ તે પરિહાર
છે, તે પરિહાર સહિત ચાલે, તે 'પારિહારિક' એટલે પિંડદોષ
ત્યાગવાથી ઉદ્યુક્તવિહારી ( ઉત્તમ ) સાધુ છે, તેવા ઉત્તમ ગુણ-
વાળા સાધુએ પાસત્થા, અવસન્ન કુશીલ, સંસક્ત, યથાછંદ
એવા પાંચ પ્રકારના કુસાધુ સાથે ગોચરી ન જવું, તેમની
સાથે જતાં અનેષણીય ગોચરી આવે, અગ્રહણ દોષ લાગે, એ-
ટલે જો પાસત્થો 'અનેષણીય' લે, તેવું સાધુ પણ લે, તો
તેની પ્રવૃત્તિની પ્રશંસાનો દોષ લાગે, અને જો નલે તો અસં-
ખડ (              ) વિગેરે દોષો થાય, તેવું જાણીને ગોચરી
લેવા માટે ગૃહસ્થના ઘરમાં તેવા સાથે પેસે નહીં, તેમ નીકળે
પણ નહીં, તેવીજ રીતે તેમની સાથે બીજે પણ જવાનો નિષે-
ધ કરે છે. એટલે સાધુને સ્થંડિલ ( વિચાર ) ભૂમિએ જવું
હોય, અથવા વિહાર ( ભણવા ) ના સ્થળે જવું હોય, તો
અન્ય તીર્થિ વિગેરે સાથે દોષોનો સંભવ હોવાથી ન જવું, તે
કહે છે સ્થંડિલ સાથે જતાં પ્રાસુક જલ સ્વચ્છ હોય, અસ્વચ્છ
હોય, ઘણું કે થોડું હોય, તો તેનાથી જગ્યા સ્વચ્છ કરતાં ઉપઘાત-
નો સંભવ થાય, અથવા જોડે ભણવા જતાં સિદ્ધાંતના આલાવા
ગણતાં તે પતિત સાધુને તેવું ન રૂચવાથી વિકથા કરી વિઘ્ન
કરે, તે ભય છે અથવા સેહ ( નવા શિષ્ય ) આદિને અસહિ-
ષ્ણુપણાથી કલેશનો સંભવ થાય છે, માટે તેવા સાથે સાધુએ

તેવા સ્થળમાં જવું-આવવું નહિં, તેજ પ્રમાણે તે ભિક્ષુએ એક ગામથી બીજે ગામ જતાં કે નગરથી બીજે નગર વિગેરે સ્થળે જતાં ઉપર બતાવેલ અન્ય તીર્થિઓ વિગેરે સાથે દોષો-નો સંભવ હોવાથી જવું નહિ-કારણકે માત્રુંસ્થંડિલ વિગેરે રોકવાથી રોગ થતાં આત્મવિરાધના થાય, અને માત્રુંસ્થંડિલ કરવા જતાં પ્રાસુક, અપ્રાસુક ગ્રહણ વિગેરેમાં ઉપઘાત અને સં-યમવિરાધનાનો સંભવ છે, એજ પ્રમાણે ભોજન ( ગોચરી ) કરતાં પણ દોષોનો સંભવ સમજવો, સેહાદિ વિપ્રતારણ ( શિષ્યને કુમાર્ગે દોરવવા ) વિગેરેનો દોષ પણ થાય. હવે તેમના દાનનો નિષેધ કરે છે.

से भिक्खू वा भिक्खुणी वा० जाव पविट्ठे समाणे नो अन्नउत्थियस्स वा गारत्थियस्स वा परिहारिओ वा अपरिहारियस्स असणं वा पाणं वा खाइमं वा साइमं वा दिज्जा वा अणुपइज्जा वा ॥ ( सू० ५ )

તે સાધુ ગૃહસ્થીના ઘરમાં પેઠેલ હોય, અથવા તે સાધુ ઉપાશ્રયમાં રહેલ હોય, તો તે સાધુએ અન્યતીર્થિઓ વિગેરેને દોષનો સંભવ હોવાથી આહાર પાણી વિગેરે પોતે આપવું નહિ, તેમ ગૃહસ્થ પાસે પોતે અપાવવું નહિ, જો આપતાં દેખે તો લોકો એવું માને કે આ સાધુ આવા અન્યદર્શનીઓ-ની પણ દાક્ષિણ્યતા ( શરમ ) રાખનારા છે. વળી તેમને ટેકો આપવાથી અસંયમમાં પ્રવર્ત્તન વિગેરેના દોષો થાય છે.

પિંડના અધિકારથીજ ' અનેષણીય ' દોષ સંબંધી નિ-ષેધ કરવા કહે છે.

से भिक्खू वा० जाव समाणे असणं वा ४ अस्सिपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ, तं तहप्पगारं असणं वा ४ पुरिसंतरकडं वा अपुरिसंतरकडं वा बहिया नीहडं वा अनीहडं वा अत्तट्ठियं वा अणत्तट्ठियं वा परिभुत्तं वा अपरिभुत्तं वा आसेवियं वा अणासेवियं वा अफासुयं जाव नो पडिग्गाहिज्जा, एवं बहवे साहम्मिया एगं साहम्मिणिं बहवे साहम्मिणीओ समुद्दिस्स चत्तारि आलावगा भाणियव्वा ॥ ( सू० ६ )

તે સાધુ ગૃહસ્થને ઘેર ગોચરી ગયેલો હોય તે નીચે બતાવેલા દોષોવાળું અશન વિગેરે ન લે, 'असंपडियाए' त्ति— જેની પાસે સ્વ ( દ્રવ્ય ) નથી તે અસ્વ ( નિર્ગ્રંથ ) છે, એવા નિર્ગ્રંથને કોઈ ભદ્રક ગૃહસ્થ જોઇને વિચારે કે આ નિર્ગ્રંથ છે, માટે તેને માટે સચિત્ત અનાજ વિગેરે આરંભ સમારંભ કરીને વહોરાવીશ, સંરંભ, સમારંભ ને આરંભનું સ્વરૂપ આ પ્રમાણે છે.

संकप्पो संरंभो परियावकरो भवे समारंभो;
आरंभो उद्दवओ सुद्ध नयाणंतु सव्वेसिं ॥ १ ॥

સંકલ્પ કરવો તે સંરંભ છે, પરિતાપ કરનારો સમારંભ છે. અને ઉપદ્રવ કરીને કરાય તે બધા શુદ્ધ નયોમાં આરંભ મુખ્ય છે, આ પ્રમાણે સમારંભ વિગેરેને આચરીને આધાકર્મ

( સાધુ માટે રસોઇ ) બનાવે, એનાથી બધી અશુદ્ધ કોટી લીધી તથા ક્રીત–તે મૂલ્ય આપીને લેવું; પામિચ્ચ–તે ઉછીતું લેવું, આછેદ્ય–તે બલજબરીથી છીનવી લેવું, અનિસૃષ્ટ–તે તેના બધા માલિકે મળીને ન આપેલું ચોલ્લક (          ) વિગેરે છે, અભ્યાહૃત ગૃહસ્થે દૂરથી લાવી આપેલું, આવું વેચાતું વિગેરે લાવીને આપે, આ વાક્યથી બધી વિશુદ્ધકોટી લીધેલી છે, તે આહાર ચારે પ્રકારનો હોય, તે આધાકર્મ વિગેરે દોષથી દોષિત હોય તે જો ગૃહસ્થ આપે, તે બીજાએ કરેલું પોતે આપે, અથવા પોતે જાતે કરીને આપે, તથા ઘરથી નીકળેલું, અથવા ન નીકળ્યું હોય અથવા તે દાતાએજ સ્વીકાર્યું હોય, અથવા ન સ્વીકાર્યું હોય, અથવા તે દાતાએ ઘણું ખાધું હોય અથવા ન ખાધું હોય અથવા થોડું ચાખ્યું હોય અથવા ન ચાખ્યું હોય, આવું બધું હોય છતાં જો તે અપ્રાસુક અનેષણીય પોતાને માલુમ પડે તો મળતું હોય છતાં પણ લેવું નહીં, આ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને ( અકલ્પનીય ) છે, પણ ૨૨ તીર્થંકરોના સાધુઓને તો જેને ઉદ્દેશીને કર્યું હોય તો તેને ન કલ્પે, બાકી બીજાને કલ્પે, આ પ્રમાણે ઘણા સાધુઓને આશ્રી ઉદ્દેશીને બનાવેલું હોય તો તે લેવું કલ્પે નહીં, તેજ પ્રમાણે સાધ્વીઓને આશ્રયીપણ બે સૂત્રની એકત્વ બહુત્વ યોજના કરવી.

## હવે બીજા પ્રકારે અવિશુદ્ધ કોટીને આશ્રયી કહે છે.

**से भिक्खू वा० जाव समाणे से जं पुण जाणिज्ज़ा असणं**

वा ४ बहवे समणा माहणा अतिहि किवणवणीमए पगणिय २ समुद्दिस्स पाणाइं वा ४ समारब्भ जाव नो पडिग्गाहिज्जा ॥ ( सू० ७ )

તે ભાવસાધુ ગૃહસ્થને ઘેર ગોચરી ગયેલ હોય ત્યાં એવું જાણે કે આ ઘણું ભોજન વિગેરે ઘણા શ્રમણોને માટે બનાવ્યું છે, તે શ્રમણો નિર્ગ્રંથ, શાકય, તાપસ, ગૈરિક, આજીવિક એ પાંચ છે, તેમને માટે બનાવેલ હોય, બ્રાહ્મણ માટે અથવા ભોજનના સમય પહેલાં જે મુસાફર આવે તે અતિથિ માટે અથવા કૃપણ ( દરિદ્રી ) માટે વણીમક ( ભાટ વિગેરે ) માટે ઉદ્દેશીને બનાવેલું હોય, એટલે બેત્રણ શ્રમણ પાંચ છ બ્રાહ્મણ, એમ સંખ્યા ગણીને સચિત્ત વસ્તુના આરંભવડે અચિત્ત રસોઇ બનાવી હોય તો તે ભોજન સંસ્કારવાળું, ખાધેલું કે ખાધા પછી બચેલું અથવા અપ્રાસુક અનેષણીય આધાકર્મી ભોજન મળતું હોય તોપણ જાણીને લે નહી.

હવે વિશોધિ કોટી આશ્રયી કહે છે.

से भिक्खू वा भिक्खूणी वा० जाव पविट्ठे समाणे से जं पुण जाणिज्जा—असणं वा ४ बहवे समणा माहणा अतिहिं किवणवणीमए समुद्दिस्स जाव चेएइ तं तहप्पगारं असणं वा ४ अपुरिसंतरकडं वा अबहियानीहडं अणत्तट्ठियं अपरिभुत्तं अणासेवियं अफासुयं अणेसणिज्जं जाव नो पडिग्गाहिज्जा अह पुण एवं जाणिज्जा पुरिसंतरकडं बहियानीहडं अत्तट्ठियं परिभुत्तं आसेवियं फासुयं एसणिज्जं जाव पडिग्गाहिज्जा ॥ ( सू० ८ )

તે સાધુ ભોજન વિગેરે આવા પ્રકારનું જાણે કે-ઘણા શ્રમણ બ્રાહ્મણ અતિથિ કૃપણ વણીમકને માટે ઉદ્દેશીને બનાવેલું છે, અને કોઇ ગૃહસ્થ રસોઇ તૈયાર થયા પછી આપે છે, તેવું ભોજન તેજ પુરૂષ ત્યાંજ ઉભો રહીને પોતાના કબજામાં રાખેલું, ખાધાવિનાનું, વાપર્યાવિનાનું, અપ્રાસુક, અનેષણીય આપતો હોય તો ત્યાં ગયેલા જૈન સાધુએ તેવું જાણ્યા પછી તે ન લેવું, તે " जावंतिया भिक्ख " સૂત્રથી ઉલટું હવે કહે છે, ( અથ શબ્દ પૂર્વની અપેક્ષાએ ' પણ ' ના અર્થમાં છે, પુનઃશબ્દ વિશેષણના અર્થમાં છે; ) પણ તે ભિક્ષુ એમ જાણે કે તે ભોજન બીજા માટે કરેલું છે, બહાર આવેલું છે, તેણે પોતાનું કરેલું છે, તેણે ખાધું છે, વાપર્યું છે, પ્રાસુક છે, એષણીય છે. આવું જાણીને મળે તો તે ભોજન સાધુએ લેવું, તેનો ભાવાર્થ આ છે, કે અવિશોધિ કોટીવાળું ભોજન જેમ તેમ કર્યું હોય તો તે ન કલ્પે, પણ વિશોધિ કોટીવાળું પુરૂષાન્તર કરેલું હોય, અને તેણે પોતાનું કરેલું હોય તો તે સાધુને લેવું કલ્પે છે. વિશોધિકોટીનો અધિકાર કહે છે.

से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसिउकामे से जाइं पुण कुलाइं जाणिज्जा—इमेसु खलु कुलेसु निइए पिंडे दिज्जइ अग्गपिंडे दिज्जइ नियए भाए दिज्जइ नियए अवड्ढभाए दिज्जइ, तहप्पगाराइं कुलाइं निइयाइं निइउमाणाइं नो भत्ताए वा पाणाए वा पविसिज्ज वा निक्खमिज्ज वा ॥ एयं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा

सामग्गियं जं सव्वट्ठेहिं समिए सहिए सया जए ( सू० ९ ) त्तिबेमि ॥ पिण्डैषणाध्ययन आद्योद्देशकः ॥ १—१—१ ॥

તે ભિક્ષુક ગૃહસ્થીના ઘરમાં જવાની ઈચ્છાવાળો આવાં કુળો જાણે કે, આ કુળોમાં નિત્ય પિંડ ( પોષ ) અપાય છે, તથા અગ્રપિંડ કમોદનો ભાત વિગેરે પ્રથમથી ભિક્ષામાટે સ્થાપીને અપાય છે, તે અગ્રપિંડ નિત્ય ભાગ અર્ધપોષ અપાય છે, તથા પોષનો ચોથો ભાગ અપાય છે, તેવાં નિત્ય દાનયુકત કુલ, નિત્ય દાનદેવાથી સ્વપક્ષ તથા પરપક્ષના સાધુઓ જાય છે, તેનો ભાવાર્થ આ છે કે, સ્વપક્ષ તે સંયત, પરપક્ષ બાકીના ભિક્ષુકો તે બધા ભિક્ષામાટે જતા હોય, અને તે દાનદેનારા એમ સમજે કે ઘણા ભિક્ષુકોને આપીએ, એથી ઘણો આરંભ કરી તેઓ છએ કાયનો આરંભ કરે, અને થોડું રાંધે તો બધાને અંતરાય થાય માટે વધારે રાંધે એવા સ્થાનમાં ઉત્તમ સાધુ ગોચરી માટે કે પાણી માટે ત્યાં ન જાય, હવે બધાનો ઉપસંહાર કરે છે.

પ્રથમથી છેવટસુધી તે ભિક્ષુને સમગ્ર જે ઉદ્‌ગમ, ઉત્પાદન ગ્રહણ એષણા સંયોજના (પ્રમાણથી વધારે) અંગાર ધુમ કારણોવડે સમજીને સુપરિશુદ્ધ પિંડ સાધુઓએ લેવો, તેજ જ્ઞાનાચાર સમગ્રતા દર્શન ચારિત્ર તપ અને વીર્યાચાર સંપન્નતા છે, અથવા આ સૂત્રવડે સમગ્રતા દેખાડે છે, કે જે સરસ વિરસ વિગેરે આહાર મળે છે, તેનાથી અથવા રૂપ રસ ગંધ સ્પર્શવડે સાધુ સમિત છે, અર્થાત્ સમભાવ રાખનાર સંયત છે, અથવા પાંચ સમિતિથી સમિત છે, શુભ અશુભમાં રાગદ્વેષ

રહિત છે, આવો સાધુ હિત સાધવાથી સહિત છે, અથવા જ્ઞાન દર્શન ચારિત્ર સહિત છે, આવો સંયમ યુક્ત સાધુ યતના કરે (સંયમ પાળે) આ પ્રમાણે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે મેં ભગવાન પાસે સાંભળ્યું તે તમને કહ્યું, પોતાની મતિકલ્પનાથી કહ્યું નથી. બાકી બધું પૂર્વમાફક જાણવું.

પિંડૈષણા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

---

# बीजो उद्देशो.

---

પહેલો કહીને હવે બીજો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. કે પ્રથમ ઉદ્દેશામાં પિંડનું સ્વરૂપ બતાવ્યું, અને અહીં પણ તે સંબંધી વિશુદ્ધકોટિને આશ્રયી કહે છે.

से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से जं पुण जाणिज्जा—असणं वा ४ अट्ठमिपोसहिएसु वा अद्धमासिएसु वा मासिएसु वा दोमासिएसु वा तेमासिएसु वा चाउम्मासिएसु वा पंचमासिएसु वा छम्मासिएसु वा उऊसु वा उउसंधीसु वा उउपरियट्टेसु वा बहवे समणमाहणअतिहिकिवणवणीमगे एगाओ उक्खाओ परिएसिज्जमाणे पेहाए दोहिं उक्खाहिं परिएसिज्जमाणे पेहाए तिहिं उक्खाहिं परिएसिज्जमाणे पेहाए कुंभी-

मुहाओ वा कलोवाइओ वा संनिहिसंनिचयाओ वा परिएसिज्जमाणे पेहाए तहप्पगारं असणं वा ४ अपुरिसंतरकडं जाव अणासेवियं अफासुयं जाव नो पडिग्गाहिज्जा ॥ अह पुण एवं जाणिज्जा पुरिसंतरकडं जाव आसेवियं फासुयं पडिग्गाहिज्जा ॥ ( सू० १० )

તે ભાવભિક્ષુ આવા પ્રકારનું ભોજન વિગેરે જાણે કે, આઠમનો પૌષધ ઉપવાસ વિગેરે તે અષ્ટમીપૌષધ તે જેમાં હોય તે અષ્ટમીપૌષધ ઉત્સવ છે, તેજ પ્રમાણે પંદર દિવસે આવનારો ઠેઠ રૂતુના છેડે આવનારો, વિગેરે મહિને બે મહિને ત્રણ મહિને ચાર મહિને છ મહિને રૂતુમાં રૂતુસંધિમાં અથવા રૂતુ બદલાતાં કોઇપણ નિમિત્તને ઉદ્દેશીને ઘણા શ્રમણ માહણ અતિથિ કૃપણવનીમગોને એક પિઠરક ( તપેલામાં ) થી ભાત વિગેરે ' परिएसिज्जमाण ' આપેલાને ખાતાં દેખીને અથવા બે ત્રણ પિઠરકથી અપાતું હોય વિગેરે જાણવું. આ ' પિઠરક' તે સાંકડા મોઢાની હોય તો કુંભી ( ચરૂ ) છે, અને ' કલોવાઈઅ ' પિચ્છી પિટક ( દેઘડો ) છે, તેમાંથી કોઈપણમાંથી અપાય, અથવા સંનિધિ તે ગોરસ વિગેરેનો સંચય હોય, તેમાંથી અપાતું હોય, ( ' तओ एवंविहं जावंतियं पिंडं समणाईणं परिएसिज्जमाणं पेहाए ' ) त्ति આવો પિંડ અપાતો જાણીને તેજ પુરૂષ સાધુ વિગેરેને ઉદ્દેશીને બનાવીને આપતો હોય તો અપ્રાસુક અનેષણીય માનતો, મળતું હોય તોપણ તે લે નહિ, હવે અમુક વિશેષણવાળું લેવા યોગ્ય બતાવે છે.

એટલે તે ભિક્ષુ એવું જાણે કે પુરૂષાંતર થયું છે. એટલે બીજા ગૃહસ્થને તેની મહેનત બદલ અથવા બીજા કારણે મળ્યું હોય અને તે પોતે તેમાંથી પોતાનું થયા પછી વહોરાવે, તો એષણીય પ્રાસુક જાણીને પોતે લે.

હવે જે કુળોમાં ગોચરી માટે જવું કલ્પે તેનો અધિકાર કહે છે—

**से भिक्खू वा २ जाव समाणे से जाइं पुण कुलाइं जाणिज्जा, तंजहा—उग्गकुलाणि वा भोगकुलाणि वा राइन्नकुलाणि वा खत्तियकुलाणि वा इक्खागकुलाणि वा हरिवंसकुलाणि वा एसियकुलाणि वा वेसियकुलाणि वा गंडागकुलाणि वा कोट्टागकुलाणि वा गामरक्खकुलाणि वा बुक्कासकुलाणि वा अन्नयरेसु वा तहप्पगारेसु कुलेसु अदुगुंछिएसु अगरहिएसु असणं वा ४ फासुयं जाव पडिग्गाहिज्जा ॥ ( सू० ११ )**

તે ભિક્ષુ ગોચરી જવા ચાહે તો આવાં કુળો જાણીને તેમાં પ્રવેશ કરે, ઉગ્રકુળ તે આરક્ષિક ( કોટવાળનું કામ તે વખતે કરનારા ) ભોગકુળ તે રાજાને પૂજવાયોગ્ય હોય, રાજન્યકુળ તે રાજાના મિત્રતરીકે હતા, ક્ષત્રિયકુળ રાષ્ટ્રકુટ વિગેરેમાં રહેનાર, ઇક્ષ્વાકા તે ઋષભદેવના વંશમાં જન્મેલા, હરિવંશ તે નેમિનાથના વંશના, **एसिअ** ગોષ્ઠ (          ) વૈશ્ય ( વણિજ ) ગંડક તે નાપિત છે, જે ગામમાં ઉદ્‌ઘોષણાનું કામ કરે છે, કોટ્ટાગ ( સુતાર ) બોક્કશાલિય તંતુવાય ( કપડાં વણનારા ) હવે કયાંસુધી કહેશે. તે ખુલાસો કરે છે. કે તેવાં

કુલોમાં ગોચરી જવું કે જયાં જવાથી લોકોમાં નિંદા ન થાય, જુદા જુદા દેશના દીક્ષા લીધેલા શિષ્યોને સહેલથી સમજાય તેટલા માટે તેવા કુળોનાં વિશેષણો કહે છે, કે ન નિંદવાયોગ્ય કુળમાં ગોચરી જાય, એટલે ચામડાનું કામ કરનાર મોચી, ચામડીયા દાસદાસી વિગેરેના કુળમાં ગોચરી ન જવું, પણ તે-નાથી ઉલટાં સારાં ધર્મી કુળોમાં જયાં ગોચરી નિર્દોષ પ્રાસુક મળે તે લે.

से भिक्खू वा २ जाव समाणे से जं पुण जाणिज्जा—असणं वा ४ समवाएसु वा पिंडनियरेसु वा इंदमहेसु वा खंदमहेसु वा एवं रुद्दमहेसु वा मुगुंदमहेसु वा भूयमहेसु वा जक्खमहेसु वा नागमहेसु वा थूभमहेसु वा चेइयमहेसु वा रुक्खमहेसु वा गिरिमहेसु वा दरिमहेसु वा अगडमहेसु वा तलागमहेसु वा दहमहेसु वा नइमहेसु वा सरमहेसु वा सागरमहेसु वा आगरमहेसु वा अन्नयरेसु वा तहप्पगारेसु विरूवरूवेसु महामहेसु वट्टमाणेसु बहवे समणमाहणअतिहिकिवणवणीमगे एगाओ उक्खाओ परिएसिज्जमाणे पेहाए दोहिं जाव संनिहिसंनिचयाओ वा परिएसिज्जमाणे पेहाए तहप्पगारं असणं वा ४ अपुरिसंतरकडं जाव नो पडिग्गाहिज्जा ॥ अह पुण एवं जाणिज्जा दिन्नं जं तेसिं दायव्वं, अह तत्थ भुंजमाणे पेहाए गाहावइभारियं वा गाहावइभगिणिं वा गाहावइपुत्तं वा धूयं वा सुण्हं वा धाइं वा दासं वा दासिं वा कम्मकरं वा कम्मकरिं वा से पुव्वामेव आलोइज्जा—आउसित्ति वा भगिणित्ति वा दाहिसि मे इत्तो अन्नयरं भोयणजायं, से सेवं वयंतस्स परो असणं वा ४ आहट्टु दलइज्जा

तहप्पगारं असणं वा ४ सयं वा पुण जा इज्जा परो वा से दिज्जा फासुयं जाव पडिग्गाहिज्जा ॥ ( सू० १२ )

તે ભિક્ષુ આ પ્રમાણે વળી આહાર વિગેરે ૪ પ્રકારનો જાણે કે આ બીજા પુરૂષને અપાયો નથી તો અનેષણીય અપ્રાસુક જાણીને પોતે ન લે, તે કેવો આહાર તે કહે છે.

સમવાય ( મેળો ) શંખચ્છેદશ્રેણી (                    ) વિગેરેનો પિંડ નિકર મરેલાની પાછળ જે પિંડ અપાય છે. ( ગુજરાતમાં શ્રાદ્ધ કહેવાય છે ) તે તથા ઈંદ્રઉત્સવ ( પ્રથમ કાર્તિકી પુર્ણીમાએ થતો ) સ્કંદ તે કાર્ત્તિકસ્વામીનો મહોત્સવ પૂર્વે કરાતો રૂદ્ર ( મહાદેવ ) વિગેરે જાણીતા છે. મુકુંદ ( બળદેવ ) એટલે ઈંદ્ર, સ્કંદ, રૂદ્ર, મુકુંદ, ભૂત, જક્ષ, નાગ, સ્તુપ, ચૈત્ય, વૃક્ષ, ગિરિ, દરિ, અગડ, તલાગ, દ્રહ, નદી, સરોવર, સાગર, આગર અથવા તેવા કોઇ દેવ વિગેરેને ઉદ્દેશીને કોઇ મહોત્સવ કરે ત્યાં જે કોઈ શ્રમણ બ્રાહ્મણ અતિથિ કૃપણ વણીમગ વિગેરે આવે તેને આપવા માટે ભોજન બનાવે, તેવું જો કોઇ જૈનસાધુ જાણે કે તે રસોઈ બનાવનારના કબજામાં છે, તો તે અશુદ્ધ જાણીને ન લે, જોકે ત્યાં બધાને દાન દેવાતું ન હોય, તોપણ ત્યાં ઘણા માણસો એકઠાં થયાં હોય, તેથી ત્યાં સંખડી ( રસોઇખાના ) આગળ આહાર લેવા ન જવું, તેજ વિશેષણ સહિત કહે છે—

વળી આવો આહાર જાણે, કે જે શ્રમણ વિગેરેને આપવાનું હોય તેને અપાયું છે, અને ગૃહસ્થલોકોને ત્યાં ખાતાં

જુએ, તો ત્યાં જરૂર હોય તો આહાર માટે જાય, તે ગૃહસ્થો-નાં નામ કહે છે, જેમકે ગૃહસ્થોની ભાર્યા વિગેરેને પૂર્વે ખાતાં જુએ, અથવા માલિકને જુએ, તો માલિકને ઉદ્દેશીને સાધુ બોલે કે હે આયુષ્યમતિ ! હે બેન ! મને જે કંઇ ભોજન તૈયાર હોય તે આપ, ' આવું સાધુ બોલે છતે કોઈ ગૃહસ્થ ભોજન વિગેરે લાવીને આપે, અને ત્યાં ઘણો જનસમૂહ એકઠો થવાથી અથવા તેવાં બીજાં કારણ હોય તો સાધુ પોતાની મેળે યાચે, અથવા યાચ્યાવિના પણ ગૃહસ્થ આપે, અને તે પ્રાસુક એષ-ણીય અન્ન વિગેરે જાણે તો સાધુ લે.

હવે અન્ય ગામની ચિંતા ( વિચાર ) ને આશ્રયી કહે છે.

से भिक्खू वा २ परं अद्धजोयणमेराए संखडिं नच्चा संखडिपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भिक्खू वा २ पाईणं संखडिं नच्चा पडीणं गच्छे अणाढायमाणे, पडीणं संखडिं नच्चा पाईणं गच्छे अणाढायमाणे, दाहिणं संखडिं नच्चा उदीणं गच्छे अणाढायमाणे, उईणं संखडिं नच्चा दाहिणं गच्छे अणाढायमाणे, जत्थेव सा संखडि सिया, तं-जहा—गामंसि वा नगरंसि वा खेडंसि वा कब्बडंसि वा मडंबंसि वा पट्टणंसि वा आगरंसि वा दोणमुहंसि वा नेगमंसि वा आसमंसि वा संनिवेसंसि वा जाव रायहाणिंसि वा संखडिं संखडिपडियाए नो अभिसंधारिज्जा गमणाए, केवली बूया—आयाणमेयं संखडिं संखडिपडियाए अभिधारेमाणे आहाकम्मियं वा उद्देसियं वा मीसजायं वा कीय-

गडं वा पामिच्चं वा अच्छिज्जं वा अणिसिट्ठं वा अभिहडं वा आहट्टु दिज्जमाणं भुंजिज्जा ॥ १२ ॥

તે ભિક્ષુ વધારેમાં વધારે અર્ધ યોજનસુધી ક્ષેત્રમાં જમણનું જ્યાં રસોડું હોય, ત્યાં જવાને વિચાર કરે નહિ, પણ પોતાના ગામમાં અનુક્રમે ગોચરી જતાં તેવું જમણ હોય તે જાણીને શું કરવું તે કહે છે–એટલે પૂર્વદિશામાં જમણ જાણે, તો તેથી ઉલટી પશ્ચિમદિશામાં ગોચરી જાય, અને પશ્ચિમદિશામાં જમણ હોય તો પૂર્વદિશામાં ગોચરી જાય, એમ બીજી પણ દિશામાં જાણવું, એટલે જમણની જગ્યાએ જવાને અનાદર કરે. જ્યાં જમણ હોય ત્યાં ન જવું, હવે જમણ કયાં કયાં હોય તે કહે છે, ગામ જ્યાં ઇંદ્રિયોની પુષ્ટિ થાય અથવા જ્યાં કરો લાગુ પડે તે છે, તેજ પ્રમાણે નગર, ખેટ કર્બટ મડંબ પતન ( પાટણ ) આકર દ્રોણમુખ નૈગમ આશ્રમ રાજયધાની સંનિવેશ ( આ બધા શબ્દોનો અર્થ આચારાંગના ૪ થા ભાગમાં પા. આપેલ છે ) આવા સ્થાનમાં સંખડિ (જમણ) જાણીને જવું નહિ, કેવળીપ્રભુ કહે છે કે, તે જમણ કર્મોના ઉપાદાનનું સ્થાન છે, અથવા બીજી પ્રતિમાં આદાનને બદલે આયતન શબ્દ છે. તેનો અર્થ આછે કે સંખડિમાં જવું તે દોષોનું સ્થાન છે.

પ્ર૦–સંખડીમાં જવું તે દોષોનું આયતન કેવીરીતે છે ? તે કહે છે संखडिं संखडि पडियाए–જે જે સંખડિને ઉદ્દેશીને પોતે જાય, તો તે જગ્યાએ આમાંનો કોઇપણ દોષ અવ-

શ્યે લાગુ પડે તે બતાવે છે. આધાકર્મ, ઔદ્દેશિક, મિશ્ર, ક્રીત, ઉદ્યતક, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત આમાંથી કોઇપણ દોષથી દોષિત પોતે ભોજન વાપરે, કારણકે જમણનો કરનારો એવુંજ મનમાં ધારે કે, આ આવનારો સાધુ મારા જમણને ઉદ્દેશીને આવ્યો છે, માટે મારે કોઇપણ બ્હાને એને આપવું એમ વિચારી આધાકર્મ દોષવાળું ભોજન વિગેરે બનાવી આપે, અથવા જે સાધુ લોલુપી થઇને જમણની બુદ્ધિએ ત્યાં જાય, તે મૂઢ બનીને આધાકર્મ વિગેરેનું ભોજન વાપરે.

વળી સંખડિ નિમિત્તે આવેલા સાધુને ઉદ્દેશીને ગૃહસ્થ વસતિ ( ઉતરવાનું સ્થાન ) આ પ્રમાણે કરે તે કહે છે.

अस्संजए भिक्खुपडियाए खुड्डियदुवारियाओ महल्लिय दुवारियाओ कुज्जा, महल्लियदुवारियाओ खुड्डियदुवारिया-ओ कुज्जा, समाओ सिज्जाओ विसमाओ कुज्जा, विसमाओ सिज्जाओ समाओ कुज्जा, पवायाओ सिज्जाओ निवायाओ कुज्जा, निवायाओ सिज्जाओ पवायाओ कुज्जा, अंतो वा बहिं वा उवस्सयस्स हरियाणि छिंदिय छिंदिय दालिय दालिय संथारगं संथारिज्जा, एस विलुंगयामो सिज्जाए, तम्हा से संजए नियंठे तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडियाए नो अभिसंधारिज्जा गमणाए, एयं खलु तस्स भिक्खुस्स जाव सया जए ( सू० १३ ) त्तिबेमि ॥ पिण्डैषणाध्ययने द्वितीयः १-१-२

અસંયત તે ગૃહસ્થ છે, અને તે શ્રાવક અથવા પ્રકૃતિભદ્રક અન્ય દર્શનીય હોય, તે સાધુઓને આવતા જાણીને

તેમને માટે સાંકડા દરવાજા જે ઘરને હોય તે સાધુનિમિત્તે મોટા કરાવે, અથવા ઘણા મોટા હોય તે જરૂર જેટલા સાંકડા કરાવે, અથવા સરખી જગ્યા હોય તે સ્ત્રીઓને આવવાના ભયથી વિષમ કરાવે, અથવા વિષમ હોય તે સાધુઓના સમાધાન માટે સરખી બનાવે છે, તથા ઘણી હુવાવાળી જગ્યાને શીયાળો હોય તો પવન ન આવે તેવી બનાવવા આરંભ કરે, અને ઉનાળો હોય અને પવન વિનાની જગ્યા હોય તો હુવાવાળી બનાવવા પ્રયત્ન કરે, તથા ઉપાશ્રયના ચોકમાં લીલું ઘાસ હોય તો છેદી છેદી—ઉખેડી ઉખેડીને ઉપાશ્રય રહેવાયોગ્ય સંસ્કારવાળો બનાવે, અથવા સુવાની જગ્યા સંસ્તારકને સુધારે. અને તે મનમાં એવો ઉદ્દેશ રાખે કે સાધુની શય્યાના સંસ્કારમાં આપણું કર્ત્તવ્ય છે. માટે આપણે કરવું જોઇએ, કારણ કે તેઓ નિર્ગ્રંથ—અકિંચન છે, વળી ગૃહસ્થ તેમ ન કરે તો કારણ આવે સાધુ પોતે ( નિર્ઘૃણ થઇને ) કરીલે. તેટલા માટે અનેક દોષથી દુષ્ટ એવું સંખડિ ( જમણ ) જાણીને લગ્ન વિગેરેની પ્રથમ અને મરણ પાછળની પછીની સંખડીમાં જમણને ઉદ્દેશીને સાધુ ન જાય, અથવા આગળ સંખડિ થવાની છે, માટે પ્રથમ સાધુ જાય, અથવા ગૃહસ્થ જગ્યાને સુધારી રાખે, અથવા સંખડિ પૂરી થઇ, માટે હવે વધેલું ભોજન ( મિષ્ટાન્ન ) ખાઇશું એવી બુદ્ધિથી પછીથી સાધુઓ જાય, માટે સાધુએ તેવી સંખડિના જમણને ઉદ્દેશીને તેવા સ્થાનમાં વિહાર ન કરવો, આજ સાધુની સંપૂર્ણ સંયમશુદ્ધિ છે, કે સંખડિમાં સર્વથા જવાનું માંડીવાળવું.

---

# त्रीजो उद्देशो.

---

બીજો ઉદ્દેશો કહીને ત્રીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં બતાવ્યું છે કે સંખડિમાં દોષો જાણીને ત્યાં જવાનો નિષેધ કર્યો, હવે બીજે પ્રકારે તેમાં રહેલા દોષોને બતાવે છે.

से एगइओ अन्नयरं संखडिं आसित्ता पिबित्ता छड्डिज्ज वा वमिज्ज वा भुत्ते वा से नो सम्मं परिणमिज्जा अन्नयरे वा से दुक्खे रोगायंके समुप्पज्जिज्जा केवली बूया आयाणमेयं ॥ ( सू० १४ ) इह खलु भिक्खू गाहावईहिं वा गाहावईणीहिं वा परिवायएहिं वा परिवाईयाहिं वा एगज्जं सद्धिं सुंडं पाउं भो वइमिस्सं हुरत्था वा उवस्सयं पडिलेहेमाणो नो लभिज्जा तमेव उवस्सयं संमिस्सीभावमावज्जिज्जा, अन्नमाणे वा से मत्ते विप्परियासियभूए इत्थिविग्गहे वा किलीबे वा तं भिक्खुं उवसंकमित्तु बूया—आउसंतो समणा ! अहे आरामंसि वा अहे उवस्सयंसि वा राओ वा वियाले वा गामधम्मनियंतियं कट्टु रहस्सियं मेहुणधम्मपरियारणाए आउट्टामो, तं चेवेगईओ सातिज्जिज्जा—अकरणिज्जं चेयं संखाए एए आयाणा ( आयतणाणि ) संति संविज्जमाणा पच्चवाया भवंति, तम्हा से संजए नियंठे तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ ( सू० १५ )

તે ભિક્ષુ કોઈ વખત એક ચર ( એકલો ફરનારો ) હોય, અને તે આગળ–પાછળ સંખડિનું ભોજન ખાઈને તથા શીખંડ કે દૂધ વિગેરે અતિ લોલુપીપણાથી રસનો સ્વાદીયો બનીને ઘણું ખાય, તો વિશેષ ઝાડા થાય, અથવા વમન થાય, અથવા અજીરણથી કોઢ વિગેરે કોઇ રોગ થાય, અથવા તુર્ત જીવ લેનારો આતંક શૂળ વિગેરે રોગ થાય, માટે કેવળી સર્વજ્ઞપ્રભુ કહે છે કે તે સંખડિનું જમણ કર્મોનું ઉપાદાન છે, તે આદાન કેવી રીતે થાય છે, તે બતાવે છે. આ સંખડિના સ્થાનમાં આ અપાયો ( પીડાઓ ) થાય છે, અથવા જીભનો સ્વાદ કરી ઇંદ્રિયો ઉન્મત્ત થતાં દુર્ગતિ ગમન વિગેરે પરલોકના અપાયો છે, ( ખલુ શબ્દ વાકયની શોભા માટે છે ) તે ભિક્ષુ ગૃહસ્થ અથવા તેના ઘરની સ્રીઓ સાથે અથવા પરિવ્રાજક ( બાવા ) સાથે અથવા બાવીઓ સાથે કોઇ દિવસ એક વાકય ( એક ચિત્ત થવા ) થી પ્રેમી બનીને તેઓની સાથે તે સાધુ લોલુપપણે કોઇ પણ જાતનું નસો ચડાવનારૂં પીણું પણ પીએ, અને નસો ચડતાં રહેવાનું સ્થાન યાચે, પણ જો તેવો શીલરક્ષણનો ઉપાશ્રય ન મળે તો તે સંખડિ નજીકનાજ મકાન ( ધર્મશાળા વિગેરે ) માં ગૃહસ્થ અથવા બાવી વિગેરે જ્યાં ઉતર્યાં હોય તેમની સાથે ઉતરીને એકમેકપણે વર્ત્તે, ત્યાં નસો ચડેલો હોવાથી કાંતો ગૃહસ્થ પોતાને ભૂલી જાય અથવા સાધુ પોતાને સાધુપણાથી ભૂલે, અને તેથી આવું ચિંતવે, કે હું ગૃહસ્થજ છું ! અથવા ( ઇંદ્રિયો પુષ્ટ થયેલ હોવાથી ) સ્રીના શરીરમાં મોહિત થયેલો અથવા નપુંસક સાથે કુચાલથી સાધુપણું ગુમાવે, અથવા તેને

ઉન્મત્ત જોઇ કોઇ રખડતી સ્ત્રી અથવા નપુંસક તેની પાસે આવીને બોલે કે હે આયુષ્માન્ ! હે શ્રમણ ! હું તારીસાથે એકાંતમાં મળવા ઇચ્છું છું, આરામમાં અથવા ઉપાશ્રયમાં રાત્રે અથવા સંધ્યાકાળે તે સાધુને ઇંદ્રિયોથી પરવશ બનેલાને કહે કે તમારે ત્યાં આવવું, અને તમારે અમારી ઇચ્છાથી વિપરીત ન કરવું, પણ મારી સાથે તમારે હમેશાં અમુક સ્થળમાં આવવું, આ પ્રમાણે પરવશ બનાવીને ગામની સીમમાં અથવા કોઇ એકાંતસ્થળમાં જઇને સ્ત્રીસંગ અથવા કુચેષ્ટાની વિજ્ઞપ્તિ કરે, અને દુરાચારથી ભ્રષ્ટ થવા વખત આવે, માટે સંખડિમાં જવું અયોગ્ય છે, એમ માનીને સંખડિ ( જમણ ) માં જવું નહિ, કારણ કે આ જમણો કર્મોપાદનનાં કારણો છે, તેમાં કર્મ દરેક ક્ષણે એકઠાં થાય છે, એટલે ત્યાં જવાથી બીજાં પણ અશુભ કર્મબંધનાં કારણો મળી આવે છે, ઉપર બતાવેલા ત્યાં આલોક સંબંધી રોગના દુરાચારના અપાયો છે. તેમજ પરલોક સંબંધી દુર્ગતિગમનના પ્રત્યવાયો છે, માટે સંખડીને ઉદ્દેશીને ત્યાં પહેલાં કે પછી સાધુએ જવું નહીં.

से भिक्खू वा २ अन्नयरिं संखडिं सुच्चा निसम्म संपहावइ उस्सुयभूएण अप्पाणेणं, धुवा संखडी, नो संचाएइ तत्थ इयरेयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिग्गाहित्ता आहारं आहारित्तए, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा ॥ से तत्थ कालेण अणुपविसित्ता तत्थियरेयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिगाहित्ता आहारं आहारिज्जा ॥ ( सू० १६ )

તે ભિક્ષુ આગળ-પાછળની કોઇપણ 'સંખડી' બીજા પાસે કે જાતે સાંભળીને નિશ્ચય કરે કે ત્યાં અવશ્યે જમણ છે, તો ત્યાં ઉત્સુકપણાથી અવશ્ય દોડે કે મને અદ્ભૂત ભોજન મળશે. તો ત્યાં ગયા પછી જુદા જુદા ઘરોથી સમુદાયની એષ-ણીય ગોચરી આધાકર્માદિ દોષ રહિત ફક્ત રજોહરણ વિગેરેના વેષથી મળે તે ઉત્પાદન દોષ રહિત લેવી, તે તેનાથી બની શકે નહિ, અને કપટ પણ કરે, પ્ર૦-કેવી રીતે ? પોતે ગુરૂપાસે-થી 'પ્રતિજ્ઞા' કરીને જાય, કે જુદા જુદા ઘેરેથી ગોચરી લઇ-શ, પણ ઉપર બતાવેલી રીતે તેમ લેવા શક્તિવાન ન થાય. અને સંખડિમાંજ જાય. માટે આલોક પરલોકના અપાયોના ભયને જાણીને સંખડિ તરફ ન જાય. કેવીરીતે કરે. તે કહે છે. તે ભિક્ષુ કારણ વિશેષે ત્યાં જાય તોપણ યોગ્ય સમયે જુદા જુદા ઘરોમાં જઇને સામુદાયિક આહાર-પાણી પ્રાસુક વેષમા-ત્રથી મળે તે ધાત્રીપિંડ વિગેરે દોષથી રહિત લઇને આહાર કરે.

से भिक्खू वा २ से जं पुण जाणिज्जा गामं वा जाव रा-यहाणिं वा इमंसि खलु गामंसि वा जाव रायहाणिंसि वा संख-डी सिया तंपि य गामं वा जाव रायहाणिं वा संखडिं संख-डिपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ केवली बूया आयाणमेयं आइन्नाऽवमा णं संखडिं अणुपविस्समाणस्स— पाएण वा पाए अक्कंतपुव्वे भवइ, हत्थेण वा हत्थे संचालि-यपुव्वे भवेइ, पाएण वा पाए आवडियपुव्वे भवइ, सीसेण वा सीसे संघट्टियपुव्वे भवइ, काएण वा काए संखोभिय-पुव्वे भवइ, दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलुणा वा कवा-

त्तेण वा अभिहयपुव्वेण वा भवइ, सीओदएण वा उस्सित्तपुव्वे भवइ, रयसा वा परिघासियपुव्वे भवइ, अणेसणिज्जं वा परिभुत्तपुव्वे भवइ, अन्नेसिं वा दिज्जमाणे पडिग्गाहियपुव्वे भवइ, तम्हा से संजए नियंठे तहप्पगारं आइन्नावमाणं संखडिं संखडिपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ ( सू० १७ )

વળી તે ભિક્ષુ જો આ પ્રમાણે જાણે કે ગામમાં, નગરમાં અથવા રાજધાનીમાં કોઇપણ સ્થળે સંખડિ ( જમણ ) થવાની છે. ત્યાં ચરક (                ) વિગેરે અનેક ભિક્ષાચરો હશે. ત્યાં જમણની બુદ્ધિએ સાધુ વિહાર ન કરે. ત્યાં જવાથી થતા દોષોને સૂત્રવડે કહે છે, કે કેવળી ( સર્વજ્ઞ ) પ્રભુ તેને કર્મ ઉપાદાન છે. એજ બતાવે છે. તે સંખડિ ચરક વિગેરેથી વ્યાપ્ત હશે. એટલે ૧૦૦ ની રસોઇ હોય ત્યાં પાંચસો ભેગા થશે. ત્યાં થોડી રસોઇને લીધે આવા દોષો થાય છે. ધક્કાધક્કીમાં એકનાં પગ બીજાને લાગશે. હાથથી હાથ અથડાશે. પાત્રાં સાથે પાત્રાં અથડાશે. અથવા માથાસાથે માથું ભટકાશે. સાધુની કાય સાથે ચરક વિગેરેની કાયા અથડાશે. તે વખતે ધક્કો લાગતાં તે બાવો કોપાયમાન થતાં ઝઘડો કરશે. પછી તે રીસમાં આવીને દંડ ( લાકડી ) થી કેરીના ગોટલા વિગેરેથી મુક્કાથી માટીના ઢેફાથી કપાલ ( ઘડાના ઠીકરા ) થી સાધુને ઘાયલ કરશે, અથવા ઠંડા પાણીથી સિંચશે, ધૂળથી કપડાં બગાડશે, આ દોષો તો જગાના સંકોચને લીધે થાય છે, પણ ઓછી રસોઇને લીધે આવા દોષો થાય છે. અશુદ્ધ આહાર ખાવાનો

વખત આવશે, કારણકે થોડું રાંધેલું અને ભિક્ષુ વધારે હોય છે, ત્યારે ઘરધણી એમ સમજે કે મારૂં નામ સાંભળીને આ લોકો આવ્યા છે, માટે મારે કોઇપણ રીતે પણ તેમને આપવું જોઈએ, એવું વિચારીને સાધુને રાંધીને પણ આપશે, તેથી દોષિત આહાર ખાવાનો પ્રસંગ આવે, અથવા કોઇ વખત દાનદેનારને બીજા બાવા વિગેરેને આપવાની ઇચ્છા હોય અને વચમાં સાધુ આવીને લે, તેથી ઘરધણીને તથા બાવા વિગેરેને ખોટું લાગે, માટે આવા દોષોને જાણીને ઉત્તમ સાધુએ આવી સંખડિમાં ઘણા લોકો ભરાયેલા હોય, ત્યાં ભોજનની તંગીને લીધે અથવા ધક્કામુક્કીના કારણે સંખડિની બુદ્ધિએ ત્યાં જવું નહિ, હવે સામાન્યથી પિંડની શંકાને આશ્રયી કહે છે.

से भिक्खू वा २ जाव समाणे से जं पुण जाणिज्जा असणं वा ४ एसणिज्जे सिया अणेसणिज्जे सिया वितिगिंछसमावन्नेण अप्पाणेण असमाहडाए लेसाए तहप्पगारं असणं वा ४ लाभे संते नो पडिगाहिज्जा ॥ ( सू० १८ )

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગયેલો એષણીય આહારને પણ શંકાવાળું જાણે, કે આ ઉદ્‌ગમાદિ દોષોથી દુષ્ટ છે, તો સાધુએ તેવી શંકા થયા પછી તેવું લેવું નહિ, કારણકે जं संके तं समावज्जे, જ્યાં શંકા થાય ત્યાં તે ભોજન લેવું નહિ, ( આ સૂત્રમાં એષણીય અથવા અનેષણીય ચાર પ્રકારનો આહાર હોય, પણ પોતાને કેટલાંક કારણોથી માલુમ પડે કે તે ઉદ્‌ગમ દોષ વિગેરેથી યુક્ત છે. આવી જ્યાં પોતાની લેશ્યા

થઇ તો ઉત્તમ સાધુએ તે લેવું નહિ. ) હવે ગચ્છમાંથી નીકળેલા સાધુઓને આશ્રયી સૂત્ર કહે છે.

से भिक्खू० गाहावइकुलं पविसिउकामे सव्वं भंडगमायाए गाहावइकुलं पिंडवायपडियाए पविसिज्ज वा निक्खमिज्ज वा ॥ से भिक्खू वा २ बहिया विहारभूमिं वा वियारभूमिं वा निक्खममाणे वा पविसमाणे वा सव्वं भंडगमायाए बहिया विहारभूमिं वा वियारभूमिं वा निक्खमिज्ज वा पविसिज्ज वा ॥ से भिक्खू वा २ गामाणुगामं दूइज्जमाणे सव्वं भंडगमायाए गामाणुगामं दूइज्जिज्जा ॥ ( सू० १९ )

તે ભિક્ષુ ગચ્છમાંથી જિનકલ્પી વિગેરે મુનિ નીકળ્યો હોય, તે ગૃહસ્થને ઘેર ગોચરી લેવા જાય, તો પોતાનાં બધાં ધર્મોપકરણ સાથે લઇને ગૃહસ્થના ઘરમાં પેસે, અથવા નીકળે, તેવા મુનિનાં ઉપકરણ અનેક પ્રકારે છે.

" दुगतिग चउक्क पंचग नव दस एक्कारसेव बारसह " इत्यादि તે જિનકલ્પી બે પ્રકારના છે, હાથમાંથી પાણી ટપકે તેવા, તથા જે લબ્ધિવાળા હોય તેને પાણીનું બિંદુ ટપકે નહિ, તેવા મુનિને શક્તિ અનુસાર વિશેષ અભિગ્રહ હોવાથી ફક્ત બેજ ઉપકરણ રજોહરણ અને મુખવસ્ત્રિકા છે, અને કોઇને શરીરના રક્ષણ માટે એક સૂત્રનું કપડું હોવાથી ત્રણ ઉપકરણ થયાં, પણ તેવા સાધુને વધારે ઠંડીના કારણે ઉનનું વસ્ત્ર વધારે રાખવાથી ચાર ઉપકરણ થયાં, તેથી પણ ઠંડી ન સહન થાય, તો બે સૂત્રનાં વસ્ત્ર રાખવાથી પાંચ થયાં.

પણ લબ્ધિવિનાના જિનકલ્પીને સાત પ્રકારનાં પાત્રાંનો નિર્યોગ થવાથી ૧૨ ઉપકરણ થાય છે. १ पत्तं २ पत्ताबंधो ३ पायठ्ठवणं च ४ पायकेसरिया ॥ ५ पडलाइ ६ रयत्ताणंच ७ गोच्छओपाय निज्जोगो ॥ १ ॥

૧ પાત્ર ૨ પાત્રાનો બંધ ૩ પાત્રસ્થાપન ૪ પાત્ર કેસરિકા ( પુંજણી ) ૫ પડલા ૬ રજસ્ત્રાણ ૭ ગોચ્છો. ઉપરનાં પાંચ તેમાં મળતાં બાર ઉપકરણ વધારેમાં વધારે જિનકલ્પીને હોય, તે ગોચરીમાં જાય, ત્યારે સાથે લેઈજાય તેમ બીજે સ્થળે પણ જતાં સાથે લેઈ જાય, તે કહે છે, એટલે ગામ વિગેરેની બહાર સ્વાધ્યાય કરવા અથવા સ્થંડીલ જવા જાય તોપણ બધાં ઉપકરણ લેઇ જાય, આ બીજું સૂત્ર છે, તેજ પ્રમાણે બીજે ગામ જાય તોપણ લેઈને જાય, એ ત્રીજું સૂત્ર છે. હવે ગમનના અભાવનાં નિમિત્ત કહેછે.

से भिक्खू० अह पुण एवं जाणिज्जा—तिव्वदेसियं वासं वासेमाणं पेहाए तिव्वदेसियं महियं संनिचयमाणं पेहाए महवाएण वा रयं समुध्धुयं पेहाए तिरिच्छसंपाइमा वा तसा पाणा संथडा संनिचयमाणा पेहाए से एवं नच्चा नो सव्वं भंडगमायाए गाहावइकुलं पिंडवायपडियाए पविसिज्ज वा निक्खमिज्ज वा बहिया विहारभूमिं वा वियारभूमिं वा निक्खमिज्ज वा पविसिज्ज वा गामाणुगामं दूइज्जिज्जा ॥ ( सू० २० )

તે ભિક્ષુ કદી આવું જાણે કે અહીં લંબાણક્ષેત્રમાં ઝાકળ પડે છે, અથવા ધુમસ પડેછે, અથવા વંટોળીયો વાઇને ધુળ

ઘણી ઉડે છે, અથવા તીરછાં-પતંગીયાં વિગેરે ઝીણાં જંતુઓ ઉડીને શરીરસાથે આથડે છે, તો તે સાધુ પૂર્વે ત્રણ સૂત્રમાં બતાવેલ ઉપધિ લઇને જાય આવે નહિ, તેનો પરમાર્થ આ છે, કે જિનકલ્પીનો આ કલ્પ છે કે જ્યારે બહાર નીકળે ત્યારે પ્રથમ ઉપયોગ દે કે વર્ષાદ, ઝાકળ કે ધુમસ વરસે છે કે વરસવાનો છે? જો પ્રથમ જાણે તો ન નીકળે. કારણુ કે તેની શક્તિ એવી છે કે છમાસ સુધી પણ ઠલ્લોમાત્રું (ઝાડો પેશાબ) રોકી શકે, અને સ્થવિરકલ્પી પણ ઉપયોગ દે, અને જાણ્યા પછી કારણ હોય તો નીકળે ખરો. પણ પોતાની બધી ઉપધિ લેઈને ન નીકળે, પ્રથમ બતાવી ગયા કે અધમ કુલોમાં ગોચરી વિગેરે માટે જવું આવવું નહિ. પણ હવે અનિંદનીક કુલોમાં પણ દોષોના દેખાવાથી ત્યાં જવાનો નિષેધ છે, તે બતાવે છે.

**से भिक्खू वा २ से जाइं पुण कुलाइं जाणिज्जा तंजहा-खत्तियाण वा राईण वा कुराईण वा रायपेसियाण वा रायवंसट्ठियाण वा अंतो वा बाहिं वा गच्छंताण वा संनिविट्ठाण वा निमंतेमाणाण वा अनिमंतेमाणाण वा असणं वा ४ लाभे संते नो पडिगाहिज्जा ( सू० २१ ) ॥ १-१-३ ॥ पिण्डैषणायां तृतीय उद्देशकः ॥**

તે ભિક્ષુ એવાં કુલો જાણે કે, ચક્રવર્ત્તી, વાસુદેવ, બળદેવ વિગેરે ક્ષત્રિયોનાં આ છે, અથવા ક્ષત્રિયોથી અન્ય રાજાઓનાં કુળો છે, કુરાજ તે નાનાં રજવાડા (નાના ઠાકરડા વિગેરે) નાં કુળો છે, રાજના પ્રેષ્ય તે દંડપાશિક (હવાલદાર ફોજદાર)

નાં કુળો તથા રાજવંશમાં રહેલા તે રાજાના મામા તથા ભાણેજો વિગેરેનાં કુળોમાં સંપાતના ભયથી પેસવું નહિ, ત્યાં જતાં આવતાં અંદર રહેલા માણસોથી અથવા બહાર રહેલા માણસોથી અથવા જતા આવતા માણસોથી સાધુઓને નુકશાન થાય, માટે કોઇ ગોચરીનું નિમંત્રણ કરે, અથવા નિમંત્રણ ન કરે, અથવા ભોજન મળતું હોય તોપણ ત્યાં ગોચરી લેવા જવું નહિ.

ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થયો,

# चोथो उद्देशो.

ત્રીજો કહીને ચોથો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં સંખડિ સંબંધી વિધિ કહી, અહીં પણ તેની બાકીની વિધિ કહે છે.

से भिक्खू वा० जाव समाणे से जं पुण जाणेज्जा मंसाइयं वा मच्छाइयं वा मंसखलं वा मच्छखलं वा आहेणं वा पहेणं वा हिंगोलं वा समेलं वा हीरमाणं पेहाए अंतरा से मग्गा बहुपाणा बहुबीया बहुहरिया बहुओसा बहुउदया बहुउत्तिंगपणगदगमट्टीयमक्कडासंताणया बहवे तत्थ समणमाहणअतिहिकिवणवणीमगा उवागया उवागमिस्संति ( उवागच्छंति ) तत्थाइन्ना वित्ती नो पन्नस्स निक्खमणपवेसाए

नो पन्नस्स वायणपुच्छणपरियट्टणाणुप्पेहधम्माणुओगचिंताए, से एवं नच्चा तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडिपडिआए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भिक्खू वा० से जं पुण जाणिज्जा मंसाइयं वा मच्छाइयं वा जाव हीरमाणं वा पेहाए अंतरा से मग्गा अप्पा पाणा जाव संताणगा नो जत्थ बहवे समण० जाव उवागमिस्संति अप्पाइन्ना वित्ती पन्नस्स निक्खमणपवेसाए पन्नस्स वायणपुच्छणपरियट्टणाणुप्पेहधम्माणुओगचिंताए, सेवं नच्चा तहप्पगारं पुरेसंखडिं वा० अभिसंधारिज्ज गमणाए ॥ ( सू० २२ )

તે સાધુ કોઇ ગામ વિગેરેમાં ભિક્ષા માટે ગયો હોય, ત્યાં સંખડિ આવા પ્રકારની જાણે તો ત્યાં ગોચરી જવું નહિ, જેમાં માંસ વિગેરે પ્રધાન છે, માંસના સ્વાદુઓ માટે મુખ્ય તેજ વસ્તુ હોય, એટલે પ્રથમ તેને વધારે રાંધે, અથવા બીજી રસોઇ પૂરી થયા પછી તે તેના સ્વાદુઓ માટે રાંધે, ત્યાં કોઈ સગો વિગેરે તેવું અભક્ષ્ય ભોજન ઘેર લઇ જાય, તેવું દેખીને ત્યાં સાધુ જાય નહિ, તેના દોષો હવે પછી કહેશે, તેજ પ્રમાણે માછલાંથી વધારે પ્રધાન હોય, તેજ પ્રમાણે માંસખલ આશ્રયી પણ જાણવું. જ્યાં સંખડિ માટે માંસ છેદીને તેને સુકાવે, અથવા સુકવેલું, ઢગલો કરેલું હોય, તેજ પ્રમાણે માછલાસંબંધી પણ જાણવું, અથવા વિવાહ પછી વહુ ઘેર આવતાં વરના ઘરે ભોજન થાય છે, અથવા વહુને લઇજતાં સાસરે ભોજન થાય છે, હિંગોલ, તે મરેલાનું ભોજન છે, અથવા યક્ષની યાત્રા વિગેરે માટે ભોજન છે, ‘ સંમેલ ’ તે પરિવારના સન્માનનું ભો-

જન, અથવા ગોઠીયાઓનું ભોજન, આવું કોઈપણ પ્રકારનું જમણ જાણીને ત્યાં કોઇ સગાં–વહાલાંથી તે નિમિત્તે કંઇપણ લઈ જવાતું દેખીને ત્યાં ભિક્ષામાટે જવું નહિ, ત્યાં જવાથી થતા દોષોને બતાવે છે, ત્યાં રસ્તામાં જતાં બહુ પતંગ વિગેરે પ્રાણીઓ હોય છે, તથા બહુ બીજ, બહુ હરિત, બહુ અવશ્યાય ઘણું પાણી બહુ ઉત્તિંગ પનક ભીંજવેલી માટી કરોળીયાનાં જાળાં હોય છે, તથા ત્યાં જમણ જાણીને ઘણા શ્રમણ બ્રાહ્મણ અતિથિ કૃપણ વણીમગ આવ્યા, આવશે અને આવે છે, તે ચરક વિગેરેથી વ્યાપ્ત હોય છે, તેથી બુદ્ધિમાન સાધુને ત્યાં જવું આવવું કલ્પે નહિ, તેમ ત્યાં જનારને ગીતવાજીંત્રના સંભવથી ભણવું ભણાવવું અર્થચિંતવન વિગેરે થઇ શકે નહિ, તેથી તે સાધુને આવતાં જતાં ઘણો કાળ લાગે, તેથી બહુ દોષવાળી સંખડિમાં જ્યાં માંસ વિગેરે મુખ્ય છે, તેવા પ્રથમના જમણમાં કે પાછળના જમણમાં તેને ઉદ્દેશીને સાધુએ જવું નહિ, હવે અપવાદ માર્ગ કહે છે.

તે ભિક્ષુ માર્ગમાં વિહાર કરતાં દુર્બળ થાય, મંદવાડમાંથી ઉઠયો હોય, તપચરણથી દુર્બળ થયો હોય, અથવા બીજે કંઈ આહાર મળે તેવું સ્થાન ન હોય, અથવા ત્યાંજ દવાની ચીજ મળે તેમ હોય, તો તેવા જમણમાં કારણ પ્રસંગે જવું પડે તો જે રસ્તે સૂક્ષ્મ જીવો ઘાસ બીજ કે વચમાં કાંઇ ન પડયું હોય તો તે રસ્તે માંસ વિગેરેના દોષો દૂર કરવા સમર્થ હોય તો કારણે જાય, અને પોતાને ખપની ભક્ષ્ય વસ્તુ લઇ આવે. ( જૈનોમાં દશ વિકૃતિ વિગઇ છે. ઘી, દૂધ, દહીં,

તેલ, ગોળ, કડાઇ એટલે એકલું ઘી. કે દૂધ, દહીં, તેલ, ગોળ અને કડાઇમાં ઘી, તેલ પુષ્કળ નાંખીને તળેલ હોય તે કડાઇ વિગય કહેવાય, આ પદાર્થો જરૂર પડે તો લેવાય છે, પણ માંસ મદિરા માંખણુ અને માખી વિગેરેનું મધ એ અભક્ષ્ય છે. કારણુકે તેમાં જીવોની ઉત્પત્તિ છે. અને તે ખાનારને ઇંદ્રિયો દમન કરવી તથા સુબુદ્ધિ રાખવી દુર્લભ છે, માટે જૈન સાધુ કે શ્રાવકને વર્જવા યોગ્ય છે, માટે બને ત્યાંસુધી તેવા રસ્તે પણ જવાનો નિષેધ છે, વખતે તે ખરાબ વસ્તુની દુર્ગંધિ આવે તોપણ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

આધુનિક કાળમાં એક અમેરિકન વિદ્વાન ફ્રેંકલીને પોતાના ચરિત્રમાં લખ્યું છે કે " પોતે એક વખત નદીના કિનારે ગયો ત્યાં માછલી પકડનારાની જાળમાં માછલીઓ તરફડતી દેખીને તેણે પ્રતિજ્ઞા કરીકે હવે પછી હું કદીપણ માછલીનું ભક્ષણુ કરીશ નહિ તેમ બીજું પણ જીવહિંસાવાળું ભોજન કરીશ નહિ. " કેટલાંક વરસ સુધી તેણે તે પ્રતિજ્ઞા પુરી પાળી, પણ જ્યારે તે ઇંગ્લંડ ગયો. ત્યારે તેણે ત્યાંની હોટલમાં ઉતારો કર્યો, ત્યાં માલમસાલાથી રંધાતા ભોજનમાં માછલીનો પણ સ્વાદ તેની ગંધથી યાદ આવ્યો, અને પોતાની પ્રતિજ્ઞા તોડીને તે ખાવા લાગ્યો, અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આથી કોઇપણ આત્માર્થી જીવદયાળુ બંધુએ તેવી હોટલમાં જવું નહિ. કે તેવો પશ્ચાત્તાપ થાય, વિલાયતમાં જનારા કે મુંબઇ જેવા

શહેરમાં રહેનારા કુસોબતે માંસ, માછલી અને મદિરાના પ્રેમી બનીને કે રજવાડામાં રહીને રાજના અમલદારો પોતે પ્રથમ દયાળુ હોય છે અને પાછળથી ભ્રષ્ટ થાય છે, માટે જો પોતાની શકિત હોય તોજ ત્યાં જઈને નિર્દોષ ભોજન લેવું નહિતો ત્યાં પણ જવું વર્જનીય છે. કારણકે અલ્પસ્વાદને ખાતર અનેક પાપો કરીને દુર્ગતિમાં જતાં અનંતકાળ ભવભ્રમણ કરવું પડશે, મનુષ્ય જન્મ મળવો પણ બહુ દુર્લભ છે. એટલુંજ નહિ, પણ ઉપરથી બ્રાહ્મણ કે વણિક કહેવાતા કુળમાં પણ જો વેશ્યાગમન અને મદિરાનો પ્રચાર હોય તો તેની લક્ષ્મીના લોભમાં લલચાઇ તેને ઘેર ન જવું. એજ સર્વોત્તમ માર્ગ છે. ગરીબના ઘરનો સાદો જુવારનો ટુકડો કે ઝુંપડામાં રહેવું લાખ દરજ્જે સારૂં છે. જો જીવદયાનો સંપૂર્ણ ધર્મ પળાતો હોય તો—આટલું લખવું પણ એટલા માટે છે કે વિદેશી રાજ્યમાં દવાના બહાને દારૂના બાટલા ઘરમાં અપવિત્રતા કરે છે, અને વેશ્યાનો નાચ બધાં કુવ્યસનોને છુપાં શીખવે છે. તેમને આ શ્લોક શીખવા યોગ્ય છે.

द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्द्धि चौर्य परदार सेवाः
एतानि सप्त व्यसनानि लोके, घोरात्ति घोरं नरकं नयन्ति.

જુગાર ( સટ્ટો ), માંસ, મદીરા, વેશ્યાગમન શીકાર, ચોરી, પરદારા સેવન આ સાત કુટેવો ઘોરમાંથી ઘોર નરકમાં લઇ જાય છે.

ચાલતા પિંડના અધિકારમાં ભિક્ષા સંબંધી ખુલાસા-વાર કહે છે.

**से भिक्खू वा २ जाव पविसिउकामे से जं पुण जाणिज्जा खीरिणियाओ गावीओ खीरिज्जमाणीओ पेहाए असणं वा ४ उवसंखडिज्जमाणं पेहाए पुरा अप्पजूहिए सेवं नच्चा नो गाहावइकुलं पिंडवायपडियाए निक्खमिज्ज वा पविसिज्ज वा ॥ से तमादाय एगंतमवक्कमिज्जा अणावायमसंलोए चिट्ठिज्जा, अह पुण एवं जाणिज्जा—खीरिणियाओ गावीओ खीरियाओ पेहाए असणं वा ४ उवक्खडियं पेहाए पुराए जूहिए सेवं नच्चा तओ संजयामेव गाहा० निक्खमिज्ज वा ॥ ( सू० २३ )**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેસતાં આ પ્રમાણે જાણે કે અહીં તુર્તની પ્રસુતિવાળી ગાયો દોહવાય છે, તો ત્યાં ગાયો દોહવાતી દેખીને ચારે પ્રકારનો આહાર 'રંધાતો' જોઈને અથવા ભાત વિગેરે રાંધેલો તૈયાર દેખીને પણ પ્રથમ બીજાને ન આપેલો હોય તોપણ પ્રવર્ત્તમાન અધિકરણની અપેક્ષાવાળો પ્રકૃતિભદ્રક વિગેરે કોઇ ગૃહસ્થ સાધુને દેખીને શ્રદ્ધાવાળો બનીને ઘણું દૂધ તેમને આપું, આવી બુદ્ધિથી વાછડાને પીડા કરે, દોહવાતી ગાયોને ત્રાસ પમાડે, તે કારણથી સાધુને પર-પીડાના કારણે સંયમ તથા આત્માની વિરાધના થાય, અને અડધા રંધાયેલા ભાત વિગેરેને જલદી રાંધવા માટે પ્રયત્ન કરે તેથી પણ સંયમ વિરાધના છે, માટે તેવું જાણીને સાધુ ગોચ-રી માટે ત્યાં ન જાય, ન નીકળે તેવા સ્થળે શું કરવું કહે છે.

તે ભિક્ષુ તે ગાયનું દોહવું, વિગેરે જાણીને એક બાજુએ જ્યાં ગૃહસ્થ ન આવે, ન દેખે ત્યાં ઉભા રહે, ત્યાં ઉભા રહેતાં આ પ્રમાણે પછી જાણે કે 'ગાયો દોહવાઈ ગઈ છે,' ત્યારપછી ગોચરીની જરૂર હોય તો શુદ્ધ આહાર લેવા યોગ્ય હોય તે લેવા જાય અને નીકળે.

પિંડના અધિકારથીજ આ કહે છે.

भिक्खागा नामेगे एवमाहंसु—समाणा वा वसमाणा वा गामाणुगामं दूइज्जमाणे खुड्डाए खलु अयं गामे संनिरुद्धाए नो महालए से हंता भयंतारो बाहिरगाणि गामाणि भिक्खायरियाए वयह, संति तत्थेगइयस्स भिक्खुस्स पुरेसंथुया वा पच्छासंथुया वा परिवसंति, तंजहा—गाहावई वा गाहावइणीओ वा गाहावइपुत्ता वा गाहावइधुयाओ वा गाहावईसुण्हाओ वा धाइओ वा दासा वा दासीओ वा कम्मकरा वा कम्मकरीओ वा, तहप्पगाराइं कुलाइं पुरेसंथुयाणि वा पच्छासंथुयाणि वा पुव्वामेव भिक्खायरियाए अणुपविसिस्सामि, अविय इत्थ लभिस्सामि पिंडं वा लोयं वा खीरं वा दहिं वा नवणीयं वा घयं वा गुलं वा तिल्लं वा महुं वा मज्जं वा मंसं वा सक्कुलिं वा फाणियं वा पूयं वा सिहिरिणिं वा, तं पुव्वामेव भुच्चा पिच्चा पडिग्गहं च संलिहिय संमज्जिय तओ पच्छा भिक्खूहिं सद्धिं गाहा० पविसिस्सामि वा निक्खमिस्सामि वा, माइट्ठाणं संफासे, तं नो एवं करिज्जा ॥ से तत्थ भिक्खूहिं सद्धिं कालेण अणुपविसित्ता तत्थियरेयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं प-

डिगाहित्ता आहारं आहारिज्जा, एयं खलु तस्स भिक्खुस्स वा भिक्खुणीए वा सामग्गियं० ( सू० २४ ) ॥ १-१-४ ॥ पिण्डैषणायां चतुर्थ उद्देशकः ॥

કેટલાક સાધુઓ જે એક સ્થળે જંઘાબળ ક્ષીણ થવાથી એક જગ્યાએ રહ્યા હોય, તથા માસકલ્પનો વિહાર કરનારા કોઇ જગ્યાએ માસકલ્પ રહ્યા હોય, તે સમયે બીજા વિહાર કરનારા પરોણા સાધુ ત્યાં આવીને ઉતર્યા હોય, તેમને પૂર્વે સ્થિર રહેલા અથવા માસકલ્પી ઉતર્યા હોય તેઓ કહે કે, આ ગામ ક્ષુલ્લક ( નાનું ) છે, અથવા ગોચરી આપવામાં તુચ્છ છે, તથા સૂતક વિગેરેથી ઘર અટકયાં છે, માટે ઘણુંજ તુચ્છ છે, તેથી હે પૂજ્ય ! આપ બને ત્યાંસુધી નજીકના ગામમાં ગોચરી માટે જજો, તો તે પ્રમાણે કરવું. હવે રહેલા સાધુનો દોષ બતાવે છે.

અથવા ત્યાં રહેનાર સાધુના પૂર્વના સગાં ભત્રીજા વિગેરે હોય, અથવા પછવાડેના સગાં, સાસરીયાંનાં સગાં વિગેરે હોય, તે બતાવે છે, જેમકે ગૃહસ્થ, તેની સ્ત્રી તેના પુત્રો, દીકરીઓ, દીકરાની વહુઓ, ધાવમાતા, દાસદાસી, નોકર, નોકરડી તેવાં સંસારી સંબંધવાળાં પૂર્વનાં કે પછીના સગાં-સંબંધી હોય, તો ત્યાં પૂર્વે ગોચરી જાઉં, તો ત્યાં સારૂં ભોજનશાલિના ચોખા વિગેરે તથા દૂધ, દહીં, માંખણ, ઘી, ગોળ, તેલ, મધ, દારૂ, માંસ, સકકુલી ( તલસાંકળી ), ગોળનીપેત, પૂડા, શીખંડ વિગેરે ગોચરીના વખત પહેલાં લાવીને ખાઉં, આ સૂત્રમાં ભક્ષ્ય અભક્ષ્ય વસ્તુનો વિવેક સૂ. ૨૨ માં પ્ર. ૪૯ બતા-

વ્યો છે, તે આધારે અપવાદ સમજવો, અથવા કોઇ સાધુ દુષ્ટ-બુદ્ધિથી, રસગૃદ્ધિથી પોતાનાં હિંસક સગાં જે પૂર્વનાં સંબંધી હોય તો ત્યાંથી લાવીને બારોબાર ખાય. ( તે માટે આ સૂત્રમાં તેનો નિષેધ કર્યો કે તેણે ત્યાં જવું નહિ, ) તેમ અવિવેકથી વસ્તુઓ લાવીને ખાય, પીણું પીએ, પછી પાતરાં ત્રણવાર સાફ કરીને પછી ગોચરીના સમયે ડાહ્યા ( શાંત ) મનવાળો બનીને હું નવા આવેલા પરોણા સાથે ગોચરી જઇ આવીશ, આવું કપટ કોઇ કરે તો. તે સાધુનું રસના લોલૂપપણાથી સાધુપણું નષ્ટ થાય છે, માટે બીજા સાધુએ તેમ ન કરવું. ત્યારે સાધુએ શું કરવું તે કહે છે.

આવેલા પરોણા સાથે ત્યાં રહેલા સાધુએ ગોચરીના વખતે જુદા જુદા કુલોમાંથી થોડી થોડી સામુદાયિક એષણીય ( ઉદ્‌ગમ દોષ રહિત ) તથા વૈષિક તે ફકત સાધુના વેષથી મેળવેલ ( ધાત્રી પિંડ વિગેરે ઉત્પાદન દોષ રહિત ) ગોચરી મેળવીને લેવી આજ સાધુની સંપૂર્ણતા છે. ( આ સૂત્રમાં માંસ–મદિરાવાળાં કુટુંબમાંથી કોઈએ દીક્ષા લીધી હોય, તો તેવાએ સગાંને ઘેર ગોચરી જુદા ન જવું, તેજ શ્રેયસ્કર છે. કારણકે કુબુદ્ધિ કેવી ખરાબ છે, અને તેનું જૈન ધર્મમાં કેવું પ્રાયશ્ચિત છે તે નીચેનું બનેલું દૃષ્ટાંત વાંચવા જેવું છે.

કુમારપાળ રાજાએ જૈનધર્મ સ્વીકાર્યા પહેલાં માંસભક્ષણ કરેલું અને પાછળથી ત્યાગ કર્યું હતું, તેને એક સમયે ઘેબર ખાતાં માંસનો સ્વાદ આવ્યો, તેથી શ્રીમાન હેમચંદ્ર

આચાર્ય પાસે આવીને પૂછયું, કે મને ઘેબરખાવું કલ્પે કે નહિ ? ગુરૂએ કહ્યું કે નહિ. પ્ર-શામાટે ? ઉ-પૂર્વનો દુષ્ટ સ્વભાવ માંસભક્ષણનો યાદ આવે. કુમારપાળે કહ્યું કે ત્યારે જો તેવું સ્મરણ થયું હોય તો તેનું મને પ્રાયશ્ચિત શું આવે ? ઉ-બત્રીશ દાંત પાડી નાંખવાનું. તેજ સમયે લુહારને બોલાવી દાંત ખેંચી કાઢવા કહ્યું, ત્યારે હેમચંદ્રાચાર્યે તે રાજાની દૃઢતા જોઈ બીજું પ્રાયશ્ચિત્ત આપ્યું. આથી સમજવાનું એ છે કે 'તેવા' માંસભક્ષણવાળા કુટુંબોમાં જતાં કુમારપાળ માફક ખરાબ ચીજ યાદ આવી જાય તો સાધુપણું ભ્રષ્ટ થાય, પણ બીજા સાધુ સાથે હોય તો તેની શરમથી ત્યાં રહેનારો સાધુ પણ બચે, અને સગાંને પણ માંસભક્ષણ ન કરવા બોધ મળવાથી પાપથી બચે.

નાશકજીલ્લામાં વાંસદાથી સુરગાણે જતાં રસ્તામાં પહાડી સ્થળમાં એક નાના ગામમાં બે સાધુઓ ગયા. તે ગામના પટેલે ગોચરીની પ્રાર્થના કરી પણ સાધુઓએ કહ્યું કે માંસભક્ષકની ગોચરી અમને ન કલ્પે, ત્યારે તેણે કહ્યું, કે જો આપ મારૂં ઘર તેજ કારણથી અપવિત્ર માનતા હો તો હું આજથી તે ત્યાગ કરૂં છું. પછી તેને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપી તેનું ઘર પવિત્ર થયા પછી નિર્દોષ ભોજન સાધુએ લીધું.

ચોથો ઉદ્દેશો સમાપ્ત.

# पांचमो उद्देशो.

ચોથો કહ્યો. હવે પાંચમો ઉદ્દેશો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં નિર્દોષ પિંડ લેવાની વિધિ કહી અને અહીં પણ તેજ કહે છે.

से भिक्खू वा २ जाव पविट्ठे समाणे से जं पुण जाणिज्जा—अग्गपिंडं उक्खिप्पमाणं पेहाए अग्गपिंडं निक्खिप्पमाणं पेहाए अग्गपिंडं हीरमाणं पेहाए अग्गपिंडं परिभाइज्जमाणं पेहाए अग्गपिंडं परिभुंजमाणं पेहाए अग्गपिंडं परिट्ठविज्जमाणं पेहाए पुरा असिणाइ वा अवहाराइ वा पुरा जत्थऽण्णे समण० वणीमगा खद्धं २ उवसंकमंति से हंता अहमवि खद्धं २ उवसंकमामि, माइट्ठाणं संफासे नो, एवं करेज्जा ॥ ( सू० २५ )

— તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગયેલો એમ જાણે કે દેવતા માટે તૈયાર કરેલો ભાત વિગેરેનો આહાર છે, તેમાંથી થોડો થોડો કાઢે છે, અને બીજા વાસણમાં નાંખે છે, તેવું દેખીને અથવા કોઈ દેવના મંદિરમાં લઇ જવાતું જોઇને અથવા થોડું થોડું બીજાને અપાતું જોઇને તથા બીજાથી ખવાતું અથવા દેવળની ચારે દિશામાં બળિ તરીકે ઉછાળાતું અથવા પૂર્વે બીજા બ્રાહ્મણ વિગેરેએ ત્યાંથી એકવાર જમીઆવીને ઘેર લઇ જતા હોય, અથવા એકવાર જમીઆવીને શ્રમણ વિગેરે એમ માને કે બીજીવાર પણ આપણને ત્યાં મળશે, એમ

ધારીને પાછા ત્વરાથી જતા હોય, આવું દેખીને કોઇ ભોળો સાધુ કે લાલચુ સાધુ તે ભોજનના સ્વાદથી લલચાઇને તેમ વિચારે કે હું પણ ત્યાં જઈને ગોચરી લાવું, આમ કરવું સાધુને કલ્પે નહિ. કારણકે આવું કરતાં તેને પણ બીજા માફક કપટ કરવું પડે.

હવે ભિક્ષામાં ફરવાની વિધિ કહેછે.

से भिक्खू वा० जाव समाणे अंतरा से वप्पाणि वा फलिहाणि वा पागाराणि वा तोरणाणि वा अग्गलाणि वा अग्गलपासगाणि वा सति परक्कमे संजयामेव परिक्कमिज्जा, नो उज्जुयं गच्छिज्जा, केवली बूया आयाणमेयं, से तत्थ परक्कममाणे पयलिज्ज वा पक्खलेज्ज वा पवडिज्ज वा, से तत्थ पयलमाणे वा पक्खलेज्जमाणे वा पवडमाणे वा, तत्थ से काए उच्चारेण वा पासवणेण वा खेलेण वा सिंघाणेण वा वंतेण वा पित्तेण वा पूएण वा सुक्केण वा सोणिएण वा उवलित्ते सिया, तहप्पगारं कायं नो अणंतरहियाए पुढवीए नो ससिणिद्धाए पुढवीए नो ससरक्खाए पुढवीए नो चित्तमंताए सिलाए नो चित्तमंताए लेलूए कोलावासंसि वा दारुए जीवपइट्ठिए सअंडे सपाणे जाव ससंताणए नो आमज्जिज्ज वा पमज्जिज्ज वा संलिहिज्ज वा निलिहिज्ज वा उव्वलेज्ज वा उव्वट्टिज्ज वा आयाविज्ज वा पयाविज्ज वा, से पुव्वामेव अप्पससरक्खं तणं वा पत्तं वा कट्ठं वा सक्करं वा साइज्जा, जाइत्ता से तमायाय एगंतमवक्कमिज्जा २ अहे झामथंडिलंसि वा जाव अन्नयरंसि वा तहप्पगारंसि पडिलेहिय पडिलेहि-

य पमज्जिय पमज्जिय तओ संजयामेव आमज्जिज्ज वा जाव पयाविज्ज वा ॥ ( सू० २६ )

તે સાધુ ગૃહસ્થને ઘેર ગોચરી જવા માટે જતાં પાડો ( મહેલ્લો ), શેરી, કે ગામ વિગેરેમાં પેસતાં માર્ગ જુએ, ત્યાં રસ્તામાં જતાં વચમાં સમાન ભૂભાગમાં અથવા એ ગામના વચમાં કયારા બનાવેલા જુએ, અથવા ઘરને કે નગરને ખાઇ કે કોટ હોય, અથવા તોરણો અર્ગલા ( અડગલી ) અથવા અર્ગલપાશક ( જેમાં અર્ગલાનો અંકોડો નાંખે છે, તે જુએ, તો તે કારણને લઇને તે સીધે માર્ગે ન જાય; કારણકે ત્યાં જતાં કેવળીપ્રભુ કહે છે કે કર્મબંધનનું તે કારણ છે, વખતે સંયમ વિરાધના અથવા આત્મવિરાધના થાય છે તે બતાવે છે, તેવે માર્ગે જતાં માર્ગમાં વપ્રના કારણે વિષમપણાથી કોઇ વખત ધ્રૂજે, કોઇ વખત ઠોકરખાય, કોઇ વખત પડીજાય, તો છકાયમાંથી કોઇપણ કાયને વિરાધે, તેમજ ત્યાં શરીરના મળથી, પિશાબથી બળખા, લીંટ, વમન, પિત્ત, પરૂ, વીર્ય, લોહીથી ખરડાય માટે તેવે માર્ગે ન જવું, બીજો માર્ગ ન હોય અને તેજ માર્ગે જવું પડે તો ઠોકરખાતાં ગારામાં પડીને ખરડાવા વિગેરે કારણથી આવું ન કરે, તે કહે છે.

તે સાધુ તેવા અશુચિ ગારા વિગેરેમાં પડતાં વચમાં વસ્ત્ર રાખ્યા વિના ખુલ્લા શરીરે પૃથ્વી સાથે સ્પર્શ ન કરે, અથવા ભીની જમીન સાથે કે ધુળવાળી પૃથ્વીસાથે તથા સચિત્ત પત્થર સાથે તથા સચિત્ત માટીના ઢેફાસાથે અથવા ઘુણના કીડાથી

સડેલ લાકડું જેમાં અનેક નાનાં ઈંડાં હોય તેની સાથે અથવા કરોળીયાના જાળાંવાળી જગ્યા સાથે એકવાર ન સ્પર્શ કરે, ન વારંવાર સ્પર્શ કરે, તેનાથી ગારો દૂર ન કરે, તેમ ત્યાં બેસીને કાદવ દૂર કરવા ખોતરે નહિ, તેમ ત્યાં બેસીને ઉદ્વર્ત્તન ( ચોળવું ) ન કરે, તેમ સુકાયલાને પણ ત્યાં ન ખોતરે, તેમ ત્યાં ઉભો રહીને સૂર્યને તડકે એકવાર ન તાપે, અથવા વારંવાર ન તાપે, શું કરે, તે કહેછે. તે ભિક્ષુ ત્યાંથી નીકળી અલ્પ રજવાળું તૃણ વિગેરે યાચે, અને અચિત્ત જગ્યાએ નિભાડા વિગેરે એકાંતમાં જોઈને ત્યાં બેસીને શરીરનો કાદવ દૂર કરે, અથવા તડકે તપાવે. અને પછી દૂર કરે. અને સ્વચ્છ કરે, વળી શું કરે? તે કહે છે.

से भिक्खू वा० से जं पुण जाणिज्जा गोणं वियालं पडिपहे पेहाए महिसं वियालं पडिपहे पेहाए, एवं मणुस्सं आसं हत्थि सीहं वग्घं विगं दीवियं अच्छं तरच्छं परिसरं सियालं बिरालं सुणयं कोलसुणयं कोकंतियं चित्ताचिल्लडयं वियालं पडिपहे पेहाए सइ परक्कमे संजयामेव परक्कमेज्जा. नो उज्जुयं गच्छिज्जा । से भिक्खू वा० समाणे अंतरा से उवाओ वा खाणुए वा कंटए वा घसी वा भिलुगा वा विसमे वा विज्जले वा परियावज्जिज्जा, सइ परक्कमे संजयामेव, नो उज्जुयं गच्छिज्जा ॥ ( सू० २७ )

તે ભિક્ષુ રસ્તામાં જતાં ધ્યાન રાખે, અને જો ત્યાં એવું જાણે કે રસ્તામાં ગાય, ગોધો વિગેરે છે, અને તે મારકણો હોવાથી રસ્તો બંધ છે, અથવા ઝેરી સાપ છે, જંગલી ભેંસ

કે પાડો છે, દુષ્ટ મનુષ્ય છે, ઘોડો, હાથી, સિંહ, વાઘ, વૃક (વરગડું), ચિત્રો, બળધ, સરભ, જંગલી ડુક્કર, કોકંતિક, શીયાળના આકારનું લોમડી જેવું જનાવર છે, જે રાતમાં કો કો એમ આરડે છે, ચિત્તા, ચિલ્લડય કે જંગલી જાનવર છે. તેવું કોઇપણ દુઃખદાયી પ્રાણી રસ્તામાં માલૂમ પડે તો પ્રથમ ઉપયોગ દઈને ખાત્રી કરે, અને બીજો રસ્તો હોય તો તે સીધે રસ્તે ન જતાં ભય વિનાના રસ્તે જાય, તેજ પ્રમાણે માર્ગમાં ખાડો હોય, ઠુંઠું હોય, કાંટા હોય, ઢોળાવ હોય, કાળી ફાટેલી માટી હોય, ઉંચાનીચા ટેકરા હોય, કાદવ હોય, તેવી જગ્યાએ બીજો માર્ગ હોય તો ચક્રાવો ખાઇને પણ તે રસ્તે જવું. પણ ટુંકા સીધા રસ્તે ન જવું. કારણકે ત્યાં જવાથી સંયમની તથા પોતાની વિરાધનાનો સંભવ છે.

**से भिक्खू वा० गाहावइकुलस्स दुवारबाहं कंटगबुंदियाए परिपिहियं पेहाए तेसिं पुव्वामेव उग्गहं अणणुन्नविय अपडिलेहिय अप्पमज्जिय नो अवंगुणिज्ज वा पविसिज्ज वा निक्खमिज्ज वा, तेसिं पुव्वामेव उग्गहं अणुन्नविय पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय तओ संजयामेव अवंगुणिज्ज वा पविसेज्ज वा निक्खमेज्ज वा ॥ ( सू० २८ )**

તે સાધુ ગૃહસ્થને ઘેર ગોચરી જતાં તે ઘરનું બારણું દીધેલું જોઇને તે ધણીની રજા લીધા વિના, આંખથી જોઈને રજોહરણ વિગેરેથી પૂંજ્યા વિના ઉઘાડવું નહિ, ઉઘાડીને પેસે નહિ, અને નીકળે પણ નહિ, તેના દોષો બતાવે છે, ગૃહસ્થને

દ્વેષ થાય, ઘરમાંથી વસ્તુ ખોવાય તો સાધુના ઉપર શંકા આવે અને ઉઘાડેલા દ્વારથી પશુ વિગેરે ઘરમાં પેસી જાય, તેથી સંયમ અને આત્મવિરાધના થાય. હવે જો કારણ હોય, તો અપવાદમાર્ગ કહે છે.

તે ઘરમાં જાવાની જરૂર હોય તો તેના ધણીની રજા લઇને આંખે દેખીને ઓઘાથી પુંજીને બારણું વિગેરે ઉઘાડે, તેનો ભાવાર્થ આ છે.

પોતે દરવાજો ઉઘાડીને પેસવું નહિ, જો માંદા આચાર્ય વિગેરે માટે ત્યાં ઔષધ વિગેરે મળતું હોય, અથવા વૈદ્ય ત્યાં રહેતો હોય, અથવા દુર્લભ દ્રવ્ય ત્યાં મળશે, અથવા ઓછી ગોચરી મળેલી હોય, એવાં ખાસ કારણો આવેથી દીધેલા બારણા આગળ ઉભો રહીને શબ્દ કરે ( બોલાવે ) અથવા પોતે સંભાળથી પુંજીપ્રમાર્જીને ઉઘાડીને જવું.

ત્યાં પ્રવેશ થયા પછીની વિધિ કહે છે.

**से भिक्खू** वा २ से जं पुण जाणिज्जा समणं वा माहणं वा गामपिंडोलगं वा अतिहिं वा पुव्वपविट्ठं पेहाए नो तेसिं संलोए सपडिदुवारे चिट्ठिज्जा, से तमायाय एगंतमवक्कमिज्जा २ अणावायमसंलोए चिट्ठिज्जा, से से परो अणावायमसंलोए चिट्ठमाणस्स असणं वा ४ आहट्टु दलइज्जा, से य एवं वइज्जा—आउसंतो समणा ! इमे भे असणे वा ४ सव्वजणाए निसट्ठे तं भुंजह वा णं परिभाएह वा णं, तं चेगइओ पडिगाहित्ता तुसिणीओ उवेहिज्जा, अवियाइं एयं ममेव सिया,

माइट्ठाणं संफासे, नो एवं करिज्जा, से तमायाए तत्थ गच्छिज्जा २ से पुव्वामेव आलोइज्जा-आउसंतो समणा! इमे भे असणे वा ४ सव्वजणाए निसिट्ठे तं भुंजह वा णं जाव परिभाएह वा णं, सेणमेवं वयंतं परो वइज्जा—आउसंतो समणा! तुमं चेव णं परिभाएहि, से तत्थ परिभाएमाणे नो अप्पणो खद्धं २ डायं २ ऊसढं २ रसियं २ मणुन्नं २ निद्धं २ लुक्खं २, से तत्थ अमुच्छिए अगिद्धे अग(ना)ढिए अणज्झोववन्ने बहुसममेव परिभाइज्जा, से णं परिभाएमाणं परो वइज्जा-आउसंतो समणा! मा णं तुमं परिभाएहि सव्वे वेगइआ ठिया उ भुक्खामो वा पाहामो वा, से तत्थ भुंजमाणे नो अप्पणा खद्धं खद्धं जाव लुक्खं, से तत्थ अमुच्छि ए ४ बहुसममेव भुंजिज्जा वा पाइज्जा वा ॥ ( सू० २९ )

તે સાધુ ગામ વિગેરેમાં ભિક્ષા માટે પેઠેલો એમ જાણે, કે આ ઘરમાં પ્રથમ શ્રમણ વિગેરે પેઠેલ છે, તો તેને પહેલાં પેઠેલો જોઈને દાન દેનાર તથા લેનારને અપ્રીતિ ન થાય, તથા અંતરાયકર્મ ન બંધાય, માટે તે બંને દેખે, ત્યાં ઉભા ન રહેવું, તેમજ નીકળવાના દરવાજા આગળ પણ બંનેની અપ્રીતિ-ટાળવા વિગેરે માટે ઉભા ન રહેવું, પણ તે સાધુ એકાંતમાં જઇ કોઇ ન આવે, ન દેખે, ત્યાં ઉભો રહે, ત્યાં ઉભા રહેતાં પણ જૈન સાધુને ગૃહસ્થ જાતે આહાર આપીને આ પ્રમાણે કહે, કે " તમે ભિક્ષા માટે બહુ આવેલા છો, અને હું એકલો વ્યાકુલપણાથી આહાર વહેંચી આપવાને શક્તિવાન નથી, હે શ્રમણો! મેં તમને બધા સાધુઓને ચારે પ્રકારનો આહાર

આપ્યો છે, તેથી હુવે તમે પોતાની ઈચ્છા પ્રમાણે તે આહારને એકઠા બેસીને ખાઓ, વાપરો, અથવા વહેંચીને લો, આ પ્રમાણે ગૃહસ્થ આપે, તો ઉત્સર્ગથી જૈન સાધુએ તે આહાર ભાગમાં ન લેવો, પણ દુકાળ હોય, અથવા લાંબા પંથમાં ગોચરીની તંગી હોય તો અપવાદથી કારણપડે લે પણ ખરો, પણ તે આહાર લેઈને એવું ન કરે, કે તે આહારને છાનોમાનો લેઇ એકાંતમાં પોતાને મળેલો માટે થોડો હોવાથી હું કોઈને ન આપું, એકલો ખાઉં તેવું કપટ ન કરે, ત્યારે શું કરવું તે કહે છે.

તે ભિક્ષુ આહારને લઇને ત્યાં બીજા શ્રમણ વિગેરે પાસે જઇને તે આહાર તેમને દેખાડે, અને બોલે કે હે આયુષ્માનો! હે શ્રમણો ! આ આહાર વિગેરે આપણ બધાને ગૃહસ્થે વહેંચ્યા વિના સામટો આપેલ છે, તેથી તમે બધા એકત્ર બેસીને ખાઓ, વાપરો, આ પ્રમાણે સાધુને બોલતો સાંભળીને કોઇ શ્રમણ વિગેરે આ પ્રમાણે કહે, હે સાધો ! તમેજ અમને બધાને વહેંચી આપો, તેવું સાધુએ ન કરવું. પણ કારણે કરવું પડે તો આ પ્રમાણે કરવું, કે પોતે વહેંચતાં ઘણું ઉંચું શાક વિગેરે પોતે ન લે, તેમ લુખું પણ ન લે, પણ તે ભિક્ષુ આહારમાં મૂર્છિત થયા વિના અગૃદ્ધપણે મમતા રહિત થઇને બધાને સરખું વહેંચી આપે, કંઇપણ દાણો વિગેરે સહેજ વધારે રહે. ( કારણકે તોળીને આપ્યું નથી ) તોપણ બને ત્યાંસુધી બધાને સરખું વહેંચી આપે, પણ તે વહેંચતાં કોઇ શ્રમણ ( અન્યદર્શની ) એમ બોલે, કે વહેંચો નહિ, પણ આપણે બધા

સાથે બેસીને જમીએ, પીએ, તો સાથે ન જમવું, પણ પોતાના સાધુઓ હોય, પાસત્થા વિગેરે હોય કે સંભોગિક ( સાથે ગોચરી કરે તેવા ) હોય, તે બધાને સાથે આલોચના આપીને સાથે જમવાની આ વિધિ છે. એટલે પોતે બધાને સરખું વહેંચી આપે, અને બધા ત્યાં સાથે બેસીને ખાય પીએ, ગયા સૂત્રમાં બાહારનું આલોકસ્થાન નિષેધ્યું, હવે ત્યાં પ્રવેશના પ્રતિષેધની વિધિ કહે છે.

से भिक्खू वा से जं पुण जाणिज्जा समणं वा माहणं वा गामपिंडोलगं वा अतिहिं वा पुव्वपविट्ठं पेहाए नो ते उवाइक्कम्म पविसिज्ज वा ओभासिज्ज वा, से तमायाय एगंतमवक्कमिज्जा २ अणावायमसंलोए चिट्ठिज्जा, अह पुणेवं जाणिज्जा–पडिसेहिए वा दिन्ने वा, तओ तंमि नियत्तिए संजयामेव पविसिज्ज वा ओभासिज्ज वा एयं० सामग्गियं० (सू० ३० ) ॥ २–१–१–५ ॥ पिण्डैषणायां पञ्चम उद्देशकः ॥

તે ભિક્ષુ ગોચરી માટે ગામ વિગેરેમાં પેઠેલો એવું જાણે કે આ ઘરમાં પ્રથમ શ્રમણ વિગેરે પેઠેલો છે, તો તે પૂર્વે પેઠેલા શ્રમણ વિગેરેને દેખીને તેને ઓળંગીને પોતે અંદર ન જાય, તેમ ત્યાં ઉભો રહીને ગૃહસ્થ પાસે ભિક્ષા પણ ન માગે, પણ તેને પેઠેલો જાણીને પોતે એકાંતમાં ધણી ન દેખે તેમ ઉભો રહે, પછી તે અંદરના ભિક્ષુને આપે અથવા ના પાડે, ત્યારે તે ત્યાંથી પાછો નીકળે, ત્યારપછી જૈન સાધુ અંદર જાય અને આહારની યાચના કરે, આજ સાધુનું સાધુપણું સંપૂર્ણ રીતે છે. પાંચમો ઉદ્દેશો સમાપ્ત થયો.

# छठ्ठो उद्देशो.

પાંચમા પછી છઠ્ઠો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં શ્રમણ વિગેરેને અંતરાયના ભયથી ગૃહપ્રવેશ નિષેધ્યો, તેજ પ્રમાણે અહીં અપર પ્રાણીઓના અંતરાયના નિષેધ માટે કહે છે.

**से भिक्खू वा से जं पुण जाणिज्जा–रसेसिणो बहवे पाणा घासेसणाए संथडे संनिवइए पेहाए, तंजहा–कुक्कुडजाइयं वा सूयरजाइयं वा अग्गपिंडंसि वा वायसा संथडा संनिवइया पेहाए सइ परक्कमे संजया नो उज्जुयं गच्छिज्जा॥ ( सू० ३१ )**

તે ભિક્ષુ ગોચરી માટે ગામ વિગેરેમાં જતાં એમ જાણે કે આ માર્ગમાં ઘણાં પ્રાણીઓ રસનાં ઇચ્છુઓ હોઇને પાછળથી દાણા ચુંગવા શેરી વિગેરેમાં ઘણાં એકઠાં થઇને જમીન ઉપર પડેલાં છે, તેમને તે સાધુએ જોઈને તે તરફ તેણે ન જવું, તે પ્રાણીઓનાં નામ બતાવે છે, કુકડાં વિગેરે લીધાથી ઉડતાં પક્ષીઓ જાણવાં. તેજ પ્રમાણે સૂવરજાતિ લીધાથી ચોપગાં ઢોર વિગેરે ચરતાં હોય અથવા અગ્રપિંડી ( બલિ ) બહાર ફેંકેલ હોય તેમાં કાગડા ખાતા હોય તેમને દેખીને શરીરમાં શક્તિ હોય ત્યાંસુધી સમ્યક્ ઉપયોગ રાખીને સાધુ તે રસ્તે ન જાય,

કારણકે ત્યાં જતાં અનેક પ્રાણીને અંતરાય થાય છે, અને તેને ઉડતાં કે બીજે ખસતાં તેમનો વધ પણ વખતે થાય. હવે ગૃહસ્થના ઘરમાં પેઠેલ સાધુને ગોચરીની વિધિ કહે છે.

से भिक्खू वा २ जाव नो गाहावइकुलस्स वा दुवारसाहं अवलंबिय २ चिट्ठिज्जा, नो गा० दगच्छड्डणमत्तए चिट्ठिज्जा, नो गा० चंदणिउयए चिट्ठिज्जा, नो गा० सिणाणस्स वा वच्चस्स वा संलोए सपडिदुवारे चिट्ठिज्जा, नो० आलोयं वा थिग्गलं वा संधिं वा दगभवणं वा बाहाओ पगिज्झिय २ अंगुलियाए वा उद्दिसिय २ उण्णमिय २ अवनमिय २ निज्झाइज्जा, नो गाहावइअंगुलियाए उद्दिसिय २ जाइज्जा, नो गा० अंगुलिए चालिय २ जाइज्जा, नो गा० अं० तज्जिय २ जाइज्जा, नो गा० अं० उक्खुलंपिय [ उक्खलुंदिय ] २ जाइज्जा, नो गाहावइं वंदिय २ जाइज्जा नो वयणं फरुसं वइज्जा ॥ ( सू० ३२ )

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગોચરી પેઠેલો નીચલી બાબતો ન કરે, તેના બારણાની શાખાને વારંવાર અવલંબીને ઉભો ન રહે, જો તે પકડે, તો વખતે જીર્ણ હોય તો પડી જાય, અથવા બરોબર ન જડેલ હોય, તો ખસી જાય. તેથી સંયમની વિરાધના થાય, તથા ઉપકરણ ધોવાની ( ચોકડી ) તથા ઉદક ( પાણી ) મુકવાની જગ્યા ( પાણીયારા ) તરફ તથા આચમન કરે ત્યાં અથવા ટાંકા વિગેરે તરફ પોતે ઉભો ન રહે, કારણ કે જૈનશાસનની લોકો નિંદા કરે, તેનો પરમાર્થ આ છે કે, જ્યાં રહીને ઘરવાળાં સ્નાન કરે, ટટ્ટી જઈને પગ

જુવે, એ જગ્યા તરફ પોતે ઉભો ન રહે, કે તેવા ઘરવાળા તરફ પોતાની દૃષ્ટિ પડે, તેમાં આ દોષ છે કે, ત્યાં દેખવાથી સ્ત્રી વિગેરેના સંબંધીઓને શંકા થાય અને ત્યાં લજ્જાઇને બરોબર શરીર સ્વચ્છ ન થવાથી તેને દ્વેષ થાય, તેજ પ્રમાણે ગૃહસ્થના ગોખ ઝરૂખા તરફ દૃષ્ટિ ન કરે, તથા ફાટ પડેલી તે દુરસ્ત કરી હોય ત્યાં ન જુએ, અથવા ચોરે ખાતર પાડેલું હોય, અથવા ભીંતને સાંધો કર્યો હોય, અથવા ઉદકગૃહ ( પાણીનું સ્થાન ) હોય, આ બધાં સ્થાનો વારંવાર હાથ લાંબો કરીને અથવા આંગુલી ઉંચી કરીને તથા માથું ઉંચું કરીને નમાવીને અથવા કાયા નીચી નમાવીને દેખે નહિ, બીજાને બતાવે પણ નહિ, ( સૂત્રમાં બેવાર તે પાઠ બતાવવાનું કારણ ભાર દેવાનું છે ) જો વારંવાર ત્યાં દેખે કે બીજાને દેખાડે, તો ઘરમાં કંઇ ચોરાય કે નાશ પામે તો શંકા ઉત્પન્ન થાય, વળી તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેઠેલો ગૃહસ્થને આંગળી વડે ઉદ્દેશીને તથા અંગુલી ચલાવીને અથવા આંગળીથી ભય બતાવીને તથા ખરજ ખણીને તેમજ વચનથી ( ભાટ માફક ) સ્તુતિ કરીને યાચવું નહિ, તથા કોઇ વખત ગૃહસ્થ ન આપે તો તેને કડવાં વચન ન કહે, કે તું જક્ષ માફક પારકાનું ઘર રક્ષે છે! તારા નશીબમાં દાન ક્યાંથી હોય? તારી વાતજ સારી છે, પણ કૃત્ય સારાં નથી! વળી

> **अक्षरद्वयमेतद्धि, नास्ति नास्ति यदुच्यते**
> **तदिदं देहिदेहीति, विपरीतं भविष्यति ॥ १ ॥**

તું ' નથી નથી ' એવા બે અક્ષર બોલે છે, તેને બદલે

તું ' આપ આપ ' એ બે અક્ષર ધરવાળાંને કહે, કે તેથી વિ-પરીત થશે ! અર્થાત તારૂં કલ્યાણુ થશે ! ( આવું પણુ કટાક્ષ વચન સાધુ ન બોલે )

अह तत्थ कंचि भुंजमाणं पेहाए गाहावइं वा० जाव कम्मकरिं वा से पुव्वामेव आलोइज्जा—आउसोत्ति वा भइ-णित्ति वा दाहिसि मे इत्तो अन्नयरं भोयणजायं ?, से सेवं वयंतस्स परो हत्थं वा मत्तं वा दव्विं वा भायणं वा सीओ-दगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलिज्ज वा प-होइज्ज वा, से पुव्वामेव आलोइज्जा—आउसोत्ति वा भइ-णित्ति वा ! मा एयं तुमं हत्थं वा० ४ सीओदगवियडेण वा २ उच्छोलेहि वा २, अभिकंखसि मे दाउं एवमेव दलयाहि, से सेवं वयंतस्स परो हत्थं वा ४ सीओ० उसि० उच्छोलि-त्ता पहोइत्ता आहट्टु दलइज्जा, तहप्पगारेणं पुरेकम्मकएणं हत्थेण वा ४ असणं वा ४ अफासुयं जाव नो पडिगाहिज्जा। अह पुण एवं जाणिज्जा नो पुरेकम्मकएणं उदउल्लेणं तहप्प-गारेणं वा उदउल्लेण वा हत्थेण वा ४ असणं वा ४ अफासुयं जाव नो पडिगाहिज्जा। अह पुणेवं जाणिज्जा—नो उदउल्ले-ण ससिणिद्धेण सेसं तं चेव एवं—ससरक्खे उदउल्ले, ससि-णिद्धे मट्टिया ऊसे। हरियाले हिंगुलुए, मणोसिला अंजणे लोणे ॥ १ ॥ गेरुय वन्निय सेडिय सोरट्ठिय पिट्ठ कुकुस उ-क्कुट्ठसंसट्ठेण। अह पुणेवं जाणिज्जा नो असंसट्ठे संसट्ठे तह-प्पगारेण संसट्ठेण हत्थेण वा ४ असणं वा ४ फासुयं जाव पडिगाहिज्जा ॥ ( सू० ३३ )

ગૃહસ્થના ઘરમાં પેઠેલો તે ભિક્ષુ કોઇ ગૃહસ્થ વિગેરેને ખાતાં જુએ, તેને ખાતાં દેખીને સાધુ પ્રથમ આવું વિચારે કે આ ગૃહસ્થ પોતે અથવા તેની સ્ત્રી અથવા તેની નોકરડી વિગેરે કોઇપણ ખાય છે, એવું વિચારીને તેનું નામ લેઇ યાચના કરે, કે આયુષ્મન્! કે અમુક ગૃહસ્થ, અમુક બાઇ! અથવા યોગ્ય બીજું વચન બોલીને કહે કે તમારા ઘરમાં જે રંધાયું હોય તેમાંથી અમને આપો! એમ યાચના કરે, તે તેમ આપવાને હાજર ન હોય, અથવા કારણ આવે આ પ્રમાણે બોલે, પછી તેના ઘરમાંથી યાચતા ભિક્ષુને બીજો ગૃહસ્થ કોઇ વખત હાથ ડોઇ કે બીજું વાસણ કાચા પાણીથી કે બરોબર ન ઉના થયેલા પાણીથી અથવા ઉનું કરેલું પાછું કાલ પહોંચતાં સચિત્ત થયેલ હોય તેના વડે ધુએ, અથવા વારંવાર ધુએ, આ પ્રમાણે ધોવાની ચેષ્ટા કરતાં પહેલાં સાધુ જોઈને વિચારે (અર્થાત્ ધ્યાન રાખે, અને પછી તેમ દેખીને તેનું નામ લેઇને નિવારે, કે તમે કાચા પાણી વિગેરેથી ન ધુઓ, પણ પેલો ગૃહસ્થ સચિત્ત પાણીથી હાથ વિગેરે ધોઈનેજ આપે તો અપ્રાસુક જાણીને સાધુ લે નહિ.

વળી તે સાધુ ગૃહસ્થના ઘરમાં પેઠેલો જો એમ જાણે કે સાધુ માટે નહિ, પણ તેણે કોઈપણ કારણે પ્રથમ કાચા પાણીએ હાથ કે વાસણ ધોયું છે, અને તેનાં ટપકાં પડે છે, એવું દેખે તો ચારે પ્રકારનો આહાર અપ્રાસુક જાણીને લેવો નહિ, કદાચ પાણીનાં ટપકાં ન પડતાં હોય, પણ કાચા પાણીથી ખ-

રડેલા હાથ કે વાસણ હોય તોપણ તે આપતાં સાધુએ ન લેવું, એજ પૂર્વે કહ્યા પ્રમાણે ન્યાય છે, જેમ કાચા પાણીથી ખરડેલા હાથે ન લેવું, તેમ સચિત્ત રજ હોય, માટીથી ખરડેલ હોય, તેમાં ઉષ તે ખારવાળી માટી, હડતાલ, હિંગળોક, મણશિલ, અંજન, લવણ, ગેરૂ આ બધી પૃથ્વીકાયની ખાણમાંથી નીકળેલી સચિત્ત વસ્તુઓ સાધુને ન કલ્પે. ( વર્ણિકા તે પીળી માટી મેઠ છે, સેટિકા ખડી છે, સૌરાષ્ટ્રિ તે તુવરિકા છે, પિષ્ટ તે છડયાવિનાના તંદૂલનું ચુરણ ( ભૂકો ) છે, કુકસા ઉપરનાં કુટેલાં છોતરાં ( ઉક્કુઠ ) પીલુ પર્ણિકા વિગેરેનો ખાંડણીમાં ખાંડેલ ચુરો અથવા લીલાં પાંદડાનો ચુરો, વિગેરે ખરડેલા હાથ વિગેરેથી આપે તો લે નહિ, એ પ્રમાણે જો ખરડેલ ન હોય તો સાધુ ગોચરી લે.

પણ એમ જાણે કે ખરડાયેલ છે, પણ તે જાતિના આહારથી હાથ વિગેરે ખરડેલ છે, તેમાં આઠ ભાંગા છે.

" असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते निरवसेसे दव्वे "

આમાં એકેક પદ બદલવાથી આઠ ભાંગા થાય—તેમાં સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ વાસણ અને શેષ દ્રવ્ય બાકી રહેલ હોય તે આઠમો ભાંગો સર્વોત્તમ છે, પણ એવું જાણે કે, કાચા પાણી વિગેરેથી અસંસૃષ્ટ હાથ વિગેરે છે, તો તે લેવું, અથવા તે જાતિના દ્રવ્યવડે ( ભક્ષ્ય વસ્તુથી ) હાથ વિગેરે ખરડેલ હોય તે આહારને પ્રાસુક જાણીને સાધુએ લેવો, વળી,

से भिक्खू वा २ से जं पुण जाणिज्जा पिहुयं वा बहु-रयं वा जाव चाउलपलंबं वा असंजए भिक्खुपडियाए चित्त-मंताए सिलाए जाव संताणाए कुट्टिंसु वा कुट्टिंति वा कुट्टि-स्संति वा उप्फणिंसु वा ३ तहप्पगारं पिहुयं वा० अप्फासुयं नो पडिगाहिज्जा ॥ ( सू० ३४ )

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેઠેલો જો એવું જાણે, કે ચોખા વિગેરેના કુરમુરા ( મમરા ) ઘણી રેતીથી ભરેલા છે, અથવા અડધા શેકેલ ચોખા વિગેરેના કણ વિગેરે હોય, તેને સાધુને ઉદ્દેશીનેજ સચિત્ત શિલા ઉપર અથવા બીજવાળી, હરિતવાળી અથવા નાના જંતુના ઈંડાવાળી અથવા કરોળીયા-ના જાળાવાળી શિલા ઉપર તે મમરા કે કણોને કુટેલ હોય કુટે અથવા કુટશે, ( સૂત્રમાં એકવચન ક્રિયાપદનું છે તે આ-ર્ષવચન હોવાથી બહુવચનમાં લેવું અથવા જાતિમાં એકવચન પણ લેવાય ) આમ કરીને પછી તે ધાણી, પઉવા વિગેરે સ-ચિત્ત મિશ્ર હોય, તેને સચિત્ત શિલામાં કુટીને સાધુ માટે ઝા-ટકે અને પછી આપે, કે આપશે, તેવું જાણીને તેવો પૃથક વિગેરે આહાર આપે તોપણ લે નહિ.

से भिक्खू वा २ जाव समाणे से जं० बिलं वा लोणं उब्भियं वा लोणं अस्संजए जाव संताणाए भिंदिसु ३ रुचिं-सु वा ३ बिलं वा लोणं उब्भियं वा लोणं अफासुयं० नो पडिगाहिज्जा ॥ ( सू० ३५ )

જો તે ભિક્ષુ એવું જાણે, કે આ ખાણનું મીઠું ( બિલ-

બીડ ) છે, અથવા સિંધવ, સંચલ વિગેરે બધી મીઠાની જાતિ હોય, તથા ઉદ્‌ભિજ ( સમુદ્રના કિનારે સૂકાવેલું મીઠું, ) તે પ્રમાણે રૂમક વિગેરે બીજું મીઠું પણ લેવું, આવું મીઠું જે કાચું છે, તેને ઉપર બતાવેલ શિલા ઉપર કૂટીને આપે. એટલે સાધુ માટે ભેદે, ભેદશે, અથવા વધારે ઝીણું કરવા ચૂરીને આપે તો લેવું નહિ. વળી

से भिक्खू वा० से जं० असणं वा ४ अगणिनिक्खित्तं तहप्पगारं असणं वा ४ अफासुयं नो०, केवली बूया आयाणमेयं, अस्संजए भिक्खुपडियाए उस्सिंचमाणे वा निस्सिंचमाणे वा आमज्जमाणे वा पमज्जमाणे वा ओयारेमाणे वा उव्वत्तमाणे वा अगणिजीवे हिंसिज्जा, अह भिक्खूणं पुव्वोवइट्ठा एस पइन्ना एस हेऊ एस कारणे एसुवएसे जं तहप्पगारं असणं वा ४ अगणिनिक्खित्तं अफासुयं नो० पडि० एयं० सामग्गियं ॥ ( सू० ३६ ) ॥ पिण्डैषणायां षष्ठ उद्देशकः २-१-१-६ ॥

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગોચરી ગયેલ હોય, ત્યાં ચારે પ્રકારનો આહાર અગ્નિ ઉપર બળતા સાથે લાગેલ હોય તો આહાર આપે તોપણ લેવો નહિ, ત્યાં કેવલી પ્રભુ કહે છે કે, આ કર્માદાન છે, તેજ પ્રમાણે ગૃહસ્થ ભિક્ષુને ઉદ્દેશીને ત્યાં અગ્નિ ઉપર રહેલ આહારને બીજા વાસણમાં નાંખતો તેમાંથી પ્રથમ આપેલ હોય તે વધેલામાં બીજું નાંખે અથવા હાથથી મસળીને શોધે, તથા પ્રકર્ષથી શોધે, તથા નીચે ઉતારીને અથવા અગ્નિને તીરછી કરીને જીવોનેપીડે.

આ બધી વાત સમજાવીને કહે છે કે ઉપર બતાવેલી સાધુની આ પ્રતિજ્ઞા છે કે અગ્નિ સાથે લાગેલું ભોજન વિગેરે અપ્રાસુક છે, અને તે અનેષણીય છે, એમ જાણીને આહાર મળતો હોય, તોપણ લે નહિ, આજ સાધુનું સર્વથા સાધુપણું છે, પહેલા અધ્યયનનો છઠ્ઠો ઉદ્દેશો સમાપ્ત થયો.

# सातमो उद्देशो.

છઠ્ઠો ઉદ્દેશો કહીને સાતમો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં સંયમ વિરાધના બતાવી, અને અહીં સંયમની આત્માની દાનદેનારની વિરાધના બતાવશે અને તે વિરાધનાથી જૈનશાસનની હીલના થાય, તે આ ઉદ્દેશામાં બતાવશે.

**से भिक्खू वा २ से जं० असणं वा ४ खंधंसि वा थंभंसि वा मंचंसि वा मालंसि वा पासायंसि वा हम्मियतलंसि वा अन्नयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि उवनिक्खित्ते सिया तहप्पगारं मालोहडं असणं वा ४ अफासुयं नो०, केवली बूया आयाणमेयं, अस्संजए भिक्खुपडियाए पीढं वा फलगं वा निस्सेणिं वा उदूहलं वा आहट्टु उस्सविय दुरूहिज्जा, से तत्थ दुरूहमाणे पयलिज्ज वा पत्त-**

डिज्ज वा, से तत्थ पयलमाणे वा २ हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा उदरं वा सीसं वा अन्नयरं वा कायंसि इंदियज्ञालं लूसिज्ज वा पाणाणि वा ४ अभिहणिज्ज वा वित्तासिज्ज वा लेसिज्ज वा संघसिज्ज वा संघट्टिज्ज वा परियाविज्ज वा किलामिज्ज वा ठाणाओ ठाणं संकामिज्ज वा, तं तहप्पगारं मालोहडं असणं वा ४ लाभे संते नो पडिगाहिज्जा, से भिक्खू वा २ जाव समाणे से जं० असणं वा ४ कुट्ठियाओ वा कोलेज्जाउ वा अस्संजए भिक्खुपडियाए उक्कुज्जिय अवउज्जिय ओहरिय आहट्टु दलइज्जा, तहप्पगारं असणं वा ४ लाभे संते नो पडिगाहिज्जा ॥ ( सू० ३७ ) ॥

તે ભિક્ષુ ગોચરીમાં ગયેલો જો આ પ્રમાણે ચારે પ્રકારને આહાર જાણે, સ્કંધ ( તે અર્ધપ્રાકાર–ઉંચી ભીત જેવો હોય ) લાકડા કે પત્થરને થંભો હોય, તથા માંચડા બાંધેલો હોય અથવા શીકા ઉપર હોય, મહેલમાં, કે હવેલીમાં કે કોઈપણ અંતરિક્ષ ( અધર ) સ્થાનમાં આહાર રાખેલ હોય તો તેવા ઉપરથી આહાર લઈને વહોરાવે તોપણ માલાપહૃત દોષ લાગતો જાણીને ન લેવો, કેવળીપ્રભુ તેમાં આ પ્રમાણે દોષ બતાવે છે, એટલે ત્યાં ઉંચે વસ્તુ રાખી હોય તે લેવા ગૃહસ્થ જાય તો હાથ પહોંચવા માટે સાધુ માટેજ માંચી, પાટીયું, નીસરણી, ઉંધી ઉખળી અથવા બીજું કંઇપણ અધર ટેકવીને, તેના ઉપર ચડીને લેવા જાય તો ચડતાં પડી જાય, અને ખસીને પડતાં હાથ, પગ ભાંગતાં અથવા ઇંદ્રિય કે શરીરમાં લાગી જાય, તેજ પ્રમાણે પડતાં બીજા જીવોને, પ્રાણીઓને હણે,

ત્રાસ પમાડે, અથવા ધુળવડે ઢાંકે, ઘસારો આપે, સંઘટ્ટન કરે. આ પ્રમાણે થતાં તે જીવોને પરિતાપ કરે, થકવે, એકસ્થાનથી બીજા સ્થાનમાં ખસેડે, આવા દોષો જાણીને શીકા કે મેડા ઉપરથી લાવીને આપે તો મળતી વસ્તુ પણ સાધુએ ન લેવી.

અથવા તે સાધુ આહાર લેતાં આ પ્રમાણે જાણે, કે માટીની કોઠીમાંથી અથવા જમીનમાં ખોદેલ અર્ધ ગોળાકાર ખાણમાંથી સાધુને ઉદ્દશીને કાયાને ઉંચીનીચી કરીને કુબડી થઇને કાઢે, તથા ખાણમાં નીચી નમીને અથવા તીરછી પડીને આહાર લાવીને આપે, તો સાધુએ અધોમાલાહૃત ( નીચે પડીને લીધેલ ) આહાર ગૃહસ્થ પાસેથી મળતો હોય તોપણ લેવો નહિ, હવે પૃથ્વીકાયને આશ્રયી કહે છે.

से भिक्खू वा० से जं० असणं वा ४ मट्टियाउलित्तं तहप्पगारं असणं वा ४ लाभे सं०, केवली०, अस्संजए भि० मट्टिओलित्तं असणं वा० उब्भिदमाणं पुढविकायं समारंभिज्जा तह तेउवाउवणस्सइतसकायं समारंभिज्जा, पुणरवि उल्लिंपमाणे पच्छाकम्मं करिज्जा, अह भिक्खूणं पुव्वो० जं तहप्पगारं मट्टिओलित्तं असणं वा लाभे० । से भिक्खू० से जं० असणं वा ४ पुढविकायपइट्ठियं तहप्पगारं असणं वा० अफासुयं० । से भिक्खू० जं असणं वा ४ आउकायपइट्ठियं चेव, एवं अगणिकायपइट्ठियं लाभे० केवली०, अस्संज० भि० अगणिं उस्सक्किय निस्सक्किय ओहरिय आहट्टु दलइज्जा अह भिक्खूणं० जाव नो पडि० ॥ ( सू० ३८ ) ॥

તે ભિક્ષુ ગોચરીમાં ગયેલો આ પ્રમાણે જાણે, કે પિઠ-રક ( માટીના ગોળા ) વિગેરેમાં માટીથી પ્રથમ લીંપીને ચોડેલ હોય, તેમાંથી કાઢીને ચાર પ્રકારના આહારમાંથી કાંઈપણ આપે તો પશ્ચાત્‌કર્મના દોષથી મળતો આહાર પણ ન લે, પ્ર૦–શામાટે ? ઉ૦–કેવળી પ્રભુ તેને કર્મ ઉપાદાન કહે છે, કે તે ગૃહસ્થ ભિક્ષુકની નિશ્રાએ માટીથી લીંપેલું વાસણ હોય, તેમાંથી કાઢીને કાંઈપણ આહાર આપે, તો તે વાસણ ખોલતાં પૃથ્વીકાયનો આરંભ કરે, તેજ કેવળી પ્રભુ કહે છે, તથા અગ્નિ વાયુનો તેમજ વનસ્પતિ તથા ત્રસકાયનો પણ આરંભ કરે, અને સાધુને આપ્યા પછી બાકી રહેલ માલના રક્ષણ માટે તે વાસણને પાછું લીંપે માટે સાધુને પૂર્વે કહેલી આ પ્રતિજ્ઞા હોવાથી અને તેજ હેતુ તેજ કારણ હોવાથી આ ઉપદેશ છે કે, તેવું માટીથી લીંપેલું વાસણ ઉઘડાવીને મળતું ભોજન કે વસ્તુ કંઇપણ લેવું નહિ.

વળી તે ભિક્ષુક ગૃહસ્થના ઘરમાં પેસતાં વળી આવું ભોજન વિગેરે જાણે, તો નલે, એટલે પૃથ્વીકાય ઉપર સ્થાપેલ આહારને જાણીને પૃથિવીકાયના સંઘટ્ટન વિગેરેના ભયથી અ-પ્રાસુક જાણીને મળતું હોય તો:પણ નલે, એજ પ્રમાણે પાણી ઉપર અગ્નિકાયમાં સ્થાપેલ હોય તો પોતે લે નહિ, કારણ કે કેવળી તેમાં આદાન કહે છે, તેજ બતાવે છે, ‘ અસંયત ’ ગૃ-હસ્થ ભિક્ષુ માટે અગ્નિ ઉપર સ્થાપેલ વાસણને આમતેમ ફેર-વી આહાર આપે તેથી તે જીવોને પીડા થાય, માટે સાધુઓની આ પ્રતિજ્ઞા છે કે તેવો આહાર લેવો નહિ.

से भिक्खू वा २ से जं० असणं वा ४ अच्चुसिणं अस्संजए भि० सुप्पेण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा फुमिज्ज वा वीइज्ज वा, से पुव्वामेव आलोइज्जा–आउसोत्ति वा भइणित्ति वा ! मा एतं तुमं असणं वा अच्चुसिणं सुप्पेण वा जाव फुमाहि वा वीयाहि वा अभिकंखसि मे दाउं, एमेव दलयाहि, से सेवं वयंतस्स परो सुप्पेण वा जाव वीइत्ता आहट्टु दलइज्जा तहप्पगारं असणं वा ४ अफासुयं वा नो पडि० ॥ ( सू० ३९ ) ॥

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેઠેલો જો આ પ્રમાણે જાણે કે આ ઘણો ઉનો ભાત વિગેરે સાધુને ઉદ્દેશીનેજ ગૃહસ્થ ઠંડો કરવા માટે સૂપડાથી, વીંજણાથી, મોરના પીંછાના પંખાથી અથવા શાખાથી કે શાખાના ભંગવડે અથવા પીંછાથી અથવા પીંછાના સમૂહવડે, વસ્ત્રથી કે વસ્ત્રના છેડાથી, હાથથી, મોઢેથી અથવા તેવા કંઈપણ ઓજારથી ફુંકીને ઠંડો કરે, અથવા વસ્ત્રથી વીંજે, આ પ્રમાણે કરવા પહેલાં સાધુ લક્ષ્ય રાખીને તેવું ગૃહસ્થ કરે, તે પહેલાં તેને નામ દઇને બોલે કે હે ભાઇ ! હે બહેન ! આવું તમે કરીને મને આપવાની ઇચ્છા ધરાવો છો, તો તેમ ફુંકયા વિનાજ અમને આપો, આવું સાધુ કહે તોપણ ગૃહસ્થ હઠથી સૂપડેથી કે મુખના વાયુવડે ફુંકીને આપે તો તેને અનેષણીય ( દોષિત ) આહાર જાણીને લેવો નહિ.

પિંડના અધિકારથીજ એષણા દોષોને ઉદ્દેશીને કહે છે.

**से भिक्खू वा २ से जं० असणं वा ४ वणस्सइकायपइट्ठियं तहप्पगारं असणं वा ४ वण० लाभे संते नो पडि० । एवं तसकाएवि ॥ ( सू० ४० ) ॥**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગયેલો એવું જાણે, કે વનસ્પતિકાયમાં ચારે પ્રકારનો આહાર છે, તો તે જાણીને લે નહિ, એ પ્રમાણે ત્રસકાયનું સૂત્ર પણ જાણવું, અહીં ( વનસ્પતિકાયમાં રહેલું ) આ સૂત્ર વડે નિક્ષિપ્ત નામનો એષણાદોષ લેનાર આપનાર બંનેનો ભેગો બતાવ્યો, તેજ પ્રમાણે બીજા પણ એષણાદોષ યથાસંભવ સૂત્રોમાં યોજવા તે આ પ્રમાણે છે.

**संकिय मक्खिय निक्खित पिहिय साहरियदा यगुम्मीसे:
अपरिणय लित्त छड्डिय, एसण दोसा दस हवंति ॥ १ ॥**

( ૧ ) આધાકર્મ વિગેરેથી શંકિત આહાર વિગેરે ન લેવું, ( ૨ ) પાણી વિગેરેથી મૃક્ષિત ( લીંપાયેલ ) હોય, (૩) પૃથ્વીકાય વિગેરેમાં સ્થાપન કરેલું હોય ( ૪ ) બીજોરા વિગેરે ફળથી ઢાંકેલું હોય ( ૫ ) વાસણમાંથી તુષ વિગેરે ન આપવા યોગ વસ્તુ બીજી સચિત્ત પૃથ્વી વિગેરે ઉપર નાંખીને તે વાસણ વિગેરેથી જે આપે, તે સંહૃત દોષ છે. ( ૬ ) બાલ વૃદ્ધ વિગેરે દાન દેનાર શુદ્ધિ તથા શક્તિ વિનાનો હોય, ( ૭ ) સચિત્ત વિગેરે પદાર્થથી મિશ્રિત વસ્તુ હોય, ( ૮ ) દેવાની વસ્તુ બરોબર અચિત્ત ન થઇ હોય, અથવા દેનાર લેનારના ભાવ-

વિનાની હોય તે અપરિણુત કહેવાય, ( ૯ ) ચરબી વિગેરે નિંદનીક પદાર્થથી લિપ્ત હોય ( ૧૦ ) છાંટા પાડતી વહોરાવે. આ દશ દોષ એષણાના કહ્યા, તે ટાળવા જોઈએ.

હવે પીવાના આશ્રયી કહે છે-

से भिक्खू वा २ से जं पुण पाणगजायं जाणिज्जा, तं-जहा-उस्सेइमं वा १ संसेइमं वा २ चाउलोदगं वा ३ अन्नयरं वा तहप्पगारं पाणगजायं अहुणाधोयं अणंबिलं अव्वुक्कंतं अपरिणयं अविद्धत्थं अफासुयं जाव नो पडिगाहिज्जा। अह पुण एवं जाणिज्जा चिराधोयं अंबिलं वुक्कंतं परिणयं विद्धत्थं फासुयं पडिगाहिज्जा। से भिक्खू वा० से जं पुण पाणगजायं जाणिज्जा, तं जहा-तिलोदगं वा ४ तुसोदगं वा ५ जवोदगं वा ६ आयामं वा ७ सोवीरं वा ८ सुद्धवियडं वा ९ अन्नयरं वा तहप्पगारं वा पाणगजायं पुव्वामेव आलोइज्जा-आउसोत्ति वा भइणित्ति वा! दाहिसि मे इत्तो अन्नयरं पाणगजायं? से सेवं वयंतस्स परो वइज्जा-आउस्सं तो समाणा! तुमं चेवेयं पाणगजायं पडिग्गहेण वा उस्सिचिया णं उयत्तिया णं गिण्हाहि, तहप्पगारं पाणगजायं सयं वा गिण्हिज्जा परो वा से दिज्जा, फासुयं लाभे संते पडिगाहिज्जा॥ ( सू० ४१ )

તે સાધુ ગૃહસ્થના ઘરમાં પાણી માટે ગયેલ હોય, ત્યાં એવું જાણે કે આટો ગુંદળવાનું આ પાણી છે, તે ઉસ્સેઇમ છે, તથા તલને ધોવાનું પાણી છે, તે સંસેઇમ છે, અથવા અરણિકા વિગેરે ધોવાનું પાણી છે, તેમાં પ્રથમનાં બે તો પ્રાસુક

છેજ; પણ ત્રીજા ચોથા નંબરના પાણી મિશ્ર છે, તે અમુક કાળે પરિણુત ( ફાસુ ) થાય છે, તે ચાવલ ( ચોખા ) નું ધોવણુ છે, તેમાં ત્રણુ અનાદેશ છે, પરપોટા થતા હોય, પાણીનાં બિંદુઓ વાસણુને લાગેલાં શોષાઇ ગયાં હોય, અથવા તંદુલ રંધાઈ ગયાં હોય, પણુ તેનો ખરો આદેશ આ છે, કે પાણી સ્વચ્છ થઇ ગયું હોય, ( પરપોટા બેસીને સ્વચ્છ થયું હોય તેજ લેવાય )–અનામ્લ તે પોતાના સ્વાદથી અચલિત અવ્યુત્ક્રાંત અપરિણુત અવિધ્વસ્ત અપ્રાસુક માલુમ પડે તે સાધુએ લેવું નહિ, અને તેથી વિપરીત હોય તો ગ્રહણુ કરવું, ફરી પાણીના અધિકારથીજ વિશેષ કહે છે.

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેઠેલો આવું પાણી જાણે, કે ( ૪ ) તલનું ધોવણુ કોઇપણુ પ્રકારે પ્રાસુક કરેલું પાણી, ગૃહસ્થના ઘરમાં છે, એ પ્રમાણે ( ૫–૬ ) તુષથી, જવથી, અચિત્ત થયું હોય, ( ૭ ) આચામ્લ ( ઓસામણુ ) ( ૮ ) આરનાલ સોવીર ( ૯ ) બરોબર ઉંનું પાણી શુદ્ધ વિકટ અથવા તેવું દ્રાક્ષનું ધોવણુ વિગેરે અચિત્ત પાણી જુએ, તો ગૃહસ્થને કહે, કે હે ભાઇ ! હે બાઇ ! જે કંઈ આવું અચિત્ત પાણી હોય, તે મને આપો ! તે વખતે ગૃહસ્થ બોલે, કે હે સાધુ ! તમેજ આ પાણી પોતાના પાતરા વડે કે કાચલીવડે કે કડાયું ઉંચકીને કે વાંકુવાળીને વાસણમાંથી લો, તે પ્રમાણે કહે તો સાધુ પોતે ગ્રહણુ કરે, અથવા ગૃહસ્થ તેને આપે, તો પ્રાસુક પાણી સાધુએ લેવું. વળી–

से भिक्खू वा० से जं पुण पाणगं जाणिज्जा–अणंतरहियाए पुढवीए जाव संताणए उद्धट्टु २ निक्खित्ते सिया, असंजए भिक्खुपडियाए उदउल्लेण वा ससिणिद्धेण वा सकसाएण वा मत्तेण वा सीओदगेण वा संभोइत्ता आहट्टु दलइज्जा, तहप्पगारं पाणगजायं अफासुयं० एयं खलु सामग्गियं० ॥ ( सू० ४२ ) ॥ पिण्डैषणायां सप्तमः २–१–१–७ ।

તે ભિક્ષુ જો આવું જાણે કે તે અચિત્ત પાણી, સચિત્ત પૃથ્વીકાય વિગેરેમાં આંતરા વિના મુકેલું છે, અથવા કરોળીયાના જાળા વિગેરેમાં બીજા વાસણમાંથી લઈ લઈને તેમાં વાસણ મુકેલું છે, અથવા તે ગૃહસ્થ ભિક્ષુને ઉદ્દેશીનેજ કાચા પાણીના ગલતાં ટપકાંવડે અથવા સચિત્ત પૃથ્વી વિગેરેના અવયવથી ખરડાયેલું ભાજન હોય, અથવા ઠંડા પાણીથી મિશ્ર કરીને-ભેગું કરીને આપે, તેવું પાણી ' અનેષણીય ' જાણીને લેવું નહિ, આ ભિક્ષુની સંપૂર્ણ સાધુતા છે.

સાતમો ઉદ્દેશો સમાપ્ત.

# आठमो उद्देशो.

સાતમો કહીને આઠમો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં પાણીનો વિચાર બતાવ્યો, અહિં પણ તેજ પાણી સંબંધી વિશેષ કહે છે—

से भिक्खू वा २ से जं पुण पाणगजायं जाणिज्जा, तंजहा–अंबपाणगं वा १० अंबाडगपाणगं वा ११ कविट्ठपाण० १२ माउलिंगपा० १३ मुद्दियापा० १४ दालिमपा० १५ खजूरपा० १६ नालियेरपा० १७ करीरपा० १८ कोलपा० १९ आमलपा० २० चिंचापा० २२ अन्नयरं वा तहप्पगारं पाणगजातं सअट्ठियं सकणुयं सबीयगं अस्संजए भिक्खुपडियाए छब्बेण वा दूसेण वा बालगेण वा आविलियाण परिवीलियाण परिसावियाण आहट्टु दलइज्जा तहप्पगारं पाणगजायं अफा० लाभे संते नो पडिगाहिज्जा ॥ ( सू० ४३ ) ॥

તે સાધુ ગૃહસ્થના ઘરમાં ગયેલ આવા પ્રકારનું પાણી જાણે, કે કેરીનું તથા અંબાડાનું ધોવણ ( ૧૦–૧૧ ) છે, તથા કોઠ ( ૧૨ ) નું ધોવણ છે, બીજોરૂં ( ૧૩ ) મુદ્રિકા ( દ્રાક્ષ ) નું ધોવણ ( ૧૪ ) છે, દાડમ ( ૧૫ ) નું, ખજુર ( ૧૬ ) નું, નાળિયેર ( ૧૭ ) કેર ( ૧૮ ) કોલ ( બોર ) નું (૧૯) આમળાં (૨૦) ચિંચા આંબલી (૨૧) તથા તેવાં બીજાં બધાં પાણી–એટલે દ્રાક્ષ, બોર, આંબલી વિગેરે કોઇપણ પાણીને તે ક્ષણેજ ચૂરીને કરાય છે, તથા અંબાડા વિગેરેનું પાણી બે ત્રણ દિવસ સાથે રાખીને પલાળે, આવું પાણી હોય અથવા તેવી જાતનું બીજું હોય, તે ઠળિયાસાથે વર્ત્તે, અથવા કણુક ( છાલ વિગેરે અવયવ ) સાથે હોય, તથા બીજ સહિત વર્ત્તે, ઠળીયો તથા બીજ આમળાં વિગેરેમાં જુદાપણું પ્રતીત છે, આવું પાણી ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને દ્રાક્ષ વિગેરે ચુરીને અ-

થવા વાંસની છાલથી બનાવેલ છાબડી વિગેરે પલાળીને અથવા વસ્ત્ર પલાળીને અથવા ગાય વિગેરેનાં પૂછડાના વાળના બનાવેલ ચાલણાવડે અથવા સુગૃહીપક્ષીના માળાવડે. ઠળીયા વિગેરે દૂર કરવા એકવાર મસળીને કે વારંવાર ચોળીને તથા પરિસ્રવણ કરીને–ગાળીને સાધુ પાસે લાવીને આપે, આવું પાણી ઉદ્ગમદોષથી દુષ્ટ જાણીને મળતું હોય, તોપણ લે નહિ, ઉદ્ગમદોષો નીચે મુજબ છે.

आहाकम्मुद्देस्सिय पूतीकम्मे अ मीसजाए अ ॥
ठवणा पाहुडियाए पाओअर कीय पामिच्चे ॥ १ ॥
परियट्टिए अभिहडे, उब्भिन्ने मालोहडे इअ
अच्छेज्जे अणिसट्ठे, अज्झोअरए अ सोलसमे ॥ २ ॥

(૧) સાધુના માટે જે સચિત્તનું અચિત્ત કરે, અથવા અચિત્ત રાંધે તે આધાકર્મ દોષ છે (૨) જે પોતાના માટે તૈયાર રસોઇ થઇ હોય તે લાડુના ચૂર્ણ વિગેરે ગોળ વિગેરેથી સાધુને ઉદ્દેશીને વધારે સંસ્કારવાળું બનાવે, આ સામાન્યથી છે, (પણ વિશેષથી જાણવા ઇચ્છનારે વિશેષ સૂત્ર થી જાણવું) (૩) આધાકર્મના ભાગથી મિશ્ર કરે તે પૂતીકર્મ છે, (૪) સાધુ તથા ગૃહસ્થને આશ્રયી પ્રથમથી આહાર ભેગો રંધાય તે મિશ્ર છે.(૫) સાધુને માટે ખીર વિગેરે જુદી કાઢી રાખે તે સ્થાપના દોષ છે, (૬) ઘરમાં લગ્ન વિગેરેનો અવસર આવવાનો હોય તે સાધુને આવેલા જાણીને કે આવવાના જાણી તેમને તે મિષ્ટાન્ન વિગેરે આપવા માટે આગળ પાછળ કરે, તે પ્રાભૃતિકા-

દોષ છે, ( ૭ ) સાધુને ઉદ્દેશીને ઝરૂખા બારી વિગેરે ઉઘાડવી, અથવા અંધારામાંથી લાવીને અજવાળામાં મુકવું તે પ્રાદુષ્કરણ છે, ( ૮ ) દ્રવ્ય વિગેરે આપીને ખરીદ કરે તે ક્રીતદોષ છે સાધુ માટે કોઇનું ઉછીકું-ઉછીનું લે તે ' પામિચ્ચ ' દોષ છે ( ૧૦ ) કોદરા વિગેરે આપીને પાડોશીના ઘરમાંથી શાલિ વિગેરેના ચોખા બદલે લાવે. તે પરિવર્તિતદોષ છે, ( ૧૧ ) ઘર વિગેરેથી સાધુના ઉપાશ્રયમાં લાવીને આપે તે અભ્યાહૃતદોષ છે, ( ૧૨ ) છાણ વિગેરેથી લીંપેલું વાસણ ખોલીને આપે, તે ઉદ્ભિન્ન દોષ છે, (૧૩) માળા ઉપર વિગેરેથી-નિસરણી વડે લાવીને આપે તે માલાહૃત દોષ છે, ( ૧૪ ) નોકર વિગેરેથી છીનવી લઇને આપે તે આ છેદ્ય દોષ છે, ( ૧૫ ) સમુદાય આશ્રયી રંધાયલું, બધાની રજા લીધા સિવાય એકલો આપે તે અનિસૃષ્ટ દોષ છે, ( ૧૬ ) પોતાના માટે રંધાતા અન્નમાં પાછળથી તાંદુલ વિગેરે સાધુને આવતા સાંભળીને રાંધતાં ઉમેરે તે ' અધ્યવપૂરક ' દોષ છે, આવા કોઇપણ દોષથી દોષિત આહાર હોય તો સાધુએ તે આહાર લેવો નહિ.

પાછું પણ ભોજન પાણી વિગેરે આશ્રયી કહે છે.

**से भिक्खू वा० २ आगंतारेसु वा आरामागारेसु वा गाहावईगिहेसु वा परियावसहेसु वा अन्नगंधाणि वा पाणगंधाणि वा सुरभिगंधाणि वा आघाय २ से तत्थ आसायपडियाए मुच्छिए गिद्धे गढिए अज्झोववन्ने अहो गंधो २ नो गंधमाघाइज्जा ( सू० ४४ )**

તે સાધુ આગંતાર તે શહેરની બહાર મુસાફરો આવીને ઉતરે તેવી ધર્મશાળા કે મુસાફરખાનામાં અથવા આરામ ઘરો (બગીચાની અંદરના મકાન) માં અથવા ગૃહસ્થના ઘરોમાં પૂજાના ઘરોમાં અથવા ભિક્ષુકના મઠમાં જ્યાં અન્ન-પાણીની સુગંધીના ગંધોને સુંઘી સુંઘીને તેના સ્વાદની પ્રતિજ્ઞાથી મૂર્છિત ગૃદ્ધ ઘેલો બનેલો અહાહા ! શું સુગંધ છે ! એવો પ્રેમી બનીને તે ગંધને સુંઘે નહિ. ફરી પણ આહારને આશ્રયી કહે છે—

**से भिक्खू वा २ से जं० सालुयं वा बिरालियं वा सासवनालियं वा अन्नयरं वा तहप्पगारं आमगं असत्थपरिणयं अफासु० । से भिक्खू वा० से जं पुण० पिप्पलिं वा पिप्पलचुण्णं वा मिरियं वा मिरियचुण्णं वा सिंगबेरं वा सिंगबेरचुण्णं वा अन्नयरं वा तहप्पगारं वा आमगं वा असत्थ प० । से भिक्खू वा० से जं पुण पलंबजायं जाणिज्जा, तंजहा—अंबपलंबं वा अंबाडगपलंबं वा तालप० झिज्झिरिप० सुरहि० सल्लरप० अन्नयरं तहप्पगारं पलंबजायं आमगं असत्थप० । से भिक्खू ५ से जं पुण पवालजायं जाणिज्जा, तंजहा—आसोट्ठपवालं वा निग्गोहप० पिलुंखुप० निपूरप० सल्लइप० अन्नयरं वा तहप्पगारं पवालजायं आमगं असत्थपरिणयं० । से भि० से जं पुण० सरडुयजायं जाणिज्जा, तंजहा—सरडुयं वा कविट्ठसर० दाडिमसर० बिल्लस० अन्नयरं वा तहप्पगारं सरडुयजायं आमं असत्थ परिणयं० । से भिक्खू वा० से जं पु० तंजहा—उंबरमंथुं वा नग्गोहमं० पि-**

**लुंखुमं० आसात्थमं० अन्नयरं वा तहप्पगारं वा मंथुजायं आमयं दुरुक्कं साणुबीयं अफासुयं० ॥ ( सू० ४९ ) ॥**

તે ભિક્ષુ સાલુક ( પાણીમાં થનારૂં કંદ ), બિરાલિય (સ્થળમાં થનારૂં કંદ), સરસવની કંદલીઓ તેવું કંઇપણ કાચું કંદ કાંદળ વિગેરે શસ્ત્રોથી પરિણુત થયેલું નહોય, તેમજ તે ભિક્ષુ પીપર, પીપરનું ચુરણ, મરચાં મરચાંનું ચુરણ. સીંગોડા સીંગોડાનું ચુરણ અથવા તેવું કંઈપણ કાચું શસ્ત્ર ફરસ્યા વિનાનું અપ્રાસુક હોય તે, આંબાના ફળ ( કેરીઓ ) અંબાડા (              ) નાં ફળ, તાડનાં ફળ ઝિજ્જિઝ તે વલ્લીપલાશ (              ) સુરભિ તે શતદ્રુ (                    ) છે સલ્લર (              ) છે. આ પ્રમાણે જે કંઇ કાચું ફળ હોય, અને તે શસ્ત્રથી પરિણુત ન હોય તો સચિત્ત જાણીને લેવું નહિ.

વળી તે ભિક્ષુ કોઇપણ જાતિનું પ્રવાળ તે પીપળાનું; વડનું પિલુંખુ ( પિપરી ) નિપુર ( નંદીવૃક્ષ ) શલ્લકી (              ) અથવા તેવું બીજું કાંઈપણ પ્રવાળ હોય તો, કાચું સચિત્ત હોય તો લેવું નહિ, તેજ પ્રમાણે તે સાધુ કોઇપણ જાતિનું ' સરડુઅ ' તે ઠળીયો બંધાયા વિનાનું ફળ હોય, તે કોઠ, દાડમ, બિલ્લું અથવા તેવું કોઇપણ જાતિનું ફળ હોય તે, શસ્ત્રથી પરિણુત નહોય તે સાધુએ લેવું નહિ, તેજ પ્રમાણે સાધુ ઉંબરનું મંથું ( ચુરણ ) હોય, વડનું, પિલંખુ, પીપળો અથવા તેવું બીજાનું ચુરણ હોય તો, શસ્ત્રથી પરિણુત થયા વિનાનું હોય તો લેવું નહિ, આમંથું થોડુ

પીસેલું હોય તે દુરૂક્ક કહેવાય છે, સાણુબીય તે તેનાં બીજ બધાં કાયમ રહ્યાં હોય, તો તે કાચું જાણવું. તે ન કલ્પે.

**से भिक्खू वा० से जं पुण० आमडागं वा पूइपिन्नागं वा महुं वा मज्जं वा सप्पिं वा खोलं वा पुराणगं वा इत्थ पाणा अणुप्पसूयाइं जायाइं संवुड्ढाइं अव्वुक्कंताइं अपरिणया इत्थ पाणा अविद्धत्था नो पडिगाहिज्जा ॥ ( सू० ४६ ) ॥**

વળી તે સાધુ એમ જાણે કે કાચાં પાન તે અરણીક તં-દુલીય ( તાંદળજા ) વિગેરેનાં પાંદડાં અર્ધ કાચાં અથવા તદન કાચાં છે, અથવા તેનો ખલ કર્યો છે, મધ અને માંસ જાણીતાં છે, તથા ઘી તથા ખોલ દારૂના નીચેનો કચરો આ બધાં ઘણા વરસનાં જુનાં હોય તો લેવાં નહિ, કારણકે તેમાં જીવો ઉત્પન્ન થઇ જાય છે, અને તેથી તે અચિત્ત હોતાં નથી, સૂત્રમાં સંવૃ-દ્ધા વિગેરે એક અર્થવાળા છતાં જુદા જુદા દેશના શિષ્યોને સમજાવવા સૂત્રકારે લીધા છે અથવા તેમાં કિંચિત્ ભેદ છે. ( આમાં મધ અને દારૂ અભક્ષ્ય છતાં શાસ્ત્રકારે ચોપડવા માટે કારણ વિશેષે છૂટ એટલા માટે આપી છે કે હાથ પગ ઉતરી ગયો હોય તો તેનો ઉપયોગ કરવો પડે, તે સંબંધે સાધુને મહાન્ પ્રાયશ્ચિત્ત છે, માટે વર્ત્તમાનકાળમાં પણ બને ત્યાંસુધી ચોળવા ચોપડવામાં તેવી ચીજ ન વાપરવી, પણ બીજો ઉપાયજ ન હોય તો કદાચ વાપરવી પડે તોપણ તેનું છેદસૂત્ર પ્રમાણે મહાન પ્રાયશ્ચિત્ત લેવું કે દુર્ગતિ ન થાય. )

से भिक्खू वा० से जं० उच्छुमेरगं वा अंककरेलुगं वा कसेरुगं वा सिंघाडगं वा पूइआलुगं वा अन्नयरं वा० । से भिक्खू वा० से जं० उपलं वा उप्पलनालं वा भिसं वा भिसमुणालं वा पुक्खलं वा पुक्खलविभंगं वा अन्नयरं वा तहप्पगारं० ॥ ( सू० ४७ )

ઉચ્છુમેરગ તે છોલેલી શેરડીના ટુકડા, અંક કરેલું (            ) કસેરૂગ (            ) સીંગોડાં પૂઇઆલૂગ (            ) અથવા તેવું બીજું કંઇ કાચું શસ્ત્રથી હણાયા વિનાનું હોય, તો સાધુએ લેવું નહિ. તેજ પ્રમાણે લીલું કમળ, તેની નાલ, અથવા પદમનું કંદ તેની નાળ, પોકખલ, પદમના કેસરા અથવા તેનું કંદ અથવા તેવું કોઇપણ કંદ શસ્ત્રથી હણાયાવિનાનું કાચું હોય તો કલ્પે નહિ.

से भिक्खू वा २ से जं पु० अग्गबीयाणि वा मूलबीयाणि वा खंधबीयाणि वा पोरबी० अग्गजायाणि वा मूलजा० खंधजा० पोरजा० नन्नत्थ तक्कलिमत्थए ण वा तक्कलिसीसे ण वा नालियेरमत्थएण वा खज्जूरिमत्थएण वा तालम० अन्नयरं वा तह० । से भिक्खू वा २ से जं० उच्छुं वा काणगं वा अंगारियं वा संमिस्सं विगदूमियं वित(त्त)ग्गगं वा कंदलीऊसुगं अन्नयरं वा तहप्पगा० । से भिक्खू वा० से जं० लसुणं लसुणपत्तं वा ल० नालं वा लसुणकंदं वा ल० चोयगं वा अन्नयरं वा० । से भिक्खू वा० से जं० अच्छियं वा कुंभिपक्कं तिंदुगं वा वेलुगं वा कासवनालियं वा अन्नयरं वा तहप्पगारं आमं असत्थ-

प० । से भिक्खू वा० से जं० कणं वा कणकुंडगं वा कणपूयलिय वा चाउलं वा चाउलपिट्ठं वा तिलं वा तिलपिट्ठं वा तिलपप्पडगं वा अन्नयरं वा तहप्पगारं आमं असत्थप० लाभे संते नो प०, एवं खलु तस्स भिक्खुस्स सामग्गियं ॥ ( सू० ४८ ) २-१-१-८ ॥ पिण्डैषणायामष्टम उद्देशकः ॥

તે ભિક્ષુ આવું જાણે, કે જવા કુસુમ વિગેરે અગ્રબીજ છે, જાઇ વિગેરેનાં મૂળબીજ છે, સલ્લકી વિગેરે સ્કંધબીજ છે, અથવા ઇક્ષુ ( શેરડી ) વિગેરેનાં પર્વબીજ છે, તેજ પ્રમાણે અગ્રજાત, મૂળજાત, સ્કંધજાત, પર્વજાત તે તેમાંથીજ જન્મે છે, પણ બીજેથી નહિં, તક્કલી ( કંદલી ) નું મસ્તક ( વચલો ગર્ભ ) અને કંદલીશીર્ષ તે તેનો સ્તબક એ પ્રમાણે નાળીયેર વિગેરેમાં પણ સમજવું, અથવા કંદલી વિગેરેના મસ્તક સમાન જે કંઈ છેદવાથી તુર્તજ ધ્વંસ પામે છે, તેવું બીજું પણ કાચું અશસ્ત્ર પરિણત હોય તે લેવું નહિ, તથા તે ભિક્ષુ એવું જાણે કે શેરડી, રોગ વિગેરેથી છિદ્રવાળી થાય અંગારહિત ( રંગે બગડી ગયેલ ) હોય, તથા છાલ છેદાઇ ગયેલી હોય, વિગહૂમિય, તે વરગડે અથવા શિયાળીએ થોડી ખાધેલ હોય, આવા છિદ્ર વિગેરેથી તે શેરડી વિગેરે અચિત્ત થતી નથી તથા વેત્રાગ્ર તથા ' કંદલી ઊસ્સુયં ' તે કંદલિનો મધ્ય ભાગ એવું બીજું પણ કાચું અપરિણત હોય તો લેવું નહિ, આ પ્રમાણે લસણ સંબંધી પણ જાણવું કે અપરિણત હોય તે ન લેવું, આમાં ' ચોયગ ' નો અર્થ કોશિકાના આકારે લ-

સણુને બહાર છાલ હોય છે. તે જ્યાંસુધી લીલી હોય ત્યાંસુધી સચિત્ત જાણવી, अच्छियं તે કોઇ વૃક્ષનું ફળ છે, તથા ટીંબરૂ, બીલું કાસવનાલિયં તે શ્રીપર્ણીનું ફળ છે, આ કાચાં ફળોને એકદમ પકવવા ખાડામાં નાખીને પકવે તે પાકેલાં પણ સચિત્ત જાણવાં, તે સાધુને ન કલ્પે. ( આમ જે પકવે તે કુંભીપાક કહેવાય છે. )

તથા શાલિ વિગેરેના કણ તે કણિકા છે, તેમાં કોઈ નાભિ ( સચિત્તયોનિ ) હોય, કણિકકુંડ તે કણુકીમિશ્રિત કુકસા તથા કણુપૂયલિય તે કણુકીથી મિશ્રિત પૂપલિક ( ) કહેવાય છે, આમાં પણ થોડુંક પકવેલ હોય તો નાભિ ( સચિત્ત યોનિ ) સંભવે છે, ( બાકી તેમાં તલ, તલનો પીઠ, તલનો પાપડ વિગેરેમાં વખતે સચિત્ત યોનિ હોય માટે કાચું લેવું નહિ, આવી ચીજ મળે તોપણ લેવી નહિ, ) આજ સાધુની સંપૂર્ણ સાધુતા છે.

આઠમો ઉદ્દેશો સમાપ્ત થયો.

# नवमो उद्देशो.

આઠમો કહીને નવમો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં અનેષણીય પિંડનો ત્યાગ બતાવ્યો, અહીં પણ બીજે પ્રકારે તેજ બતાવે છે.

इह खलु पाईणं वा ४ संतेगइया सड्ढा भवंति, गाहावई वा जाव कम्मकरी वा, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ-जे इमे भवंति समणा भगवंता सीलवंतो वयवंतो गुणवंतो संजया संवुडा बंभयारी उवरया मेहुणाओ धम्माओ, नो खलु एएसिं कप्पइ आहाकम्मिए असणे वा ४ भुत्तए वा पायए वा, से जं पुण इमं अम्हं अप्पणो अट्ठाए निट्ठियं तं असणं ४ सव्वमेयं समणाणं निसिरामो, अवियाइं वयं पच्छा अप्पणो अट्ठाए असणं वा ४ चेइस्सामो, एयप्पगारं निग्घोसं सुच्चा निसम्म तहप्पगारं असणं वा अफासुयं० ॥ ( सू० ४९ )

' ઈહ ' શબ્દ વાકયના ઉપન્યાસ માટે છે, અથવા પ્રજ્ઞાપકના ક્ષેત્ર આશ્રયી છે. ખલુ શબ્દ વાકયની શોભા માટે છે. ) પ્રજ્ઞાપકની અપેક્ષાએ પૂર્વ વિગેરે દિશાઓ છે, અર્થાત્ ગુરૂ-શિષ્યને કહે છે, કે–પુરૂષોમા કેટલાક એવા શ્રદ્ધાળુઓ શ્રાવક અથવા પ્રકૃતિભદ્રક અન્ય પુરૂષો હોય છે, તે ગૃહસ્થ અથવા કર્મ કરી ( કામ કરનારા ) હોય છે, તેમને માલીક કહે કે, આ ગામમાં આ આવેલા સાધુ ભગવંતો ૧૮૦૦૦ ભેદે શીલવ્રત પાળનારા છે, તથા પાંચ મહાવ્રત તથા છઠું રાત્રિભોજન વિરમણવ્રત ધારનારા, તથા પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણયુક્ત ઇંદ્રિય મનને દમન કરવાથી સંયત છે, તથા આસ્રવદ્વાર (પાપસ્થાન ) રોકવાથી સંવૃત છે, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિ પાળવાથી બ્રહ્મચારી છે, મૈથુન ( કુસંગ ) થી દૂર છે, ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય પાળનારા છે, આવા સાધુઓને આધાકર્મી વિ-

ગેરે દોષિત ભોજન વિગેરે કલ્પતું નથી, માટે આપણે આપણું રાંધેલું બધું તેમને વોહરાવી દઈએ, આપણા માટે પછવાડે રાંધી લઈશું. તેથી તેઓ આવું કરે, તેમ સાધુ પોતે સાક્ષાત્ સાંભળે અથવા બીજા પાસે સાંભળીને જાણીને તેવું ભોજન વિગેરે અનેષણીય જાણીને મળવા છતાં પોતે લે નહિ.

से भिक्खू वा० वसमाणे वा गामाणुगामं वा दूइज्जमाणे से जं० गामं वा जाव रायहाणिं वा इमंसि खलु गामंसि वा रायहाणिंसि वा संतेगइयस्स भिक्खुस्स पुरेसंथुया वा पच्छासंथुया वा परिवसंति, तंजहा—गाहावई वा जाव कम्म० तहप्पगाराइं कुलाइं नो पुव्वामेव भत्ताए वा निक्खमिज्ज वा पविसेज्ज वा २, केवली बूया—आयाणमेयं, पुरा पेहाए तस्स परो अट्ठाए असणं वा ४ उवकरिज्ज वा उवक्खडिज्ज वा, अह भिक्खूणं पुव्वोवइट्ठा ४ जं नो तहप्पगाराइं कुलाइं पुव्वामेव भत्ताए वा पाणाए वा पविसिज्ज वा निक्खमिज्ज वा २, से तमायाय एगंतमवक्कमिज्जा २ अणावायमसंलोए चिट्ठिज्जा, से तत्थ कालेणं अणुपविसिज्जा २ तत्थियरेयरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं एसित्ता आहारं आहारिज्जा, सिया से परो कालेण अणुपविट्ठस्स आहाकम्मियं असणं वा उवकरिज्ज वा उवक्खडिज्ज वा तं चेगइओ तुसिणीओ उवेहेज्जा, आहडमेव पच्चाइक्खिस्सामि, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा, से पुव्वामेव आलोइज्जा आउसोत्ति वा भइणित्ति वा ! नो खलु मे कप्पइ आहाकम्मियं असणं वा ४ भुत्तए वा पायए वा, मा उवकरेहि मा

**उवक्खडेहि, से सेवं वयंतस्स परो आहाकम्मियं असणं वा ४ उवक्खडावित्ता आहट्टु दलइज्जा तहप्पगारं असणं वा० अफासुयं० ॥ ( सू० ५० )**

તે ભિક્ષુ આવું જાણે કે ગામથી લઇને રાજધાની સુધીના આ સ્થાનોમાં અમુક સાધુના પૂર્વનાં સગાં તે કાકા વિગેરે છે અને પછવાડેથી થએલા સગાં સાસરીયાં વિગેરે છે, તે ત્યાં ઘરવાસ કરીને રહેલાં છે, તેમાં ગૃહસ્થથી લઇને કામ કરનાર નોકર બાઈ સુધાં છે, તેવાં કુળો જે સગાં-સંબંધીના છે તેમાં ન જવું, ન આવવું, સુધર્માસ્વામી કહે છે કે, તેવું કેવલી પ્રભુ કહે છે, કે તેમાં અશુભકર્મ બંધાય છે.

પ્ર૦-શામાટે દોષ છે? ઉ૦-તે ઘરમાં સાધુને માટે પ્રથમથી વિચાર કરી રાખે, એટલે પ્રથમથી ગૃહસ્થ તે સાધુ માટે ઉપકરણ તૈયાર કરાવી રાખે, તથા રસોઇ વિગેરે રંધાવી તૈયાર કરાવે, તેથી સાધુઓ માટે આ પ્રતિજ્ઞા વિગેરે પ્રથમથી કહેલ છે, કે તેવાં સગાં-સંબંધીનાં કુલોમાં ભિક્ષાકાળથી પહેલાં જવું આવવું નહિ, ત્યારે શું કરવું? તે કહે છે, તે આત્માર્થી સાધુએ તે ગામમાં પોતાનું કુળ જાણીને સગાં ન જાણે તેવી રીતે પોતે જાય અને ત્યાં ઘરવાળાં ન આવે, ન દેખે, ત્યાં એ-કાંતમાં રહે, અને ગોચરીના વખતે જુદાં જુદાં કુળમાંથી એષ-ણીય આહાર બધેથી એટલે સગાં કે બીજાંનો ભેદ રાખ્યા વિના વેષમાત્રથી મેળવે, એટલે ઉત્પાદન દોષ વિગેરે લાગવા ન દે. તે ઉત્પાદન દોષો નીચેમુજબ છે.

धाई दूइ निमित्ते, आजीव वणीमगे तिगिच्छा य।
कोहे माणे माया, लोभे य हवन्ति दस एए ॥ १ ॥
पुव्विंपच्छासंथव-विज्जा मंते अचुण्ण जोगे य ।
उप्पायणाय दोसा सोलसमे मूलकम्मे य ॥ २ ॥

ગોચરી માટે ગૃહસ્થનાં છોકરાં રમાડવા વિગેરેનું કૃત્ય કરે, તે ( ૧ ) ધાત્રીપિંડ છે, ( ૨ ) દૂતીપિંડ ગોચરી માટે ગૃહસ્થનો સંદેશો દૂતની માફક લઇ જાય ( ૩ ) અંગુઠો તથા પ્રશ્ન રેખા વિગેરેનું ફળ બતાવી આહાર લે તે નિમિત્તપિંડ છે, ( ૪ ) આજીવપિંડ તે પોતાની પૂર્વની ઉત્તમજાતિ વિગેરે બતાવી પિંડ લે તે, ( ૫ ) વણીમગપિંડ તે ગૃહસ્થ જેનો ધર્મ પાળતો હોય તેની પ્રશંસા કરી ગોચરી લે, ( ૬ ) ચિકિત્સા-પિંડ તે, ગૃહસ્થને નાની મોટી દવા બતાવી ગોચરી લે તે, ( ૭ ) ક્રોધથી, ( ૮ ) અહંકારથી, ( ૯ ) કપટ કરીને, (૧૦ ) લોભથી વેષ વિગેરે બદલીને ગોચરી લે, ( ૧૧ ) પૂર્વપશ્ચાત્ સંસ્તવપિંડ, તે ગૃહસ્થ દાન આપે તે પહેલાં તેના સંબંધીની પ્રશંસા કરે કે તમે આવા કુળમાં જન્મ્યાછો, આવા કુળમાં પરણ્યાછો-ઇત્યાદિ બોલીને ગોચરી લે, ( ૧૨ ) વિદ્યાપિંડ, તે વિદ્યા બતાવી છોકરાં ભણાવીને પિંડ લે, ( ૧૩ ) મંત્રપિંડ, મંત્રનો જાપ બતાવીને ગોચરી લે, ( ૧૪ ) ચુર્ણપિંડ, વશીકરણ વિગેરે માટે દ્રવ્ય ( સુગંધી ) ચુર્ણ મંત્રીને આપીને ગોચરી લે, ( ૧૫ ) યોગપિંડ-તે અંજન વિગેરે આપીને ગોચરી લે, ( ૧૬ ) જે અનુષ્ઠાનથી ગર્ભપાત વિગેરે થાય તેવું કરીને ગોચરી લે, આ સોળે દોષો સાધુથી ઉત્પન્ન થાય છે માટે

ઉત્પાદન કહેવાય છે, ( તે ન લગાડવા જોઇએ ) ગ્રાસ એષણાના દોષો નીચે મુજબ છે.

१ संजोअणा २ पमाणे ३ इंगाले ४ धूम ५ कारणे चेव

(૧) આહારના લોલુપપણાથી દહિં, ગોળ, (સાકર) મેળવીને શીખંડ બનાવીને ખાય, તે સંયોજના દોષ છે, બત્રીશ કોળીયાથી વધારે પ્રમાણમાં આહાર ખાય તો પ્રમાણુ અતિરિક્ત ( વધારે ) દોષ કહેવાય, ( ૩ ) સારી ગોચરી રાગ કરીને ખાય તો ચારિત્રને અંગારા માફક બાળવાથી અંગાર દોષ તથા ( ૪ ) અંત પ્રાંત આહાર મળતાં આહાર તથા આહાર આપનારની નિંદા કરતો ખાય તો ચારિત્રને કાળું કરવાથી ધુમ્ર દોષ છે, ( ૫ ) વેદના વિગેરે કારણ વિના આહાર કરે તો કારણ અભાવ દોષ છે.

આ પ્રમાણે સાધુના વેષમાત્રથી પ્રાપ્ત કરેલું ગ્રાસ એષણા વિગેરે દોષ રહિત આહાર લેઇને વાપરવો, કદાચ એમ થાય, કે ગૃહસ્થ ગોચરીના સમયે સાધુ જાય તોપણ આધાકર્મી અશન વિગેરે બનાવે, તે વખતે સાધુ ઉપેક્ષા કરે, શા માટે ? કે તે લેતાંજ હું પચ્ચખાણ કરીશ, અને હું તે નહીં લઉં એવું ધારે અને સ્વાદથી પછી કપટ કરે, અને લે પણ આવું પ્રથમજ ન કરવું, કેવી રીતે કરવું ? તે કહે છે, પ્રથમ ગોચરી લેતાં ઉપયોગ રાખે, અને તેવું જાણે તો કહે, કે હે શેઠ ! હે બાઇ ! અમને અમારા માટે બનાવેલો આહાર વિગેરે ખાવાપીવાને ( આધાકર્મી ) કલ્પતો નથી ! માટે તેને માટે તમારે

યત્ન ન કરવો ! આવું કહેવા છતાં પણ ગૃહસ્થ આધાકર્મી આહાર કરે તો મળે છતાં પણ લેવો નહિ.

से भिक्खू वा से जं० मंसं वा मच्छं वा भज्जिज्जमाणं पेहाए तिल्लपुयं वा आएसाए उवक्खडिज्जमाणं पेहाए नो खद्धं २ उवसंकमित्तु ओभासिज्जा, नन्नत्थ गिलाणणीसाए ॥ ( सू० ५१ )

તે સાધુ જો આવું જાણે, કે માંસ અથવા માછલાં અથવા તેલના પૂડાઓ તે ગૃહસ્થના ઘરમાં મેમાન આવવાના છે, તેથી તેવો આહાર બનતો ત્યાં જુએ, તો જીભની લાલચથી દોડતો દોડતો શીઘ્ર ન જાય, અથવા ત્યા જઈને યાચના કરે નહિ, પણ પૂર્વે બતાવ્યા પ્રમાણે ત્યાં દવા વિગેરે કારણસર માંદા માટે જવું પડે તોપણ સંભાળથી જાય–( આ બાબતમાં ક્રૂકલીનનો દૃષ્ટાંત પા. જુઓ. )

से भिक्खू वा० अन्नयरं भोयणजायं पडिगाहित्ता सुब्भिं सुब्भिं भुच्चा दुब्भिं २ परिट्ठवेइ, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा। सुब्भिं वा दुब्भिं वा सव्वं भुंजिज्जा नो किंचिवि परिट्ठविज्जा ॥ ( सू० ५२ )

તે ભિક્ષુ કોઈપણ જાતનું ભોજન લઈને સારૂં સારૂં ખાઇ જાય, ખરાબ ખરાબ ત્યજી દે, તે કપટ છે, માટે તેવું કૃત્ય સાધુએ ન કરવું પણ સારૂં માઠું જેવું આવે તેવું સંતોષથી સમભાવે ખાઇ લેવું પણ પરઠવવું નહિ.

से भिक्खू वा २ अन्नयरं पाणगजायं पडिगाहित्ता

**पुप्फं २ आविइत्ता कसायं २ परिट्ठवेइ, माइट्ठाणं संफासे, नोएवं करिज्जा। पुप्फं पुप्फेइ वा कसायं कसाइ वा सव्वमेयं भुंजिज्जा, नो किंचिवि परि० ॥ ( सू० ५३ )**

આ પ્રમાણે પાણીનું પણ સમજવું, સારા રંગનું સારી ગંધનું હોય તો પુષ્પ કહેવાય અને તેથી વિપરીત તે કષાય; એટલે સુગંધી પીણું પીએ, અને બીજું ફેંકી દે, તેવું કપટ ન કરવું, કારણ કે આહારના ગૃદ્ધપણાથી સૂત્રાર્થની હાનિ થાય અને કર્મબંધ થાય—

**से भिक्खू वा० बहुपरियावन्नं भोयणजायं पडिगाहित्ता बहवे साहम्मिया तत्थ वसंति संभोइया समणुन्ना अपरिहारिया अदूरगया, तेसिं अणालोइया अणामंते परिट्ठवेइ, माइट्ठाणं संफासे, नो एवं करेज्जा, से तमायाए तत्थ गच्छिज्जा २ से पुव्वामेव आलोइज्जा—आउसंतो समणा! इमे मे असणे वा पाणे वा ४ बहुपरियावन्ने तं भुंजह णं, से सेवं वयंतं परो वइज्जा—आउसंतो समणा! आहारमेयं असणं वा ४ जावइयं २ सरइ तावइयं २ भुक्खामो वा पाहामो वा .सव्वमेयं परिसडइ सव्वमेयं भुक्खामो वा पाहामो वा ॥ ( सू० ५४ )**

તે સાધુ કોઈ વખત ઘણું ભોજન વિગેરે આચાર્ય તથા માંદા તથા પરોણા વિગેરે માટે આણેલું બધાને આપતાં ઘણું વધી જવાથી ન ખવાય, તો પોતાના સાધર્મિક ગોચરીના વહેવારવાળા સંવિજ્ઞ સાધુઓ જોડે હોય, અથવા ઘણે

દૂર ન હોય, તેવા સાધુને પૂછયા વિના ફક્ત જવાના પ્રમાદથી પરઠવીદે, તો સાધુપણાને દોષ લાગે, માટે શું કરવું ? તે કહે છે, તે વધેલો આહાર લઇને તે સાધુ બીજા સાધુઓ પાસે જઈને બતાવે અને કહે, કે હે શ્રમણ ! આ મારે વધી ગયું છે, તે હું ખાઈ શકતો નથી, જેથી તમે કિંચિત્ ખાઓ, ત્યારે તેઓ કહે, કે અમારાથી બને તેટલું ખાઇશું, દેખીશું, અથવા બધું ખાઈશું, દેખીશું.

**से भिक्खू वा २ से जं० असणं वा ४ परं समुद्दिस्स बहिया नीहडं जं परेहिं असमणुन्नायं अणिसिट्ठं अफा० जाव नो पडिगाहिज्जा जं परेहिं समणुण्णायं सम्मं णिसिट्ठं फासुयं जाव पडिगाहिज्जा, एवं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गियं (सू० ५५) ॥ २-१-१-९ ॥ पिण्डैषणायां नवम उद्देशकः।**

તે સાધુ આવો આહાર જાણે કે, ચાર ભટ વિગેરેને ઉદ્દેશીને ઘરમાંથી કાઢેલ છે, પણ તે આહારને ચાર ભટ વિગેરેએ સ્વીકાર્યો નથી, તો તે બહુ દોષવાળો જાણીને લેવો નહિ, પણ જો તે આહાર તે ધણીએ સ્વીકારી પોતાનો કર્યો હોય, અને તે આપે તો લેવો, આ સાધુની સર્વ સાધુતા છે.

નવમો ઉદ્દેશો સમાપ્ત.

# दशमो उद्देशो.

નવમો કહ્યો, હવે દશમો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, નવમામાં પિંડ ગ્રહણવિધિ કહ્યો, અહીંયા સાધારણ વિગેરે પિંડ મેળવીને વસતિમાં ગયેલ સાધુએ શું કરવું, તે કહે છે.

**से एगइओ साहारणं वा पिंडवायं पडिगाहित्ता ते साहम्मिए अणापुच्छित्ता जस्स जस्स इच्छइ तस्स तस्स खद्धं खद्धं दलइ, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा। से तमायाय तत्थ गच्छिज्जा २ एवं वइज्जा—आउसंतो समणा! संति मम पुरेसंथुया वा पच्छा० तंजहा—आयरिए वा १ उवज्झाए वा २ पवित्तीवा ३ थेरे वा ४ गणी वा ५ गणहरे वा ६ गणावच्छेइए वा ७ अवियाइं एएसिं खद्धं खद्धं दाहामि, सेणेवं वयंतं परो वइज्जा—कामं खलु आउसो। अहापज्जत्तं निसिराहि, जावइयं २ परो वदइ तावइयं २ निसिरिज्जा, सव्वमेवं परो वयइ सव्वमेयं निसिरिज्जा॥ ( सू० ५६ )**

તે ભિક્ષુને બધા સાધુઓ માટે સામાન્ય આહાર આપેલ હોય, તે લઈને તે બધા સાધુઓને પૂછયા વિના જેને જે રૂચે, તેવું પોતાની બુદ્ધિથી શીઘ્ર શીઘ્ર આપે તો દોષ લાગે, માટે તેવું ન કરવું, અસાધારણ પિંડ મળતાં પણ જે કરવું તે કહે છે.

તે સાધુ વેષમાત્રથી મેળવેલો પિંડ મેળવીને આચાર્ય

વિગેરે પાસે જાય, અને આ પ્રમાણે કહે, હે આયુષ્મન્! હે શ્રમણ મેં અહીં જેની પાસે દીક્ષા લીધી છે, તેના સગાં છે, તથા જેની પાસે સિદ્ધાંત ભણ્યો, તેનાં સંબંધીઓ અન્યત્ર રહ્યા છે, તેમનાં નામ બતાવે છે, આચાર્ય અનુયોગ ધર (૧), ઉપાધ્યાયઅધ્યાપક ( ૨ ), વેયાવચ્ચ વગેરેમાં યથાયોગ સાધુઓને પ્રવર્ત્તાવે તે પ્રવર્ત્તક (૩) છે, સંયમ વિગેરેમાં સીદાતા સાધુઓને સ્થિર કરવાથી સ્થવિર (૪) છે, ગચ્છનો અધિપ તે ગણી (૫) છે, આચાર્ય જેવો સાધુ ગુરૂની આજ્ઞાથી સાધુના સમુદાયને લઇને જુદો વિચરે તે ગણધર (૬) છે, ગણનો અવચ્છેદક તે ગચ્છના નિવાહની ચિંતા કરનાર (૭) છે, આ પ્રમાણે આવા સાધુઓને ઉદ્દેશીને બોલે, કે હું તેમને તમારી આજ્ઞાથી શીઘ્ર શીઘ્ર આપું, આ પ્રમાણે સાધુની વિજ્ઞપ્તિથી મોટા સાધુ તેને આજ્ઞા આપેથી જેને જોઇએ તેટલું દરેકને આપે, અથવા બધાની આજ્ઞા આપે તો બધું આપે, ( આ સૂત્રમાં પોતાના સગાં આશ્રયી છે, અને ટીકામાં આચાર્યદિના સગાંને આશ્રયી છે, તેથી રહસ્યમાં ભેદ પડતો નથી.)

**से एगइओ मणुन्नं भोयणजायं पडिगाहित्ता पंतेण भोयणेण पलिच्छाएइ मा मेयं दाइयं संतं दट्ठूणं सयमाइए आयरिए वा जाव गणावच्छेए वा, नो खलु मे कस्सइ किंचि दायव्वं सिया, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा। से तमायाए तत्थ गच्छिज्जा २ पुव्वामेव उत्ताणए हत्थे पडिग्गहं कट्टु इमं खलु इमं खलुत्ति आलोइज्जा, नो किंचिवि णिगू-**

**हिज्जा । से एगइओ अन्नयरं भोयणजायं पडिगाहित्ता भद्दयं २ भुच्चा विवन्नं विरसमाहरइ, माइ० नो एवं० ( सू० ५७ )**

તે સાધુ કોઈ જગ્યાએ ગોચરી ગયો હોય, ત્યાં સારૂં મિષ્ટાન્ન વિગેરે ભોજન મળ્યું હોય, તે લેઈને તેના ઉપર તુચ્છ લૂખું ભોજન વિગેરે ઢાંકી દે, કે મારૂં આ સારૂં ભોજન આચાર્ય વિગેરે દેખશે તો લેઈ લેશે, અને મારે તો આ થોડું સારૂં ભોજન કોઈને આપવું નથી, એમ ધારી છુપાવે તો કપટ કહેવાય, માટે તેવું ન કરવું, ત્યારે શું કરવું ? તે કહે છે.

તે બધો આહાર લઈને છુપાવ્યા વિના સારો માઠો બતાવી દેવો, હવે ગોચરી જતાં કપટ સ્થાન ન કરવાનું બતાવે છે, કે રસ્તામાં બીજે ગામ ગોચરી જતાં સારૂં સારૂં ભોજન મળે, તો ત્યાં ખાઈ જઈને નબળું નબળું ત્યાં લઈ જવું એ કપટ સ્થાન છે, તે ન કરવું, વળી—

**से भिक्खू वा० से जं० अंतरुच्छियं वा उच्छु गंडियं वा उच्छु चोयगं वा उच्छुमेरगं वा उच्छु सालगं वा उच्छुडालगं वा सिंबलिं वा सिंबलथालगं वा अस्सिं खलु पडिग्गहियंसि अप्पे भोयणजाए बहुउज्झियधम्मिए तहप्पगारं अंतरुच्छुयं वा० अफा० ॥ से भिक्खू वा २ से जं० बहुअट्ठियं वा मंसं वा मच्छं वा बहुकंटयं अस्सिं खलु० तहप्पगारं बहुअट्ठियं वा मंसं० लाभे संतो० । से भिक्खू वा० सिया णं परो बहुट्ठिएणं मंसेण वा मच्छेण वा उवनिमंतिज्जा—आउ-**

संतो समणा ! अभिकंखसि बहुअट्ठियं मसं पडिगाहित्तए ? एयप्पगारं निग्घोसं सुच्चा निसम्म से पुव्वामेव आलोइज्जा-आउसोत्ति वा २ नो खलु मे कप्पइ बहु० पडिगा०, अभिकंखसि मे दाउं जावइयं तावइयं पुग्गलं दलयाहि, मा य अट्ठियाइं, से सेवं वयंतस्स परो अभिहट्टु अंतो पडिग्गहगंसि बहु० परिभाइत्ता निहट्टु दलइज्जा, तहप्पगारं पडिग्गहं परहत्थंसि वा परपायंसि वा अफा० नो० । से आहच्च पडिगाहिए सिया तं नोहित्ति वइज्जा नो अणिहित्ति वइज्जा, से तमायाय एगंतमवक्कमिज्जा २ अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अप्पंडे जाव संताणए मंसगं मच्छगं भुच्चा अट्ठियाइं कंटए गहाय से तमायाय एगंतमवक्कमिज्जा २ अहे झामथंडिलंसि वा जाव पमज्जिय पमज्जिय परट्ठविज्जा ॥ ( सू० ५८ )

તે ગોચરી ગયેલો સાધુ આવા પ્રકારનો આહાર જાણે કે શેરડીના ગાંઠોના વચલા ટુકડા, અથવા ગાંઠોવાળા ટુકડા અથવા પીલેલા શેરડીના છોદિકાં ( છોતરાં ) મેરૂક ( ત્યગ્ર ) શેરડીના સાલગ તે દીર્ઘ શાખા ( સાંઠો ) ડાલગ તે એક ટુકડો સિંબલી મગ ચોળા વિગેરેની અચિત્ત થએલી સીંગ ( ફળી ) 'સિંબલી થાલગ' વાલપાપડીની થાળી અથવા ફલીઓ રાંધેલી હોય, આવી વસ્તુ જો સાધુએ ખાવા માટે લીધી હોય તો શેરડી વિગેરેના કુચા ઘણા નીકળે, ખાવાનું થોડું, અને કુચામાં કીડીઓ વિગેરે સંખ્યાબંધ જીવો ખુરા

હાલે મરે, માટે અપ્રાસુક હોય તો પણ ન લેવા, અને પ્રાસુક હોય તો પણ ન લેવા,

તેજ પ્રમાણે કોઇ જગ્યાએ ઠળીયા વાળાં ફળ તે ફણસ વિગેરે અને કાંટાવાળાં તે અનનાસ વિગેરે ફળ પાકેલાં ટુકડા કર્યાં હોય, અને કોઈ ગૃહસ્થ તે સાધુને આપે તો પણ સાધુએ લેવા નહિ. હવે કોઈ ગૃહસ્થ ઘણો ભક્તિમાન હોય અને બહુ આગ્રહ કરે અને પૂછે કે આપ લેશો કે ? આ પ્રમાણે તેની પ્રાર્થના સાંભળીને સાધુ કહે કે હે આયુષ્મન ! મને તે લેવું કલ્પતું નથી, પણ જો તારો ખાસ આગ્રહ હોય તો ઠળીયા રહિત કાંટા રહિત એવો જે વચલો ફળનો ગર્ભ છે, તે આપ, પણ ધ્યાન રાખજે કે ઠળીયા કે કાંટા ન આવે. આ પ્રમાણે સાંભળી ને પેલો ગૃહસ્થ ઠળીયા વિનાનું કાંટા વિનાનું શોધી શોધીને સાધુને આપે, પણ તે વખતે સચિત્ત ભાગ તેના હાથમાંથી કે તેના વાસણમાંથી આવે તો પોતે ન લે, તે પ્રમાણે અચિત્ત ફળનો ગર્ભ આપે તો પોતે નોહિ (        ) બોલે, તેમ અણિહિ (              ) પણ ન બોલે,

પછી તે લેઈને તે બગીચામાં કોઈ ઝાડ નીચે અથવા મકાનના છાપરા નીચે બેસીને જ્યાં જીવ જંતુ એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી ન હોય ત્યાં પોતે શાંતિથી બેસીને ફળનો ગર્ભ લીધેલો હોય તેને ફરીથી જોઈલે, અને પોતાના કે ગૃહસ્થના પ્રમાદથી ઠળીયો કે કાંટો રહી ગયો હોય, તો તેને

ખાતાં બાજુએ રાખીને ખાઈ રહ્યા પછી એકાંતમાં જઈને અચિત્ત જગ્યા કુંભારનો નિભાડો વિગેરે હોય ત્યાં જગ્યા પુંજી પુંજીને પરઠવે.

આ જગ્યાએ કેટલાક આચાર્યનો એવો અભિપ્રાય છે કે આગળ ગળત કોઢ વિગેરેમાં તે સાધુને અધિક પીડા થતી હોય, અને તેને સંસારી ન કરી શકવાથી તેની ઉમર જુવાન હોય, અને વૈદ એમ સલાહ આપે કે આ રોગની શાંતિ માટે મરેલા જનાવર કે માછલાનો વચલો ગર્ભ તેના ઉપર બાંધવો, આવા અપવાદના કારણે છેદસૂત્રના અભિપ્રાય પ્રમાણે કદાચ પેલા સાધુના રક્ષણ માટે લીધું હોય તો પણ તેમાં રહેલ હાડકું અથવા કાંટો સંભાળથી એકાંતમાં લેઈ જઇ પરઠવવો. અહીં 'ભુજ' ધાતુનો અર્થ ભોગવવાનો છે, પણ ખાવા માટે નહિ, જેમ પદાતિ ( પાયદળ સેના ) નો રાજા ભોગ કરે છે, અથવા સાધુ પાટ પાટલાને ભોગવે છે, *

---

*( હરમન જેકોબી નામના જરમન વિદ્વાને કલ્પ સૂત્ર તથા આચારાંગ સૂત્રના મૂળ ઉપરથી અંગ્રેજી ભાષાંતર કરેલું છે, તેમાં આવા સુત્રોમાં માંસ અને માછલા સંબંધી જ્યાં જ્યાં પાઠો છે, ત્યાં પોતાનો એવો અભિપ્રાય આપ્યો છે, કે આગળના સાધુઓ માંસ ભક્ષણ કરતા, પરંતુ તે વિદ્વાનને જો આ દેશની રીતિ કે જૈન સૂત્રોના આગલા પાછલા ભાગ તપાસ્યા હોત તો આવી શંકા સ્વપ્ને પણ ન થાત, કારણકે નરકમાં જવાના કારણમાં આજ સૂત્રમાં પા.

લખેલ છે કે માંસ ભક્ષણથી જીવ નરકમાં જાય છે, તથા આજ સૂત્રમાં પા- લખાયેલ છે કે માંસની જ્યાં ગંધ પણ આવે ત્યાં દવા લેવા પણ ખાસ કારણ વિના જવું નહિ, તેમજ કુમારપાળને માંસની વાસના ઘેબર ખાતાં થવાથી બત્રીશ દાંત પડાવી નાંખવાનું પ્રાયશ્ચિત હેમચંદ્રાચાર્યે આપ્યું હતું, માંસ ભક્ષણનો રીવાજ આ 'ભારત વર્ષ'માં કદાપી પણ નહોતો, પણ જ્યારે કોઈ વખતે ઉપરા ઉપરી દુકાળ પડવા માંડ્યા, ત્યારે ગરીબ રાંક માણસો કે પૈસાદારને હજારો રૂપિયે પણ પેટ ન ભરાતું, ત્યારે કાંતો પોતાના ઢોરોને મારી ખાતાં, કાંતો મરેલાં પશુ પક્ષી માછલાંને ખાતાં શીખ્યા અને તેનાથી પણ વધારે ખરાબ સમય આવતાં અનાજ ને પશુના અભાવે જબરા માણસો નબળાને મારી ખાવા માંડ્યા અને તે વખતે પડેલી કુટેવ કોઈને રહી જવાથી ધીરે ધીરે મનુષ્ય તો સામે થાય તેમ તેનો વગ વસીલો હોવાથી તેને ખાવું છોડી બાકી પશુ પક્ષીને મારી ખાવાનો રીવાજ થોડે ઘણે અંશે આ દેશમાં કાયમ રહ્યો છે અને જીભના સ્વાદુઓએ એવું ઠોકી બેસાડયું કે માંસથી શરીરમાં પુષ્ટિ આવે છે, આ બહાનાથી કેટલાક ભોળા દયાળુ પણ અશક્તિ આવતાં ખાવા લાગ્યા અને ક્ષત્રિયોને શીકારની દુષ્ટ પ્રથા પડી અને તેમણે પણ નિર્દોષ પ્રાણીના પ્રાણ લેઇ પોતાના પ્રાણની પુષ્ટિ કરવા પ્રયત્ન કર્યો, ત્યારે કેટલાક નામમાત્ર બ્રાહ્મણત્વ રાખી તેમણે યજ્ઞો અને દેવીઓના બળિદાનમાં જીવ હિંસા કરવા માંડી, મહિસાસુર રાક્ષસ જેવાનાં જીવન-

ચરિત્ર લખાયાં, અને ભયંકર હળાહળ કળિયુગ વ્યાપતાં સ- ર્વત્ર જીવહિંસા ફેલાઈ ગઈ, તે સમયે મહાવીર અને ગૌતમ- બુદ્ધ બંને સબળ જીવદયાના હિમાયતી નીકળ્યા. મહાવીર પ્રભુએ તો ચોખ્ખું કહ્યું કે શરીરને પુષ્ટ કરવાથી ઇંદ્રિયો પુષ્ટ થતાં કુકર્મ કરવાથી દુર્ગતિમાં જવું પડશે, માટે શરીર રક્ષ- ણના માટે વનસ્પતિનો આહાર પણ વિવેકપૂર્વક ખાવો અને ગૌતમબુદ્ધે તો ક્ષણિકત્વની પુષ્ટિ કરી ઇંદ્રિયોના સ્વાદ છોડા- વ્યા, પણ તેમના અનુયાયીઓમાં ધીમે ધીમે મરેલા પશુ પક્ષીના માંસનો પ્રચાર ચાલુ થયો અને જૈનમાં તો તેનો સ- ર્વથા નિષેધ અદ્યાપિ પર્યંત કાયમ જ છે. અહીં એટલું જરૂર લખવું પડશે કે–સ્વામી નારાયણપંથે ગુજરાત કાઠીયાવાડમાં જીવદયાનો કાંઈક અંશે સારો ફેલાવો કર્યો છે અને કાંઈક અંશે વૈષ્ણવોએ ફેલાવ કર્યો છે, પણ ઉત્તર પૂર્વ હિંદુસ્તા- નમાં જ્યાં ઘણો ભાગ માંસ ભક્ષક છે, ત્યાં આર્યસમાજીઓએ જીવદયાનો સારો ફેલાવ કર્યો છે, પણ બંગાળ તથા મગધ તથા સિંધ વિગેરે દેશમાં ઘણા ભાગમાં હજુ પણ આ બુરી પ્રથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, શુદ્રમાં છે, ત્યાં જવું હોય તો વિના પૂછે પાણી પણ પીવું ઉચિત નથી, તે દેશમાં ગયેલા ગુજરાતી, મારવાડી, બ્રાહ્મણ, વણિક, કણબી વિગેરે જ જીવ દયાળુ છે.

માંસ શરીર પુષ્ટ કરે છે એ ભ્રમ હાલ દૂર થયો છે, કારણ કે હાથી માંસ ખાતો નથી, છતાં શક્તિ અત્યંત છે

અને સિંહ માંસ ખાવા છતાં ક્રૂરતાને લીધે પોતાનું કે પારકાનું ભલું કરતો નથી, તેમજ માંસ ભક્ષકને પ્રાયે દારૂ પરમ મિત્ર થવાથી પછી સાતે વ્યસન લાગુ પડે છે. તે આગળ કહી ગયા છીએ. અમારા દરેક બંધુ આ વિષય વાંચીને બને ત્યાં લગી માંસ પ્રચાર દૂર કરવા પ્રયાસ કરશે. )

**से भिक्खू० सिया से परो अभिहट्टु अंतो पडिग्गहे बिलं वा लोणं उब्भियं वा लोणं परिभाइत्ता नीहट्टु दलइज्जा, तहप्पगारं पडिग्गहं परहत्थंसि वा २ अफासुयं नो पडि०, से आहच्च पडिगाहिए सिया तं च नाइदूरगए जाणिज्जा, से तमायाए तत्थ गच्छिज्जा २ पुव्वामेव आलोइज्जा—आउसोत्ति वा २ इमं किं ते जाणया दिन्नं उयाहु अजाणया ?, से य भणिज्जा—नो खलु मे जाणया दिन्नं, अजाणया दिन्नं, कामं खलु आउसो ! इयाणिं निसिरामि, तं भुंजह वा णं परिभाएह वा णं तं परेहिं समणुन्नायं समणुसट्ठं तओ संजयामेव भुंजिज्ज वा पीइज्ज वा, जं च नो संचाएइ भोत्तए वा पायए वा साहम्मिया तत्थ वसंति संभोइया समणुन्ना अपरिहारिया अदूरगया, तेसिं अणुप्पयायव्वं सिया, नो जत्थ साहम्मिया जहेव बहुपरियावन्नं कीरइ तहेव कायव्वं सिया, एवं खलु० ॥ (सू० ५९) ॥२-१-१-१०॥ पिण्डैषणायां दशम उद्देशकः ॥**

તે ભિક્ષુ ઘર વિગેરેમાં ગોચરી જતાં કદાચ ગૃહસ્થ પાસે માંદા વિગેરે માટે ખાંડ વિગેરે માગતાં બિડ લવણ

ખાણુમાં ઉત્પન્ન થએલ મીઠું તથા ઉદ્‌ભિજ્જ તે સમુદ્રનું મીઠું ભૂલથી આપે, તે વખતે સાધુએ તેના હાથમાં કે વાસણમાંથી તપાસીને લેવું કે ભૂલથી ખાંડને બદલે મીઠું ન આવે, પણ કદાચ બંનેને ઉતાવળ હોવાથી સાધુના પાત્રમાં આવી ગયું હોય અને થોડે દૂર ગયા પછી સાધુને ખબર પડે તો પાછો આવીને તે ગૃહસ્થને કહે કે, આ તમે ખાંડને બદલે મીઠું આપેલ છે તે જાણુમાં કે અજાણુમાં ? જો અજાણુમાં આપ્યાનું કહે અને પછી એમ કહે કે તમને જો ખપ હોય તો વાપરજો, આ પ્રમાણે ગૃહસ્થ જો રજા આપે તો પ્રાસુક હોય તો સાધુએ વહેંચીને ખાવું, કદાચ અપ્રાસુક આવે અને ગૃહસ્થ પાછું ન લે તો પરઠવવાનો મહાન દોષ જાણીને પોતે ખાય પીયે, વધારે હોય તો નજીક રહેલા ઉત્તમ સાધુઓને વહેંચી આપે, તેવા સાધર્મિક ન હોય તો પોતાની શક્તિ પ્રમાણે વાપરે, ( બાકીનું પરઠવી દે. ) આ સાધુનું સર્વથા સાધુપણું છે. ( એટલા માટે બને ત્યાં લગી ગોચરી જનારે ગોચરીમાંજ પુરતું લક્ષ્ય રાખીને વસ્તુ લેવી કે પછવાડે આવી તકલીફ ન પડે. )

દશમો ઉદ્દેશો સમાપ્ત.

# अग्यारमो उद्देशो.

દશમો ઉદ્દેશો કહ્યો, હવે અગ્યારમો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં મળેલા પિંડનો ( લેવા ન લેવા તથા વાપરવા પરઠવવા સંબંધી ) વિધિ કહ્યો, તેનેજ અહીં વિશેષથી કહે છે.

**भिक्खागा नामेगे एवमाहंसु समाणे वा वसमाणे वा गामाणुगामं वा दूइज्जमाणे मणुन्नं भोयणजायं लभित्ता से भिक्खू गिलाइ, से हंदह णं तस्साहरह, से य भिक्खू नो भुंजिज्जा तुमं चेव णं भुंजिज्जासि, से एगइओ भोक्खामित्ति-कट्टु पलिउंचिय २ आलोइज्जा, तंजहा--इमे पिंडे इमे लोए इमे तित्ते इमे कडुयए इमे कसाए इमे अंबिले इमे महुरे, नो खलु इत्तो किंचि गिलाणस्स सयइत्ति माइट्ठाणं संफासे, नो एवं करिज्जा, तहाठियं आलोइज्जा तहाठियं गिलाणस्स सय-इत्ति, तं तित्तयं तित्तएत्ति वा कडुयं कडुयं कसायं कसायं अंबिलं अंबिलं महुरं महुरं० ॥ ( सू० ६० )**

( ભિક્ષા માટે વિહાર કરે શુદ્ધ ગોચરી લે માટે ભિક્ષણ શીલા ) તે સાધુઓ સમાન આચાર વિચાર વ્યવહારવાળા એકજ જગ્યાએ રહ્યા હોય, અથવા બહાર ગામથી વિહાર કરતા આવ્યા હોય, ( વા શબ્દથી અસમાન આચારવાળા પણ ભેળા સમજવા ) તેમાં કોઈ સાધુ માંદો પડે, તો ભિક્ષા-માં ફરનારા સાધુઓ ગોચરીમાં મનોજ્ઞ ભોજનનો લાભ

થતાં બીજા સોબતી સાધુને કહે કે આ સારૂં ભોજન તમે લેઇને માંદા સાધુને આપો, અને જો તે ન ખાય, તો તમેજ ખાઈ લે જો, આ પ્રમાણે માંદાની વેયાવચ્ચ કરનાર ને કહેતાં તે સાધુ માંદા માટે આહાર લેઈને વિચાર કરે કે, આ સારૂં મિષ્ટાન વિગેરે સ્વાદિષ્ટ વસ્તુ હું ખાઈશ, પછી તે માંદા પાસે જઇને સારો આહાર છુપાવીને માંદાને કહે કે આ આહાર તમને આપતાં વાયુ વિગેરે વધી જશે માટે તમારે ખાવા યોગ્ય નથી, કારણ કે આ અપથ્ય છે. એટલે તેના આગળ આહારનું પાત્રું મુકી કહે કે તમારે માટે સાધુએ આહાર આપ્યો છે, પણ આ તો લૂખો છે, તીખો છે, કડવો છે, કષાયેલો ખાટો મધુર છે, તે અમુક રોગ ઉત્પન્ન કરે તેવો છે. માટે તમને તેનાથી ઉપકાર થાય તેમ નથી, આ પ્રમાણે કહી માંદાને ડરાવીને–ઠગીને પોતે ખાઈ જાય તે માટે કપટ કર્યું. કહેવાય, તેવું પાપ સાધુએ ન કરવું, ત્યારે તેણે શું કરવું ? તે કહે છે—

જેવું હોય તેવું માંદાને દેખાડવું, અર્થાત્ કપટ કર્યા-વિના તેને અનુકુળ હોય તે બધો આહાર સમજાવીને આપી દેવો.

**भिक्खागा नामेगे एवमाहंसु—समाणे वा वसमाणे वा गामाणुगामं दूइज्जमाणे वा मणुन्नं भोयणजायं लभित्ता से य भिक्खू गिलाइ से हंदह णं तस्स आहरह, से य भिक्खू नो भुंजिज्जा आहारिज्जा, से णं नो खलु मे अंतराए आहरिस्सामि, इच्चेयाइं आयतणाइं उवाइकम्म ॥ ( सू० ६१ )**

તે સાધુઓ સુંદર આહાર લાવીને પોતાને ત્યાં રહેલા અથવા નવા પરોણા આવેલા સાધુઓને માંદાને ઉદ્દેશીને કહે કે, આમાંથી માંદાને યોગ્ય સારૂં સારૂં ભોજન લો અને તે ન ખાય તો પાછું લાવજો, પછી લેવાવાળો કહે કે હું તેને અંતરાય પાડયા વિના તેને યોગ્ય આપીને બાકીનું વધેલું પાછું લાવીશ. પછી આહાર લઈને માંદાને આહાર ગયા સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ખોટું સમજાવી તેને ઠગી તે પોતે બધું ખાઈ લે, અને આહાર આપનાર સાધુઓને મોડેથી જઈને કહે કે, તે સાધુએ કંઈ લીધું નહિ. તો તે પાછું લાવતા મને વેયાવચ્ચ કરતાં ગોચરી યોગ્ય સમયે ન વાપરવાથી શૂળ ઉઠી, તેથી તમારી પાસે પાછો આહાર ન લાવ્યો, ( પણ મેં જેમ તેમ દુઃખેથી ખાઈ લીધો ! ) આવું કપટ ન કરવું. માટે શું કરવું ? તે કહે છે—

તેવું કપટ કર્યા વિના માંદાને બધો આહાર બતાવી સત્ય સમજાવીને તે જેટલો આહાર લે, તે આપવો, અને ન લે, તે બીજા સાધુઓને પાછો આપી આવવો.

પિંડના અધિકારથીજ સાતપિંડૈષણાને આશ્રયી સૂત્ર કહે છે.

**अह भिक्खू जाणिज्जा सत्त पिंडेसणाओ सत्त पाणेसणाओ, तत्थ खलु इमा पढमा पिंडेसणा—असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते, तहप्पगारेण असंसट्ठेण हत्थेण वा मत्तेण वा असणं वा ४ सयं वा णं जाइज्जा परो वा से दिज्जा फासुयं**

पडिगाहिज्जा, पढमा पिंडेसणा १ ॥ अहावरा दुच्चा पिंडेसणा—संसट्ठे हत्थे संसट्ठे मत्ते, तहेव दुच्चा पिंडेसणा २ ॥ अहावरा तच्चा पिंडेसणा—इह खलु पाईणं वा ४ संतेगयाइ सड्ढा भवंति—गाहावई वा जाव कम्मकरी वा, तेसिं च णं अन्नयरेसु विरूवरूवेसु भायणजाएसु उवनिक्खित्तपुव्वे सिया, तंजहा—थालंसि वा पिढरंसि वा सरगंसि वा परगंसि वा वरगंसि वा, अह पुणेवं जाणिज्जा—असंसट्ठे हत्थे संसट्ठे मत्ते, संसट्ठे वा हत्थे असंसट्ठे मत्ते, से य पडिग्गहधारी सिया पाणिपडिग्गहिए वा, से पुव्वामेव०-आउसोत्ति वा ! २ एएण तुमं असंसट्ठेण हत्थेण संसट्ठेण मत्तेणं संसट्ठेण वा हत्थेण असंसट्ठेण मत्तेण अस्सिं पडिग्गहगंसि वा पाणिंसि वा निहट्टु उचित्तु दलयाहि तहप्पगारं भोयणजायं सयं वा णं जाइज्जा २ फासुयं० पडिगाहिज्जा, तइया पिंडेसणा ३ ॥ अहावरा चउत्था पिंडेसणा—से भिक्खू वा० से जं० पिहुयं वा जाव चाउलपलंबं वा अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पच्छाकम्मे अप्पे पज्जवजाए, तहप्पगारं पिहुयं वा जाव चाउलपलंबं वा सयं वा णं० जाव पडि०, चउत्था पिंडेसणा ४ ॥ अहावरा पंचमा पिंडेसणा—से भिक्खू वा २ उग्गहियमेव भोयणजायं जाणिज्जा, तंजहा—सरावंसि वा डिंडिमंसि वा कोसगंसि वा, अह पुणेवं जाणिज्जा बहुपरियावन्ने पाणीसु दगलेवे, तहप्पगारं असणं वा ४ सयं० जाव पडिगाहि०, पंचमा पिंडेसणा ५ ॥ अहावरा छट्ठा पिंडेसणा-से भिक्खू वा २ पग्गहियमेव भोयणजायं जाणिज्जा, जं च सयट्ठाए पग्गहियं, तं पायपरियावन्नं तं पाणिपरियावन्नं फासुयं जं च परट्ठाए पग्गहियं पडि०, छट्ठा पिंडेसणा ६ ॥ अहावरा

सत्तमा पिंडेसणा—से भिक्खू वा० बहुउज्झियधम्मियं भोयणजायं जाणिज्जा, जं चऽन्ने बहवे दुपयचउप्पयसमणमाहणअतिहिकिवणवणीमगा नावकंखंति, तहप्पगारं उज्झियधम्मियं भोयणजायं सयंवाणं जाइज्जा परो वा से दिज्जा जाव पडि०, सत्तमा पिंडेसणा ७ ॥ इच्चेयाओ सत्त पिंडेसणाओ, अहावराओ सत्त पाणेसणाओ, तत्थ खलु इमा पढमा पाणेसणा—असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते, तं चेव भाणियव्वं, नवरं चउत्थाए नाणत्तं । से भिक्खू वा० से जं० पुण पाणगजायं जाणिज्जा, तंजहा—तिलोदगं वा ६, अस्सिं खलु पडिग्गहियंसि अप्प पच्छाकम्मे तहेव पडिगाहिज्जा ॥ (सू० ६२)

અથ શબ્દ અધિકારના અંતરમાં આવે છે. પ્ર૦—શું અધિકાર બતાવે છે? ઉ૦—સાતપિંડ એષણા. અને પાન (પાણી) ની એષણા અર્થાત્ ભિક્ષુ એમ જાણે કે નીચે બતાવેલી પિંડ એષણા તથા પાન એષણા છે,

१ असंसट्ठा २ संसट्ठा ३ उद्धडा ४ अप्पलेवा ५ उग्गहिया ६ पग्गहिया ७ उज्झियधम्मा.

સાધુઓના બે ભેદો છે, ગચ્છમાં રહેલ સ્થવિર કલ્પી અને ગચ્છથી નીકળેલા જિનકલ્પી, ઉપરની સાતે પિંડએષણા સ્થવિર કલ્પીને લેવાય, પણ જિનકલ્પીને પ્રથમની બે છોડીને પાછળની પાંચ લેવાય છે.

## પ્રથમની પિંડ એષણાનું સ્વરૂપ—

અસસૃષ્ટ હાથ, અસસૃષ્ટ વાસણ, અને વહોરાવ્યા

પછી વાસણમાં દ્રવ્ય રહે અથવા ન રહે, તેમાં જો બીલકુલ દ્રવ્ય ન રહે તો તુર્ત વાસણ ધોવાનો પશ્ચાત્ કર્મનો દોષ લાગે, છતાં પણ ગચ્છમાં બાલક, બૂઢા, તપસ્વી વિગેરેના આકુળપણાના કારણે નિષેધ નથી, તેથીજ સૂત્રમાં તેની ચિંતા કરી નથી, ન ખરડેલો હાથ, ન ખરડેલું વાસણ, તેથી અસન વિગેરે ચાર પ્રકારનો આહાર યાચે, અથવા ગૃહસ્થ પોતે યાચ્યા વિના પણ આપે, તો ખપ હોય તે પ્રમાણે ફાસુ આહાર ગ્રહણ કરે,

## બીજી પિંડએષણા.

ખરડેલો હાથ, ખરડેલું વાસણ, ગૃહસ્થ પોતાના માટે તે વસ્તુ લેવા હાથ અને વાસણ ખરડે—

## ત્રીજી પિંડએષણા.

પ્રજ્ઞાપકની અપેક્ષાએ પૂર્વ વિગેરે દિશામાં કેટલાક શ્રદ્ધાળુ શ્રાવકો કે ભદ્ર ગૃહસ્થો રહેતા હોય, તે શેઠથી લઈને નોકરડી સુધી હોય છે, તેમના ઘરમાં અનેક જાતિના વાસણોમાં અન્ન વિગેરે પ્રથમ નાંખેલું હોય છે, તે થાલમાં પિઠર (          ) સરગ તે શારિકા ( સરકીયા ) ના ઘાસનું બનાવેલું સૂપડું વિગેરે પરગ તે વાંસની બનાવેલી છાબડી વિગેરે છે, 'વરગ' તે મણિ વિગેરે રત્નો જડીને બનાવેલું કિંમતી વાસણ હોય, તેમાં કોઈ ચીજ કાઢીને મુકી હોય, તો હાથ ન ખરડેલો હોય અને વાસણ ખરડેલું હોય, તો પાતરાં ધારણ કરનાર સ્થવિર કલ્પી અથવાં પાત્રાં છોડીને

હાથમાં ખાનાર જિનકલ્પી હોય, તો ગૃહસ્થને પ્રથમજ કહે, હે આયુષ્મન્! અથવા હે બાઈ! તમે ન ખરડેલા હાથે, ખરડેલા વાસણે અથવા ખરડેલા હાથે, ખરડેલા વાસણે આ પાતરામાં કે આ હાથમાં સંભાળથી લઈને આપો, અથવા પોતે જે વસ્તુ જોઇતી હોય, તેનું નામ કહીને યાચે અને તે ગૃહસ્થ આપે તો ફાસુ આહાર લે.

અહીં ખરડેલો હાથ, ખરડેલું વાસણ અને થોડું દ્રવ્ય પછવાડે રહે એવો આઠમો ભાંગો જિનકલ્પીને કલ્પે, સ્થવિર કલ્પીને તો સૂત્ર અર્થની 'હાનિ' વિગેરેના કારણોને લઈને બધા ભાંગા કલ્પે છે—

## અલ્પલેપા નામની ચોથી પિંડએષણા.

કુરમુરા મમરા પૃથુક વિગેરે ચોખા શેકીને બનાવેલા હોય, તો તે લેતાં વાસણ હાથને લેપ લાગતો નથી તથા અલ્પ તે ચોખાની કણકી વિગેરેના બનાવેલ હોય, તો અલ્પપર્યાય કહેવાય, તે બંનેને લેવાય છે. તેમ વાલ, ચણા વિગેરે પણ કલ્પે.

## અવગૃહિતા—(૫)

એટલે ગૃહસ્થે પોતાને ખાવા માટે વાસણ ધોયું હોય કે હાથ ધોયા હોય, તેવા વાસણમાં જો પાણીનો લેપ દેખાતો હોય તો લેવું ન કલ્પે. પણ બહુ સુકાઇ ગયું હોય તેવા શરાવલા, ડિંડિમ ( કાંસાનું વાસણ ) તથા કોશક (
) માં ખાવાનું કાઢેલું હોય, તો સાધુને લેવું કલ્પે.

## પ્રગૃહીતા—

ગૃહસ્થે સ્વાર્થ માટે કે બીજા માટે ચરૂ, હાંડી વિગેરે રાંધવાના વાસણમાંથી ચાટવા વિગેરેથી લઈને બીજાને વસ્તુ આપી હોય તે બીજાએ ન લીધી હોય, અથવા સાધુને અપાવી હોય તો પ્રગૃહીતા કહેવાય, તે ગૃહસ્થના વાસણમાં કે હાથમાં વસ્તુ હોય તો ફાસુ હોય તે લે.

## ઉજ્ઝિત ધર્મા—

તે ઘરની અંદર ઘણા નોકર ચોપગાં કે અન્ય સાધુ બ્રાહ્મણ અતિથિ માગણ ઈચ્છે નહિ તેવી લૂખી સાદી રસોઈ હોય તે પરઠવવા યોગ્ય હોય તેવું ભોજન પોતે યાચે અથવા ગૃહસ્થ આપે તો લે.

## હવે સાત પાણીની એષણાઓ કહે છે.

તેમાં પ્રથમની ત્રણ તો ભોજન માફક છે અને ચોથીમાં ભેદ છે, કારણ કે તે પાણી સ્વચ્છ હોવાથી તેમાં અલ્પ લેપપણું છે, તેથી સંસૃષ્ટ વીગેરેનો અભાવ છે, આ પછીની ત્રણ પાણીની એષણાઓ વધારે વધારે વિશુદ્ધ હોવાથી એવોજ ક્રમ છે. ( અન્ન માફક પાણીનું પણ જાણવું ).

હવે આ બતાવેલા અથવા પૂર્વે બતાવેલા સૂત્ર વડે શું કરવું તે કહે છે.

**इच्चेयासिं सत्तण्हं पिंडेसणाणं सत्तण्हं पाणेसणाणं अन्नयरं पडिमं पडिवज्जमाणे नो एवं वइज्जा—मिच्छापडिवन्ना**

खलु एए भयंतारो, अहमेगे सम्मं पडिवन्ने, जे एए भयंतारो एयाओ पडिमाओ पडिवज्जित्ता णं विहरंति जो य अहमंसि एयं पडिमं पडिवज्जत्ताणं विहरामि सव्वेऽवि ते उ जिणाणाए उवट्ठिया अन्नुन्नसमाहीए, एवं च णं विहरंति, एयं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गियं ॥ ( सू० ६३ ) २-१--१-११ पिण्डैषणायामेकादश उद्देशकः ॥

આ સાત પિંડેષણા અથવા પાન એષણામાંની કોઈપણ પ્રતિમાને સાધુ સ્વીકારીને આવું પછીથી ન બોલે, કે–"બીજા સાધુ ભગવંતો સારી રીતે પિંડેષણા વિગેરે અભિગ્રહો પાળતા નથી, હુંજ એકલો બરોબર પાળું છું." તેથી મેંજ વિશુદ્ધ અભિગ્રહ લીધો છે, પણ બીજાઓએ નથી લીધો, આ ઉપરથી ગચ્છમાંથી નીકળેલાએ કે ગચ્છમાં રહેલાએ પરસ્પર સમદૃષ્ટિથી દેખવા, પણ ઉત્તમ રીતે પિંડેષણા પાળનારા ચડતી અવસ્થાએ પહોંચેલા ગચ્છમાં રહેલા સાધુએ પણ પોતાનાથી નીચા સાધુ જેઓ પ્રથમની પિંડેષણામાં રહ્યા હોય તેમને પણ દોષ દેવો નહિ.

પ્ર૦—ત્યારે શું કરવું ? તે કહે છે.

આજે સાધુ ભગવંતો પિંડેષણા વિગેરે વિશેષ અભિગ્રહોને ધારણ કરીને ગામ ગામ વિચરે છે, અને હું જે પ્રતિમાને ધારણ કરીને વિચરૂં છું. તેથી અમે બધા જિનેશ્વરની આજ્ઞામાં છીએ, અથવા જિનાજ્ઞાએ વિચરે છે, તેથી અભ્યુદ્યત વિહાર કરનાર સંવરવાળા છે, તેઓ બધા એક બીજાને સમાધિવડે જે ગચ્છમાં જેને જે સમાધિ બતાવી

હોય તેને ' તે ' પાળે, કારણ કે ગચ્છવાસિઓને ઉપર બતાવી તે સાતે યથાશક્તિ પાળવાની છે. ગચ્છથી નીકળેલાઓને પાછળની પાંચનો અભિગ્રહ છે, તે વડે તેઓ પ્રયત્ન કરે, તે પ્રમાણે તે પાળીને વિચરતા હોય તે બધા જિનેશ્વરની આજ્ઞા ઉલંઘતા નથી, તે સંબંધમાં પૂર્વે બતાવેલી ગાથા કહે છે.

**जोऽवि दुवत्थ तिवत्थो, बहुवत्थ अचेलओवि संथरइ,**
**न हु ते हीलंति परं, सव्वेविअ ते जिणाणाए ॥ १ ॥**

કોઈ બે કોઈ ત્રણ કોઈ વધારે કોઈ બીલકુલ વસ્ત્ર ન પહેરે, તો પણ તે પરસ્પર નિંદા ન કરે, કારણ કે તે બધા જિનેશ્વરની આજ્ઞામાં છે. આજ તે સાધુનું સમગ્ર સાધુપણું છે, ( આ છેવટના સૂત્રનો પરમાર્થ એ છે કે સ્વ–પરને દુઃખ ન થાય, તેમ વિચારપૂર્વક ગોચરી વિગેરે લેવું વાપરવું, પણ તે પ્રમાણે નિર્વાહ ન થાય, તો બને તેટલું નિર્મળ ભાવથી પાળવા પ્રયત્ન કરવો. પણ વધારે ઉત્કૃષ્ટ માર્ગ પાળનારે પણ પોતે અહંકાર કરીને બીજાની નિંદા ન કરવી, તેમ પોતાની શક્તિ વધતાં સામાન્ય પાળનારે પણ ઉત્કૃષ્ટ પાળવા પ્રયત્ન કરવો. )

---

## શય્યાએષણા નામનું બીજું અધ્યયન—

બીજા શ્રુત સ્કંધનું પ્રથમ અધ્યયન કહીને હવે બીજું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા અધ્યયનમાં ધર્મના આધાર રૂપ શરીરની પ્રતિપાલના માટે પ્રથમજ પિંડ

ગ્રહણનો વિધિ બતાવ્યો અને તે પિંડ ( આહાર પાણી ) લઈને જ્યાં ગૃહસ્થો ન હોય તેવા સ્થાનમાં વાપરવું. તેથી તે સ્થાનના ગુણ દોષ બતાવવા આ બીજું અધ્યયન કહે છે, આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો કહેવા, તેથી નામ નિષ્પન્ન નિક્ષેપામાં " શય્યા એષણા " નામ છે, તેના નિક્ષેપા કરવામાં " પિંડૈષણા નિર્યુક્તિ " જ્યાં સંભવે ત્યાં ટુંકાણમાં પ્રથમ ગાથા વડે અને બીજી એષણાઓની નિર્યુક્તિઓને યથાયોગ સંભવતી બીજી ગાથા વડે પ્રકટ કરીને ત્રીજી ગાથા વડે " શય્યા " શબ્દના ' છ નિક્ષેપા ' ના વિચારમાં નામ સ્થાપના છોડીને નિર્યુક્તિકાર કહે છે.

**दव्वे खित्ते काले भावे, सिज्जाय जा तहिं पगयं**
**केरिसियासिज्जा खलु संजय जोगत्ति नायव्वा* ? ॥२९८॥**

દ્રવ્ય શય્યા ક્ષેત્ર શય્યા કાળ શય્યા અને ભાવ શય્યા એ ચાર પ્રકારે શય્યા છે, તેમાં દ્રવ્ય શય્યાની જરૂર છે, તેથી સંયતોને કેવી શય્યા યોગ્ય છે. તેજ હવે બતાવશે. દ્રવ્ય શય્યાની હવે વ્યાખ્યા કરે છે.

---

* છાપેલા આચારાંગના સંશોધકથી બીજા સ્કંધના ૧ લા અધ્યયનની નિર્યુક્તિની નકલ કરતાં આંકડાની ભૂલ થઈ છે, એટલે ટીકાકારના ત્રણ શ્લોક સાથે લેતાં નિર્યુક્તિની ગાથાના ૧૬ આંક આવેલ છે, પણ ખરી રીતે નિર્યુક્તિકારની કૃતિ પ્રમાણે ગણતરી ૪ ના આંકડાથી ગાથાઓ ગણતાં ૨૮૫ થી ગણતાં ૨૯૭ આવે છે તેથી બીજા અધ્યયનમાં આંક ૨૯૮ નો જોઇએ તે મળી રહે છે.

**तिविहा य दव्वसिज्जा सचित्ताऽचित्त मीसगा चेव।**
**खित्तंमि जंमि खित्ते काले जा जंमि कालंमि ॥ २९९ ॥**

ત્રણ પ્રકારની દ્રવ્ય શય્યા છે, સચિત્ત અચિત્ત અને મિશ્ર. તેમાં સચિત્ત તે પૃથ્વીકાય વિગેરે ઉપર, અને અચિત્ત તે પ્રાસુક પૃથ્વી વિગેરે ઉપર, અને મિશ્ર તેજે અર્ધપરિણત પૃથ્વી વિગેરે ઉપર જે શય્યા હોય તે. અથવા સચિત્ત શય્યાનું વર્ણન નિર્યુક્તિકાર હવે પછીની ગાથામાં પોતેજ કહે છે, ક્ષેત્ર શય્યા તે જે ગામ વિગેરે ક્ષેત્ર ( સ્થાન )માં શય્યા કરાય તે, કાલશય્યા તે જે ઋતુ બદ્ધકાળ વિગેરેમાં જે શય્યા કરાય, તે કાળ શય્યા છે, તેમાં સચિત્ત દ્રવ્ય શય્યાનું દૃષ્ટાંત બતાવે છે.

**उक्कल कलिंग गोअम वग्गुमई चेव होइ नायव्वा।**
**एयं तु उदाहरणं नायव्वं दव्वसिज्जाए ॥ ३०० ॥**

## આ ગાથાનો ભાવાર્થ કથાથી જાણવો.

એક અટવીમાં બે ભાઈઓ ઉત્કલ અને કલિંગ નામના વિષમ ( વિકટ ) પ્રદેશમાં પલ્લિ બનાવીને ચોરી કરે છે. તેમની બેન વલ્ગુમતી નામની છે, ત્યાં ગૌતમ નામનો નિમિત્તિઓ આવ્યો, બે ભાઈઓએ તેનો સત્કાર કર્યો, પણ વલ્ગુમતીએ ખાનગીમાં કહ્યું કે આ આપણું ભલું કરનાર ભદ્રક નથી, આ અહીં રહીને આપણી પલ્લીનો વિનાશ કરશે, માટે તેને કાઢવો જોઈએ, તેથી તે બે ભાઈઓએ તેના વચનથી તેને કાઢયો, પેલા નિમિત્તિઆએ પણ તેના ઉપર દ્વેષી બનીને આ

પ્રતિજ્ઞા કરી કે " જો હું વલ્ગુમતીના ઉદરને ચીરીને તેમાં ન સુઉં તો મારૂં નામ ગૌતમ નહિ." બીજા આચાર્યો કહે છે કે તે સમયે તેને બાળકો નાંનાં હોવાથી વલ્ગુમતી પોતેજ પલ્લીની માલીક હતી, અને ત્યાં ઉત્કલ અને કલિંગ નામના બે નવા નિમિત્તિયા આવેલ હતા, તેથી પૂર્વે આવેલ ગૌતમ નિમિત્તિયાને પોતે કાઢયો, તેથી ગૌતમે દ્વેષથી પ્રતિજ્ઞા કરીને માર્ગમાં સર્સવને વાવતો ગયો, ચોમાસામાં સરસવો ઉગ્યા, તે ઉગેલા સરસવોને આધારે બીજા રાજાનો પ્રવેશ કરાવી તે બધી પલ્લીને લુંટાવીને બાળી નાંખી, ગૌતમે પણ વલ્ગુમતીને કેદ પકડી તેનું પેટ ચીરાવીને થોડી જીવતી તરફડતી હતી, તે સમયે તેના પેટ ઉપર સૂતો, આ સચિત્ત દ્રવ્યશય્યા જાણવી.

## ભાવશય્યાનું વર્ણન.

**दुविहा य भावसिज्जा कायगए छव्विहे य भावंमि ।**
**भावे जो जत्थ जया सुहदुहगब्भाइसिज्जासु ॥ ३०१ ॥**

બે પ્રકારની ભાવશય્યા છે. ( ૧ ) કાય વિષય સંબંધી અને છ ભાવ સંબંધી તેમાં જે જીવ ઔદયિક વિગેરે ભાવમાં જે કાળે વર્ત્તે, તે તેની છ ભાવરૂપ ભાવશય્યા છે, કારણ કે શયન તે શય્યા સ્થિતિ છે, તેજ પ્રમાણે જે જીવ સ્ત્રી વિગેરેની કાય ( ઉદર )માં ગર્ભપણે રહેલો હોય, તે જીવને સ્ત્રી વિગેરેની કાયા ભાવશય્યા છે. કારણ કે સ્ત્રી વિગેરેની કાયામાં સુખમાં દુઃખમાં સુતા ઉઠતાં દરેક વખતે તે જીવ તેની અંદર

રહેલી બધી અવસ્થાવાળો થાય છે, માટે તે કાય સંબંધી ભાવશય્યા છે.

આ અધ્યયનનો બધો અર્થાધિકાર શય્યા વિષય સંબંધી છે, અને હવે ઉદ્દેશાનો અર્થાધિકાર બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

**सव्वेवि य सिज्जविसोहिकारगा तहवि अत्थि उ विसेसो।**
**उद्देसे उद्देसे वुच्छामि समासओ किंचि ॥ ३०२ ॥**

આ બધા એટલે ત્રણે ઉદ્દેશા જો કે શય્યા વિશુદ્ધિ કરનારા છે, તોપણ તેમાં દરેકમાં કાંઈક વિશેષ છે, તેને હું ટુંકાણમાં કહીશ, તે કહે છે—

**उग्गमदोसा पढमिल्लुयंमि संसत्त पच्चवाया य १।**
**बीयंमि सोअवाई बहुविहसिज्जाविवेगो २ य ।। ३०३ ॥**

તેમાં પ્રથમ ઉદ્દેશામાં વસતિના ઉદ્ગમ દોષો આધાકર્મ વિગેરે છે, તથા ગૃહસ્થ વિગેરેના સંસર્ગથી અપાયો ચિંતવેલા છે, તથા બીજા ઉદ્દેશામાં શૌચવાદિ (ગૃહસ્થો) ના બહુ પ્રકારના દોષો તથા શય્યાનો વિવેક (ત્યાગ) બતાવે છે. આ અર્થાધિકાર છે.—

**तइए जयंतछलणा सज्झायस्सऽणुवरोहि जइयव्वं।**
**समविसमाईएसु य समणेणं निज्जरट्ठाए ३ ॥ ३०४ ॥**

ત્રીજા ઉદ્દેશામાં જયણા પાળનાર ઉદ્ગમ વિગેરે દોષો ત્યજનાર સાધુને જે છલના થાય, તે દૂર કરવા પ્રયત્ન કરવો, તથા સ્વાધ્યાયને અનુકૂળ એ સમવિષમ વિગેરે ઉપાશ્રયમાં

નિર્જરાના અર્થી સાધુએ રહેવું, એ વિષય છે, નિર્યુક્તિ અનુગમ કહ્યો, હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—

से भिक्खू वा० अभिकंखिज्जा उवस्सयं एसित्तए अणुपविसित्ता गामं वा जाव रायहाणिं वा, से जं पुण उवस्सयं जाणिज्जा सअंडं जाव ससंताणयं तहप्पगारे उवस्सए नो ठाणं वा सिज्जं वा निसीहियं वा चेइज्जा ॥ से भिक्खू वा० से जं पुण उवस्सयं जाणिज्जा अप्पंडं जाव अप्पसंताणयं तहप्पगारे उवस्सए पडिलेहित्ता पमज्जित्ता तओ संजयामेव ठाणं वा ३ चेइज्जा ॥ से जं पुण उवस्सयं जाणिज्जा अस्सिं पडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं ४ समारब्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएइ, तहप्पगारे उवस्सए पुरिसंतरकडे वा जाव अणासेविए वा नो ठाणं वा ३ चेइज्जा। एवं बहवे साहम्मिया एगं साहम्मिणिं बहवे साहम्मिणीओ ॥ से भिक्खू वा० से जं पुण उ० बहवे समणवणीमए पगणिय २ समुद्दिस्स तं चेव भाणियव्वं ॥ से भिक्खू वा० से जं० बहवे समण० समुद्दिस्स पाणाइं ४ जाव चेएति, तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे जाव अणासेविए नो ठाणं वा ३ चेइज्जा ३, अह पुणेवं जाणिज्जा। पुरिसंतरकडे जाव सेविए पडिलेहित्ता २ तओ संजयामेव चेइज्जा ॥ से भिक्खू वा० से जं पुण अस्संजए भिक्खुपडियाए कडिए वा उक्कंबिए वा छन्ने वा लित्ते वा घट्ठे वा मट्ठे वा संमट्ठे वा संपधूमिए वा तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे जाव अणासेविए नो ठाणं वा सेज्जं वा निसीहिं वा चेइज्जा, अह पुण एवं जाणिज्जा पुरिसंतरकडे जाव आसेविए पडिलेहित्ता २ तओ चेइज्जा ॥ ( सू० ६४ )

તે ભિક્ષુ ઉપાશ્રયમાં રહેવાને જો ઇચ્છતો હોય તો ગામ વિગેરેમાં જાય, ત્યાં જઈને સાધુને યોગ્ય વસતિ શોધે, ત્યાં જો ઇંડાં વિગેરે, જંતુ યુકત મકાન હોય, ત્યાં વાસ વિગેરે ન કરવો, તે બતાવે છે. સ્થાન તે કાઉસગ્ગ, શય્યા તે સંથારો કરવો, નિષીધિકા તે સ્વાધ્યાય (ભણવાનું) આ ત્રણ ન કરવાં, ( અર્થાત્ જીવ જંતુવાળા મકાનમાં ઉતરવું નહિ. ) પણ જેમાં જંતુ ન હોય ત્યાં ઉતરી તે કાઉસગ્ગ વિગેરે કરવો. હવે ઉપાશ્રય સંબંધી ઉદ્‌ગમ વિગેરે દોષો બતાવે છે.

તે ભિક્ષુ એવું જાણે કે કોઈ શ્રાવકે આ ઉપાશ્રય કરાવ્યો છે, પણ તે એક સાધુ જે જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાન કરે છે, તેને ઉદ્દેશીને જીવોનો આરંભ કરીને બનાવેલો છે, અથવા તે સાધુને ઉદ્દેશીને વેચાતો લીધો છે, અથવા અન્ય પાસેથી ઉછીકો લીધો છે, અથવા નોકર વિગેરે પાસેથી બળ–જબરીથી લીધો છે, બધાનો સામટો હોય, તેમાં બધાની રજા લીધા વિના લીધો હોય અથવા તૈયાર થયેલું મકાન કે તંબુ વિગેરે બીજી જગ્યાથી લાવેલ હોય, આવા સ્થાનને શ્રાવક સાધુની પાસે આવીને આપે, તો તેવા ઉપાશ્રયમાં જયાં સુધી બીજો પુરૂષ તેવા મકાનને ન વાપરે, ત્યાં સુધી પોતે તેમાં કાઉસગ્ગ વિગેરે કે રહેવાસ ન કરે, આ એક સાધુ આશ્રયી કહ્યું. તે પ્રમાણે ઘણા સાધુ એક સાધ્વી કે ઘણી સાધ્વીને ઉદ્દેશીને તે આશ્રયી પણ સમજવું, વળી ત્યારપછી શ્રમણ વણીમગ આશ્રયી સૂત્રમાં પણ પિંડૈષણા સૂત્ર પ્રમાણે

જાણવું, એટલે તે સૂત્રમાં સમજવું કે પ્રથમ પોતે ન ઉતરવું પણ સાધુ સિવાય બીજો કોઈ ગૃહસ્થ ઉતરે, ત્યારપછી પોતે ઉતરે તથા સાધુ જાણે કે આ ઉપાશ્રય સાધુને માટે ગૃહસ્થે વાંસની કાંબી ( ખાપટો ) વિગેરેથી બાંધેલ છે, દર્ભ વિગેરેથી છાયેલ છે, છાણ વિગેરેથી લીંપ્યો છે, ખડી વિગેરે ખડબચડા પદાર્થથી ઘસ્યો છે, અને તેને કળિ વિગેરેના લેપથી કોમળ બનાવ્યો છે, તથા જમીન સાફ કરી સંસ્કાર્યો છે, દુર્ગંધી દૂર કરવા ધુપ વિગેરેથી ધુપાવ્યો છે, આવું જો સાધુ માટે કરેલું હોય તો જ્યાં સુધી કોઈ ગૃહસ્થ ન વાપરે, ત્યાં સુધી તે મકાનમાં પોતે કાઉસગ્ગ વિગેરે ન કરે, પણ જ્યારે બીજો વાપરે, તેવું જાણે ત્યાર પછી તે મકાન પડિલેહી પ્રમાર્જીને કાઉસગ્ગ વિગેરે કરે.

**से भिक्खू वा० से जं० पुण उवस्सयं जा० अस्संजए भिक्खुपडियाए खुडियाओ दुवारियाओ महल्लियाओ कुज्जा, जहा पिंडेसणाए जाव संथारगं संथारिज्जा बहिया वा निन्नक्खु तहप्पगारे उवस्सए अपु० नो ठाणं ३ अह पुणेवं० पुरिसंतरकडे आसेविए पडिलेहित्ता २ तओ संजयामेव आव चेइज्जा ॥ से भिक्खू वा० से जं० अस्संजए भिक्खुपडियाए उदग्गप्पसूयाणि कंदाणि वा मूलाणि वा पत्ताणि वा पुप्फाणि वा फलाणि वा बीयाणि वा हरियाणि वा ठाणाओ ठाणं साहरइ बहिया वा निण्णक्खू त० अपु० नो ठाणं वा चेइज्जा, अह पुण० पुरिसंतरकडं चेइज्जा ॥ से भिक्खू वा से जं० अस्संज० भि० पीढं वा फलगं वा निस्सेणिं वा उदूखलं वा**

**ठाणाओ ठाणं साहरइ बहिया वा निण्णक्खू तहप्पगारे उ० अपु० नो ठाणं वा चेइज्जा, अह पुण० पुरिसं० चेइज्जा ॥ (सू० ६५)**

તે ભિક્ષુ આવા પ્રકારનો ઉપાશ્રય જાણે કે તે ગૃહસ્થે સાધુને ઉદ્દેશીને નાની બારીનું મોટું બારણું કર્યું છે, તેવા મકાનમાં જ્યાં સુધી ગૃહસ્થ વિગેરે બીજો પુરૂષ તે મકાન ન વાપરે ત્યાં સુધી સાધુ તેને ન વાપરે. આ બંને સૂત્રમાં પણ ઉત્તર ગુણો વર્ણવ્યા છે, તે પૂર્વે બતાવેલા દોષથી દુષ્ટ શય્યા હોય તોપણ બીજા પુરૂષે સ્વીકાર્યા પછી કલ્પે છે, પણ મૂળ ગુણથી દુષ્ટ હોય તો બીજા પુરૂષે સ્વીકાર્યા પછી પણ કલ્પતી નથી, મૂળ ગુણના દોષો નીચે મુજબ છે, "**पट्टी वंसोदो धारणा उचत्तारि मूलवेलीओ**" એટલે પ્રષ્ઠ વાંસ વિગેરેથી સાધુ વિગેરે માટે જે વસતિ તૈયાર કરાવાય, તે મૂળ ગુણથી દુષ્ટ છે.

પીઠનો વાંસડો, બે ધારણ કરનારા, તથા ચાર મૂળ વેલીઓ હોય—( સાધુ માટે વાંસડા ઉભા કરીને મકાન બનાવે તે સાધુને કલ્પે નહિ ) વળી તે સાધુ આવો ઉપાશ્રય જાણે કે ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને પાણીથી તૈયાર થયેલાં કંદ વિગેરે બીજા મકાનમાં ( તે ખાલી કરવા માટે ) લઇ જાય છે, અથવા તેનો બહાર ઢગલો કરે છે, તેવા મકાનમાં જ્યાં સુધી બીજો માણસ આવીને ન રહે, ત્યાં સુધી સાધુ તેમાં ન ઉતરે, પણ બીજાએ વાપર્યા પછી સાધુ તેમાં રહે, તેજ પ્રમાણે અચિત્ત વસ્તુ પણ ઘરમાંથી બહાર કાઢે તોપણ પુરૂષાંતર થયા પછી સાધુએ તે મકાન વાપરવું; કારણ કે તેમાં પણ ફેરફાર કરતાં ત્રસ જીવનો વધ થવાનો સભંવ છે. વળી—

से भिक्खू वा० से जं० तंजहा-खंधंसि वा मंचंसि वा भालंसि वा पासा० हम्मि० अन्नयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि, नन्नत्थ आगाढाणागाढेहिं कारणेहिं ठाणं वा नो चेइज्जा॥ से आहच्च चेइए सिया नो तत्थ सीओदगवियडेण वा २ हत्थाणि वा पायाणि वा अच्छीणि वा दंताणि वा मुहं वा उच्छोलिज्ज वा, पहोइज्ज वा, नो तत्थ ऊसढं पकरेज्जा, तंजहा—उच्चारं वा पा० खे० सिं० वंतं वा पित्तं वा पूयं वा सोणियं वा अन्नयरं वा सरीरावयवं वा, केवली बूया आयाणमेयं, से तत्थ ऊसढं पगरेमाणे पयलिज्ज वा २, से तत्थ पयलमाणे वा पवडमाणे वा हत्थं वा जाव सीसं वा अन्नयरं वा कायंसि इंदियजालं लूसिज्ज वा पाणिं ४ अभिहणिज्ज वा जाव ववरोविज्ज वा, अथ भिक्खूणं पुव्वोवइट्ठा ४ जं तहप्पगारं उवस्सए अंतलिक्खजाए नो ठाणंसि वा ३ चेइज्जा॥ ( सू० ६६ )

તે ભિક્ષુ આવો ઉપાશ્રય જાણે, કે તે એક થાંભાના ઉપર બનાવેલું મકાન છે, અથવા માંચડા ઉપર છે, અથવા માળા ઉપર છે, પ્રાસાદ તે બીજે મજલે મકાન આવ્યું છે, (પ્રાસાદ તે સારૂં પાકું મકાન બાંધ્યું હોય તે છે)–હર્મ્યતલ તે ભોંયરાવાળું મકાન છે, આવા મકાનમાં બને ત્યાંસુધી સાધુએ નિવાસ ન કરવો, પણ બીજા મકાનના અભાવે તેવું મકાન વાપરવું પડે તો શું કરવું તે કહે છે. ત્યાં ઠંડા પાણી વિગેરેથી હાથ ધુવે નહિ, તથા ત્યાં રહીને ટટ્ટી જવા વિગેરેની ક્રિયા ન કરે, કારણ કે કેવળી પ્રભુ તેમાં કર્મ બંધ અને સંયમની વિરાધના બતાવે છે, ત્યાં ત્યાગ કરતો પડી જાય, અને પડતાં હાથ પગ

વિગેરે શરીરના અવયવને નુકશાન થાય તથા પોતે પડતાં બીજા જીવોને પીડે, અથવા જીવથી હણે, આ પ્રમાણે નુકશાન જાણીને સાધુએ કાંતો તેવા અધરના કે ભોંયરાના સ્થાનમાં ઉતરવું નહિ, ( અથવા ઉતરવું પડે તો સંભાળીને ચડવું-ઉતરવું કે જગ્યા વાપરવી. ) વળી—

**से भिक्खू वा० से जं० सइत्थियं सखुड्डं सपसुभत्तपाणं तहप्पगारे सागारिए उवस्सए नो ठाणं वा ३ चेइज्जा। आयाणमेयं भिक्खुस्स गाहावइकुलेण सद्धिं संवसमाणस्स अलसगे वा विसूइया वा छड्डी वा उव्वाहिज्जा अन्नयरे वा से दुक्खे रोगायंके समुपज्जिज्जा, अस्संजए कलुणपडियाए तं भिक्खुस्स गायं तिल्लेण वा घएण वा नवणीएण वा वसाए वा अब्भंगिज्ज वा मक्खिज्ज वा सिणाणेण वा कक्केण वा लुद्धेण वा वण्णेण वा चुण्णेण वा पउमेण वा आघंसिज्ज वा पघंसिज्ज वा उव्वलिज्ज वा उव्वट्टिज्ज वा सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा उच्छोलिज्ज वा पक्खालिज्ज वा सिणाविज्ज वा सिंचिज्ज वा दारुणा वा दारुपरिणामं कट्टु अगणिकायं उज्जालिज्ज वा पज्जालिज्ज वा उज्जालित्ता कायं आयाविज्जा वा प० अह भिक्खूणं पुव्वोवइट्ठा० जं तहप्पगारे सागारिए उवस्सए नो ठाणं वा ३ चेइज्जा॥ ( सू० ६७ )**

તે ભિક્ષુ વળી આવો ઉપાશ્રય જાણે કે તેમાં સ્ત્રીઓ રહેલી છે, અથવા તે બાળકોવાળું છે, અથવા તે મકાન શિંહ કુતરો બિલાડી વિગેરે ક્ષુદ્ર પ્રાણીથી રોકાયેલું છે, પશુઓ રખાય છે, તથા ભોજન પાણી છે, અથવા પશુઓને ચારો પાણી આપવામાં આવે છે, આવા ગૃહસ્થથી આકુળ ઉપાશ્રયમાં

સાધુએ સ્થાન વિગેરે ન કરવું, કારણકે તેમાં નીચે મુજબ દોષો છે, તથા આ ' કર્મ ' બંધનનાં કારણો છે. ( ૧ ) ગૃહસ્થના કુટુંબ સાથે વસતાં ત્યાં શંકા રહિત ભોજન વિગેરેની ક્રિયા ન થાય, અથવા કોઈ પણ જાતનો વ્યાધિ થાય, તે બતાવે છે, ' અલસગ ' તે હાથપગ વિગેરેનો અટકાવ, અથવા શ્વયથુ તે લકવાનો રોગ થાય, વિશૂચિકા ( શૂળ ) છર્દી ( ) નો રોગ થાય, આવી વ્યાધિઓ સાધુને ઉત્પન્ન થાય અથવા તેવો બીજો તાવ વિગેરે કોઈ રોગ થાય, અથવા તુર્ત પ્રાણ લેનારો શૂલ વિગેરે રોગ થાય, તેવા રોગથી પીડાયેલા સાધુને દેખીને કારૂણ્યથી અથવા ભક્તિથી ગૃહસ્થ તે ભિક્ષુના શરીરને તેલ વિગેરેથી ચોળે, અથવા થોડું મસળે, પછી સુગંધી દ્રવ્યથી ઉવટણ કરે, કલ્ક તે કષાય દ્રવ્યનો કવાથ ( નાશક જીલ્લામાં શીખાખાઈ વિગેરે પાણીમાં ઉકાળી ' નાહવામાં ઉપયોગ કરે છે, ) લોધ્ર તે સુગંધી દ્રવ્ય છે, વર્ણક તે કપીલો વિગેરે છે, જવ વિગેરેનું ચૂર્ણ—પદમક જાણીતું છે, વિગેરે દ્રવ્ય વડે થોડું થોડું ઘસે, અને ચોળીને તેનું ઉદ્ધર્ત્તન કરે, પછી ઠંડા કે ઉંના પાણીથી થોડું સ્નાન કરાવે, અથવા પાણી છાંટે, અથવા વારંવાર સ્નાન કરાવે, અથવા માથા વિગેરેમાં કે નાભિના ઉપરના અંગમાં પાણી સીંચે, અથવા લાકડાથી અથવા લાકડાં માંહોમાંહે ઘસીને અગ્નિ બાળે, ભડકો કરે, તેમ કરીને પછી સાધુના શરીરને એકવાર તપાવે, કે વારંવાર તપાવે, આવા દોષો જાણીને સાધુને

આ પ્રતિજ્ઞા વિગેરે છે. કે તેવા ગૃહસ્થના રહેવાસવાળા મકાનમાં કાઉસગ્ગ વિગેરે ન કરવું, ( તેમ નિવાસ પણ ન કરવો. )

**आयाणमेयं भिक्खुस्स सागारिए उवस्सए संवसमाणस्स इह खलु गाहावई वा जाव कम्मकरी वा अन्नमन्नं अक्कोसंति वा पचंति वा रुंभंति वा उद्दविंति वा, अह भिक्खूणं उच्चावयं मणं नियंछिज्जा, एए खलु अन्नमन्नं अक्कोसंतु वा मा वा अक्कोसंतु जाव मा वा उद्दविंतु, अह भिक्खूणं पुव्व० जं तहप्पगारे सा० नो ठाणं वा ३ चेइज्जा॥ (सू० ६८)**

ગૃહસ્થના રહેવાસવાળા ઘરમાં ઉતરતાં સાધુને કર્મનું ઉપાદાન છે, તેથી ત્યાં બહુ દોષો છે, તેજ બતાવે છે, કે આવા ઘરમાં ગૃહસ્થ માંહોમાંહે આક્રોશ વિગેરે કરે, તે કલેશ કરતાં દેખીને સાધુ કદાચ ઉંચું નીચું મન કરે, (ઉંચું મન તે આવું ન કરે તો ઠીક, અને અવચ તે ભલે કરે,) તેવીજ રીતે માંહોમાંહે ગૃહસ્થના ઘરમાં ઘરવાળાં પરસ્પર કલેશ ઉપદ્રવ વિગેરે કરે તોપણ સાધુને અસમાધિ થાય, માટે ત્યાં ન ઉતરવું.

**आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स, इह खलु गाहावई अप्पणो सयट्ठाए अगणिकायं उज्जालिज्जा वा पज्जालिज्ज वा विज्झविज्ज वा, अह भिक्खू उच्चावयं मणं नियंछिज्जा, एए खलु अगणिकायं उ० वा २ मा वा उ० पज्जालिंतु वा मा वा प०, विज्झविंतु वा मा वा वि०, अह भिक्खूणं पु० जं तहप्पगारे उ० नो ठाणं वा ३ चेइज्जा॥ (सू० ६९)**

ગૃહસ્થ સાથે એક મકાનમાં રહેતાં ગૃહસ્થ નિશ્ચયથી

પોતાના માટે અગ્નિકાય બાળશે, ભડકો કરશે, અથવા બુઝાવશે, તે સમયે સાધુના મનમાં ગયા સૂત્રમાં કહ્યાં પ્રમાણે ઉંચા નીચા ભાવ પ્રકટ થશે અને વ્યર્થ કર્મ બંધ થશે, માટે તેવા સ્થાનમાં સાધુએ ઉતરવું નહિ,

**आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स, इह खलु गाहावइस्स कुंडले वा गुणे वा मणी वा मुत्तिए वा हिरण्णेसु वा सुवण्णेसु वा कडगाणि वा तुडियाणि वा तिसराणि वा पालंबाणि वा हारे वा अद्धहारे वा एगावली वा कणगावली वा मुत्तावली वा रयणावली वा तरुणीयं वा कुमारिं अलंकियविभूसियं पेहाए, अह भिक्खू उच्चाव० परिसिया वा सा नो वा परिसिया इय वा णं बूया इय वा णं मणं साइज्जा, अह भिक्खूणं पु० ४ जं तहप्पगारे उवस्सए नो० ठा० ॥ ( सू० ७० )**

વળી ગૃહસ્થ સાથે વસતાં નીચલા દોષો છે, ઘરમાં ગૃહસ્થને માટે બનાવેલા દાગીના કુંડલ, સોનાનો દોરો, મણી, મોતી ચાંદી સોનાનાં કડાં બાજુબંધ ત્રણસેર વાળો હાર ઝુંમખાં હાર અર્ધહાર એકાવલિ કનકાવલિ મુક્તાવલિ રત્નાવલિ વિગેરે જુએ, અથવા તેવા દાગીના પહેરેલી સુંદર કુમારિકાને જુએ, તેને દેખીને તે સાધુ ઉંચા નીચાં વચન બોલે કે આ સારોદાગીનો કે સુંદર કન્યા છે, અથવા આ ખામીવાળો દાગીનો કે કન્યા છે, તેજ પ્રમાણે મનમાં રાગદ્વેષ કરે, ( ટીકાકારે હિરણ્યનો અર્થ સોના મહોરો વિગેરેનો બનાવેલ દાગીનો લીધો છે. )

आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं संवसमाणस्स, इह खलु गाहावइणीओ वा गाहावइधूयाओ वा गा० सुण्हाओ वा गा० धाईओ वा गा० दासीओ वा गा० कम्मकरीओ वा तासिं च णं एवं वुत्तपुव्वं भवइ—जे इमे भवंति समणा भगवंतो जाव उवरया मेहुणाओ धम्माओ, नो खलु एएसिं कप्पइ मेहुणधम्मं परियारणाए आउट्टित्तए, जा य खलु एएहिं सद्धिं मेहुणधम्मं परियारणाए आउट्टाविज्जा पुत्तं खलु सा लभिज्जा उयस्सिं तेयस्सिं वच्चस्सिं जसस्सिं संपराइयं आलोयणदरसणिज्जं, एयप्पगारं निग्घोसं सुच्चा निसम्म तासिं च णं अन्नयरी सड्ढी तं तवस्सिं भिक्खुं मेहुणधम्म पडियारणाए आ उट्टाविज्जा, अह भिक्खूणं पु० जं तहप्पगारे सा० उ० नो ठा ३ चेइज्जा एयं खलु तस्स० ॥ ( सू० ७१ ) पढमा सिज्जा सम्मत्ता २–१–२–१ ॥

વળી ગૃહસ્થ સાથે વસતાં આ દોષો છે, ગૃહસ્થની સ્ત્રી, દીકરી, દીકરાની વહુ, ધાવમાતા, દાસી, નોકરડી બોલે અથવા તેમના આગળ પૂર્વે કોઈ બોલ્યું હોય, કે જે આ જૈનના સાધુ ભગવંતો મહાવ્રત પાળનારા મૈથુન ( સંસાર સંગ ) થી વિરત થએલા છે, તેમને નિશ્ચયથી મૈથુન સેવન કરવું કલ્પતું નથી, અને તેથી જે કોઈ સ્ત્રી તેમની સાથે સંબંધ કરે, અને પુત્ર સંપાદન કરે તો તે પુત્ર બળવાન દીપ્તિમાન રૂપવાન કીર્ત્તિવાળો થાય, આવું સાંભળીને તેઓ વિચારીને કોઈ પુત્ર વાંછક ( વાંઝણી ) સ્ત્રી સાધુને કુસંગ કરવા પ્રાર્થના

કરે, આવા દોષો જાણીને સાધુઓને તેવા મકાનમાં ઉતરવાની મના કરેલી છે, આજ ભિક્ષુનું સર્વથા સાધુપણું છે.

# બીજો ઉદ્દેશો. (પ્રકરણ)

પહેલો ઉદ્દેશો કહીને બીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, કે ગયા ઉદ્દેશામાં ગૃહસ્થના ઘરમાં વાસ કરતાં થતા દોષો બતાવ્યા, અહીંયા પણ તેવા વિશેષ દોષો વસતિ સંબંધી બતાવે છે.

**गाहावई नामेगे सुइसमायारा भवंति, से भिक्खू य असिणाणए मोयसमायारे से तग्गंधे दुग्गंधे पडिकूले पडिलोमे यावि भवइ, जं पुव्वं कम्मं तं पच्छा कम्मं जं पच्छा कम्मं, तं पुरे कम्मं, तं भिक्खुपडियाए वट्टमाणा करिज्जा वा नो करिज्जा वा, अह भिक्खूणं पु० जं तहप्पगारे उ० नो ठाणं० ॥ ( सू० ७२ )**

કેટલાક ગૃહસ્થો શુચિ સમાચારવાળા ભાગવત વિગેરેના ભક્ત અથવા ભોગીઓ ( વારંવાર સ્નાન કરનારા અથવા સુગંધી ચંદન અગર કેસર કર્પૂર વિગેરે વસ્તુનો લેપ કરનારા શોખીનો ) હોય છે, અને સાધુઓ તેવી રીતે વારંવાર કે એકવાર ખાસ કારણ વિના ફાસુ પાણીથી પણ બ્રહ્મચર્યના ભંગના દોષને લીધે સ્નાન કરનારા નથી, તથા કારણ પ્રસંગે મોયા ( પેશાબ ) નો પણ ઉપયોગ કરનારા

છે. ( જ્યારે જંગલમાં ઉતર્યા હોય અથવા ઉજડ જગ્યામાં ઉતર્યા હોય, ત્યાં ઓચીંતો સાપ કરડે તો તેના ઝેરથી બચવા રાતના વૈદની ખટપટ ન બની શકે, માટે પેશાબનો ઉપયોગ પૂર્વે થતો, સાંભળવા પ્રમાણે ઓચીંતો ખીલો કે ઠોકર લાગી લોહી પુષ્કળ નીકળતું હોય, તો પેશાબની ધારા કરવાથી બંધ પડે છે, તેવા કોઇ પણ કારણે વખતે કોઈ સાધુએ ઉપયોગ કર્યો હોય તો વારંવાર સ્નાન કરનારા ગૃહસ્થને દુગંચ્છા થાય ) માટે ભિક્ષુ તેની ગંધવાળા છે, તથા કોઇનો પેશાબ ગંધાતો હોય, પરસેવો વાસ મારતો હોય, તો તે ગૃહસ્થને ખોટું લાગે, અને ગૃહસ્થને તે ગમે નહિ. ( બંનેના રસ્તા ઉલટા છે. ) માટે ફાવે નહિ. ( સૂત્રમાં પડિકૂલ પડિલોમ એક અર્થવાળા છતાં બંને મુકવાનું કારણ ફક્ત અતિશય વિરૂદ્ધતા બતાવી છે. ) તથા તે ગૃહસ્થ સાધુના કારણેજ ભોજન તથા જમવાના સ્થાનમાં તેમને સ્નાન પૂર્વે કરવું હોય, તે પછીથી કરે છે, અને પાછળ કરવાનું હોય તે પહેલું કરે એમ આગળ પાછળ ઘરમાં કાર્ય થતાં સાધુઓને અધિકરણ દોષ થાય છે, અથવા તે ગૃહસ્થોને જમવાનો કાલ થયો હોય તો પણ સાધુને લીધે ન ખાય, તેથી અંતરાય કર્મ બંધાય, મનની પીડા વિગેરેનો સંભવ થાય, અથવા તે સાધુઓ ગૃહસ્થની શરમથી પૂર્વે પડિલેહણા કરવાની તે પછી કરે, અથવા કાળ વીતી ગયા પછી કરે, અથવા ન પણ કરે, માટે સાધુઓની આ પ્રતિજ્ઞા છે, કે તેવા ગૃહસ્થના વપરાતા ઘરમાં નિવાસ ન કરવો.

आयाणमेयं भिक्खुस्स गाहावईहिं सद्धिं सं०, इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवे भोयणजाए उवक्खडिए सिया, अह पच्छा भिक्खुपडियाए असणं वा ४ उवक्खडिज्ज वा उवकरिज्ज वा उवकरिज्ज वा, तं च भिक्खू अभिकंखिज्जा भुत्तए वा पायए वा वियट्टित्तए वा, अह भि० जं नो तह० ॥ ( सू० ७३ ) आयाणमेयं भिक्खुस्स गाहावइणा सद्धिं संव० इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवाइं दारुयाइं भिन्नपुव्वाइं भवंति, अह पच्छा भिक्खुपडियाए विरूवरूवाइं दारुयाइं भिंदिज्ज वा किणिज्ज वा पामिच्चेज्ज वा दारुणा वा दारुपरिणामं कट्टु अगणिकायं उ० प०, तत्थ भिक्खू अभिकंखिज्जा आयावित्तए वा पयावित्तए वा वियट्टित्तए वा, अह भिक्खू० जं नो तहप्पगारे० ॥ ( सू० ७४ )

વળી જો ગૃહસ્થ સાથે સાધુ ઉતરે તો તેને આવાં પણ કર્મ બંધન છે, કે ગૃહસ્થ પ્રથમ પોતાના માટે જુદી જુદી જાતનું રાંધે, અને પાછળથી સાધુ માટે અશન વિગેરે ચારે પ્રકારનો આહાર રાંધે, અથવા ભોજનનું વાસણ આગળ મૂકે તે દેખીને ભિક્ષુક તેને ખાવા પીવાની ઈચ્છા કરે, અથવા ત્યાં બેસવાની સાધુ ઈચ્છા કરે, તેટલા માટે રહેવાના ઘરમાં ન ઉતરવું ( ૭૩ )

એજ પ્રમાણે ગૃહસ્થે પોતાના માટે જુદી જુદી જાતિનાં લાકડાં ચીરીને મુક્યાં હોય છે, અને પાછળથી સાધુ માટે જુદાં જુદાં લાકડાં ચીરાવે, ખરીદ કરે, બદલો કરે, અથવા

ઠંડીના દિવસ હોય તો તાપણા માટે અગ્નિકાય સળગાવે, ભડકો કરે, ત્યાંસુધી તાપવાની એકવાર ઇચ્છા કરે, વારંવાર તાપવાની ઇચ્છા કરે, અથવા ત્યાં જઈને બેસે, માટે તેવા સ્થાનમાં કર્મબંધનનું કારણ જાણીને સાધુએ ઉતરવું નહિ. ( સૂ–૭૪ ) વળી

**से भिक्खू वा० उच्चारपासवणेण उब्वाहिज्जमाणे राओ वा वियाले वा गाहावईकुलस्स दुवारबाहं अवंगुणिज्जा, तेणे य तस्संधिचारी अणुपविसिज्जा, तस्स भिक्खुस्स नो कप्पइ एवं वइत्तए—अयं तेणो पविसइ वा नो वा पविसइ उवल्लियइ वा नो वा० आवयइ वा नो वा० वयइ वा नो वा० तेण हडं अन्नेण हडं तस्स हडं अन्नस्य हडं अयं तेणे अयं उवचरए अयं हंता अयं इत्थमकासी तं तवस्सिं भिक्खुं अतेणं तेणंति संकइ, अह भिक्खूणं पु० जाव नो ठा० ॥ (सू० ७५)**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં સાથે રહેલો સ્થંડીલ વિગેરેના કારણે રાત્રે કે પરોડીયે ઉપાશ્રયનું દ્વાર ઉઘાડે, ત્યાં છિદ્ર શોધનારો ચોર પેસી જાય, તે દેખીને સાધુને આવું બોલવું ન કલ્પે, કે આ ચોર ઘરમાં પેસે છે, તથા ચોર પેસતો નથી, તેજ પ્રમાણે છુપી જાય છે કે છુપતો નથી, અથવા કુદી આવે છે, અથવા નથી આવતો, તે બોલે છે, અથવા નથી બોલતો, તે અમુક માણસે ચોર્યું, અથવા બીજે ચોર્યું, તેનું ચોર્યું કે બીજાનું ચોર્યું, આ ચોર છે અથવા તેને સહાયતા કરવા પાછળ ચાલનારો છે, આ શસ્ત્ર ધારક છે, આ મારનારો ઘાતક છે, એણે આ અહીં કર્યું છે, વિગેરે

ન બોલવું, કારણ કે તેથી ચોરને પીડા થાય, અથવા તે ચોર સાધુ ઉપર દ્વેષ કરીને તેનેજ મારશે, વિગેરે દોષો છે, અને જો સાધુ તે પ્રમાણે ચોરી કરનારા ચોરને ન બતાવે તો તે ઘરવાળાંને આ સાધુ નથી પણ ચોર છે એવી શંકા થાય માટે આવા દોષો જાણીને સાધુએ ગૃહસ્થને રહેવાના ઘરમાં ન ઉતરવું. ફરીથી વસતિના દોષો બતાવે છે.

**से भिक्खू वा से जं० तणपुंजेसु वा पलालपुंजेसु वा सअंडे जाव ससंताणए तहप्पगारे उ० नो ठाणं वा० ॥ ३ ॥ से भिक्खू वा० से जं० तणपुं० पलाल० अप्पंडे जाव चेइज्जा ॥ ( सू० ७६ )**

તે સાધુ ઘાસનો ઢગલો હોય, પરાળનો પુંજ હોય, પણ ત્યાં ઇંડાં પડેલાં હોય, તેવા મકાનમાં સાધુ ન રહે, પણ ઉપર બતાવેલા ઘાસ કે પરાળમાં ઇંડાં ન હોય તેવા મકાનમાં ઉતરવું, ( અલ્પ શબ્દનો અર્થ અભાવવાચી છે )

હવે વસતિના પરિત્યાગના ઉદ્દેશાનો અર્થાધિકાર કહે છે–

**से आगंतारेसु आरामागारेसु वा गाहावइकुलेसु वा परियावसहेसु वा अभिक्खणं साहम्मिएहिं उवयमाणेहिं नो उवइज्जा ॥ ( सू० ७७ )**

લોકોને ઉતરવાનાં મુસાફરખાનાં કે બગીચાની અંદરનાં ઘરો કે મઠો અથવા જ્યાં પોતાના સરખી સમાચારીવાળાં સાધુઓ વારંવાર આવીને ઉતરતા હોય, તેવા સ્થાનમાં માસકલ્પ વિગેરે ન કરવો. ( કે બીજાને ઉતરતાં સંકોચ ન થાય ).

હવે કાલાતિક્રાંત વસતિના દોષો કહે છે—

**से आगंतारेसु वा ४ जे भयंतारो उडुबद्धियं वा वासावासियं वा कप्पं उवाइणित्ता तत्थेव भुज्जो संवसंति, अयमाउसो! कालाइकंतकिरियावि भवति १ ॥ ( सू० ७८ )**

જે સાધુ ભગવંતો તે મુસાફરખાના વિગેરેમાં શીતોષ્ણ ૠતુમાં માસકલ્પ કરીને પાછા ચોમાસું તે મકાનમાં કરીને ફરીથી કારણ વિના રહે, તો ( ગુરૂ શિષ્યને કહે છે ) હે આયુષ્મન્! કાલ અતિક્રમ દોષ સંભવે છે, તેજ પ્રમાણે સ્ત્રી વિગેરેનો પ્રતિબંધ અથવા સ્નેહથી ઉદ્ગમ વિગેરે દોષનો સંભવ થાય છે, માટે તેવું સ્થાન સાધુને ન કલ્પે.

હવે ઉપસ્થાન દોષને બતાવે છે—

**से आगंतारेसु वा ४ जे भयंतारो उडु० वासा० कप्पं उवाइणावित्ता तं दुगुणा दु (ति) गुणेण वा अपरिहरित्ता तत्थेव भुज्जो० अयमाउसो! उवट्ठाणकि० २ ॥ ( सू० ७९ )**

જે સાધુઓ મુસાફરખાના વિગેરેમાં શીયાળા ઉનાળામાં માસકલ્પ કરીને અથવા ચોમાસું કરીને અથવા બીજે એક માસ રહીને બમણો ત્રણગણો કલ્પવડે ન છોડીને અર્થાત્ બે ત્રણ માસ સુધી તે મકાનમાં ન વસવું તેવો કલ્પ ઉલંઘીને પાછા ત્યાંજ વસે છે, માટે આવો ઉપાશ્રય ઉપસ્થાન ક્રિયા દોષથી દુષ્ટ થાય છે, માટે તેવા ઉપાશ્રયમાં સાધુને ઉતરવું કલ્પતું નથી.

હવે અભિક્રાંત વસતિ બતાવવા કહે છે—

इह खलु पाईणं वा ४ संतेगइया सड्ढा भवंति, तंजहा–गाहावई वा जाव कम्मकरीओ वा, तेसिं च णं आयारगोयरे नो सुनिसंते भवइ, तं सद्दहमाणेहिं पत्तियमाणेहिं रोयमाणेहिं बहवे समण माहण अतिहिकिवणवणीमए समुद्दिस्स तत्थ २ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तंजहा—आएसणाणि वा आयतणाणि वा देवकुलाणि वा सहाओ वा पवाणि वा पणियगिहाणि वा पणियसालाओ वा जाणगिहाणि वा जाणसालाओ वा सुहाकम्मंताणि वा दब्भकम्मंताणि वा वद्धकं० वक्कयकं० इंगालकम्मं० कट्ठक० सुसाणक० सुण्णागारगिरिकंदरसंतिसेलोवट्ठाणकम्मंताणि वा भवणगिहाणि वा, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा जाव गिहाणि वा तेहिं उवयमाणेहिं उवयंति अयमाउसो! अभिक्कंतकिरिया यावि भवइ ३ ॥ ( सू० ८० )

( અહીં પ્રજ્ઞાપક વિગેરેની અપેક્ષાએ ) પૂર્વ વિગેરે દિશામાં શ્રાવકો અથવા પ્રકૃતિભદ્રક અન્ય ગૃહસ્થો નોકરડી સુધી હોય, તેઓને સાધુનો "આવો ઉપાશ્રય કલ્પે" એવી ખબર ન હોય પણ ઉપાશ્રય આપવાથી સ્વર્ગ વિગેરેનું ફળ પ્રાપ્ત થાય, તેવું કયાંયથી જાણીને શ્રદ્ધા કરીને હૃદયમાં તે રૂચવાથી ઘણા સાધુ વિગેરેને ઉદ્દેશીને ત્યાં આરામ વિગેરેમાં યાનશાલા વિગેરે પોતાના માટે કરતાં સાધુ વિગેરેને જગ્યા આપવા માટે તે મકાનો મોટાં કરાવ્યાં હોય, તે મકાનોનાં નામ કહે છે, આદેશન ( લુવારની શાળા ) આયતન ( દેવકુલની જોડે બનાવેલ ઓરડાઓ ) દેવકુલ ( દેવળ ) સભા ( ચારવેદને

ભણુવાની પાઠશાળા ) પરબ પણ્ય (દુકાનો) પણ્યશાળા (ઘં-ઘશાળા ) યાન ગ્રહ ( રથ વિગેરે રાખવાનું સ્થાન ) યાન-શાળા ( રથ વિગેરે બનાવવાનું સ્થાન ) સુધાકર્મ તે ( જ્યાં ખડીનું પરિકર્મ થાય ) આ પ્રમાણે દર્ભ વર્ધ્ર વલ્કજ અં-ગાર કાષ્ઠ કર્મ વિગેરે છે, એટલે જેમાં ઘાસ ચામડાં ઝાડની છાલ કે કોયલા કે લાકડાંના કામનું કારખાનું હોય, મસાણુ હોય, શૂન્ય ઘર હોય, શાંતિકર્મનું ઘર હોય, પર્વત ઉપરનું ઘર હોય, સુધારેલી પહાડની ગુફા હોય, શૈલ ઉપસ્થાન ( પા-ષાણુનો મંડપ ) હોય, આવાં ઘરો ચરક બ્રાહ્મણો વિગેરેથી પૂર્વે વપરાયાં હોય, પછી ખાલી પડેલાં હોય, તો પછવાડે સાધુ તેમાં ઉતરે, તો તેમાં અલ્પ દોષ ( નિર્દોષ ) હોય છે, આવું ગુરૂ શિષ્યને કહે છે, ( અર્થાત્ તેવા મકાનમાં ઉતરાય છે)

**इह खलु पाईणं वा जाव रोयमाणेहिं बहवे समणमाहणअतिहिकिवणवणिमए समुद्दिस्स तत्थ तत्थ अगारिहिं अगाराइं चेइयाइं भवंति, तं०—आएसणाणि वा जाव भवणगिहाणि वा, जे भयंतारो तहप्प० आएसणाणि जाव गिहाणि वा तेहिं अणोवयमाणेहिं उवयंति अयमाउसो! अणभिक्कंतकिरिया यावि भवइ ॥ ( सू० ८१ )**

ઉપરના સૂત્ર પ્રમાણે પૂર્વ વિગેરે દિશામાં ગૃહસ્થથી તે કર્મકરી સુધીનાં માણસોએ સાધુને મકાન ઉતરવા આપવાનું વિશેષ પુણ્ય ફળ જાણીને શ્રમણ બ્રાહ્મણ અતિથિ વિગેરેને આશ્રયી આદેશન ઘર વિગેરે બનાવ્યાં હોય, તેમાં પૂર્વે શ્ર

મણ બ્રાહ્મણો વિગેરે ન ઉતર્યા હોય; તેમાં સાધુ ઉતરે, તો તે દોષવાળી જગ્યા છે, માટે તે ઉતરવા યોગ્ય નથી.

હવે ન ઉતરવા યોગ્ય વસતિ કહે છે—

**इह खलु पाईणं वा ४ जाव कम्मकरीओ वा, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ—जे इमे भवंति समणा भगवंतो जाव उवरया मेहुणाओ धम्माओ, नो खलु एएसिं भयंताराणं कप्पइ आहाकम्मिए उवस्सए वत्थए, से जाणिमाणि अम्हं अप्पणो सयट्ठाए चेइयाइं भवंति, तं०—आएसणाणि वा जावगिहाणि वा, सव्वाणि ताणि समणाणं निसिरामो, अवियाइं वयं पच्छा अप्पणो सयट्ठाए चेइस्सामो, तं०—आएसणाणि वा जाव०, एयप्पगारं निग्घोसं सुचा निसम्म जे भयंतारो तहप्प० आएसणाणि वा जाव गिहाणि वा उवागच्छंति इयराइयरेहिं पाहुडेहिं वट्टंति, अयमाउसो! वज्जकिरियावि भवइ ९॥ ( सू० ८२ )**

આ પૂર્વ વિગેરે દિશામાં ગૃહસ્થ અથવા નોકરડી હોય, અને તેઓને પૂર્વે એવું કહેવામાં આવ્યું હોય. કે આ સાધુ ભગવંતો પોતે બ્રહ્મચર્ય પાળનારા છે, તેઓને સાધુ માટે બનાવેલું મકાન ઉતરવાને કલ્પતું નથી, એટલા માટે આપણે આપણા માટે બનાવેલું ઘર છે, તે રહેવા આપી દઈએ, અને આપણે માટે નવું બનાવી લઈશું, આવી રીતે ગૃહસ્થે બનાવેલું મકાન સૂત્ર ૮૦ માં બતાવેલ વિગતવાલું હોય, તે સુંદર કે મધ્યમ હોય, તોપણ સાધુઓને રહેવા આપે, તો

તે વર્જ્ય ક્રિયાવાળું (ત્યાજ્ય મકાન) હોવાથી તેમાં ઉતરવું નહિ.

હવે મહાવર્જ્યા નામની વસતિનું વર્ણન કરે છે.

**इह खलु पाईणं वा ४ संतेगइआ सड्ढा भवंति, तेसिं च णं आयारगोयरे जाव तं रोयमाणेहिं बहवे समणमाहण जाव वणीमगे पगणिय २ समुद्दिस्स तत्थ २ अगारीहिं अगाराइं चेइयाइं भवंति, तं०—आएसणाणि वा जाव गिहाणि वा, जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा जाव गिहाणि वा उवागच्छंति इयराइयरेहिं पाहुडेहिं०, अयमाउसो! महावज्जकिरियावि भवइ ६ ॥ ( सू० ८३ )**

આ બધું સુગમ છે, કે શ્રાવકે શ્રમણમાહણ વણીમગ માટે મકાન બંધાવ્યું હોય, તેમાં જો સાધુઓ સ્થાન કરે, તો મહાવર્જ્ય નામની વસતિ થાય છે, માટે આ વિશુદ્ધ કોટી અકલ્પ્ય છે, તેમાં ઉતરવું નહિ, ૬ ॥

હવે સાવદ્ય અભિધાન (નામની) વસતિ કહે છે.

**इह खलु पाईणं वा ४ संतेगइया जाव तं सद्दहमाणेहिं तं पत्तियमाणेहिं तं रोयमाणेहिं बहवे समणमाहणअतिहिकिवणवणीमगे पगणिय २ समुद्दिस्स तत्थ २ आगाराइं चेइयाइं भवंति तं०—आएसणाणि वा जाव भवणगिहाणि वा, जे भयंतारो तहप्पगाराणि आएसणाणि वा जाव भवणगिहाणि वा उवागच्छंति इयराइयरेहिं पाहुडेहिं, अयमाउसो! सावज्जकिरिया यावि भवइ ७ ॥ ( सू० ८४ )**

આ પ્રાયે સુગમ છે, ફક્ત વિશેષ આ છે કે, પાંચ પ્રકારના નિર્ગ્રંથો શાક્ય તાપસ ગૈરિક અને આજીવિક એવા શ્રમણો માટે કલ્પીને બનાવેલ વસતિ હોય, તો તે સાવદ્ય અભિધાન વસતિ થાય છે, આ અકલ્પનીય છે, પણ વિશુદ્ધ કોટી છે, આમાં સ્થાન કરતાં સાવદ્ય ક્રિયા થાય છે.

હવે મહાસાવદ્ય વસતિનું વર્ણન કરે છે.

**इह खलु पाईणं वा ४ जाव तं रोयमाणेहिं एगं समणजायं समुद्दिस्स तत्थ २ अगारीहिं अगाराइं चेइयाइं भवन्ति, तं० आएसणाणि जाव गिहाणि वा महया पुढविकायसमारंभेणं जाव महया तसकायसमारंभेणं महया विरूवरूवेहिं पावकम्मकिच्चेहिं, तंजहा—छायणओ लेवणओ संथारदुवारपिहणओ सीओदए वा परट्ठवियपुव्वे भवइ अगणिकाए वा उज्जालियपुव्वे भवइ, जे भयंतारो तह० आएसणाणि वा० उवागच्छंति इयराइयरेहिं पाहुडेहिं दुपक्खं ते कम्मं सेवंति, अयमाउसो! महासावज्जकिरिया यावि भवइ ८ ॥** (सू० ८५)

અહીં એક સાધર્મિક ( સાધુ ) ને ઉદ્દેશીને કોઇ ગૃહપતિ વિગેરેએ પૃથ્વીકાય વિગેરેનો સંરંભ સમારંભ આરંભ વિગેરે કંઇ પણ મહાન આરંભ કરીને જુદા જુદા પાપ કૃત્યોવડે એટલે છાપરૂં ઢાંકવું, લીંપાવવું, સંથારા માટે બારણું ઢાંકવા માટે, વિગેરે પ્રયોજનને ઉદ્દેશીને પ્રથમ કાચું પાણી નાંખે, અથવા અગ્નિ પ્રથમ બાળે, વિગેરેથી આરંભ કરેલા મકાનમાં સ્થાન વિગેરે કરતાં બે પક્ષનું કર્મ સેવન

કરે છે. તે આ પ્રમાણે—આધાકર્મી વસતિના સેવનથી ગૃહસ્થપણું અને તેમાં મમત્વના કારણે રાગ દ્વેષપણું છે, તેથી તથા ઈર્યાપથ અને સાંપરાયિક ઈત્યાદિ દોષો છે. તેથી તે મહાસાવદ્ય ક્રિયા અભિધાન વસતિ છે.

હવે અલ્પ ક્રિયાવાળી વસતિ કહે છે.

**इह खलु पाईणं वा० रोयमाणेहिं अप्पणो सयट्ठाए तत्थ २ अगारीहिं जाव उज्जालियपुव्वे भवइ, जे भयंतारो तहप्प० आएसणाणि वा० उवागच्छंति इयराइयरेहिं पाहुडेहिं एग-पक्खं ते कम्मं सेवंति, अयमाउसो! अप्पसावज्जकिरिया यावि भवइ ९ ॥ एवं खलु तस्स० (सू० ८६) ॥ २-१-२-२ ॥ शय्यैषणायां द्वितीयोद्देशकः ॥**

પ્રથમ બતાવ્યા પ્રમાણે તે ઘરમાં ગૃહસ્થોએ પોતાના માટે તે ઘરમાં કંઈ પણ સાવદ્ય ક્રિયા કરી હોય, તેવા મકાનમાં પાછળથી સાધુઓ આવી ઉતરે તો તે એક પક્ષનું કર્મ સેવન કરે છે, આવા મકાનમાં ઉતરતાં સાધુઓને અલ્પ ( દોષ વિનાની ) ક્રિયા છે, અર્થાત્ તે મકાનમાં ઉતરતાં દોષ નથી. આજ સાધુનું સર્વસ્વ છે.

**" कालइकंतु १ वठाण २ अभिकंता ३ चेव अणभि-कंता ४ य। वज्जा य ५ महावज्जा ६ सावज्ज ७ मह ८ ऽप्पकिरिआ ९ य ॥ १ ॥ "**

૧ કાલ અતિક્રાંત ૨ ઉપસ્થાન ૩ અભિક્રાંત ૪ અનભિક્રાંત ૫ વર્જ્ય ૬ મહાવર્જ્ય ૭ સાવદ્ય ૮ મહાસાવદ્ય ૯ અલ્પક્રિયા.

એમ નવ પ્રકારે નવ સૂત્રોમાં વસતિ બતાવી. તેમાં અભિક્રાંત અને અલ્પક્રિયા એ બે વસતિ યોગ્ય છે, બાકીની અયોગ્ય છે.

આ પ્રમાણે બીજા અધ્યયનનો બીજો ઉદ્દેશો પૂરો થયો.

## ત્રીજો ઉદ્દેશો,

બીજો કહ્યા પછી ત્રીજો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં અલ્પક્રિયાવાળી શુદ્ધ વસતિ બતાવી. અહીં પણ પ્રથમ સૂત્રથી તેથી વિપરીત શય્યા બતાવે છે.—

से य नो सुलभे फासुए उंछे अहेसणिज्जे नो य खलु सुद्धे इमेहिं पाहुडेहिं, तंजहा—छायणओ लेवणओ संथारदुवारपिहणओ पिंडवाएसणाओ, से य भिक्खू चरियारए ठाणरए निसीहियारए सिज्जासंथारपिंडवाएसणारए, संति भिक्खुणो एवमक्खाइणो उज्जुया नियागपडिवन्ना अमायं कुव्वमाणा वियाहिया, संतेगइया पाहुडिया उक्खित्तपुव्वा भवइ, एवं निक्खित्तपुव्वा भवइ, परिभाइयपुव्वा भवइ, परिभुत्तपुव्वा भवइ परिट्ठवियपुव्वा भवइ, एवं वियागरेमाणे समियाए वियागरेइ ?, हंता भवइ ॥ ( सू० ८७ )

અહિં કોઈ વખત કોઈ સાધુ વસતિ શોધવા માટે અથવા ભિક્ષા લેવા માટે ગૃહસ્થને ઘરે જતાં કોઈ શ્રદ્ધાળુ શ્રાવક

આ પ્રમાણે કહે, કે આ ગામમાં ઘણું અન્ન પાણી મળે છે, માટે અહિયાં આપે વસતિ યાચીને રહેવું યોગ્ય છે,—

આ પ્રમાણે કહેવાથી સાધુ કહે, કે હે શ્રાવક ! પિંડ ( અન્ન પાણી ) પ્રાસુક ( નિર્દોષ ) દુર્લભ નથી ! પણ તે મળવા છતાં જ્યાં બેસીને ગોચરી કરીએ તે આધાકર્માદિ દોષ રહિત ઉપાશ્રય મળવો દુર્લભ છે, તેમ ' ઉં છ ' એટલે છાદન વિગેરે ઉત્તર ગુણના દોષોથી પણ રહિત હોય ( તે મળવો દુર્લભ છે ) તેજ બતાવે છે—

' અહેસણિજ્જે ' એટલે મૂળ ઉત્તર ગુણમાં દોષ ન લગાડે તે એષણીય ઉપાશ્રય હોય છે, તેવો મળવો દુર્લભ છે. તે મૂળ ઉત્તર ગુણો આ પ્રમાણે છે.

**पट्टी वंसो दो धारणाओ चत्तारि मूलवेलीओ ।**
**मूलगुणेहिं विसुद्धा एसा आहागडा वसही ॥ १ ॥**

પીઠનો વાંસ બે ધારણ ચાર મૂળવેલીઓ આવું કાંઈ પણ સ્થાન ગૃહસ્થે પોતાના માટે બનાવેલું હોય, તો મૂળ ગુણ વિશુદ્ધ વસતિ જાણવી.

**वंसगकडणोकंपण छायण लेवण दुवारभूमीओ ।**
**परिकम्मविप्पमुक्का एसा मूलुत्तरगुणेसु ॥ २ ॥**

વાંસને કપાવવા, ઠોકઠાક કરવી, બારણાની ભૂમિને આચ્છાદન કરવું, લેપન કરવું, આ પરિકર્મથી વિપ્રમુક્તમૂળ ઉત્તર ગુણો વડે વિશુદ્ધ છે.

**दूमिअधूमिअवासिअउज्जोवियबलिकडा अ वत्ता य।**
**सित्ता सम्मट्टावि अ विसोहिकोडीगया वसही ॥ ३ ॥**

ધોળેલી, ધુપ કરેલી, સુગંધીવાળી બનાવેલી, ઉદ્યોત કરેલી, બલિપૂજન કરેલી, ખુલ્લી મુકેલી, પાણીથી સિંચેલી, સંમૃષ્ટ કરેલી, આ વિશોધિ કોટીમાં ગયેલી વસતિ છે.

આ જગ્યાએ પ્રાયે ઉત્તર ગુણોનો સંભવ હોવાથી તેનેજ બતાવે છે, અને આ વસતિ આ કર્મના ઉપાદાન કર્મોવડે શુદ્ધ થતી નથી તે બતાવે છે.—

દર્ભ વિગેરેથી છાયેલ હોય, છાણ વિગેરેથી લીંપેલ હોય, અપવર્ત્તક (          ) ને આશ્રયી સંસ્તારક (          ) કર્યો હોય તથા બારણું નાનું મોટું કર્યું હોય, તથા કમાડને આશ્રયી ઢાંકવું, ઉઘાડવું વિગેરે છે. વળી—

પિંડ પાત એષણાને આશ્રયી દોષો કહે છે.

કોઈ સ્થાનમાં સાધુ રહેલા હોય તો તેમને તે ઘરનો માલિક શય્યાતર પોતાના ઘરમાં આહાર લેવા પ્રાર્થના કરે, તેના ઘરમાં આહાર લેવો ન કલ્પે. તેથી ના પાડવાથી તેને દ્વેષ થાય, વિગેરે કારણે ઉત્તર ગુણો યુક્ત ઉપાશ્રય મળવો દુર્લભ છે, માટે બને ત્યાં સુધી સાધુએ શુદ્ધ ઉપાશ્રય જોઈને ઉતરવું તેથી કહ્યું છે કે,—

**मूलुत्तरगुणसुद्धं थीपसुपंडगविवज्जियं वसहिं।**
**सेवेज्ज सव्वकालं विवज्जए हुंति दोसा उ ॥ १ ॥**

મૂળ ઉત્તર ગુણથી શુદ્ધ તથા સ્ત્રી પશુ નપુંસકથી વર્જિત મકાન સર્વ કાળ સેવે, અને દોષોને દૂર કરે.

મૂળ ઉત્તર ગુણ શુદ્ધ મળવા છતાં ભણવા વિગેરેની સગવડતા યુક્ત તથા ખાલી મળવો મુશ્કેલ છે, તે કહે છે— તેમાં ભિક્ષાચર્યામાં રકત, નિરોધના અસહિષ્ણુપણાથી ચંક્રમણના સ્વભાવવાળા ( યોગ્ય વિહાર કરનારા ) તથા સ્થાનરત તે કાયોત્સર્ગ કરનારા, નિષીધિકારત તે સ્વાધ્યાય કરનારા, શય્યાને સર્વાંગ વડે સુખેથી સુવાય, તે સંસ્તારક ૨॥ હાથ પ્રમાણવાળો, અથવા શયન તે શય્યા છે, તેને માટે સંસ્તારક ( સંથારો ) તે શય્યા સંસ્તારક રત તે મંદવાડ વિગેરેના કારણે સૂતા હોય, તથા ગોચરી મળેથી ગ્રાસ એષણારત છે, આ પ્રમાણે કેટલાક સાધુઓ યથાવસ્થિત વસતિના ગુણ દોષ બતાવનારા થાય છે, તેઓ ઋજુ છે, તથા નિયાગતે સંયમ કે મોક્ષ છે, તેને પામેલા છે, તથા તેઓ માયા ( કપટ ) રહિત હોવાથી ઉત્તમ ગુણવાળા સાધુઓ છે. આ પ્રમાણે ગૃહસ્થોને વસતિના ગુણ તથા દોષો બતાવીને સાધુઓ જાય, ત્યાર પછી નિર્દોષ વસતિ સાધુઓને આપવા યોગ્ય ન હોય, તો શ્રાવકો સાધુ માટે વસતિ બનાવે, અથવા પૂર્વે કરેલી અપૂર્ણ હોય તો છાદન વિગેરેથી રહેવા યોગ્ય બનાવે, પછી ઉપદેશ આપનારા અથવા બીજા સાધુઓ આવેથી કેટલાક શ્રાવકો છળ કરે છે, અને કહે કે ( પ્રાભૃતિકાની પેઠે પ્રાભૃતિક વસતિ હોય તેનો અર્થ આ છે કે,

દાનને માટે કલ્પેલી રાખેલ છે. ) વસતિ તેવી વસતિ પૂર્વે સાધુઓને બતાવેલી હોય કે તમે જ્યારે આવો ત્યારે અહિં ઉતરજો, તે ઉત્ક્ષિપ્ત પૂર્વા વસતિ છે, તથા એમ કહે કે અમે પૂર્વે આ અમારે રહેવા માટે બનાવી છે, તે નિક્ષિપ્ત પ્રપૂર્વા છે, તથા " પરિભાઇ યપુવ્વ " તે અમે આ વસતિ પહેલાંથી અમારા ભત્રીજા વિગેરે માટે કલ્પેલી છે, તથા બીજા ગૃહસ્થોએ પણ આ રહેવાનું મકાન વાપર્યું છે, તથા તે ગૃહસ્થ કહે છે કે અમે એને પ્રથમથી પાડી નાંખવા રાખેલ છે, જો તમારે આ ઉપયોગમાં ન આવે તો અમે એને પાડી નાંખીશું, આ પ્રમાણે ભકિતથી કોઈ ગૃહસ્થ છલના કરે, તો સાધુએ ઠગાવું નહિ; પણ દોષોને દૂર કરવા પ્રયત્ન કરવો.

પ્ર૦—આ પ્રમાણે છલનાના સંભવમાં પણ યથાવસ્થિત વસતિના ગુણ દોષો ગૃહસ્થે પૂછતાં સાધુ કહે તો શું સમ્યક જ પ્રકટ કરશે ? અથવા એવું પ્રકટ કરતો સાધુ શું સમ્યક પ્રકટ કહેનારો થશે ? આચાર્ય કહે હા ! ( હંત ! અવ્યય શિષ્યના આમંત્રણમાં છે ) તે સમ્યકજ કહેનારો થાય છે. હવે તેવા કાર્યના વશથી ચરક કાર્પટિક વિગેરે સાથે ઉતરવું પડે તો તેની વિધિ કહે છે.

**से भिक्खू वा० से जं पुण उवस्सयं जाणिज्जा खुड्डियाओ खुड्डुवारियाओ निययाओ संनिरुद्धाओ भवन्ति, तहप्पगा० उवस्सए राओ वा वियाले वा निक्खममाणे वा प० पुरा हत्थेण वा पच्छा पाएण वा तओ संजयामेव निक्खमिज्ज वा २, केवली बूया आयाणमेयं, जे तत्थ समणाण**

**वा माहणाण वा छत्तए वा मत्तए वा दंडए वा लट्ठिया वा भिसिया वा नालिया वा चेलं वा चिलिमिली वा चम्मए वा चम्मकोसए वा चम्मछेयणए वा दुब्बद्धे दुन्निक्खित्ते अणिकंपे चलाचले भिक्खू य राओ वा वियाले वा निक्खममाणे वा २ पयलिज्ज वा २, से तत्थ पयलमाणे वा० हत्थं वा० लूसिज्ज वा पाणाणि वा ४ जाव ववरोविज्ज वा, अह भिक्खूणं पुव्वोवइट्ठं जं तह० उवस्सए पुरा हत्थेण निक्ख० वा पच्छा पाएणं तओ संजयामेव नि० पविसिज्ज वा॥ (सू० ८८)**

તે ભિક્ષુ આવો ઉપાશ્રય જાણે, કે નાની વસતિ છે, અથવા દરવાજા નાના છે, અથવા તે નીચી છે, અથવા ગૃહસ્થથી ભરાઈ ગઈ છે, અને તે વસતિમાં–સાધુને ઉતરવાની જગ્યામાં શય્યાતરે બીજા કેટલાક દિવસ રહેનાર ચરક વિગેરેના સાધુને ઉતરવા આપેલ છે, અથવા સાધુના આવ્યા પહેલાં તે જગ્યામાં ચરક વિગેરે ઉતરેલા છે, અને પાછળથી સાધુને તેમાં જગ્યા આપેલ છે, તો રાત્રે કે પરોડીયે કારણ વશે બહાર જતાં આવતાં જેમ ચરક વિગેરેના સાધુના ઉપકરણને ઉપઘાત ન થાય, અથવા તેના શરીરના અવયવનો ઉપઘાત ન થાય, તેમ પ્રથમ હાથ ફેરવતાજવું અને યતનાથી જવા આવવાની ક્રિયા કરવી, જો તેમ ન કરતાં અયતનાથી ચાલે તો કેવળી તેમાં કર્મ આદાન બતાવે છે. એટલે ત્યાં શ્રમણ બ્રાહ્મણોના છત્રને માત્રાને દંડને લાકડીને ભિસિકા ( ) નાલિકા વસ્ત્રને ચિલિમિલી ( યમનિકા–પડદો ) ને ચામડાને ચર્મકોશ પગમાં તલીયે પહેરવાની ચામડાની ખલ્લક વિગેરે

ચર્મછેદનક દુર્બદ્ધ દુર્નિક્ષિપ્ત વસ્તુ પડી હોય, ત્યાં અનિષ્કંપ હોય તે ચલાચલ થતાં દોષ લાગે તેથી પોતે ન અથડાય તેમ સાધુએ ચાલવું, નહિતો તેના ઉપકરણને નુકશાન થાય અથવા તેના હાથ પગને નુકશાન થાય, માટે સંભાળીને જવું આવવું,

**से आगंतारेसु वा अणुवीय उवस्सयं जाइज्जा, जे तत्थ ईसरे जे तत्थ समहिट्ठाए ते उवस्सयं अणुन्नविज्जा—कामं खलु आउसो! अहालंदं अहापरिन्नायं वसिस्सामो जाव आउसंतो! जाव आउसंतस्स उवस्सए जाव साहम्मियाइं ततो उवस्सयं गिण्हिस्सामो तेण परं विहरिस्सामो ॥ (सू० ८९)**

હવે વસતિની યાચનાની વિધિ કહે છે.

તે ભિક્ષુ પૂર્વે બતાવેલા આગંતાર વિગેરે સ્વરૂપવાળા રહેવા યોગ્ય મકાનમાં પ્રવેશ કરીને અને વિચાર કરીને આ ઉપાશ્રય કેવો છે? એનો માલિક કોણ છે? વિગેરે પૂછીને ઉપાશ્રયને યાચે,

હવે જે ઘરનો સ્વામી છે, અથવા ઘરના માલિકે તેની રક્ષા માટે જેને સોંપ્યું હોય, તેની પાસે ઉપાશ્રયની યાચના કરે, તે આ પ્રમાણે હે આયુષ્મન્! તારી ઇચ્છાથી તું આજ્ઞા આપે તો અમુક દિવસ આટલા ભાગમાં અમે રહીશું. ત્યારે તે વખતે ગૃહસ્થ કહે, કે તમને કેટલા દિવસ જરૂર પડશે? ત્યારે સાધુએ કહેવું, કે શીયાળે, ઉનાળે ખાસ કારણ વિના એક માસ અને ચોમાસું હોય તો ચાર માસની જરૂર છે,

એમ યાચના કરવી, ત્યારે કદાચ ગૃહસ્થ કહે, કે મારે તેટલો કાળ અહીં રહેવું નથી, અથવા તેટલો કાળ વસતિ અપાય તેમ નથી, ત્યારે સાધુએ તે મકાન લેવાનું કાંઈ ખાસ કારણ હોય તો કહેવું કે જ્યાં સુધી આપ રહો ત્યાં સુધી અથવા આપના કબજામાં હોય ત્યાં સુધી અમે એમાં રહીશું, ત્યાર પછી અમે વિહાર કરી જઈશું, પણ ગૃહસ્થ પૂછે, કે સાધુની સંખ્યા કેટલી છે ? તો કહેવું, કે અમારા આચાર્ય સમુદ્ર જેવા છે, તેથી પરિમાણ નક્કી નથી, કારણ કે કાર્યના અર્થીઓ કેટલાક આવે, અને ભણવા વિગેરેનું કૃત્ય થઈ રહેતાં કેટલાક જાય છે, તેથી જેટલા હાજર હશે, તેટલા માટે યાચના છે, અર્થાત્ સાધુએ ઘરધણી સાથે સાધુનું પરિમાણ નક્કી ન કરવું, વળી—

**से भिक्खू वा० जस्सुवस्सए संवसिज्जा तस्स पुव्वामेव नामगुत्तं जाणिज्जा, तओ पच्छा तस्स गिहे निमंतेमाणस्स वा अनिमंतेमाणस्स वा असणं वा ४ अफासुयं जाव नो पडिगाहेज्जा ॥ ( सू० ९० )**

તે સાધુ જેના ઘરમાં નિવાસ કરે તેનું પ્રથમ નામ ગોત્ર જાણી લે, ત્યાર પછી તેના ઘરમાં નિમંત્રણા કરે, અથવા ન કરે તોપણ ચારે પ્રકારનો અપ્રાસુક આહાર ગ્રહણ ન કરે ( નામ–ગોત્ર પૂછવાનું કારણ એ છે કે આવેલા સાધુ પરોણાઓ સુખેથી ઘર પૂછતા આવી શકે. )

**से भिक्खू वा० से जं० ससागारियं सागणियं सउदयं**

**नो पन्नस्स निक्खमणपवेसाए जावऽणुचिंताए तहप्पगारे उवस्सए नो ठा० ॥ ( सू० ९१ )**

તે ભિક્ષુ એવું જાણે કે આ ઉપાશ્રયમાં ગૃહસ્થ રહે છે, અથવા અગ્નિ બળે છે, અથવા પાણી ( સચિત્ત ) રહે છે, ત્યાં આગળ પ્રજ્ઞસાધુએ કાઉસગ્ગ કરવા કે ધ્યાન કરવા કે ભણવા રહેવું નહિ. ( ત્યાં નિવાસ ન કરવો )

**से भिक्खू वा० से जं० गाहावइकुलस्स मज्झंमज्झेणं गंतुं पंथए पडिबद्धं वा नो पन्नस्स जाव चिंताए तह उ० नो ठा० ॥ ( सू० ९२ )**

જે ઉપાશ્રયમાં ઉતર્યા હોય ત્યાં ગૃહસ્થના ઘર મધ્યેનો મુખ્ય રસ્તો હોય ત્યાં બહુ અપાયનો સંભવ હોવાથી તેવી જગ્યાએ ન રહેવું.

**से भिक्खू वा० से जं०, इह खलु गाहावई वा० कम्मकरीओ वा अन्नमन्नं अक्कोसंति वा जाव उद्दवंति वा नो पन्नस्स०, सेवं नच्चा तहप्पगारे उ० नो ठा० ॥ ( सू० ९३ )**

તે બુદ્ધિમાન્ સાધુ એમ જાણે, કે આ જગ્યામાં ગૃહસ્થ અથવા તેના ઘરમાં કોઈપણ નોકર વિગેરે પરસ્પર લડે છે. એક બીજાને ઉપદ્રવ કરે છે, તેવું જાણીને તે ઘરમાં સાધુએ નિવાસ ન કરવો, કારણ કે ત્યાં રહેતાં ભણવામાં કે સમાધિમાં વિઘ્ન થાય છે.

**से भिक्खू वा० से जं पुण० इह खलु गाहावई वा कम्मकरीओ वा अन्नमन्नस्स गायं तिल्लेण वा नव० घ० वसाए**

**वा अब्भंगेति वा मक्खेंति वा नो पण्णस्स जाव तहप्प० उव० नो ठा० ॥ ( सू० ९४ )**

તે સાધુ એમ જાણે કે આ ઘરમાં ગૃહસ્થ અથવા નોકરડી વિગેરે કોઈપણ પરસ્પર એક બીજાના શરીરને તેલ, માખણ, ઘી કે ચરબીથી ચોળે છે, અથવા કલ્ક વિગેરેથી ઉદ્વર્ત્તન કરે છે, ત્યાં પ્રજ્ઞસાધુને નિવાસ કરવો ન કલ્પે.

**से भिक्खू वा० से जं पुण०-इह खलु गाहावई वा जाव कम्मकरीओ अन्नमन्नस्स गायं सिणाणेण वा क० लु० चु० प० आघंसंति वा पघंसंति वा उव्वलेंति वा उव्वट्टिंति वा नो पन्नस्स० ॥ ( सू० ९५ )**

તે ભિક્ષુ એમ જાણે કે આ ઘરમાં ગૃહસ્થો કે ઘરનાં માણસો પરસ્પર સ્નાન કરે છે, અથવા શરીરે સુગંધી પદાર્થો તેલ ચૂર્ણ વિગેરે એકવાર ઘસે છે, અથવા વારંવાર ઘસે છે, તેવા મકાનમાં બુદ્ધિમાન્ સાધુએ ન ઉતરવું.

**से भिक्खू० से जं पुण उवस्सयं जाणिज्जा, इह खलु गाहावती वा जाव कम्मकरी वा अण्णमण्णस्स गायं सिओदग० उसिणो० उच्छो० पहोयंति सिंचंति सिणावेंति वा नो पन्नस्स जाव नो ठाणं० ॥ ( सू० ९६ )**

તે ભિક્ષુને એમ માલૂમ પડે કે આ ઉપાશ્રયમાં ગૃહસ્થના ઘરનાં માણસો ઠંડા પાણીથી કે ઉના પાણીથી પરસ્પર છાંટે છે, ધુએ છે, સિંચે છે, સ્નાન કરાવે છે, તેવા સ્થાનમાં બુદ્ધિમાન્ સાધુને ઉતરવું ન કલ્પે.

**से भिक्खू वा० से जं० इह खलु गाहावई वा जाव कम्मकरीओ वा निगिणा ठिया निगिणा उल्लीणा मेहुणधम्मं विन्नविंति रहस्सियं वा मंतं मंतंति नो पन्नस्स जाव नो ठाणं वा ३ चेइज्जा ॥ ( सू० ९७ )**

જે ઘરમાં સ્ત્રીઓ કપડાં કાઢીને બેમર્યાદપણે બેસે, અથવા સંસારસંગ સંબંધી કંઈ પણ છાની વાત એક બીજાને રાત્રિ સંબંધી કહે, અથવા કાંઈપણ ખાનગી વાત અકાર્ય સંબંધી ચિંતવે, તેવા સ્થાનમાં સાધુએ નિવાસ ન કરવો, કારણ કે ત્યાં રહેવાથી સ્વાધ્યાયમાં વિઘ્ન થાય, અને ચિત્તમાં કુવાસના વિગેરેના દોષો થાય છે. વળી—

**से भिक्खू वा से जं पुण उ० आइन्नसंलिक्खं नो पन्नस्स० ॥ ( सू० ९८ )**

તે ભિક્ષુ એમ જાણે કે આ ઘરમાં ઉત્તમ શૃંગારરસનાં ચિત્રો છે, ત્યાં પ્રજ્ઞસાધુએ ન ઉતરવું, કારણ કે ત્યાં ઉતરવાથી ભીંતોનાં ચિત્રો જોવાથી ભણવામાં વિઘ્ન થાય, તથા તેવાં સ્ત્રી સંબંધી ચિત્રો જોવાથી પૂર્વે ભોગવેલા સંસાર ભોગો યાદ આવે, તથા ન ભોગવેલા નવા સાધુને કૌતુક વિગેરેનો સંભવ થાય છે.

હવે ફલહક વિગેરે સંસ્તારક સંબંધી કહે છે.

**से भिक्खू वा० अभिकंखिज्जा संथारगं एसित्तए, से जं० संथारगं जाणिज्जा सअंडं जाव ससंताणयं, तहप्पगारं संथारं लाभे संते नो पडि० १ ॥ से भिक्खू वा से जं० अप्पंडं जाव संताणगरुयं तहप्पगारं नो प० २ ॥ से भिक्खू वा० अप्पंडं**

लहुयं अपाडिहारियं तह० नोप० ३ ॥ से भिक्खू वा० अप्पंडं जाव अप्पसंताणगं लहुअं पाडिहारियं नो अहाबद्धं तहप्पगारं लाभे संते नो पडिगाहिज्जा ४ ॥ से भिक्खू वा २ से जं पुण संथारगं जाणिज्जा अप्पंडं जाव संताणगं लहुअं पाडिहारिअं अहाबद्धं, तहप्पगारं संथारगं लाभे संते पडिगाहिज्जा ५ ॥ ( सू० ९९ )

તે સાધુને સુવા માટે પાટીઉં જોઇએ તે સંબંધી આસૂત્રમાં પાંચભાંગા બતાવ્યા છે.

( ૧ ) જો તે પાટીયામાં ઘુણ વિગેરેના કીડાનાં ઇંડાં જાણવામાં આવે, અર્થાત્ તે સડેલું હોય, કાણાં પડેલાં હોય, તેમાં ‘ જીવાત ’ ના કારણે સંયમ વિરાધનાથી તે ન કલ્પે, ( ૨ ) જો તે પાટીયું ઘણું ભારે હોય તો વજનના લીધે ઉંચું નીચું કરતાં પોતાની આત્મવિરાધના થાય તેથી તે પણ નકલ્પે (૩) તે પાટીયાને પ્રતિહાર (ગૃહસ્થ પાછું રાખવા તૈયાર) ન હોય તો લેવું–મુકવું ન કલ્પે કારણકે પરઠવતાં દોષ લાગે, (૪) સાંધા બરોબર ન જોડયા હોય તો તેના સાંધા નીકળી જવાથી પડી જવાય કે અંગને નુકસાન થાય. આ ચારે ભાંગાવાળું પાટીઉં દોષિત હોવાથી બુદ્ધિમાન્ સાધુએ લેવું નહિં, પણ પાંચમાં ભાંગામાં બતાવેલ તથા કાણા વિનાનું ઘણું ભારે નહિ, પાછું રાખવા હા પાડે, તથા પાટીયાંના કે લાકડાના ટુકડા જડેલા હોય, સાંધા મજબુત કર્યા હોય તેવું દોષ વિનાનું પાટીયું મળે તો સાધુએ લેવું.

હવે સંથારાને ઉદ્દેશીને અભિગ્રહોનું વિશેષ કહે છે

इच्चेयाइं आयतणाइं उवाइक्कम—अह भिक्खू जाणिज्जा इमाइं चउहिं पडिमाहिं संथारगं एसित्तए, तत्थ खलु इमा पढमा पडिमा—से भिक्खू वा २ उद्दिसिय २ संथारगं जाइज्जा, तंजहा—इक्कडं वा कढिणं वा जंतुयं वा परगं वा मोरगं वा तणगं वा सोरगं या कुसं वा कुच्चगं वा पिप्पलगं वा पलालगं वा, से पुव्वामेव आलोइज्जा—आउसोति वा भ० दाहिसि मे इत्तो अन्नयरं संथारगं ? तह० संथारगं सयं वा णं जाइज्जा परो वा देज्जा फासुयं एसणिज्जं जाव पडि० पढमा पडिमा॥ ( सू० १०० )

પૂર્વે બતાવેલા ઘરોના દોષો તથા સંથારાના દોષો દૂર કરીને તથા હવેપછીના પણ સંથારાના દોષો ટાળીને સંથારો લેવો. તે કહે છે તે ભિક્ષુ એમ જાણે, કે આચાર અભિગ્રહની પ્રતિમાઓ વડે સંથારો શોધવાનો છે, બતાવે.

( ૧ ) ઉદ્દિષ્ટ ( ૨ ) પ્રેક્ષ્ય ( ૩ ) તેના ઘરનો જ ( ૪ ) યથાસંસ્તૃત છે. તેમાં ઉદ્દિષ્ટમાં ફલહક વિગેરેમાંથી કોઈપણ એક લઈશ, પણ બીજો નહિ. આ પ્રથમ પ્રતિમા છે,

( ૨ ) જેવી મનમાં પૂર્વે ધારી છે, તેવી આંખે દેખીશ તોજ લઈશ પણ બીજી નહિ.

( ૩ ) તેપણ તે શય્યાતરના ઘરમાં તૈયાર હશે તોજ લઈશ; પણ બીજેથી લાવીને સુઈશ નહિ,

( ૪ ) તેપણ સંસ્તારક ફલહક વિગેરે જેવો હશે તેવો જ વાપરીશ. આ ચાર પ્રતિમાઓમાં ગચ્છમાંથી નિકળેલા જિન

કલ્પી વિગેરેને પ્રથમની બે કલ્પતી નથી, પાછલી બેમાંથી કોઇપણ કલ્પે છે, પણ સ્થવિર કલ્પીને ચારે કલ્પે છે, તે સૂત્ર વડે બતાવે છે, તેમાંની પહેલીને ઉદ્દેશી ઉદ્દેશીને ઇક્કડ વિગેરે કોઇપણ લઇશ, તેને તે મલ્યા પછીથી બીજું મળતું હોય તો પણ લે નહિ, ઇક્કડ તથા નીચલાં પાથરણાં ઘણી શરદી ( ભીનાશ ) વાળાં દેશમાં સાધુ સાધ્વીઓને પાથરવાની આજ્ઞા છે. તે ઇક્કડ, કઢિણ ( સાદડી ) જંતુક તે એક જાતના ઘાસનું પાથરણું છે, પરક જેનાવડે કુલો ગુંથાય તેનું બનાવેલું અથવા મોરનાં પીછાં ગુંથીને બનાવેલ, તથા ઘાસનું, તથા શરના સાંઠાનું, દર્ભના ઘાસનું, કૂચડાના રેસાનું, પીપળાના પાનનું, તથા પરાળના ઘાસનું હોય, તેવું કોઈ પણ પાથરણું યાચે, તેમાંનું કોઈ પણ પાથરણું આપે, તો તે લેઇને વાપરે.

**अहावरा दुच्चा पडिमा—से भिक्खू वा० पेहाए संथारगं जाइज्जा, तंजहा—गाहावइं वा कम्मकरिं वा से पुव्वामेव आलोइज्जा—आउ० ! भइ० ! दाहिसि मे ? जाव पडिगाहिज्जा, दुच्चा पडिमा २ ॥ अहावरा तच्चा पडिमा—से भिक्खू वा० जस्सुवस्सए संवसिज्जा जे तत्थ अहासमन्नागए, तंजहा—इक्कडे इ वा जाव पलाले इ वा तस्स लाभे संवसिज्जा तस्सालाभे उक्कुडुए वा नेसज्जिए वा विहरिज्जा तच्चा पडिमा ३ ॥ ( सू० १०१ )**

પ્રથમની પ્રતિમા કરતાં આ બીજીમાં આટલું વિશેષ છે, કે આ સંસ્તારક નજરે દેખે, તોજ માગે, તે ગૃહસ્થ

સ્વયં આપે, અથવા સાધુ યાચના કરે, અને આપે તો લઈને વાપરે.

ત્રીજી પ્રતિમા—જેને ત્યાં ઉતર્યો હોય, તેના ઘરમાંજ તેવું કંઈ આસન મળે તો લેઈને વાપરે, પણ જો ન મળે તો તે ગચ્છમાં રહેલ અથવા જિન કલ્પી વિગેરે હોય તે ઉત્કટુક આસને બેસીને અથવા પદ્માસન (પલાંઠી મારીને) વિગેરેથી રાત્રી પૂરી કરે

**अहावरा चउत्था पडिमा—से भिक्खू वा अहासंथड-मेव संथारगं जाइज्जा, तंजहा—पुढविसिलं वा कट्ठसिलं वा अहासंथडमेव, तस्स लाभे संते संवसिज्जा, तस्स अलाभे उक्कुडुए वा २ विहरिज्जा, चउत्था पडिमा ४ ॥** ( सू० १०२ )

આ પ્રતિમા ધારી સાધુ જ્યાં ઉતર્યો હોય, ત્યાં પત્થરની શિલા અથવા લાકડાનું સુવા યોગ્ય પાટીઉં વિગેરે મળે અને ગૃહસ્થ પાસે યાચતાં મળે તો વાપરવું, નહિ તો ઉત્કટુક અથવા પલાંઠી મારીને રાત પૂરી કરવી.

**इच्चेया णं चउण्हं पडिमाणं अन्नयरं पडिमं पडिवज्जमाणे तं चेव जाव अन्नोऽन्नसमाहीए एवं च णं विहरंति ॥**(सू० १०३)

આ ચારે પ્રતિમાઓમાંની કોઈ પણ પ્રતિમાને સ્વીકારનારો સાધુ હોય તે બીજી પ્રતિમા સ્વીકારનારને નિંદે નહિ, કારણ કે તે બધા જિનેશ્વરની આજ્ઞાને અવલંબીને સમાધિથી રહે છે.

**से भिक्खू वा० अभिकंखिज्जा संथारगं पच्चप्पिणित्तए,**

से जं पुण संथारगं जाणिज्जा सअंडं जाव ससंताणयं तहप्प० संथारगं नो पच्चप्पिणिज्जा ॥ ( सू० १०४ )

હવે સંથારો પાછો આપવાની વિધિ કહે છે.

ભિક્ષુ પાછો આપવાનો સંથારો જ્યારે પાછો આપવા ચાહે ત્યારે તેમાં દેખે કે ગરોળી વિગેરેનાં ઇંડાંથી વ્યાપ્ત હોય અને પડિલેહણ કરવા યોગ્ય ન હોય તો તે પાછું આપે નહિં.

से भिक्खू० अभिकंखिज्जा सं० से जं० अप्पंडं० तहप्पगारं० संथारगं पडिलेहिय २ प० २ आयाविय २ विहुणिय २ तओ संजयामेव पच्चप्पिणिज्जा ॥ ( सू० १०५ )

પછી તે અમુક વખત પછી જાણે કે તે સંથારામાંનું ઇંડું જીવ રહિત થયું છે તેવા સંથારાની પ્રતિલેખના કરીને પુંજીને તડકે તપાવીને સેજ સાજ જયણાથી ઝાટકીને ગૃહસ્થને પાછો આપે.

હવે વસતિમાં વસવાની વિધિ કહે છે.

से भिक्खू वा० समाणे वा वसमाणे वा गामाणुगामं दूइज्जमाणे वा पुव्वामेव पन्नस्स उच्चारपासवणभूमिं पडिलेहिज्जा, केवली बूया आयाणमेयं—अपडिलेहियाए, उच्चारपासवणभूमीए, से भिक्खू वा० राओ वा वियाले वा उच्चारपासवणं परिट्ठवेमाणे पयलिज्ज वा २, से तत्थ पयलमाणे वा २ हत्थं वा पायं वा जाव लूसेज्ज व पाणाणि वा ४ ववरोविज्जा, अह भिक्खू णं पु० जं पुव्वामेव पन्नस्स उ० भूमिं पडिलेहिज्जा ॥ ( सू० १०६ )

તે સાધુ–સાધ્વીએ એક જગ્યાએ રહેતાં કે વિહાર કરતાં પ્રથમથી સ્થંડિલ માત્રાની જગ્યા જોઈ લેવી, જો દિવસ છતાં જોઈ ન રાખે તો કેવળી પ્રભુ તેમાં દોષ બતાવે છે, કારણ કે તે ભિક્ષુ કે સાધ્વી રાત્રે કે વિકાલે તેવા સ્થાનમાં સ્થંડિલ માત્રુ પરઠવતાં પગ ખસી જતાં તેના હાથ પગ ભાંગે, અથવા ઇંદ્રિયોને નુકશાન થાય અથવા અન્ય પ્રાણીના પ્રાણ પણ લે, એટલા માટે સાધુ–સાધ્વીએ પ્રથમથી ઠલ્લા માત્રાની જગ્યા દિવસ છતાં જોઈ લેવી.

**से भिक्खू वा २ अभिकंखिज्जा सिज्जासंथारगभूमि पडिलेहित्तए नन्नत्थ आयरिएण वा उ० जाव गणावच्छेएण वा बालेण वा वुड्ढेण वा सेहेण वा गिलाणेण वा आएसेण वा अंतेण वा मज्झेण वा समेण वा विसमेण वा पवाएण वा निवाणए वा, तओ संजयामेव पडिलेहिय २ पमज्जिय २ तओ संजयामेव बहुफासुयं सिज्जासंथारगं संथरिज्जा ॥ (सू० १०७)**

તે સાધુએ પ્રથમથી આચાર્ય ઉપાધ્યાય વિગેરેથી ગણાવચ્છેદક સુધીના અથવા બાળ વૃદ્ધ નવા શિષ્ય, માંદા અથવા પરોણાની જગ્યા છોડી દઈને છેડેની જગ્યા અથવા મધ્યમાં અથવા સમ કે વિષમ ( ખડબચડી ) જગ્યા હોય, પવન આવે ન આવે, તો પણ તેમાં સંતોષ રાખી પડિલેહણા પ્રમાર્જન કરીને સંથારો પાથરવો.

હવે શયનની વિધિ કહે છે.

**से भिक्खू वा० बहु० संथरित्ता अभिकंखिज्जा बहुफा-**

**सुए सिज्जासंथारए दुरुहित्तए॥ से भिक्खू० बहु० दुरूहमाणे पुव्वामेव ससीसोवरियं कायं पाए य पमज्जिय २ तओ संजयामेव बहु० दुरूहित्ता तओ संजयामेव बहु० सइज्जा ॥ ( सू० १०८ )**

તે સાધુ-સાધ્વીએ બહુ પ્રાસુક ( નિર્દોષ) જગ્યામાં સંથારો પાથરીને તેમાંજ પોતે યતનાથી શયન કરવું, પણ તે સાધુ-સાધ્વી પ્રથમથી તે શય્યામાં સુવા પહેલાં પગથી માથા સુધીની જગ્યા પૂંજવી તથા પોતાનું આખું શરીર તથા પગ પ્રમાર્જીને બહુ સંભાળીને યતનાથી સુવું.

હવે સુતેલાની વિધિ કહે છે,

**से भिक्खू वा० बहु० सयमाणे नो अन्नमन्नस्स हत्थेण हत्थं पाएण पायं काएण कायं आसाइज्जा, से अणासायमाणे तओ संजयामेव बहु० सइज्जा ॥ से भिक्खू वा उस्सासमाणे वा नीसासमाणे वा कासमाणे वा छीयमाणे वा जंभायमाणे वा उड्डोए वा वायनिसग्गं वा करेमाणे पुव्वामेव आसयं वा पोसयं वा पाणिणा परिपेहित्ता तओ संजयामेव ऊससिज्जा वा जाव वायनिसग्गं वा करेज्जा ॥ ( सू० १०९ )**

તે સાધુ વિગેરેએ પોતે સંથારામાં સુતાં એક બીજા સાધુને હાથ પગથી કે કાયાથી અડકવું નહિં, તે પ્રમાણે અડક્યા વિના સુવું ( આમાં સૂચવ્યું કે સાધુએ બંનેના હાથ ન પહોંચે તેટલે દૂર સંથારો કરવો) તથા સાધુએ શ્વાસોશ્વાસ લેતાં, ખાંસી આવતાં, છીંક ખાતાં, બગાસું આવતાં, ઓડકાર આવતાં અથવા વાયુ સંચાર થતાં પ્રથમ પોતાના હાથ

વડે યતનાથી મોઢું કે તે જગ્યાને સહેજ ઢંકીને કરવું. ( આ સૂત્રમાં મોઢું ઉઘાડું રાખી બગાસું ખાતાં ઉડતાં જંતુ ઘુસી જવાથી ઉલટી થાય, અથવા પોતાનો ખરાબ વાસ જોરથી નીકળતાં બીજાને કલેશ થાય, નીચલી જગ્યા ઢાંકવાનું કારણ જોરથી વા સંચાર થતાં રોગાદિ કારણે કપડાં ખરાબ થતાં અટકે,)

હવે સામાન્યથી શય્યાને આશ્રયી કહે છે.

**से भिक्खू वा० समा वेगया सिज्जा भविज्जा विसमा वेगया सि० पवाया वे० निवाया वे० ससरक्खा वे० अप्पससरक्खा वे० सदंसमसगा वेगया अप्पदंसमसगा० सपरिसाडा वे० अपरिसाडा० सउवसग्गा वे० निरुवसग्गा वे० तहप्पगाराहिं सिज्जाहिं संविज्जमाणाहिं पग्गहियतरागं विहारं विहरिज्जा नो किंचिवि गिलाइज्जा, एवं खलु० जं सव्वट्ठेहिं सहिए सया जएत्तिवेमि ( सू० ११० ) २-१-२-२॥**

તે સાધુને સંથારા માટે કોઈ વખતે સરખી કોઈ વખતે ખરબચડી કોઈ વખતે પવનવાળી કોઈ વખતે હવા વિનાની કોઈ વખતે ધૂળવાળી કોઇ વખતે વિના ધૂળની ડાંસ મચ્છરવાળી કે ડાંસ મચ્છર વિનાની અથવા રહેવાને ઉચિત અથવા અનુચિત ઉપસર્ગવાળી કે વિના ભયની એવી વિચિત્ર જાતિની જગ્યા મળે તોપણ તેમાં સમભાવ ધારણ કરીને રહેવું, પણ ગ્લાનિ કે દીનતાભાવ કે અહંકાર લાવવો નહિ. આજ સાધુનું સર્વસ્વ છે, માટે તેમાં જયણાથી સદાએ વર્ત્તે.

**શય્યા નામનું બીજું અધ્યયન સમાપ્ત થયું.**

# ઈર્યા નામનું ત્રીજું અધ્યયન.

બીજું અધ્યયન કહીને ત્રીજું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, પ્રથમ અધ્યયનમાં ધર્મ શરીરનું પાલન કરવા પિંડ બતાવ્યો, તે પિંડ આ લોક પરલોકના અપાયના રક્ષણ માટે અવશ્યે વસતિ (મકાન)માં વાપરવો, તેથી બીજા અધ્યયનમાં વસતિનું સ્વરૂપ બતાવ્યું, હવે તે પિંડ તથા વસતિને શોધવા માટે ગમન કરવું, તે આ પ્રમાણે કરવું, આ પ્રમાણે ન કરવું, તે અહીં બતાવવાનું છે, આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર કહેવા જોઇએ, તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમમાં નામ નિક્ષેપણ માટે નિર્યુક્તિકાર કહે છે.

**नामं १ ठवणाइरिया २ दव्वे ३ खित्ते ४ य काल ५ भावे ६ य।**
**एसो खलु इरियाए निक्खेवो छव्विहो होइ ॥ ३०५ ॥**

નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એમ છ પ્રકારે ઇર્યાનો નિક્ષેપો છે, તેમાં નામ સ્થાપના સુગમ છોડીને દ્રવ્ય ઇર્યા બતાવવા માટે કહે છે.

**दव्वइरियाओ तिविहा सचित्ताचित्तमीसगा चेव।**
**खित्तंमि जंमि खित्ते काले कालो जहिं होइ ॥ ३०६ ॥**

તેમાં દ્રવ્ય ઇર્યા સચિત્ત અચિત્ત મિશ્ર એમ ત્રણ ભેદે છે, અર્થાત્ ઇર્યા, ઇરણ, ગમન ત્રણે એક અર્થમાં છે, તેમાં સચિત્ત એવો વાયુ અથવા પુરૂષ હોય તેનું ગમન તે સચિત્ત ઇર્યા જાણવી, એજ પ્રમાણે પરમાણુ આદિ દ્રવ્યનું ગમનં તે

અચિત્ત ગમન છે, તથા મિશ્ર દ્રવ્ય ઈર્યા તે રથાદિ ( જેમાં અચિત્ત રથ સચિત્ત બળદ કે માણસ ) નું ગમન જાણવું, ક્ષેત્રઈર્યા તે જે ક્ષેત્રમાં ગમન કરાય, અથવા ઈર્યાનું વર્ણન કરાય તે ક્ષેત્રઈર્યા, તેજ પ્રમાણે જે કાળમાં ગમન થાય, અથવા ઈર્યાનું વર્ણન થાય તે કાળઈર્યા જાણવી.

હવે ભાવ ઈર્યા બતાવવા કહે છે.

**भावइरियाओ दुविहा चरणरिया चेव संजमरिया य।**
**समणस्स कहं गमणं निद्दोसं होइ परिसुद्धं ॥ ३०७ ॥**

ભાવ વિષયની ઈર્યા બે પ્રકારની છે, ચરણ ઈર્યા, અને સંયમ ઈર્યા તેમાં સંયમ ઈર્યા ૧૭ પ્રકારનું સંયમ અનુષ્ઠાન છે, અથવા અસંખ્ય સંયમ સ્થાનમાં એક સંયમ સ્થાનથી બીજા સંયમ સ્થાનમાં જતાં સંયમ ઈર્યા થાય છે, પણ ચરણ ઈર્યા તો " અભ્ર વભ્ર મભ્ર ચર " ધાતુનો ગતિ અર્થ છે, ચરતિનો ભાવ લ્યુટ રૂપ ચરણ તેજ રૂપે ઈર્યા તે ચરણ ઈર્યા છે. અર્થાત્ ચરણનો અર્થ ગતિ અથવા ગમન છે, અને તે શ્રમણનું ચરણ કયા પ્રકારે ભાવરૂપ ( નિર્દોષ ) ગમન થાય ? તે કહે છે.

**आलंबणे य काले मग्गे जयणाइ चेव परिसुद्धं ।**
**भंगेहिं सोलसविहं जं परिसुद्धं पसत्थं तु ॥ ३०८ ॥**

પ્રવચન સંઘ ગચ્છ આચાર્ય વિગેરેના માટે પ્રયોજન આવતાં સાધુ ગમન કરે, તે આલંબન છે, તથા સાધુને વિહરણ યોગ્ય અવસર છે, તે કાળ છે, તથા જનો (માણસો)

એ પગવડે ખુંદેલા માર્ગે યતના તે યુગમાત્ર દૃષ્ટિ રાખવી તેજ આલંબન કાળમાર્ગ યતનાનાં પદોવડે એકેક પદ વ્યભિચારથી જે ભંગો થાય તે પ્રમાણે ગણતાં ૧૬ ભાંગા થાય, તેમાં જે પરિશુદ્ધ હોય તેજ પ્રશસ્ત છે, અને હવે તે બતાવે છે.

**चउकारणपरिसुद्धं अहवावि (हु) होज्ज कारणज्जाए।**
**आलंबणजयणाए काले मग्गे य जइयव्वं ॥ ३०९ ॥**

ચાર કારણોએ સાધુનું ગમન શુદ્ધ થાય છે, આલંબન વડે દિવસે માર્ગવડે યતનાથી જાય છે, અથવા અકાલમાં પણ ગ્લાન વિગેરેના આલંબને યતનાથી જતાં શુદ્ધ ગમન હોય છે, અને આવે માર્ગે સાધુએ યત્ન કરવો, નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો, હવે ઉદ્દેશ અર્થાધિકારને આશ્રયી કહે છે.

**सव्वेवि ईरियविसोहिकारगा तहवि अत्थि उ विसेसो।**
**उद्देसे उद्देसे वुच्छामि जहक्कमं किंचि ॥ ३१० ॥**

સર્વે એટલે આ ત્રણે પણ જો કે ઈર્યા વિશુદ્ધિકારક છે, તો પણ ત્રણે ઉદ્દેશામાં કાંઈક વિશેષ છે, તે દરેકને યથાક્રમે કિંચિત્ કહીશું. હવે પ્રતિજ્ઞા પ્રમાણે કહે છે.

**पढमे उवागमण निग्गमो य अद्धाण नावजयणा य।**
**बिइए आरूढ छलणं जंघासंतार पुच्छा य ॥ ३११ ॥**

પહેલા ઉદ્દેશામાં વર્ષાકાળ વિગેરેમાં ઉપાગમન તે સ્થાન લેવું, તથા નિર્ગમ તે શરત્કાળ વિગેરેમાં વિહાર જેવો હોય, તેવો અત્રે કહેવાય છે, અને યતનાથી માર્ગમાં ચાલવું

આ ત્રણ વાતો પહેલા ઉદ્દેશામાં છે, બીજા ઉદ્દેશામાં નાવ વિગેરેમાં ચડનારનું છલન (પ્રક્ષેપણ) વર્ણવશે, અને જંઘા-સંતાર પાણીમાં યતના રાખવી, તથા જુદા જુદા પ્રશ્નમાં સાધુએ શું કરવું. તે અહીં કહે છે,

**तइयंमि अदायणया अप्पडिबंधो य होइ उवहिंमि ।**
**वज्जेयव्वं च सया संसारियरायगिहगमणं ॥ ३१२ ॥**

ત્રીજા ઉદ્દેશામાં જો કોઇ પાણી વગેરે સંબંધી પૂછે, તે જાણતો હોય છતાં ન જાણવાપણું બતાવવું તે અધિકાર છે, તથા ઉપધિમાં અપ્રતિબંધપણું રાખવું, તે કદાચ ચોરાઈ જાય તો પણ સ્વજન પાસે અથવા રાજગ્રહમાં ફરીયાદ કરવા ન જવું, હવે સૂત્રાનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણોવાળું સૂત્ર ઉચ્ચારવું તે આ પ્રમાણે છે.

**अब्भुवगए खलु वासावासे अभिपवुट्टे बहवे पाणा अभिसंभूया बहवे बीया अहुणाभिन्ना अंतरा से मग्गा बहुपाणा बहुबीया जाव ससंताणगा अणभिक्कंता पंथा नो विन्नाया मग्गा सेवं नच्चा नो गामाणुगामं दूइज्जिज्जा, तओ संजयामेव वासावासं उवल्लिइज्जा ॥ ( सू० १११ )**

મુખ્યત્વે વર્ષાઋતુ આવે છતે અને વરસાદ વરસે છતે સાધુએ શું કરવું, તે કહે છે. અહીં વર્ષાકાળ અને વૃષ્ટિ આશ્રયી ચાર ભાંગા થાય છે, તેમાં સાધુઓને આજ સમાચારી છે. એટલે નિર્વ્યાઘાત તે અષાઢ ચોમાસું આવ્યા પહેલાંજ ઘાસ, ફલક, ડગલ, ભસ્મ માત્રકાદિનો પરિગ્રહ કરવો, અર્થાત્

ચોમાસું બેસતા પહેલાં પણ વધારે વરસાદ પડતાં ઘણાં નાના પ્રાણીઓ ઇંદ્રગોપક બીયાવક ગર્દભક વિગેરે (સંમૂર્છિમ જંતુઓ) ઉત્પન્ન થાય છે, તથા ઘણા નવા ઘાસના અંકુરા પ્રકટ થાય છે, તેથી તેવે માર્ગે જતાં તે પ્રાણીઓ તથા ઘાસના અંકુરાથી તે કરોળીયાના સમૂહ સુધી માર્ગમાં પથરાયેલા હોય, તેથી રસ્તો શોધવો મુશ્કેલ પડે. તેથી તે જીવોના રક્ષણ માટે એક ગામથી બીજે ગામ ન જાય, તેથી સંયત (સાધુ) પોતેજ સમય જોઈને અવસર આવતાં ચોમાસું કરી લે. (આને માટે કલ્પસૂત્રમાં ખુલાસો કરે છે કે અષાડ ચોમાસા પહેલાં વરસાદ આવી જાય તો એક માસ પ્રથમથી પણ ચોમાસું કરે, પણ અસાડમાં તો અવશ્યે સ્થિરતા કરવી)

હવે અપવાદ માર્ગ કહે છે.

**से भिक्खू वा० सेज्जं गामं वा जाव रायहाणिं वा इमंसि खलु गामंसि वा जाव राय० नो महई विहारभूमी नो महई वियारभूमी नो सुलभे पीढफलगसिज्जासंथारगे नो सुलभे फासुए उंछे अहेसणिज्जे जत्थ बहवे समण० वणीमगा उवागया उवागमिस्संति य अच्चाइन्ना वित्ती नो पन्नस्स निक्खमणे जाव चिंताए, सेवं नच्चा तहप्पगारं गामं वा नगरं वा जाव रायहाणिं वा नो वासावासं उवल्लिइज्जा ॥ से भि० से जं० गामं वा जाव राय० इमंसि खलु गामंसि वा जाव महई विहारभूमी महई वियार० सुलभे जत्थ पीढ ४ सुलभे फा० नो जत्थ बहवे समण० उवागमिस्संति वा अप्पाइन्ना वित्ती जाव रायहाणिं वा तओ संजयामेव वासावासं उवल्लिइज्जा ॥ ( सू० ११२ )**

તે ભિક્ષુ તેવી રાજધાની વિગેરે કોઈપણ સ્થાનમાં આવ્યા પછી એમ જાણે કે વિહાર ( સ્વાધ્યાય ) ભૂમી તથા વિચાર (સ્થંડિલ) ભૂમિ ઉચિત મળે તેવી નથી, તથા સાધુને યોગ્ય પીઠ ફલક શયા સંથારો વિગેરે ચોમાસામાં ખાસ વાપરવા યોગ્ય ઉપકરણો કે વસ્તુઓ મળવી દુર્લભ છે, તથા પ્રાસુક ગોચરી મળવી દુર્લભ છે, તથા એષણીય આહાર ન મળે, તેજ કહે છે—એટલે સાધુને ઉદ્ગમ વિગેરે દોષરહિત ગોચરી લેવાની છે, તે ન મળે, તથા તે નગર વિગેરેમાં ઘણા શ્રમણ, બ્રાહ્મણો, કૃપણ, વણીમગ વિગેરે આવીને ભરાયેલા છે, અને બીજા આવવાના છે, તેથી ઘણા માગણ ભરાવાથી આકીર્ણ વૃત્તિ છે, એટલે ભિક્ષા માટે અટન તથા સ્વાધ્યાય ધ્યાન કરવા બહાર જતાં આવતાં તે ઘણા ભિક્ષુક માણસોના ભરાવાથી તે ગામ વિગેરે સંકોચાયેલ છે, ત્યાં જૈનસાધુને જવું આવવું તથા ધર્મ ચિંતવન વિગેરે ક્રિયા ઉપદ્રવ રહિત ન થાય. જો આવી અગવડો હોય, તો તેવા ક્ષેત્રમાં ચોમાસું ન કરે, પણ જો ઉપર બતાવેલી અગવડો ન હોય એટલે ભણવાની અને સ્થંડિલની જગ્યા હોય, ઉચિત ઉપકરણ મળતાં હોય, પિંડ શુદ્ધ મળતો હોય, અન્ય ભિક્ષુકો સામાન્ય પ્રમાણમાં હોય, જતાં આવતાં ઘણો સમય ન લાગતો હોય, તો ત્યાં ચોમાસું કરવું. હવે વર્ષાકાળ પુરો થયે ક્યારે વિહાર ન કરવો તે કહે છે.

**अह पुणेवं जाणिज्जा-चत्तारि मासा वासावासाणं वीइक्कंता हेमंताण य पंचदसरायकप्पे परिवुसिए, अंतरा से**

**मग्गे बहुपाणा जाव ससंताणगा नो जत्थ बहवे जाव उवागमिस्संति, सेवं नच्चा नो गामाणुगामं दूइज्जिज्जा ॥ अह पुणेवं जाणिज्जा चत्तारि मासा० कप्पे परिवुसिए, अंतरा से मग्गे अप्पंडा जाव ससंताणगा बहवे जत्थ समण० उवागमिस्संति सेवं नच्चा तओ संजयामेव० दूइज्जिज्ज ॥ (सू०११३)**

હવે આ પ્રમાણે સાધુઓ જાણે, કે ચોમાસા સંબંધી ચારમાસ પૂરા થયા છે, અર્થાત્ કાર્તિકી ચોમાસું પૂરૂં થયું છે, ત્યાં જો ઉત્સર્ગથી વૃષ્ટિ ન હોય, તો એકમેજ બીજે સ્થળે જઈને પારણું કરવું, પણ જો વૃષ્ટિ ચાલુ હોય તો હેમંત રૂતુના પાંચ-દસ દીવસ ગયે થકે વિહાર કરવો, તેમાં પણ જો બીજે ગામ જતાં માર્ગમાં નાનાં જંતુનાં ઈંડાં પડ્યાં હોય, ગારો હોય, કરોળીયાનાં જાળાં બાઝી ગયેલાં હોય, અને બ્રાહ્મણ શ્રમણ વિગેરે માગણ ન આવેલા હોય, અથવા થોડા વખતમાં આવવાના ન હોય તો માગસર શુદ ૧૫ સુધી ત્યાં રહેવું. ત્યારપછી ગમે તેમ હોય તોપણ ત્યાં રહેવું નહિ, પણ જો વૃષ્ટિ ન હોય, કાદવ ન હોય, માર્ગ ઈંડાં વિનાનો હોય, શ્રમણ બ્રાહ્મણ આવ્યા હોય, આવવાના હોય, તો કાર્તિકી પુર્ણિમા પછી તુર્ત વિહાર કરવો.

હવે માર્ગની યતના કહે છે—

**से भिक्खू वा० गामाणुगामं दूइज्जमाणे पुरओ जुगमायाए पेहमाणे दट्ठूण तसे पाणे उद्धट्टु पादं रीइज्जा साहट्टु पायं रीइज्जा वितिरिच्छं वा कट्टु पायं रीइज्जा, सइ परक्कमे**

**संजयामेव परिक्कमिज्जा नो उज्जुयं गच्छिज्जा, तओ संजयामेव गामाणुगामं दूइज्जिज्जा ॥ से भिक्खू वा० गामा० दूइज्जमाणे अंतरा से पाणाणि वा बी० हरि० उदए वा मट्टिआ वा अविद्धत्थे सइ परक्कमे जाव नो उज्जुयं गच्छिज्जा, तओ संजया० गामा० दूइज्जिज्जा ॥ ( सू० ११४ )**

તે ભિક્ષુ બીજે ગામ જતાં મોઢા આગળ યુગમાત્ર ( ચાર હાથ પ્રમાણ ) ગાડાના ઉદ્ધિ ( ધૂસરા ) ના આકારે ભૂભાગ ( જમીન ) દેખતો ચાલે, ત્યાં માર્ગમાં ત્રસ જીવો જે પતંગ વિગેરે છે, તે પગને અડકીને અથવા પાદના તળીયા નીચે અડકીને નીકળે, તો તે જીવોની રક્ષા ખાતર શરીરમાં શક્તિ હોય ત્યાં સુધી બીજે માર્ગે જવું, પણ બીજો રસ્તો કે જવાની શક્તિ ન હોય, તો તે રસ્તે જતાં જ્યારે તેવાં જંતુઓ પગ પાસે આવે, ત્યારે ત્યાં પગ સંભાળીને મુકવો કે તે ચગદાઈ ન જાય, એટલે જ્યારે સામે આવે ત્યારે તેને પગ સાથે અથડાવા દેવાં નહીં, પણ જો પગ નીચે દબાઈ જાય તેમ હોય તો નીચે દેખીને તે જગ્યાએ પગ ન મુકવો, અથવા પગની એડી મુકીને ચાલવું, અથવા પગ વાંકો કરીને ચાલવું, આ પ્રમાણે એક ગામથી બીજે ગામ જીવ જંતુની રક્ષા કરતાં જવું.

વળી સાધુને એક ગામથી બીજે ગામ જતાં માર્ગમાં નાના જીવ જંતુ બીજ હરિયાળી ( લીલું ઘાસ ) પાણી, માટી અથવા રસ્તો ન પડ્યો હોય, તો તેવા સીધા માર્ગે ન જવું, પણ જીવ-જંતુ વિનાના તથા કાદવ માટી પાણી

વિનાના માર્ગે ચકાવો ખાઇને જ્યાંથી લોકો જતાં હોય તેવા રસ્તે સાધુએ જવું, પણ બીજો રસ્તો ન હોય, અથવા જવાની શક્તિ ન હોય, તો તે માર્ગે યતનાથી ચાલવું. વળી—

**से भिक्खू वा० गामा० दूइज्जमाणे अंतरा से विरूवरूवाणि पच्चंतिगाणि दसुगाययाणि मिलक्खूणि अणायरियाणि दुसन्नप्पाणि दुप्पन्नवणिज्जाणि अकालपडिबोहीणि अकालपरिभोईणि सइ लाढे विहाराए संथरमाणेहिं जाणवएहिं नो विहारवडियाए पवज्जिज्जा गमणाए, केवली बूया आयाणमेयं, तेणं बाला अयं तेणे अयं उवचरए अयं ततो आगएत्तिकट्टु तं भिक्खुं अक्कोसिज्ज वा जाव उद्दविज्ज वा वत्थं प० कं० पाय० अच्छिदिज्ज वा भिंदिज्ज वा अवहरिज्ज वा परिठ्ठविज्ज वा, अह भिक्खूणं पु० जं तहप्पगाराइं विरू० पच्चंतियाणि दस्सुगा० जाव विहारवत्तियाए नो पवज्जिज्ज वा गमणाए तओ संजया गा० दू० ॥ ( सू० ११९ )**

તે ભિક્ષુને બીજે ગામ જતાં એમ માલુમ પડે, કે આ માર્ગે જતાં વચમાં વિરૂપ રૂપવાળા મહાદુષ્ટ એવા ચોરોનાં સ્થાન છે, તથા બર્બર શબર પુલિંદ વિગેરે મ્લેચ્છથી પ્રધાન એવા અનાર્ય લોકો જે ગંગા સિંધુની વચમાંના રપા આર્ય દેશ છોડીને બીજા દેશોમાં રહેલા છે, તેઓ દુઃખેથી આર્યોની સંજ્ઞા સમજે છે, તથા મહા કષ્ટથી આર્ય ધર્મને સમજે અને અનાર્ય સંકલ્પને છોડે, તથા અકાળમાં પણ ભટકનારા છે, કારણકે અડધીરાત્રે પણ શિકાર વિગેરે માટે જાય છે, તથા અકાલે (વખત વિના) ભોજન કરનારા છે, માટે જ્યાં સુધી

બીજા દેશોના સારાં ગામો વિચરવાનાં હોય, ત્યાં સુધી તેવા અનાર્ય દેશોના ક્ષેત્રોમાં હું જઈશ, એવી પ્રતિજ્ઞા સાધુએ ન કરવી, ( અર્થાત્ ત્યાં જવું નહિ ) ત્યાં જવાથી કેવલીપ્રભુ તેમાં દોષ બતાવે છે, કારણ કે ત્યાં જવાથી સંયમની વિરાધના થાય છે, તથા ત્યાં આત્માની વિરાધનામાં સંયમની વિરાધના પણ થાય છે, તે બતાવે છે, તે મ્લેચ્છ વિગેરે અનાર્યો આ પ્રમાણે બોલે છે, " આ ચોર છે ! આ શત્રુનો ચર તેના ગામથી આવેલો દૂત છે ! એમ કહીને વચનથી તિરસ્કાર કરે, દંડથી તાડના કરે, અને છેવટે જીવ પણ લે, તથા વસ્ત્રો વિગેરે પણ ખુંચવી લે, પછી સાધુને કાઢી મુકે, માટે સાધુઓને આ શીખામણ છે, કે તેમણે તેવા માર્ગે જવું નહિ, પણ તેવા માર્ગને છોડીને સંયત સારે માર્ગે વિહાર કરી ને બીજે ગામ જાય.

**से भिक्खू० दूइज्जमाणे अंतरा से अरायाणि वा गणरायाणि वा जुवरायाणि वा दोरज्जाणि वा वेरज्जाणि वा विरुद्धरज्जाणि वा सइ लाढे विहाराए संथ० जण० नो विहारवडियाए० केवली बूया आयाणमेयं, तेणं बाला तं चेव जाव गमणाए तओ सं० गा० दू० ॥ ( सू० ११६ )**

તે ભિક્ષુને વિહાર કરતાં એમ માલુમ પડે કે તે માર્ગે રાજા મરીગયો છે, અને સામંતોએ રાજ્ય તે વહેંચી લીધું છે, અથવા યુવરાજને ગાદી મળી નથી, બે રાજ્ય થયાં હોય, વૈર વધ્યાં હોય, વિરૂદ્ધ ( શત્રુ ) રાજાનું જોર હોય, તો તેવા લડાઈ તોફાનનાં ઉપદ્રવવાળા માર્ગે બીજો સારો દેશ અથવા

ગામો વિચરવાનાં હોય તો તેવા માર્ગે વિહાર ન કરવો, કેવળી પ્રભુ તેમાં કર્માદાન બતાવે છે, ત્યાં જતાં તે વિરૂદ્ધ પક્ષના માણસો તે સાધુને ચોર કે જાસુસ માનીને પૂર્વના સૂત્રમાં કહ્યા મુજબ પીડા પમાડશે, ઉપદ્રવ કરશે, અથવા જીવથી પણ હણશે, કપડાં ખુંચવી બુરા હાલે કાઢી મુકશે, માટે તેવા માર્ગે ન જવું,

**से भिक्खू वा गा० दूइज्जमाणे अंतरा से विहं सिया, से जं पुण विहं जाणिज्जा एगाहेण वा दुआहेण वा तिआहेण वा चउआहेण वा पंचाहेण वा पाउणिज्ज वा नो पाउणिज्ज वा तहप्पगारं विहं अणेगाहगमणिज्जं सइ लाढे जाव गमणाए, केवली बूया आयाणमेयं, अंतरा से वासे सिया पाणेसु वा पणएसु वा बीएसु वा हरि० उद० मट्टियाए वा अविद्धत्थाए, अह भिक्खू जं तह० अणेगाह० जाव नो पव० तओ सं० गा० दू० ॥ ( सू० ११७ )**

તે ભિક્ષુ ગ્રામાંતર જતાં એમ જાણે કે તે માર્ગમાં જતાં મેદાન ઉલંઘવામાં કેટલાક દિવસો લાગશે, એટલે એક આખો દિવસ અથવા બે ત્રણ ચાર પાંચ દિવસે તે માર્ગ ઉલંઘાશે, તેવા માર્ગે બીજો ટુંકો માર્ગ મળતો હોય તો તેવા ઉજડ રસ્તે જવું નહિ. કારણકે તેવા માર્ગે જતાં કેવળ જ્ઞાનીએ અનેક દોષો બતાવ્યા છે, જેમકે વખતે વરસાદ આવે, તો પાણી ભરાઈ જાય, લીલણ ફૂલણ થઈ જાય, લીલાઘાસનાં બીજ અંકુરા ફુટી નીકળે, રસ્તો કાદવથી ( ગા-

રાથી ) ભરાઈ જાય, માર્ગ સૂઝે નહિ, માટે તેવા અનેક દિવસના મેદાનવાળા માર્ગે જવું નહિ.

હવે નાવને આશ્રયી કહે છે—

से भि० गामा० दूइज्जिज्जा० अंतरा से नावासंतारिमे उदए सिया, से जं पुण नावं जाणिज्जा असंजए अ भिक्खुपडियाए किणिज्ज वा पामिच्चेज्ज वा नावाए वा नावं परिणामं कट्टु थलाओ वा नावं जलंसि ओगाहिज्जा जलाओ वा नावं थलंसि उक्कसिज्जा पुण्णं वा नावं उस्सिंचिज्जा सन्नं वा नावं उप्पीलाविज्जा तहप्पगारं नावं उड्ढगामिणिं वा अहेगा० तिरियगामि० परं जोयणमेराए अद्धजोयणमेराए अप्पतरे वा भुज्जतरे वा नो दूरुहिज्जा गमणाए॥ से भिक्खू वा० पुव्वामेव तिरिच्छसंपाइमं नावं जाणिज्जा, जाणित्ता से तमायाए एगंतमवक्कमिज्जा २ भण्डगं पडिलेहिज्जा २ एगओ भोयणभंडगं करिज्जा २ ससीसोवरीयं कायं पाए पमज्जिज्जा सागारं भत्तं पच्चक्खाइज्जा, एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा तओ सं० नावं दूरूहिज्जा॥ (सू० ११८)

તે ભિક્ષુ ગ્રામાંતર જતાં માર્ગમાં એમ જાણે કે આ વચમાં આવેલી નદી નાવ વિના ઉતરાય તેમ નથી તો નાવ સંબંધી તપાસ કરે કે ગૃહસ્થ ખાસ ભિક્ષુક માટે નાવ ખરીદ કરે અથવા ઉછીતી લે, અથવા અદલો બદલો કરે, અથવા સ્થળથી જળમાં કે જળથી સ્થળમાં લાવે, ભરેલા વહાણને ખાલી કરે, અથવા ખુંચી ગયું હોય તો સાધુ મા-

રેજ બહાર કઢાવે, તેવી નાવને ઉંચે લઈ જવા નીચે લઈ જવા અથવા તીરછી દિશામાં અથવા કોઈપણ દિશામાં લઈ જવી પડે તો એક જોજન મર્યાદા માટે અડધા જોજન ( બે ગાઉ ) માટે અથવા થોડે ઘણે દૂર જવા માટે સાધુએ તેવી નાવમાં બેસવું નહિ, પણ સાધુ એમ જાણે કે નાવ તેના માલિકે પોતાના પ્રયોજને તીરછી દિશામાં હંકારી છે, તો તે વહાણમાં જતાં પહલાં પોતાના ઉપકરણોને એકાંતમાં જઈને પડિલેહવાં. ગોચરીનાં પાત્રાં તપાસી લેવાં તથા પોતાના શરીરને પગથી માથા સુધી પુંજવું, તથા સાગારી અણસણ કરવું ( એટલે આ જળથી બહાર નીકળું તો મને આહાર પાણી વાપરવું કલ્પે, નહિતો નહિં. ) પછી એક પગ જળમાં એક પગ થળમાં ( પાણીના ઉપર ) મુકી સાધુએ નાવ ઉપર ચડવું ( આ સૂત્રમાં સાધુ માટે જો નાવ પેલેપાર લઈ જાય તો બને ત્યાંસુધી તેવી નાવમાં ન બેસવું. પણ ગૃહસ્થોને માટે જવા આવવા માટે નાવ ચાલુ થઈ હોય તેમાં બેસવું ) હવે કારણ પડે નાવમાં બેસવું પડે તો નાવમાં ચડવાની વિધિ કહે છે.

**से भिक्खू वा० नावं दुरूहमाणे नो नावाओ पुरओ दुरूहिज्जा नो नावाओ मग्गओ दुरूहिज्जा नो नावाओ मज्झओ दुरूहिज्जा नो बाहाओ पगिज्झिय २ अंगुलियाए उद्दिसिय २ ओणमिय २ उन्नमिय २ निज्झाइज्जा। से णं परो नावागओ नावागयं वइज्जा—आउसंतो! समणा एयं ता तुमं नावं उक्कसाहिज्जा वा वुक्कसाहि वा खिवाहि वा**

रज्जूयाए वा गहाय आकासाहि, नो से तं परिन्नं परिजा-
णिज्जा, तुसिणीओ उवेहिज्जा। से णं परो नावागओ
नावाग० वइ०-आउसं० नो संचाएसि तुमं नावं उक्कसित्तए
वा ३ रज्जूयाए वा गहाय आकसित्तए वा आहर एयं नावाए
रज्जूयं सयं चेव णं वयं नावं उक्कसिस्सामो वा जाव रज्जूए
वा गहाय आकसिस्सामो, नो से तं प० तुसि०। से णं प०
आउसं० एअं ता तुमं नावं आलित्तेण वा पीढएण वा वंसेण
वा बलएण वा अवलुएण वा वाहेहि, नो से तं प० तुसि०।
से णं परो० एयं ता तुमं नावाए उदयं हत्थेण वा पाएण वा
मत्तेण वा पडिग्गहेण वा नावाउस्सिंचणेण वा उस्सिंचाहि,
नो से तं० से णं परो० समणा! एयं तुमं नावाए उत्तिंगं
हत्थेण वा पाएण वा बाहुणा वा ऊरुणा वा उदरेण वा
सीसेण वा काएण वा उस्सिंचणेण वा चेलेण वा मट्टियाए
वा कुसपत्तएण वा कुविंदएण वा पिहेहि, नो से तं०॥ से
भिक्खू वा २ नावाए उत्तिंगेण उदयं आसवमाणं पेहाए
उवरुवरिं नावं कज्जलावेमाणिं पेहाए नो परं उवसंकमित्तु
एयं बूया-आउसंतो! गाहावइ एयं ते नावाए उदयं उत्तिंगेण
आसवइ उवरुवरिं नावा वा कज्जलावेइ, एयप्पगारं मणं वा
वायं वा नो पुरओ कट्टु विहरिज्जा अप्पुस्सुए अबहिल्लेसे
एगंतगएण अप्पाणं विउसेज्जा समाहीए, तओ सं० नावा-
संतारिमे व्यउदए आहारियं रीइज्जा, एयं खलु सया जइ-
ज्जासि त्तिबेमि॥ इरियाए पढमो उद्देसो ( सू० ११९ )
२-१-३-१॥

તે સાધુએ નાવમાં બેસતાં નાવના અગ્ર ભાગે બેસવું નહિ, કારણ કે તેથી નિર્યામક ( ખલાસી ) ને પોતાના કાર્યમાં હરકત થાય; તથા બીજા લોકોને ચડવા પહેલાં પોતે ચઢી ન બેસે; કારણ કે વહાણને ચલાવવાના અધિકરણનો દોષ લાગે, તેમ નાવના બરોબર મધ્ય ભાગમાં ચડી ન બેસે, તેમ વહાણનાં ( પડખાં ) પકડીને આંગળીઓવડે તાકી તાકીને ઉંચા નીચા થઈને જોવું નહિ.

નાવમાં ચડેલા સાધુને નાવવાળો કહે, કે હે સાધુઓ ! આ નાવને તમે ખેંચો, આ દિશા તરફ વાળો, અમુક વસ્તુ દરિયામાં ફેંકો, અથવા દોરડેથી પકડીને ખેંચો, તે પ્રમાણે કહે તોપણ સાધુએ તેમ ન કરવું, પણ ચૂપ બેસી રહેવું.

વળી તે નાવિક સાધુને કહે, કે હે સાધુઓ! જો તમે નાવ ન ખેંચી શકો, કે સામાન ન ફેંકી શકો, તો દોરડું લાવીને અમને આપો, એટલે દોરડું હાથમાં આવતાં અમે નાવને ખેંચીશું, તે વચન પણ મુનિએ સ્વીકારવું નહિ,- પણ ચૂપ રહેવું.

તે નાવમાં ચડેલા સાધુને નાવિક કહે, કે હે સાધુ! તમે નાવને આલિત્ત (                    ) વડે પીઠ હલેસાંવડે વાંસવડે વળાવડે અવલ્લકવડે આગળ ચલાવો, તે વાત પણ સાધુએ સ્વીકારવી નહિ, પણ ચૂપ બેસી રહેવું.

તે નાવમાં ચડેલા સાધુને નાવિક એમ કહે, કે-આ નાવમાં ભરાએલા પાણીને હાથવડે પગવડે વાસણથી કે પાતરાંથી

અથવા નાવના હથીઆરથી કાઢી નાંખો, પણ તે સાધુએ કરવું નહિ, પણ મૌન ધારણ કરીને બેસવું.

તે નાવમાં બેઠેલા સાધુને નાવિક કહે, કે હે સાધુઓ! તમે નાવમાં પડેલા કાંણાને હાથ, પગ, બાહુ, જાંઘ, ઉરૂ, પેટ, માથા કે કાયાવડે અથવા વહાણમાં રહેલા ઉસ્સિંચણવડે અથવા વસ્ત્ર, માટી, કમળપત્ર કે કુરૂવિંદ નામના ઘાસવડે ઢાંકો, પણ તે સ્વીકારવું નહિ, મૌન બેસી રહેવું.

તે ભિક્ષુએ અથવા સાધ્વીએ નાવમાં છિદ્ર પડતાં પાણી ભરાતું દેખીને-ઉપર ઉપર નાવમાં પાણી ચડતું દેખીને બીજા માણસોને એમ કહેવું નહિ કે હે ગૃહસ્થ! આ વહાણમાં પાણી ભરાય છે, અને નાવ ડુબી જશે, આ પ્રમાણે મનથી અને વચનથી સંકલ્પ-વિકલ્પ ન કરતાં કે બરાડા ન પાડતાં શાંત રહેવું, શરીર ઉપકરણની ઉત્સુકતા તથા બહારનું ધ્યાન છોડીને એકાંતમાં આત્માને સમાધિમાં રાખવો, અને જે પ્રમાણે નાવ પાણીમાં ચાલે તેમ ચાલવા દેઈ કિનારે પહોંચવું, આ પ્રમાણે સદા યત્ન કરવો, અર્થાત્ નાવના ઉપર ધ્યાન ન રાખતાં આત્મ સમાધિએ વર્ત્તવું, આજ ભિક્ષુની સર્વ સામગ્રી છે.

**ત્રીજા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.**

# बीजो उद्देशो.

પહેલો ઉદ્દેશો કહીને હવે બીજો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં નાવમાં બેઠેલા સાધુની વિધિ કહી, અહીં પણ તેજ કહે છે, આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

**से णं परो णावा० आउसंतो! समणा एयं ता तुमं छत्तगं वा जाव चम्मछेयणगं वा गिण्हाहि, एयाणि तुमं विरूवरूवाणि सत्थजायाणि धारेहि, एयं ता तुमं दारगं वा पज्जेहि, नो से तं० ॥ ( सू० १२० ).**

તે નાવમાં બેઠેલા સાધુને નાવિક વિગેરે ગૃહસ્થ કહે, કે તમે મારા છત્રને પકડો, અથવા ચામડું છેદવાનું હથીઆર અથવા બીજા હથીઆર પકડો, અથવા આ મારા બાળકને પાણી પીવડાવ, આવી પ્રાર્થના નાવિક વિગેરે કરે તો તે સ્વીકારવી નહિ, પણ મૌન રહેવું,

ઉપર પ્રમાણે નાવિકનું કહેવું ન કરવાથી તે ક્રોધી થઈને સાધુને નાવમાંથી ફેંકી દે તો શું કરવું તે કહે છે:—

**से णं परो नावागए नावागयं वएज्जा—आउसंतो! एस णं समणे नावाए भंडभारिए भवइ, से णं बाहाए गहाय नावाओ उदगंसि पक्खिविज्जा, एयप्पगारं निग्घोसं सुच्चा निसम्म से य चीवरधारी सिया खिप्पामेव चीवराणि उव्वे-**

ढिज्ज वा निवे.ढज्ज वा उप्फेसं वा करिज्जा, अह० अभिकंतकूरकम्मा खलु बाला बाहाहिं गहाय ना० पक्खिविज्जा से पुव्वामेव वइज्जा-आउसंतो! गाहावई मा मेत्तो बाहाए गहाय नावाओ उदगंसि पक्खिवह, सयं चेव णं अहं नावाओ उदगंसि ओगाहिस्सामि, से णेवं वयंतं परो सहसा बलसा बाहाहिं ग० पक्खिविज्जा तं नो सुमणे सिया नो दुम्मणे सिया नो उच्चावयं मणं नियंछिज्जा नो तेसिं बालाणं घायाए वहाए समुट्ठिज्जा, अप्पुस्सुए जाव समाहीए तओ सं० उदगंसि पविज्जा ॥ ( सू० १२१ )

તે સાધુને ઉદ્દેશીને નાવિક બીજા માણસને કહે, કે આ સાધુ કામ કર્યા વિના વહાણમાં માત્ર ભાંડ અથવા ઉપકરણવડે બોજા રૂપ બેઠો છે, માટે તેને બાહુથી પકડીને નદીમાં ફેંકી દો. આ પ્રમાણે તેમની પાસે સાંભળે, અથવા બીજા પાસેથી તે વાત જાણીને જિનકલ્પી કે સ્થવિરકલ્પી મુનિ હોય, તેમાં સ્થવિર કલ્પી મુનિએ તુર્ત પોતાની પાસે બોજાવાળાં નકામાં કપડાં ઊતારીને જરૂર જોગાં હલકાં વસ્ત્ર ઉપધિ વિગેરેને શરીરે વીંટી લેવાં, અથવા માથે બાંધી લેવાં, આ પ્રમાણે ઉપકરણ વીંટી લીધેલો સાધુ નિર્વ્યાકુલતાથી સુખેથી પાણીમાં તરે છે, પછી તૈયાર થઈ તેમને ધર્મોપદેશ આપે, સાધુનો આચાર સમજાવે, છતાં એમ નક્કી જાણે કે આ દુષ્ટો મને બાહુથી પકડીને પાણીમાં નાંખવાનાં જ છે, તો નાંખે તે પહેલાં મુનિએ કહેવું કે તમારે મને બાહુથી પકડીને પાણીમાં નાંખવાની જરૂર નથી. હું જાતેજ પાણીમાં

ઝંપલાવું છું. આવું બોલવા છતાં પણ તે દુષ્ટો બાહુથી પકડી-ને સાધુને પાણીમાં નાંખી દે, તો મુનિએ મનમાં રાગદ્વેષ ન કરવો, તથા દીનતા કે સંકલ્પ-વિકલ્પ પણ ન કરવા, તેમ તેમને મારવા કે દુઃખ દેવા તૈયાર ન થવું, પણ ઉત્સુકતા રહિત પાણીમાં પડવું.

હવે ઉદકમાં પડેલાની વિધિ કહે છે.

**से भिक्खू वा० उदगंसि पवमाणे नो हत्थेण हत्थं पाएण पायं काएण कायं आसाइज्जा, से अणासायणाए अणासायमाणे तओ सं० उदगंसि पविज्जा ॥ से भिक्खु वा० उदगंसि पवमाणे नो उम्मुग्गनिमुग्गियं करिज्जा, मामेयं उदगं कन्नेसु वा अच्छीसु वा नक्कंसि वा मुहंसि वा परियावज्जिज्जा, तओ० संजयामेव उदगंसि पविज्जा ॥ से भिक्खू वा उदगंसि पवमाणे दुब्बलियं पाउणिज्जा खिप्पामेव उवहिं विगिंचिज्ज वा विसोहिज्ज वा, नो चेव णं साइज्जिज्जा, अह पु० पारए सिया उदगाओ तीरं पाउणित्तए, तओ संजयामेव उदउल्लेण वा ससिणद्धेण वा काएण उदगतीरे चिट्ठिज्जा ॥ से भिक्खु वा० उदउल्लं वा २ कायं नो आमज्जिज्जा वा णो पमज्जिज्जा वा संलिहिज्जा वा निल्लिहिज्जा वा उवलिज्जा वा उवट्टिज्जा वा आयाविज्ज वा पया०, अह पु० विगओदओ मे काए छिन्नसिणेहे काए तहप्पगारं कायं आमज्जिज्ज वा पयाविज्ज वा तओ सं० गामा० दूइज्जिज्जा ॥ ( सू० १२२ )**

તે મુનિએ પાણીમાં પડયા પછી હાથ સાથે હાથ, પગ સાથે પગ કે શરીરવડે કોઈ પણ ભાગમાં અપકાય વિગેરેની રક્ષા માટે સ્પર્શ કરવો નહિ, તથા પાણીમાં તણાતાં ડુબકીઓ મારવી નહિ, કારણ કે ડુબકી ન મારવાથી કાન આંખ નાક મોઢા વિગેરેમાં પાણી ન ભરાય તેમ પોતે ડુબી જાય નહિ, પણ જ્યારે પોતાને ડુબવા વખત આવે અને થાકી ગયો હોય, તો ઉપધિનો મોહ છોડી દેવો, અથવા ભારવાળી ઉપધિ છોડી દેવી, પછી પોતે જાણે કે હું કિનારે જવા સમર્થ છું, ત્યારે કિનારે નીકળી આવે, અને પાણી ટપકતા શરીરે કીનારા ઉપર ઉભો રહે, અને ઈર્યાવહી પડિક્કમે.

પણ તે મુનિએ ભીના શરીરને પાણી રહિત કરવા આમળવું ઘસવું દાબવું છાંટવું કે તપાવવું નહિ, પણ પાણીને પોતાની મેળે નીતરવા દેવું, પણ જ્યારે જાણે કે પાણી નીતરી ગયું છે, ભીનાશ ઓછી થઈ ગઈ છે, ત્યારપછી કાયાને શરદી રહિત કરવા તડકે તપાવવી, અને ત્યાં સુધી કિનારેજ ઉભા રહેવું, અને શરીર સૂકાયા પછીજ બીજા ગામ તરફ વિહાર કરવો, પણ ત્યાં ઊભા રહેવાથી ચોરનો ભય લાગતો હોય તો તુર્ત કાયાને સ્પર્શ કર્યા વિનાજ હાથ લાંબા રાખી ગામ તરફ ચાલ્યા જવું.

**से भिक्खू वा गामाणुगामं दूइज्जमाणे नो परेहिं सद्धिं परिजविय २ गामा० दूइ०, तओ० सं० गामा० दूइ० ॥ ( सू० १२३ )**

મુનિએ વિહાર કરતાં મળેલા ગૃહસ્થો સાથે બહુ બકબકાટ કરતા જવું નહિ, પણ શાંતિથી ચાલવું, હવે જંઘા સુધીના પાણીમાં ઉતરવાની વિધિ કહે છે.

से भिक्खू वा गामा० दू० अंतरा से जंघासंतारिमे उदगे सिया, से पुव्वामेव ससीसोवरियं कायं पाए य पमज्जिज्जा २ एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा तओ सं० उदगंसि आहारियं रीएज्जा ॥ से भि० आहारियं रीयमाणे नो हत्थेण हत्थं जाव अणासायमाणे तओ संजयामेव जंघासंतारिमे उदए आहारियं रीएज्जा ॥ से भिक्खू वा० जंघासंतारिमे उदए आहारियं रीयमाणे नो सायावडियाए नो परिदाहपडियाए महइमहालयंसि उदयंसि कायं विउसिज्जा, तओ संजयामेव जंघासंतारिमे उदए अहारियं रीएज्जा, अह पुण एवं जाणिज्जा पारए सिया उदगाओ तीरं पाउणित्तए, तओ संजयामेव उदउल्लेण वा २ काएण दगतीरए चिट्ठिज्जा ॥ से भि० उदउल्लं वा कायं ससि० कायं नो आमज्जिज्ज वा नो० अह पु० विगओदए मे काए छिन्नसिणेहे तहप्पगारं कायं आमज्जिज्ज वा० पयाविज्ज वा तओ सं० गामा० दूइ० ॥ ( सू० १२४ )

તે સાધુ વિહાર કરી બીજે ગામ જતાં માર્ગમાં જાંઘ ડુબે તેટલું પાણી હોય, તો ઉપરનું શરીર મુહુપત્તિથી તથા નાભી નિચેનું અડધું શરીર ઓઘાથી પુંજીને પાણીમાં પ્રવેશ કરે, અને પાણીમાં પેઠા પછી એક પગ જલમાં મુકવો, બીજો પગ ઉંચો કરીને જવું, પણ બે પગ વડે પાણી ડોળતા

જવું નહિ, પણ જયણાથી પાણી ઉતરવું, જેમ સરલતાથી જવાય તેમ જાય, પણ વિકાર કરતો આમ તેમ જોતો ન ચાલે.

તે ભિક્ષુ જંઘાસુધીના પાણીમાં ઉતરી જતાં હાથ સાથે હાથ પગ સાથે પગ વિગેરે, અપ્કાયની રક્ષા માટે લગાડવાં નહિ, તેજ પ્રમાણે સુખ મેળવવા દાહ મટાડવા. ઉંડાપાણીમાં–છાતી સુધીના પાણીમાં ઉતરવું નહિ, ફક્ત જંઘા સુધીના પાણીમાંજ ઉતરવું, પણ પાણીમાં ઉતર્યા પછી ઉપકરણ સહિત ચાલવા પોતાને અસમર્થ જુએ અને ડુબવાનો વખત આવે તો બોજાવાળાં ઉપકરણ ત્યજી દેવા, પણ શક્તિવાન હોય તો ઉપકરણ સહિત ઉતરે, પછી કિનારે જઈને ઈર્યાવહિ કરી પાણી નીતરી ગયા પછી કાયાની ભીનાશ ઓછી થયા પછી શરીર તપાવીને વિહાર કરે.

હવે પાણીમાંથી નીકળ્યા પછીની ગમન વિધિ કહે છે.

**से भिक्खू वा० गामा० दूइज्जमाणे नो मट्टियागएहिं पाएहिं हरियाणि छिंदिय २ विकुज्जिय २ विफालिय २ उम्मग्गेण हरियवहाए गच्छिज्जा, जमेयं पाएहिं मट्टियं खिप्पामेव हरियाणि अवहरंतु, माइट्ठाणं संफासे, नो एवं करिज्जा, से पुव्वामेव अप्पहरियं मग्गं पडिलेहिज्जा तओ० सं० गामा० ॥ से भिक्खू वा २ गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा फ० पा० तो० अ० अग्गलपासगाणि वा गड्डाओ वा दरीओ वा सइ परक्कमे संजयामेव परिक्कमिज्जा नो उज्जु०, केवली०, से तत्थ परक्कममाणे पयलिज्ज वा २,**

से तत्थ पयलमाणे वा २ रुक्खाणि वा गुच्छाणि वा गुम्माणि वा लयाओ वा वल्लीओ वा तणाणि वा गहणाणि वा हरियाणि वा अवलंबिय २ उत्तरिज्जा, जे तत्थ पाडिपहिया उवागच्छंति ते पाणी जाइज्जा २, तओ सं० अवलंबिय २ उत्तरिज्जा तओ स० गामा० दू० ॥ से भिक्खू वा० गा० दूइज्जमाणे अंतरा से जवसाणि वा सगडाणि वा रहाणि वा सचक्काणि वा परचक्काणि वा से णं वा विरूवरूवं संनिरुद्धं पेहाए सइ परक्कमे सं० नो उ० से णं परो सेणागओ वइज्जा आउसंतो ! एस णं समणे सेणाए अभिनिवारियं करेइ, से णं बाहाए गहाय आगसह, से णं परो बाहाहिं गहाय आगसिज्जा, तं नो सुमणे सिया जाव समाहीए तओ सं० गामा० दू० ॥ ( सू० १२९ )

તે ભિક્ષુ નદીના પાણીમાંથી નીકળેલો હોય, તે વખતે જો ઉન્માર્ગે જઈને ગારાથી ખરડેલા પગે લીલા ઘાસને છેદીને કે વાંકું વાળીને તથા ખેંચી કાઢીને પોતાના પગ સાફ કરવાના ઇરાદાથી વનસ્પતિને દુઃખ દે તો એ કપટનું નિંદિત કાર્ય છે, માટે તેમ ન કરવું, પણ પ્રથમથી તદ્દન ઓછા ઘાસવાળો માર્ગ જોવો, અચિત્ત જગ્યામાં જઇ પ્રથમ બતાવ્યા પ્રમાણે ગારો દૂર કરવો, પછી બીજે ગામ વિહાર કરવો,

સાધુને વિહાર કરતાં માર્ગમાં વપ્ર ( કિલ્લો ) ફલિહ ( ખાઈ ) પ્રાકાર ( કોટ ) તોરણ અર્ગલ અર્ગલપાસક ખાડા ગુફા ( કોતર ) ઓળંગવાના આવે, તો છતી શક્તિએ તેવા સીધા માર્ગે ન જવું; પણ દૂરના ખાડા વિનાના રસ્તે જવું,

કારણકે ત્યાં જતાં ખાડા વિગેરેમાં પડતાં સચિત્ત ઝાડ વિગેરેને પકડે, તો કેવળી પ્રભુએ તેમાં દોષો બતાવ્યા છે, પણ બીજો રસ્તો ન હોય અને ખાસ કારણે તે માર્ગે જવું પડે અને પગ ખસે તેવું હોય, તો ઝાડ ગુચ્છા ગુલ્મલતા. વેલા ઘાસ છોડવા અથવા જે પકડવા જોગ હાથમાં આવે, તે લઇને ઉતરવું, અથવા રસ્તામાં જતા મુસાફરની મદદ માગીને હાથ પકડીને ઉતરવું, પછી ગારાથી કે ખાડાથી બહાર આવી સંભાળથી બીજે ગામ વિહાર કરવો.

તે ભિક્ષુને વિહાર કરતાં માર્ગમાં ઘઉં જવનાં ખેતર આવે, ગાડાં રથ હોય કે તે ગામના રાજાનું કે બીજા રાજાનું લશ્કર પડેલું હોય, તો બીજો રસ્તો મળતાં તે રસ્તે ન જવું, કારણકે ત્યાં જતાં બહુ અપાયો છે, પણ બીજો રસ્તો ન હોય, શક્તિ ન હોય, તો તે માર્ગે જતાં સેનાનો અજાણ્યો માણસ સાધુને ન ઓળખવાથી બીજા માણસને કહે, કે “ આ જાસુસ આવેલો છે, માટે ધક્કા મારીને બાહુમાંથી પકડીને બહાર કાઢો ” અને તે પ્રમાણે કદાચ કરે, તો પણ તેમના ઉપર ક્રોધ ન લાવતાં સમાધિથી વિહાર કરે.

**से भिक्खू वा० गामा० दूइज्जमाणे अंतरा से पाडिवहिया उवागच्छिज्जा ते णं पाडिवहिया एवं वइज्जा— आउ० समणा ! केवइए एस गामे वा जाव रायहाणी वा केवईया इत्थ आसा हत्थी गामपिंडोलगा मणुस्सा परिवसंति! से बहुभत्ते बहुउदए बहुजणे बहुजवसे से अप्पभत्ते**

**अप्पुदए अप्पजणे अप्पजवसे? एयप्पगाराणि पसिणाणि पुच्छिज्जा, एयप्प० पुट्ठो वा अपुट्ठो वा नो वागरिज्जा, एवं खलु० जं० सव्वट्ठेहिं० ( सू० १२६ ) ॥ २-१-३-२**

તે સાધુ સાધ્વીને માર્ગે ચાલતાં મુસાફરો મળે, તેઓ આ પ્રમાણે પૂછે કે હે સાધુઓ! તમારા વિહારમાં આવેલું ગામ કે રાજ્યધાની કેવી મોટી છે! તથા અહીં કેટલા ઘોડા હાથી ગામના ભીખારીઓ કે માણસો વસે છે, અથવા ઘણું રાંધેલું અન્ન પાણી કે અનાજ મળે છે? કે ઓછું ભોજન પાણી કે અનાજ મળે છે? એવા પ્રકારના પ્રશ્નો પૂછે, અથવા ન પણ પૂછે, તો પણ પોતે બોલવું નહિ, ( ભાષાંતર વાળા આચારાંગસૂત્રમાં પાઠ વિશેષ છે. **पतप्पा गाराणि पसिणाणि णो पुच्छेज्जा** " આવા પ્રશ્નો મુનિએ પણ મુસાફરને પૂછવા નહિ. )

આજ સાધુનું સર્વ સાધુપણું છે.

# त्रीजो उद्देशो.

બીજો ઉદ્દેશો કહીને હવે ત્રીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયામાં ગમનવિધિ બતાવી, અહીં પણ તેજ કહે છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

से भिक्खू वा गामा० दूइज्जमाणे अंतरा से वप्पाणि वा जाव दरीओ वा जाव कूडागाराणि वा पासायाणि वा नुमगिहाणि वा रुक्खगिहाणि वा पव्वयगि० रुक्खं वा चेइयकडं आएसणाणि वा जाव भवणगिहाणि वा नो बाहाओ पगिज्झिय २ अंगुलिआए उद्दिसिय २ ओणमिय २ उन्नमिय २ निज्झाइज्जा, तओ सं० गामा० ॥ से भिक्खू वा० गामा० दू० माणे अंतरा से कच्छाणि वा दवियाणि वा नुमाणि वा वलयाणि वा गहणाणि वा गहणविदुग्गाणि वणाणि वा वणवि० पव्वयाणि वा पव्वयवि० अगडाणि वा तलागाणि वा दहाणि वा नईओ वा वावीओ वा पुक्खरिणीओ वा दीहियाओ वा गुंजालियाओ वा सराणि वा सरपंतियाणि वा सरसरपंतियाणि वा नो बाहाओ पगिज्झिय २ जाव निज्झाइज्जा, केवली०, जे तत्थ मिगा वा पसू वा पंखी वा सरीसिवा वा सीहा वा जलचरा वा थलचरा वा सहचरा वा सत्ता से उत्तसिज्ज वा वित्तसिज्ज वा वाडं वा सरणं वा कंखिज्जा, चारित्ति मे अयं समणे, अह भिक्खू णं पु० जं नो बाहाओ पगिज्झिय २ निज्झाइज्जा, तओ संजयामेव आयरिउवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जिज्जा ॥ ( सू० १२७ )

તે ભિક્ષુ બીજે ગામ જતાં વચમાં જુએ કે ખાઈ, કોટ, મેડાવાળાં ઘર, પર્વત ઉપરનાં ઘર, ભોંયરાં, વૃક્ષથી પ્રધાન ઘર, અથવા ઝાડ ઉપરનાં નિવાસસ્થાન, ગુફાઓ, ઝાડના નીચે વ્યંતરનાં સ્થળ, વ્યંતર માટે કરેલી દેરડીયો, મઠો, ભવનગૃહ વિગેરે જે કંઈ રમણીય સ્થાન હોય, તે હાથ ઉંચા કરી કરીને

અંગુલીથી ઉદ્દેશી ઉદ્દેશીને ઉંચા નીચા થઈને જોવાં નહિ, તેમ બીજાનેબતાવવાં પણ નહિ, તેમાં દોષો આ છે કે, તે સ્થાનમાં આગ લાગે કે ચોરી થાય તો તે સાધુ ઉપર શંકા આવે, તથા ગૃહસ્થો એમ જાણે કે, આ ઊપરથી ત્યાગી છતાં અંદરથી ઇંદ્રિયોથી પરવશ છે, તથા ત્યાં બેઠેલો પક્ષીનો સમુદાય ત્રાસ પામે, માટે સાધુ તેવું ન કરતાં શાંતિથી વિહાર કરે, તથા માર્ગે વિહારમાં નીચલી બાબતો હોય, નદીના નીચાણ ભાગમાં વસેલા (કચ્છ) દેશો અથવા મૂળા વાલોળની વાડીઓ, દવિયાણિ ( બીડ ) જેમાં રાજા તરફથી ઘાસ માટે જમીન રોકેલી હોય છે તે, તથા નીચાણના ખાડા ( ખીણો ) વલયો ( નદીએ વીંટેલા ભૂમીભાગો ) ગહન ઉજાડ પ્રદેશ, અથવા પાણી વિનાનું રણ અથવા ઉજાડ પહાડી કિલ્લા વન મોટાં વન પર્વત પર્વતસમૂહ હોય, કુવા તળાવ કુંડ નદીઓ વાવડીઓ કમળવાળી તથા લાંબી વાવડીઓ ગુંજાલિકા વાંકી વાવડીઓ સરોવર સરોવરની શ્રેણિ હોય, જોડે જોડે તળાવો હોય, આ બધું દેખવા યોગ્ય હોય, છતાં પણ હાથ ઉંચા કરીને કે આંગળીથી ઇશારત કરીને બતાવવું નહિ, તથા દેખવું નહિ, કેવળી પ્રભુ તેમાં નીચલા દોષો બતાવે છે, કારણ કે તેમાં રહેલા મૃગો બીજાં પશુ પક્ષી સાપ સીંહ જલચર થલચર ખેચર વિગેરે જીવો હોય, તે ત્રાસ પામે, ભડકે, અથવા શરણુ લેવા આમ તેમ દોડે, તેથી તેની નજીકમાં રહેનાર લોકોને સાધુ ઉપર શક આવે માટે સાધુએ માર્ગમાં ચાલતાં તેમ ન કરવું, માટે શાસ્ત્ર

જાણુનારા એવા આચાર્ય ઉપાધ્યાય વિગેરે ગીતાર્થ સાધુઓ સાથે પોતે વિચરે. હવે આચાર્ય વિગેરે સાથે ચાલતાં સાધુની વિધિ કહે છે.

से भिक्खू वा २ आयरिउवज्झा० गामा० नो आयरियउवज्झायस्स हत्थेण वा हत्थं जाव अणासायमाणे तओ संजयामेव आयरिउ० सद्धिं जाव दूइज्जिज्जा ॥ से भिक्खू वा आय० सद्धिं दूइज्जमाणे अंतरा से पाडिवहिया उवागच्छिज्जा, ते णं पा० एवं वइज्जा—आउसंतो ! समणा ! के तुब्भे ? कओ वा एह ? कहिं वा गच्छिहिह ?, जे तत्थ आयरिए वा उवज्झाए वा से भासिज्ज वा वियागरिज्ज वा, आयरिउवज्झायस्स भासमाणस्स वा वियागरेमाणस्स वा नो अंतरा भासं करिज्जा, तओ० सं० अहाराईणिए वा० दूइज्जिज्जा ॥ से भिक्खू वा अहाराइणियं गामा० दू० नो राईणियस्स हत्थेण हत्थं जाव अणासायमाणे तओ सं० अहाराइणियं गामा० दू० ॥ से भिक्खू वा २ अहाराइणिअं गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिवहिया उवागच्छिज्जा, ते णं पाडिपहिया एवं वइज्जा—आउसंतो ! समणा ! के तुब्भे ? जे तत्थ सव्वराइणिए से भासिज्ज वा वागरिज्ज वा, राइणियस्स भासमाणस्स वा वियागरेमाणस्स वा नो अंतरा भासं भासिज्जा, तओ संजयामेव अहाराइणियाए गामाणुगामं दूइज्जिज्जा ॥ ( सू० १२८ )

તે ભિક્ષુ આચાર્ય વિગેરેની સાથે વિહાર કરતાં ગુરૂ વિગેરેથી એટલો દૂર ઉભો રહે, કે હાથ વિગેરેનો સ્પર્શ ન થાય,

તથા તે ભિક્ષુ આચાર્ય વિગેરેની સાથે જતાં મુસાફરો પૂછે કે હે સાધુઓ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જ-વાના છો ? તે સમયે જે આચાર્ય ઉપાધ્યાય વિગેરે જે મોટા હોય, તે ઉત્તર આપે, અથવા ખુલાસાથી સમજાવે, પણ આચા-ર્યાદિ ઉત્તર આપે, તેમાં પોતે વચમાં કંઈ પણ ન બોલે, તેમ-જ જે રત્નાધિક (ચારિત્રપર્યાયે કે જ્ઞાને મોટા હોય તે) આગ ળ ચાલે, પોતે પછવાડે ચાલે, અને ચાર હાથની દૃષ્ટિ રાખી ચાલે, તે ભિક્ષુ વળી જે આચાર્યને બદલે રત્નાધિક સાથે ચાલતો હોય, તેમને પણ હાથ વિગેરેથી સ્પર્શ ન કરે, અને રસ્તામાં મુસાફરો મળતાં તે પૂછે તો રત્નાધિકે ઉત્તર આ-પવો, એટલે સૌથી મોટાએ ઉત્તર આપવો, પણ તે મોટા સાધુ બોલતા હોય, ત્યારે વચમાં અન્ય સાધુએ બોલવું નહિ, તેજ પ્રમાણે સંયતોએ મોટા રત્નાધિક સાધુને આગળ ક-રીને વિહાર કરવો. વળી:—

**से भिक्खू वा० दूइज्जमाणे अंतरा से पाडिवहिया उवागच्छिज्जा, ते णं पा० एवं वइज्जा—आउ० स० ! अवि-याइं इत्तो पडिवहे पासह, तं०—मणुस्सं वा गोणं वा महिसं वा पसुं वा पक्खिं वा सिरीसिवं वा जलयरं वा से आइक्खह दंसेह, तं नो आइक्खिज्जा नो दंसिज्जा, नो तस्स तं परिन्नं परिजाणिज्जा, तुसिणिए उवेहिज्जा, जाणं वा नो जाणंति वइज्जा, तओ सं० गामा० दू० ॥ से भिक्खू वा० गा० दू० अंतरा से पाडि० उवा०, ते णं पा० एवं वइज्जा—आउ० स० ! अवियाइं इत्तो पडिवहे पासह उदगपसूयाणि कंदाणि**

वा मूलाणि वा तया पत्ता पुप्फा फला बीया हरिया उदगं वा संनिहियं अगणिं वा संनिखित्तं से आइक्खह जाव दूइज्जिज्जा ॥ से भिक्खू वा० गामा० दूइज्जमाणे अंतरा से पाडि० उवा०, ते णं पाडि० एवं आउ० स० अवियाइं इत्तो पडिवहे पासह जवसाणि वा जाव से णं वा विरूवरूवं संनिविट्ठं से आइक्खह जाव दूइज्जिज्जा ॥ से भिक्खू वा० गामा० दूइज्जमाणे अंतरा पा० जाव आउ० स० केवइए इत्तो गामे वा जाव रायहाणिं वा से आइक्खह जाव दूइज्जिज्जा ॥ से भिक्खू वा २ गामाणुगामं दूइज्जेज्जा, अंतरा से पाडिपहिया आउसंतो समणा ! केवइए इत्तो गामस्स नगरस्स वा जाव रायहाणीए वा मग्गे से आइक्खह, तहेव जाव दूइज्जिज्जा ॥ ( सू० १२९ )

તે સાધુને માર્ગમાં જતાં કોઈ મુસાફર પૂછે કે, હે સાધુ ! તમે રસ્તામાં આવતાં કોઈ માણસ જોયો ? બળધ ભેંસ પશુ પંખી સરીસૃપ જલચર જે કંઈ દેખ્યું હોય તે કહો, અથવા બતાવો, તો તે સમયે સાધુએ કંઈ પણ બોલવું નહિ, તેમ બતાવવું નહિ, તેની તે વાત સાધુએ કબુલ રાખવી નહિ, મૌન રહેવું, અથવા જાણતો હોય. તો પણ નથી જાણતો ' એમ કહેવું, તેજ પ્રમાણે સમાધિથી વિહાર કરવો, તેજ પ્રમાણે સાધુને માર્ગમાં પૂછે, કે જળમાં થનારાં કંદ મૂળ છાલ પાંદડાં ફૂલ ફળ બીજ હરિત (ભાજી) પાણી અથવા સ્થાપેલી અગ્નિ હોય તો બતાવો, તે સમયે પણ મૌન રહેવું, જાણવા

છતાં, ' નથી જાણતો ' એમ કહેવું, અથવા પૂછે કે માર્ગમાં જવ ઘઉંનાં ખેતર અથવા જુદું જુદું જે જોયું હોય તે કહો, તોપણ મૌન રહેવું, તેજ પ્રમાણે પૂછે કે અહીંથી ગામ અથવા રાજધાની કેટલી દૂર છે? તો પણ મૌન રહેવું, અથવા અમુક ગામ અથવા નગર કે રાજ્યધાનીએ કયો રસ્તો જાય છે? વિગેરે પૂછે તો મૌન રહેવું, પણ તે સંબંધી ઉત્તર આપવો નહિ.

से भिक्खू० गा० दू० अंतरा से गोणं वियालं पडिवहे पेहाए जाव चित्तचिल्लडं वियालं प० पेहाए नो तेसिं भीओ उम्मग्गेणं गच्छिज्जा नो मग्गाओ उम्मग्गं संकमिज्जा नो गहणं वा वणं वा दुग्गं वा अणुपविसिज्जा नो रुक्खंसि दूरुहिज्जा नो महइमहालयंसि उदयंसि कायं विउसिज्जा नो वाडं वा सरणं वा सेणं वा सत्थं वा कंखिज्जा अप्पुस्सुए जाव समाहीए तओ संजयामेव गामाणुगामं दूइज्जिज्जा ॥ से भिक्खू० गामाणुगामं दूइज्जमाणे अंतरा से विहं सिया, से जं पुण विहं जाणिज्जा इमंसि खलु विहंसि बहवे आमोसगा उवगरणपडियाए संपिंडिया गच्छिज्जा, नो तेसिं भीओ उम्मग्गेण गच्छिज्जा जाव समाहीए तओ संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ॥ ( सू० १३० )

તે ભિક્ષુને વિહાર કરતાં માર્ગમાં બળધ કે સાપ ઉન્મત્ત થએલો જુએ, સિંહ ચીતરો અથવા તેનું બચ્ચું જુએ, તો તેના ભયથી ડરીને ઉન્માર્ગે જવું નહિ, તેમ ઉજ્જડ અર-

ક્ષયમાં ઘુસવું નહિ, તેમ ઝાડ ઉપર પણ ચડવું નહિં, તેમ પાણીમાં પણ પેસવું નહિ, તેમ વાડમાં પેસવું નહિ, બીજાનું શરણ ચાહવું નહીં, પણ ઉત્સુકતા રાખ્યા વિના શાંતિથી જવું, આ સૂત્ર જિનકલ્પી આશ્રયી છે, પણ સ્થવિર કલ્પીએ તો સાપ વિગેરેને બાજુએ ટાળી નીકળવું, વળી તે માર્ગે ચાલતાં લાંબી ઉજાડ અટવી આવે, અને તેમાં ચોરો રહેતા હોય, અને તે ચોરો ઉપધિ લેવા આવતા હોય, તોપણ તેના ડરથી ઉન્માર્ગે જવું નહિ, પણ સીધે-રસ્તે શાંતિથી વિહાર કરતા જવું.

से भिक्खू वा० गा० दू० अंतरा से आमोसगा संपिंडिया गच्छिज्जा. ते णं आ० एवं वइज्जा—आउ० स० ! आहर एयं वत्थं वा० ४ देहि निक्खिवाहि, तं नो दिज्जा निक्खिविज्जा, नो वंदिय २ जाइज्जा, नो अंजलिं कट्टु जाइज्जा, नो कलुणपडियाए जाइज्जा, धम्मियाए जायणाए जाइज्जा, तुसिणीयभावेण वा ते णं आमोसगा सयं करणिज्जंतिकट्टु अक्कोसंति वा जाव उद्दविंति वा वत्थं वा ४ अच्छिंदिज्ज वा जाव परिट्ठविज्ज वा, तं नो गामसंसारियं कुज्जा, नो रायसंसारियं कुज्जा, नो परं उवसंकमित्तु बूया—आउसंतो ! गाहावई एए खलु आमोसगा उवगरणपडियाए सयंकरणिज्जंतिकट्टु अक्कोसंति वा जाव परिट्ठवंति वा, एयप्पगारं मणं वा वायं वा नो पुरओ कट्टु विहरिज्जा, अप्पुस्सुए जाव समाहीए तओ संजयामेव गामा० दूइ० ॥ एयं

**खलु० सया जइ० ( सू० १३१ ) त्तिबेमि ॥ समाप्तमीर्याख्यं तृतीयमध्ययनम् ॥ २-१-३-३**

ભિક્ષુને વિહાર કરતાં ચોરો ભેગા થઈને ઉપકરણ યાચે, તો તેમને હાથમાં અર્પણ કરવાં નહિ, બલથી ગ્રહણ કરે તો જમીન ઉપર નાંખી દેવાં, અને ચોરે લીધા પછી તેને વંદન કરીને યાચવાં નહિ, તેમ હાથ જોડીને દીનતાથી પણ યાચવાં નહિ, પણ ધર્મ સમજાવીને યાચવાં અથવા ચુપ રહીને ઉપેક્ષા કરવી, તથા તે ચોરો પોતાના કર્ત્તવ્ય પ્રમાણે આક્રોશ કરે, દંડથી મારે અથવા જીવ લે, તોપણ તેના સામે થવું નહિ, પણ તેઓ માલ વિનાનાં સમજી પાછાં ફેંકી દે, ફાડી નાંખે તોપણ તેમની ચેષ્ટા ગામમાં કે રાજકૂળમાં કહેવી નહિ, અથવા બીજા ગૃહસ્થને પણ એમ ન કહેવું કે આ ચોરોએ આ પ્રમાણે કર્યું છે. તથા મનથી કે વચનથી તેના ઉપર દુર્ભાવ બતાવવો નહિ, પણ ઉત્સુકતા છોડી સમાધિથી વિહાર કરી બીજે ગામ જવું. આજ સાધુની સાધુતા છે.

### ત્રીજું અધ્યયન સમાપ્ત થયું.

## ચોથું અધ્યયન ભાષા જાતમ્.

ત્રીજું અધ્યયન કહ્યું, હવે ચોથું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ત્રીજા અધ્યયનમાં પિંડવિશુદ્ધિ માટે ગમનવિધિ કહી, ત્યાં ગયેલાએ માર્ગમાં આ પ્રમાણે બોલવું

આમ ન બોલવું, તે બતાવશે, આ સંબંધે આવેલા આ ભાષા જાત અધ્યયનના ચાર અનુયોગદ્વાર થાય છે, તેમાં નિક્ષેપનિર્યુક્તિ અનુગમમાં ભાષાજાત શબ્દોના નિક્ષેપા માટે નિર્યુક્તિકાર કહે છે.

**जह वक्कं तह भासा जाए छक्कं च होइ नायव्वं । उप्पत्तीए १ तह पज्जवं २ तरे ३ जायगहणे ४ य ॥ ३१३**

વાક્ય શુદ્ધિ નામના અધ્યયનમાં જેમ વાક્યનો પૂર્વે નિક્ષેપ કર્યો છે, તે પ્રમાણે ભાષાનો પણ કરવો.

## જાત શબ્દના નિક્ષેપાનું વર્ણન.

પણ જાત શબ્દનો છ પ્રકારે નિક્ષેપો કરવો, નામ સ્થાપના ક્ષેત્ર કાળ અને ભાવ છે, એમાં નામ સ્થાપના સુગમ છે, દ્રવ્ય જાત આગમથી અને નો આગમથી છે, તેમાં વ્યતિરિક્તમાં નિર્યુક્તિકાર પાછળની અડધી ગાથાથી કહે છે, તે ચાર પ્રકારે ઉત્પત્તિજાત, પર્યવજાત, અંતરજાત, અને ગ્રહણ જાત છે. (૧) તેમાં ઉત્પત્તિજાત તે જે દ્રવ્યો ભાષા વર્ગણાની અંદર પડેલાં કાયયોગથી ગ્રહણ કરેલાં તે વાગ્યોગવડે નિસૃષ્ટ થયેલાં ભાષાપણે ઉત્પન્ન થાય, તે **ઉત્પત્તિજાત** છે, અર્થાત્ જે દ્રવ્ય ભાષાપણે ઉત્પન્ન થાય તે. (૨) તેજ વાચાથી નિસૃષ્ટ ભાષા દ્રવ્યોવડે જે વિશ્રેણીમાં રહેલા ભાષા વર્ગણાની અંદર રહેલાં નિસૃષ્ટ દ્રવ્યના પરાઘાતવડે ભાષાપર્યાય પણે જે ઉત્પન્ન થાય છે, તે દ્રવ્યો **પર્યવજાત** કહેવાય છે, (૩) જે દ્રવ્યો અંત-

રાલે સમશ્રેણિમાંજ નિસૃષ્ટ દ્રવ્યની સાથે મિશ્રિત ભાષા પરિણામને ભજે, **તે અંતરજાત** છે. (૪) વળી જે દ્રવ્યો સમશ્રેણિમાં રહેલા ભાષાપણે પરિણમેલાં કર્ણ શષ્કુલી ( કાનની અંદર ) ના કાણામાં પેઠેલાં ગ્રહણ કરાય છે, તે અનંત પ્રદેશવાળાં દ્રવ્યથી છે, તથા અસંખ્યપ્રદેશવાળા અવકાશમાં અવગાઢેલાં ક્ષેત્રથી છે, કાળથી એક બે ત્રણથી માંડીને અસંખ્યાત સમય સુધીની સ્થિતિવાળાં છે, ભાવથી વર્ણ ગંધ રસ સ્પર્શવાળાં છે, તે આવાં દ્રવ્યો '**ગ્રહણજાત**' છે, દ્રવ્યજાત કહ્યું,

ક્ષેત્રાદિજાત તો સ્પષ્ટ હોવાથી નિર્યુક્તિકારે કહ્યાં નથી, તે આ પ્રમાણે છે, જે ક્ષેત્રમાં ભાષાજાતનું વર્ણન ચાલે, અથવા જેટલું ક્ષેત્ર સ્પર્શ કરે, તે ક્ષેત્રજાત છે, એજ પ્રમાણે જે કાળમાં વર્ણન ચાલે તે કાલજાત છે,

ભાવજાત તો તેજ ઉત્પત્તિ પર્યવ અંતર ગ્રહણ દ્રવ્યો સાંભળનારના કાનમાં જણાય, કે " આ શબ્દ " છે, એવી બુદ્ધિ ઉત્પન્ન કરે,

પણ અહિં અધિકાર દ્રવ્ય ભાષાજાત વડે છે કારણ કે દ્રવ્યની પ્રધાન વિવક્ષા છે,

દ્રવ્યનો વિશિષ્ટ અવસ્થા ભાવ છે, તે માટે ભાવ ભાષા જાત વડે પણ અધિકાર છે.

ઉદ્દેશાના અર્થાધિકાર માટે કહે છે:—

**सव्वेऽवि य वयणविसोहिकारगा तहवि अत्थि उ विसेसो। वयणविभत्ती पढमे उप्पत्ती वज्जणा बीए ॥३१४॥**

જો કે બે ઉદ્દેશા પણ વચન વિશુદ્ધિ કરનારા છે, તોપણ તે દરેકમાં વિશેષ છે, તે આ છે, પ્રથમના ઉદ્દેશામાં વચનની વિભક્તિ છે, એટલે એકવચનથી લઈને સોળ પ્રકારના વચનનો વિભાગ છે. તથા આવું વચન બોલવું, આવું નહિ, તેનું વર્ણન છે, બીજા ઉદ્દેશામાં ક્રોધ વિગેરેની ઉત્પત્તિ જેમ ન થાય, તેમ બોલવું, હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર છે, તે આ પ્રમાણે છે:—

**से भिक्खू वा २ इमाइं वयायाराइं सुच्चा निसम्म इमाइं अणायाराइं अणारियपुव्वाइं जाणिज्जा—जे कोहा वा वायं विउंजंति जे माणा वा० जे मायाए वा० जे लोभा वा वायं विउंजंति जाणओ वा फरुसं वयंति अजाणओ वा फ० सव्वं चेयं सावज्जं वज्जिज्जा विवेगमायाए, धुवं चेयं जाणिज्जा अधुवं चेयं जाणिज्जा असणं वा ४ लभिय नो लभिय भुंजिय नो भुंजिय अदुवा आगओ अदुवा नो आगओ अदुवा एइ अदुवा नो एइ अदुवा एहिइ अदुवा नो एहिइ इत्थवि आगए इत्थवि नो आगए इत्थवि एइ इत्थवि नो एति इत्थवि एहिति इत्थवि नो एहिति ॥ अणुवीइ निट्ठाभासी समियाए संजए भासं भासिज्जा, तंजहा—एगवयणं १ दुवयणं २ बहुव० ३ इत्थि० ४ पुरि० ५ नपुंसगवयणं ६ अज्झत्थव० ७ उवणीयवयणं ८ अवणीयवयणं ९ उवणीयअवणीयव० १० अवणीयउवणीयव० ११ तीयव० १२ पडुप्पन्नव० १३ अणागयव० १४ पच्चक्खवयणं १५ परुक्खव० १६, से एगवयणं वईस्सामीति एगवयणं वइज्जा जाव परुक्खवयणं वइस्सा-**

मीति परुक्खवयणं वइज्जा, इत्थी वेस पुरि सोवेस नपुंसगं वेस एयं वा चेयं अन्नं वा चेयं अणुवीइ निट्ठाभासी समियाए संजए भासं भासिज्जा, इच्चेयाइं आययणाइं उवातिकम्म ॥ अह भिक्खू जाणिज्जा चत्तारि भासज्जायाइं, तंजहा—सच्चमेगं पढमं भासज्जायं १ बीयं मोसं २ तईयं सच्चामोसं ३ जं नेव सच्चं नेव मोसं नेव सच्चामोसं असच्चामोसं नाम तं चउत्थं भासज्जायं ४ ॥ से बेमि जे अईया जे य पडुप्पन्ना जे अणागया अरहंता भगवंतो सव्वे ते एयाणि चेव चत्तारि भासज्जायाइं भासिंसु वा भासंति वा भासिस्संति वा पन्नविंसु वा ३, सव्वाइं च णं एयाइं अचित्ताणि वण्णमंताणि गंधमंताणि रसमंताणि फासमंताणि चओवचइयाइं विप्परिणामधम्माइं भवंतीति अक्खायाइं ॥ सू० १३२)

સાધુને આ અંતઃકરણમાં ઉત્પન્ન થએલા ( ઈદમ્ આ પ્રત્યક્ષ સમીપ વાચી શબ્દવડે બતાવેલ હોવાથી ) તથા જોડાજોડ વાણી સંબંધી આચાર તે વાગાચાર ( વાણીના આચાર ) સૂત્રકાર બતાવે છે, તે સાંભળીને તથા હૃદયમાં જાણીને ભાષા સમિતિ વડે તે સાધુએ વચન બોલવું. તે હવે વિગત વાર કહે છે.

તેમાં પ્રથમ આવી ભાષા ન બોલવી, તે અનાચરિત ભાષાનું વર્ણન કરે છે, તે ન બોલવા યોગ્ય અનાચાર કહે છે, એટલે જે ક્રોધથી વાચા બોલે છે, જેમકે તું ચોર છે દાસ છે! તથા કેટલાક માનથી બોલે છે, જેમકે હું ઉત્તમ જાતિનો છું તું અધમ જાતિનો છે, તથા માયાથી બોલે છે જેમકે હું માંદો

છું. ( પણ માંદો હોય નહિ ) અથવા બીજાનો સાવદ્ય (પાપ વાળો) સંદેશો કોઇ ઉપાય વડે કહીને પછી મિથ્યાદુષ્કૃત કરે છે, આ તો મારાથી સહસા (ઉતાવળથી) બોલાઇ ગયું છે ! તથા કોઈ લોભથી બોલે કે આ વચન બોલવાથી હું કંઇક મેળવીશ. તથા કોઈનો દોષ જાણતા હોય, તેનો દોષ ઉઘાડવાવડે કઠોર વચન બોલે છે, અથવા અજાણ પણે બોલે છે, આ બધું ઉપર કહેલું સઘળું ક્રોધાદિનું વચન પાપ સહિત હોવાથી (સાવદ્ય છે માટે) તે વર્જવું, અર્થાત્ વિવેકી બનીને સાધુએ તેવું વચન ન બોલવું.

તથા કોઇ સાથે સાધુએ બોલતાં નિશ્ચયાત્મક વાચા ન બોલવી કે "અમુક વરસાદ વિગેરે બનશેજ" તેવીજ રીતે અધ્રુવ પણ જાણવું, ( કે આમ નહિજ બને ) અથવા કોઈ સાધુને ભિક્ષા માટે કોઈ જ્ઞાતિ કે કુલમાં પ્રવેશ કરતો જોઈને તેને ઉદ્દેશીને બીજા સાધુઓ આવું બોલે કે આપણે ખાઈ લો, તે લઈનેજ આવશે, અથવા તેને માટે રાખી મુકો, તે કંઈ પણ લીધા વિનાજ આવશે અથવા ત્યાંજ ખાઈને અથવા ખાધા વિનાજ આવશે, તેવું નિશ્ચયાત્મક વચન પણ ન બોલવું, તથા આવી વાણી ન બોલવી, કે રાજા વિગેરે આવ્યો છેજ, તથા તે નથીજ આવ્યો, અથવા આવે છે જ, આવવાનો નથીજ, તથા તે આવશેજ, અથવા આવશેજ નહિ, એ પ્રમાણે પત્તન મઠ વિગેરે આશ્રયી પણ ભૂત વિગેરે ત્રણે કાળ આશ્રયી યોજવું, તે બધાનો સાર આ છે કે જે અર્થને પોતે

બરોબર ન જાણે ત્યાં આગળ આ 'એમજ છે' એમ ન બોલવું,

સામાન્યથી સાધુને બધી જગ્યાએ લાગુ પડતો આ ઉપદેશ છે કે વિચારીને, સમ્યગ્ રીતે નિશ્ચય કરીને અથવા શ્રુત ઉપદેશ વડે પ્રયોજનવડે સાધારણ 'નિશ્ચય આત્મક' બનીને ભાષા સમિતિવડે અથવા રાગદ્વેષ છોડીને સોળ વચનની વિધિ જાણીને ભાષા બોલે, જેવી ભાષા બોલવી તે સોળ પ્રકારના વચનની વિધિવાળી ભાષા બતાવે છે.

## સોળ પ્રકારની ભાષા.

(૧) એકવચન જેમકે 'વૃક્ષઃ' (૨) દ્વિ વચન 'વૃક્ષૌ' (૩) બહુ વચન 'વૃક્ષાઃ' આ ત્રણ વચન થયા.

ત્રણ પ્રકારના લિંગ આશ્રયી કહે છે.

(૪) સ્ત્રી વચન વીણા, કન્યા, (૫) પુંવચન ઘટઃ, પટઃ (૬) નપુંસક વચન પીઠં, દેવકુલં (દેવળ)

## અધ્યાત્મવચન.

(૭) આત્મામાં રહેલું તે અધ્યાત્મ (હૃદયમાં રહેલું) તેના પરિહાર કરવાવડે અન્ય બોલવા જતાં બીજુંજ (ખરૂં) સહસાત્કારે બોલાઈ જાય. (૮) ઉપનીત વચન તે પ્રશંસાનું વચન જેમ સુંદર સ્ત્રી (૯) તેથી ઉલટું અપનીત નિંદાવાળું વચન. કુરૂપવાળી સ્ત્રી. (૧૦) ઊપનીત અપનીત વચન કંઈક પ્રશંસા યોગ્ય ગુણ બતાવી નિંદા આત્મકગુણ બતાવે. જેમકે–

આ સ્ત્રી સુંદર છે, પણ કુલટા છે. (૧૧) અપનીત ઉપનીત વચન તે પ્રથમથી ઉલટું છે. જેમકે આ સ્ત્રી કુરૂપા છે પણ શીલવ્રત પાળનારી સતી છે. (૧૨) અતીત વચન કૃતવાન્ કર્યું. (૧૩) વર્ત્તમાન વચન કરે છે, (૧૪) અનાગત વચન ' કરશે ' (૧૫) પ્રત્યક્ષ વચન આ દેવદત્ત છે. (૧૬) પરોક્ષ-વચન તે દેવદત્ત છે, આ પ્રમાણે સોળ વચનો છે, આ સોળ વચનોમાં સાધુને જરૂર પડે, ત્યારે એક વચનની વિવિક્ષામાં એક વચન બોલે, તે પરોક્ષ વચન સુધીમાં જ્યાં જેવું યોગ્ય હોય ત્યાં તેવું બોલે, તથા સ્ત્રી વિગેરે દેખે છતે આ સ્ત્રીજ છે, અથવા પુરૂષ અથવા નપુંસક છે, જેવું હોય તેવું બોલે, આ પ્રમાણે વિચારી નિશ્ચય કરીને સત્ય બોલનારો સમિતિ-વડે અથવા સમપણે સંયત ભાષા બોલે, તથા પૂર્વે કહેલાં અથવા હવે પછી કહેવાતા દોષોનાં સ્થાન છોડીને ભાષા બોલે, તે ભિક્ષુ ચાર પ્રકારની ભાષાઓ જાણે, તે આ પ્રમાણે-

(૧) સત્યભાષાજાત—તે યથાર્થ વચન અવિતથ ( ખરેખરૂં ) બોલવું. ગાય હોય તો ગાય અશ્વ હોય તો અશ્વ કહેવો.

(૨) એથી વિપરીત તે મૃષા ( જૂઠ ) બોલવું-એટલે ગાયને અશ્વ કહેવો, અશ્વને ગાય કહેવી.

(૩) સત્યમૃષા-જેમાં થોડું સત્ય થોડું અસત્ય. જેમકે-દેવદત્ત ઘોડા ઉપર બેસીને જતો હોય તો ઉંટ ઉપર બેસીને દેવદત્ત જાય છે એમ કહેવું.

(૪) બોલાયેલી ભાષામાં સત્ય, જુઠ કે મિશ્રપણું ન હોય, તે આમંત્રણ આજ્ઞાપન વિગેરેમાં સત્ય જુઠ નથી તે ' અસત્યામૃષા ' ચોથી ભાષા છે, આ બધું સુધર્મા સ્વામીએ પોતાની બુદ્ધિથી નથી કહ્યું તેથી કહે છે, કે જે પૂર્વે તીર્થંકર થયા, વર્ત્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે તે બધા તીર્થંકરોએ કહ્યું છે, હમણાં કહે છે અને કહેશે, કે આ બધાંએ ભાષાદ્રવ્ય અચિત્ત છે, વર્ણ ગંધ રસ ફરસવાળાં, ચય, ઉપચય વિગેરે વિવિધ પરિણામ ધર્મવાળાં છે, એવું તીર્થંકરે કહેલ છે, અહીં વર્ણ વિગેરે ગુણો બતાવવાથી શબ્દનું મૂર્ત્ત પણું બતાવ્યું, પણ અન્યલોક એવું માને છે, કે 'શબ્દ આકાશનો ગુણ ' છે, તે આકાશને વર્ણ વિગેરે નથી માટે શબ્દ રૂપી નહિ પણ અરૂપી છે, તેમ જૈનો માનતા નથી, તથા ચય-ઉપચય ધર્મ બતાવવાથી શબ્દનું અનિત્યપણું બતાવ્યું; કારણ કે શબ્દદ્રવ્યોનું વિચિત્રપણું સિદ્ધ થાય છે. હવે શબ્દોનું કૃતત્ત્વ પ્રકટ કરવા કહે છે.

**से भिक्खू वा० से जं पुण जाणिज्जा पुव्विं भासा अभासा भासिज्जमाणी भासा भासा भासासमयवीइक्कंता च णं भासिया भासा अभासा ॥ से भिक्खू वा० से जं पुण जाणिज्जा जा य भासा सच्चा १ जा य भासा मोसा २ जा य भासा सच्चामोसा ३ जा य भासा असच्चऽमोसा ४, तहप्पगारं भासं सावज्जं सकिरियं कक्कसं कडुयं निट्ठुरं फरुसं अण्हयकरिं छेयणकरिं भेयणकरिं परियावणकरिं उद्दवणकरिं**

**भूओवघाइयं अभिकंख नो भासिज्जा ॥ से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणिज्जा, जा य भासा सच्चा सुहुमा ज्जा य भासा असच्चामोसा तहप्पगारं भासं असावज्जं जाव अभूओवघाइयं अभिकंख भासं भासिज्जा ॥ ( सू० १३३ )**

તે ભિક્ષુ આ પ્રમાણે શબ્દને જાણે, કે ભાષા દ્રવ્ય વર્ગણાઓનો વાક્યોગ નિસરવાથી પૂર્વે જે આ ભાષા હતી, તે વાક્યોગવડે નિસરવાથીજ ભાષા કહેવાય છે, આ કહેવાથી તાલવું ઓઠ વિગેરેના વ્યાપારથી પૂર્વે જે શબ્દ નહોતા, તે તે ઉત્પન્ન કરવાથી ખુલેખુલું (પ્રકટ) કૃતક (બનાવવા) પણું સૂચવ્યું છે. જેમ માટીના પિંડમાં પ્રથમ ઘડો નહોતો, તે કુંભારે પ્રયોજન આવતાં દંડચક્રવડે ઘડાને બનાવ્યો, તેમ તે ભાષા બોલાયા પછી નાશ પામતી હોવાથી શબ્દોનું બોલાયા પછીના કાળમાં અભાષાપણું છે, જેમકે ઘડો કુટવાથી ઠીકરાં થયાં, ત્યારે તે કપાળ ( ઠીકરૂં–ઠીબ ) ની અવસ્થામાં ઘડો તે અઘડો થયો છે, આ વાકયોવડે શબ્દોનો પૂર્વ અભાવ તથા પ્રધ્વંસ ( નાશ થવાથી ) અભાવ બતાવ્યો છે, હવે ચારે ભાષાઓમાંથી ન બોલવા યોગ્ય ભાષાને કહે છે, તે ભિક્ષુ આ પ્રમાણે જાણે કે ૧ સત્ય ૨ મૃષા ૩ સત્યામૃષા ૪ અસત્યામૃષા એમ ભાષા ચાર ભેદે છે. તેમાં મૃષા સત્યામૃષા તો બોલવા યોગ્ય નથી, પણ સત્ય વચન પણ કર્કશ વિગેરે દુર્ગુણવાળું ન બોલવું, તે બતાવે છે.

( ૧ ) અવદ્ય ( પાપ ) સહિત વર્ત્તે, તે ' સાવદ્ય ભાષા '

સત્ય હોય તોપણ ન બોલવી, ( ૨ ) સક્રિય–તે જેમાં અનર્થ દંડની ક્રિયા પ્રવર્ત્તે, તે પણ ભાષા સાધુએ ન બોલવી ( ૩ ) કર્કશ તે ચાવેલા અક્ષરવાળી ( ૪ ) કટુક–તે ચિત્તને ઉદ્વેગ કરનારી ( ૫ ) નિષ્ઠુર તે હક્ક પ્રધાન ( ઠપકા રૂપ ) ( ૬ ) પરૂષા તે પારકાના મર્મ ઉઘાડવા રૂપ ( ૭ ) કર્માસ્રવ કરનારી, તેજ પ્રમાણે છેદન ભેદન તે ઠેઠ અપદ્રાવણ કરનારી સુધી જે જીવોને ઉપતાપ કરનારી હોય, તે મનથી વિચારીને સત્ય હોય તો પણ ન બોલવી, હવે બોલવાની ભાષા કહે છે. તે ભિક્ષુ આ પ્રમાણે જાણે, કે જે ભાષા સત્ય છે, તથા કોમળ વિગેરે ગુણોવાળી જીવોને ઉપતાપ ન કરનારી ભાષા છે, તે બોલવી, તથા કુશાગ્રબુદ્ધિવડે વિચારીને જે સૂક્ષ્મ ભાષા બોલાય, તે વખતે મૃષા પણ સત્ય જેવી ગુણકારી થાય, જેમ કે મૃગ દેખ્યું હોય, છતાં શિકારી આગળ તે મૃગની રક્ષા ખાતર ' ન દેખ્યું ' કહે, તો સત્ય જેવુંજ ગુણકારી છે, કહ્યું છે કે.

**अलिअं न भासिअव्वं अत्थि हु सच्चंपि जं न वत्तव्वं ।**
**सच्चंपि होइ अलिअं जं परपीडाकरं वयणं ॥ १ ॥**

જેમ જૂઠ ન બોલવું, તેમ સત્ય પણ જે પરને પીડા કારક વચન હોય તે જૂઠા જેવું જાણીને બોલવું નહિ, તથા જે અસત્યામૃષા છે તે આમંત્રણી ( આવો ) આજ્ઞાપની ( આમ કરો ) વિગેરે પણ જે અસાવદ્ય અક્રિય અકઠોર જીવને દુઃખ ન દેનારી હોય, તે ' મનથી ' વિચારીને હમેશાં સાધુએ બોલવી—

से भिक्खू वा पुमं आमंतेमाणे आमंतिए वा अपडिसुणेमाणे नो एवं वइज्जा–होलित्ति वा गोलित्ति वा वसुलेत्ति वा कुपक्खेत्ति वा घडदासित्ति वा साणेत्ति वा तेणित्ति वा चारिएत्ति वा माईत्ति वा मुसावाइत्ति वा, एयाइं तुमं ते जणगा वा, एअप्पगारं भासं सावज्जं सकिरियं जाव भूओवघाइयं अभिकंख नो भासिज्जा॥ से भिक्खू वा० पुमं आमंतेमाणे आमंतिए वा अप्पडिसुणेमाणे एवं वइज्जा–अमुगे इ वा आउसोत्ति वा आउसंतारोत्ति वा सावगेत्ति वा उवासग्गेत्ति वा धम्मिएत्ति वा धम्मपिएत्ति वा, एयप्पगारं भासं असावज्जं जाव अभिकंख भासिज्जा॥ से भिक्खू वा २ इत्थिं आमंतेमाणे आमंतिए य अप्पडिसुणेमाणे नो एवं वइज्जा–होली इ वा गोलीति वा इत्थीगमेणं नेयव्वं॥ से भिक्खू वा २ इत्थिं आमंतेमाणे आमंतिए य अप्पडिसुणेमाणी एवं वइज्जा—आउसोत्ति वा भइणित्ति वा भोईति वा भगवईति वा साविगेति वा उवासिएत्ति वा धम्मिएत्ति वा धम्मप्पिएत्ति वा, एयप्पगारं भासं असावज्जं जाव अभिकंख भासिज्जा॥ ( सू० १३४ )

તે સાધુ જરૂર પડતાં કોઈ માણુસને બોલાવે, અથવા પૂર્વે બોલાવ્યો હોય, પણ તે માણુસે લક્ષ્ય ન આપ્યું હોય, તો તેને આવા કઠોર શબ્દો ન કહેવા, કે તું હોલ, ગોલ ( આ બંને શબ્દો બીજા દેશમાં અપમાન રૂપે છે ) તથા વૃષલ અથવા કજાત ઘટદાસ કુત્તો ચોર, અથવા ચારિકમાયી મૃષાવાદી અથવા તું આવો ! અથવા તારાં માબાપ આવાં છે ! આ ભાષા કઠોર હોવાથી સાધુએ ન બોલવી, પણ તેથી

વિપરીત તે અકઠોર ભાષા બોલવી, એટલે આમંત્રણ કર્યા છતાં પેલા પુરૂષનું લક્ષ્ય ન હોય, તો શાંતિથી કહેવું કે હે ભાઈ ! આયુષ્મન્ ! અથવા બહુ આયુષ્મન્ત શ્રાવક ધર્મ પ્રિય-અર્થાત્ તેને પ્રિય લાગે, તેવું વચન કહેવું, તેજ પ્રમાણે સ્ત્રીને આશ્રયી પણ હોલી ગોલી વિગેરે કઠોર વચન ન કહેવાં, પણ તેનું લક્ષ્ય ખેંચવા આયુષ્મતી, બાઈ, ભોગી ભગવતી શ્રાવિકા ઉપાસિકા ધાર્મિકા ધર્મ પ્રિયા ઇત્યાદિ અસાવદ્ય વચન વિચારીને બોલવું. એજ પ્રમાણે અભાષણીય ભાષાના બીજા પ્રકારો બતાવે છે.

**से भि० नो एवं वइज्जा—नभोदेवित्ति वा गज्जदेवित्ति वा विज्जुदेवित्ति वा पवुट्ठदे० निवुट्ठदेवित्तिए वा पडउ वा वासं मा वा पडउ निप्फज्जउ वा सस्सं मा वा नि० विभाउ वा रयणी मा वा विभाउ उदेउ वा सूरिए मा वा उदेउ सो वा राया जयउ वा मा जयउ, नो एयप्पगारं भासं भासिज्जा ॥ पन्नवं से भिक्खू वा २ अंतलिक्खेत्ति वा गुज्झाणुचरिएत्ति वा संमुच्छिए वा निवइए वा पओ वइज्जा वुट्ठबलाहगेत्ति वा, एयं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गियं जं सव्वट्ठेहिं समिए सहिए सया जइज्जासि त्तिबेमि २-१-४-१ ॥ भाषाध्ययनस्य प्रथमः ॥ ( सू० १३५ )**

વળી તે સાધુ અસંતને યોગ્ય આવી જે ભાષા છે તેને ન બોલે, જેમકે નભોદેવ, ગર્જતોદેવ, વિજળીદેવ પ્રવૃષ્ટદેવ નિવૃષ્ટદેવ (આમાં વર્ષાદ વીજળી વિગેરેને દેવ ન કહેવો તે સૂચવ્યું છે.)

તથા વર્ષાદ પડો અથવા ન પડો, સૂર્ય ઉગો, અથવા ન ઉગો, આ રાજા જીતો અથવા ન જીતો, આવી ભાષા પણ ન બોલે, પણ કારણપડે વરસાદને અંગે બોલવું પડે, તો સંયત ભાષાએ આ પ્રમાણે બોલવું કે અંતરિક્ષમાંથી વરસાદ પડે છે, અથવા ગુહ્યાનું ચરિત (                ) છે, સંમૂર્છિમ છે અથવા વાદળાં વરસે છે, આ પ્રમાણે સાધુ સાધ્વીએ ખુશામત વિનાનું સારૂં વચન બોલવું, તેજ સાધુની સાધુતા છે, તે સર્વ અર્થોવડે સમજીને સમિતિ સહિતપણે બોલવામાં પ્રયત્ન કરવો. ચોથા અધ્યયનનો ૧ લો ઉદ્દેશો પૂરો થયો.

## બીજો ઉદ્દેશો.

પહેલો કહીને બીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં વાચ્ય અવાચ્યનું વિશેષપણું બતાવ્યું, અહીં પણ તેજ બાકીનું કહે છે, આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે,

**से भिक्खू वा जहा वेगईयाइं रूवाइं पासिज्जा तहावि ताई नो एवं वइज्जा, तंजहा—गंडी गंडीति वा कुट्ठी कुट्ठीति वा जाव महुमेहुणीति हत्थच्छिन्नं वा हत्थच्छिन्नेत्ति वा एवं पायछिन्नेत्ति वा नक्कछिण्णेइ वा कण्णछिन्नेइ वा उट्ठछिन्नेतिवा, जेयावन्ने तहप्पगारा एयप्पगाराहिं भासाहिं बुइया ?**

कुप्पंति माणवा ते यावि तहप्पगाराहिं भासाहिं अभिकंख नो भासिज्जा ॥ से भिक्खू वा० जहा वेगइयाइं रूवाइं पासिज्जा तहावि ताइं एवं वइज्जा—तंजहा—ओयंसी ओयंसित्ति वा तेयंसी तेयंसीति वा जसंसी जसंसीइ वा वच्चंसी वच्चंसीइ वा अभिरूयंसी २ पडिरूवंसी २ पासाइयं २ दरिसणिज्जं दरिसणीयत्ति वा, जे यावन्ने तहप्पगारा तहप्पगाराहिं भासाइं बुइया २ नो कुप्पंति माणवा तेयावि तहप्पगारा एयप्पगाराहिं भासाहिं अभिकंख भासिज्जा ॥ से भिक्खू वा० जहा वेगइयाइं रूवाइं पासिज्जा, तंजहा—वप्पाणि वा जाव गिहाणि वा, तहावि ताइं नो एवं वइज्जा, तंजहा—सुक्कडे इ वा सुट्ठुकडे इ वा साहुकडे इ वा कल्लाणे इ वा करणिज्जे इ वा, एयप्पगारं भासं सावज्जं जाव नो भासिज्जा ॥ से भिक्खू वा० जहा वेगईयाइं रूवाइं पासिज्जा, तंजहा—वप्पाणि वा जाव गिहाणि वा तहावि ताइं एवं वइज्जा, तंजहा—आरंभकडे इ वा सावज्जकडे इ वा पयत्तकडे इ वा पासाइयं पासाइए वा दरिसणीयं दरसणीयंति वा अभिरूवं अभिरूवंति वा पडिरूवं पडिरूवंति वा एयप्पगारं भासं असावज्जं जाव भासिज्जा ॥ ( सू० १३६ )

તે ભિક્ષુ કોઇ પણ રૂપો જુએ, તો પણ તેવાં રૂપો બોલે નહિ, જેમકે કોઈને ગંડ માળનો રોગ થયો હોય ગંડીપદ ( ગુમડાંવાળા ) તથા કોઢીયા અથવા પૂર્વે બતાવ્યા પ્રમાણે ૧૬ રોગવાળાને તે રોગવાળો કહી ચીડવવો નહિ, તે છેવટે મધુ મેહી સુધી છે. ( આ રોગવાળાને મધુ જેવો

પેસાબ વારંવાર આવે છે તે ચોથા ભાગમાં ધૂત અધ્યયનમાં સોળે રોગનું સ્વરૂપ બતાવ્યું છે, અહીં ગંડીમાં વિશેષ આ છે કે ઉચ્છૂન ગુલ્ફપાદ હોય તેને પણ ગંડી કહ્યો છે.) આ રોગીઓ સિવાય કોઈને પાછળથી અંગમાં ખોડ આવી હોય, હાથ છેદાયલો હોય, તેમ પગ નાક કાન ઓઠ વિગેરે છેદાયલા હોય, તથા કાણો હોય કુંટ હોય, તેવાને તેવા શબ્દોએ બોલાવવાથી તેઓ કોપાયમાન થાય છે, માટે તેવાને તેવાં વચનથી બોલાવવો નહિ, ( લૌકિકમાં પણ કહેવત છે કે અંધાને અંધો કહે, કડવું લાગે વેંણ; ધીરે ધીરે પૂછીએ, ભાઈ શાથી ખોયાં નેણ, ! )

તેવાને જરૂર પડતાં કેવી રીતે બોલાવવા તે કહે છે, તે ભિક્ષુ કદાચ ગંડીપદ વિગેરે વ્યાધિવાળા માણસને જુએ, અને તેને બોલાવવો હોય, તો તેનો કોઈપણ સારો ગુણ જોઈને તેને ઉદ્દેશીને હે ઓજસ્વી ! હે તેજસ્વી ! ઈત્યાદિ આમંત્રણે બોલાવવો.

આ સંબંધમાં કૃષ્ણવાસુદેવનું દૃષ્ટાંત છે.

એક સડેલો કુતરો રાજમાર્ગમાં પડેલો તેની દુર્ગંધથી કૃષ્ણના માણસો આડે રસ્તે ઉતર્યા, પણ કૃષ્ણે પોતે તેજ રસ્તે જઈ તેની દુર્ગંધીની ઉપેક્ષા કરી ફક્ત તેના મોઢામાં સુંદર દાંતની શ્રેણી જોઇ તેની પ્રશંસા કરી, તેજ પ્રમાણે સાધુએ તેવા રોગીમાંથી કોઈપણ ગુણ શોધી તેને બોલાવવો, એટલે પરાક્રમી તેજસ્વી વક્તા યશસ્વી સુરૂપ મનોહર રમ-

ણીય દેખવા યોગ્ય અથવા તેવો જે ગુણ હોય, તેને ઉદ્દેશી બોલાવવો, કે તેનાથી તે નાખુશ ન થાય.

તથા મુનિએ કોટ કિલ્લા ઘર વિગેરે જોઈને એમ ન કહેવું કે આ રૂડા બનાવેલા છે, ખુબ બનાવ્યા છે, ફાયદાકારક છે, અથવા તમારે આવા કરવા લાયક છે, એવા પ્રકારની બીજી પણ અધિકરણ ને અનુમોદનારી સાવદ્ય ભાષા બોલવી નહિ.

છતાં જરૂર પડે, તો કહેવું, કે મહા આરંભથી આ કરેલ છે, તથા બહુ મહેનતે કરેલ છે, તથા પ્રાસાદ વિગેરે રમણિક દેખવાયોગ્ય છે, સરખી બાંધણીવાળા શોભીતા છે, વિગેરે નિરવદ્ય ભાષા બોલવી.

**से भिक्खू वा २ असणं वा० उवक्खडियं तहाविहं नो एवं वइज्जा, तं० सुकडेत्ति वा सुठुकडे इ वा साहुकडे इ वा कल्लाणे इ वा करणिज्जे इ वा, एयप्पगारं भासं सावज्जं जाव नो भासिज्जा॥ से भिक्खू वा २ असणं वा ४ उवक्खडियं पेहाय एवं वइज्जा, तं०-आरंभकडेत्ति वा सावज्जकडेत्ति वा पयत्तकडे इ वा भद्दयं भद्देति वा ऊसढं ऊसढे इ वा रसियं २ मणुन्नं २ एयप्पगारं भासं असावज्जं जाव भासिज्जा॥ ( सू० १३७ )**

સાધુએ કોઈ જગ્યાએ રસોઇ તૈયાર થએલી જોઇ હોય તો એમ ન કહેવું કે પકવાન્ન સારાં કર્યાં છે, સારાં તળ્યાં છે,

સુંદર બનાવ્યાં છે, કલ્યાણ કરનારાં છે, બીજાએ આવાં કરવા યોગ્ય છે, આવું સાવદ્ય વચન સાધુએ બોલવું નહિ.

પણ જરૂર પડતાં તેવું ચારે પ્રકારનું અશન વિગેરે જોઈને કહેવું કે આરંભથી સાવદ્ય પ્રયાસે બનાવેલું છે, તથા સારાં હોય તો સારાં તાજાં હોય તો તાજાં રસવાળાં મનોજ્ઞ એમ નિર્દોષ ભાષા બોલવી.

ફરીથી અભાષણીય બતાવે છે–

**से भिक्खू वा भिक्खुणी वा मणुस्सं वा गोणं वा महिसं वा मिगं वा पसुं वा पक्खि वा सरीसिवं वा जलचरं वा से त्तं परिवूढकायं पेहाए नो एवं वइज्जा—थूले इ वा पमेइले इ वा वट्टे इ वा वज्झे इ वा पाइमे इ वा, एयप्पगारं भासं सावज्जं जाव नो भासिज्जा ॥ से भिक्खू वा भिक्खुणी वा मणुस्सं वा जाव जलयरं वा सेत्तं परिवूढकायं पेहाए एवं वइज्जा—परिवूढकाएत्ति वा उवचियकाएत्ति वा थिरसंघयणेत्ति वा चियमंससोणिएत्ति वा बहुपडिपुन्नइंदिइएत्ति वा, एयप्पगारं भासं असावज्जं जाव भासिज्जा ॥ से भिक्खू वा २ विरूवरूवाओ गाओ पेहाए नो एवं वइज्जा, तंजहा—गाओ दुज्झाओत्ति वा दम्मेत्ति वा गोरहत्ति वा वाहिमत्ति वा रहजोग्गत्ति वा, एयप्पगारं भासं सावज्जं जाव नो भासिज्जा ॥ से भि० विरूवरूवाओ गाओ पेहाए एवं वइज्जा, तंजहा—जुवंगवित्ति वा धेणुत्ति वा रसवइत्तिं वा हस्से इ वा महल्ले इ वा महव्वए इ वा संवहणित्ति वा, एअप्पगारं भासं असावज्जं जाव अभिकंख भासिज्जा ॥**

से भिक्खू वा० तहेव गंतुमुज्जाणाइं पव्वयाइं वणाणि वा रुक्खा महल्ले पेहाए नो एवं वइज्जा, तं०—पासायजोग्गाति वा तोरणजोग्गाइ वा गिहजोग्गाइ वा फलिहजो० अग्गलजो० नावाजो० उदग० दोणजो० पीढचंगबेरनंगलकुलियजंतलट्ठीनाभिगंडीआसणजो० सयणजाणउवस्सयजोगाइं वा, एयप्पगारं० नो भासिज्जा ॥ से भिक्खु वा० तहेव गंतु० एवं वइज्जा, तंजहा—जाइमंता इ वा दीहवट्टा इ वा महालया इ वा पयायसाला इ वा विडिमसाला इ वा पासाइया इ वा जाव पडिरूवाति वा एयप्पगारं भासं असावज्जं जाव भासिज्जा ॥ से भि० बहुसंभूया वणफला पेहाए तहावि ते नो एवं वइज्जा, तंजहा—पक्का इ वा पायखज्जा इ वा वेलोइया इ वा टाला इ वा वेहिया इ वा, एयप्पगारं भासं सावज्जं जाव नो भासिज्जा ॥ से भिक्खू० बहुसंभूया वणफला अंबा पेहाए एवं वइज्जा, तं०—असंथडा इ वा बहुनिवट्टिमफला इ वा बहुसंभूया इ वा भूयरुवित्ति वा, एयप्पगारं भा० असा० ॥ से० बहुसंभूया ओसही पेहाए तहावि ताओ न एवं वइज्जा, तंजहा—पक्का इ वा नीलीया इ वा छवीइया इ वा लाइमा इ वा भज्जिमा इ वा बहुखज्जा इ वा, एयप्पगा० नो भासिज्जा ॥ से० बहु० पेहाए तहावि एवं वइज्जा, तं०—रुढा इ वा बहुसंभूया इ वा थिरा इ वा ऊसढा इ वा गब्भिया इ वा पसूया इ वा ससारा इ वा, एयप्पगारं भासं असावज्जं जाव भासि० ॥ ( सू० १३८ )

તે સાધુ કે સાધ્વી રસ્તામાં માણુસ બળદ મૃગ પશુ પક્ષી સરીસ્રપ જલચર કોઇ પણ પુષ્ટ શરીરવાળું દેખે તો આવું ન બોલવું, કે " આ સ્થુલ પ્રમેદુર વૃત્ત અથવા વધ કરવા યોગ્ય અથવા વહન કરવા યોગ્ય છે, અથવા મારીને રાંધવા યોગ્ય છે, અથવા દેવતાને બળી આપવા યોગ્ય છે."

પણ માણુસથી લઈને જલચર સુધીનું કોઇ પણ પશુ પંખી કે જંતુ પરિવૃદ્ધ ( જાડા ) શરીરવાળું દેખીને જરૂર પડતાં આવી રીતે બોલવું કે આ જાડા શરીરનો છે, ઉપચિત (પુષ્ટ) કાયવાળો છે, સ્થિર સંઘયણવાળો છે, અથવા લોહી માંસે પુષ્ટ છે, અથવા પાંચે ઇંદ્રિયો પુરી છે, આવી નિર્દોષ ભાષા બોલે.

તેજ પ્રમાણે જુદા જુદા રૂપવાળી ગાયોને સાધુ દેખે, તો તેણે આવું ન કહેવું, કે આ ગાયો દોહવા યોગ્ય છે, અથવા દોહવાનો વખત છે, અથવા આ ગોધલો ( જુવાન બળદ ) વાહન કરવા જેવો છે, અથવા રથને યોગ્ય છે, આવી સાવદ્ય ભાષા ન બોલવી, પણ જરૂર પડતાં જુદી જુદી ગાયોને જોઇ આ પ્રમાણે બોલવું કે આ યુવાન ગાય છે, અથવા રસવતી ધેનુ છે, આ નાનો બળદ છે, આ મોટો છે, અથવા મહાવ્યય ( મૂલ્ય ) વાળો છે, સંવહન છે, આવી નિરવદ્ય ભાષા બોલે.

તેજ પ્રમાણે સાધુ ઉદ્યાનમાં જતાં પર્વત વન વિગેરેમાં મોટાં ઝાડ દેખીને આવું ન બોલે કે, આ મહેલ બનાવવા યો-ગ્ય, છે, તોરણ યોગ્ય, ઘર યોગ્ય, ફલિહાને યોગ્ય, અર્ગલા

નાવ કે પાણી લાવવાને પરનાળ બનાવવા યોગ્ય અથવા દ્રોણુ બનાવવા યોગ્ય પીઢ ચંગબેર હળ કુલકયંત્રની લાકડી ( ઘાણી ) નાભિ ગંડી આસણુ વિગેરે ઓજારની વસ્તુઓ બનાવવા યોગ્ય છે, તથા સુવાનાં પાટીઆં ગાડી ગાડાં ઉપાશ્રય બનાવવા યોગ્ય છે. અથવા તેવું કંઇ પણ બીજું સાવદ્ય વચન ન બોલે.

પણુ જરૂર પડતાં તેવાં વૃક્ષો બતાવવાં પડે, તો આ ઉત્તમ જાતિનાં વૃક્ષો છે, જાડા થડવાળા છે, મોટાં ઝાડ વિશાળ શાખાવાળાં વિસ્તીર્ણ શાખાવાળાં દેખવા યોગ્ય રમણીય છે, આવી નિરવદ્ય ભાષા બોલે.

તે સાધુ માર્ગમાં ઘણાં ફળવાળાં ઝાડો દેખે, તો આવું ન બોલે કે આ પાકાં ફળ છે, ગોટલી બંધાયેલાં ફળ છે. તે ખાડામાં નાંખીને કોદ્રવ કે પરાળના ઘાસથી પકાવીને ખાવા યોગ્ય છે. તથા બરોબર પાકેલાં હોવાથી ઝાડ ઉપરથી બેડી લેવા યોગ્ય છે, કારણુ કે હવે વધારે વખત ઉપર રહી શકે તેમ નથી. 'ટાલ' તે ગોટલી બંધાયા વિનાનાં કોમળ ફળ છે, તથા આ ફળોએ પેશી સંપાદન કરવાથી ચીરવા યોગ્ય છે, આવી ફળ સંબંધી સાવદ્ય ભાષા સાધુએ ન બોલવી, પણ જરૂર પડતાં નીચે પ્રમાણે બોલવું—આ ફળના ભારથી અસમર્થ ઝાડો છે, ઘણાં ફળવાળાં છે, બહુ સંભૂત છે, તથા ભૂતરૂપ તે કોમળ ફળો છે, આવાં આંબાનાં ઝાડ પ્રધાન હોવાથી તેનો દૃષ્ટાંત આપેલ છે, આવી નિરવદ્ય ભાષા સાધુએ બોલવી.

'તથા પાકેલી ઔષધિ દેખીને એમ ન બોલવું, કે આ પાકી છે, અથવા નીલી આર્દ્રા પાણીવાળી છાલવાળી ધાણી બનાવા યોગ્ય રોપવા યોગ્ય, આ રાંધવા યોગ્ય ભંજન કરવા યોગ્ય બહુ ખાવા યોગ્ય અથવા પુંખ બનાવવા યોગ્ય છે. પણ જરૂર પડતાં આમ બોલે કે આ રૂઢા ઔષધિ છે, આવી નિરવદ્ય ભાષા બોલવી. વળી—

**से भिक्खू वा० तहप्पगाराइं सद्दाइं सुणिज्जा तहावि पयाइं नो एवं वइज्जा, तंजहा—सुसद्देत्ति वा दुसद्देति वा, एयप्पगारं भासं सावज्जं नो भासिज्जा ॥ से भि० तहावि ताइं एवं वइज्जा, तंजहा—सुसद्दं सुसद्दित्ति वा दुसद्दं दुसद्दित्ति वा, एयप्पगारं असावज्जं जाव भासिज्जा, एवं रूवाइं किण्हेत्ति वा ५ गंधाइं सुरभिगंधित्ति वा २ रसाइं तित्ताणि वा ५ फासाइं कक्खडाणि वा ८ ॥ ( सू० १३९ )**

કોઈ જગ્યાએ સાધુ શબ્દ સાંભળે તો એમ ન બોલે કે આ સુંદર છે કે ખરાબ છે, અથવા માંગળિક છે કે અમાંગળિક છે, પણ તેવા શબ્દો બોલવાની જરૂર પડે તો પછી શોભનને શોભન અને અશોભનને અશોભન કહે, એ પ્રમાણે રૂપ ( વર્ણ ) પાંચેને આશ્રયી બે ગંધ સુરભિ વિગેરે તથા રસ તીખા વિગેરે પાંચ, અને કર્કશ વિગેરે આઠ ફરસ આશ્રયી પણ વિચારીને નિરવદ્ય ભાષા જરૂર પડતાં બોલવી.

**से भिक्खू वा० वंता कोहं च माणं च मायं च लोभं च अणुवीइ निट्ठाभासी निसम्मभासी अतुरियभासी विवेगभासी समियाए संजए भासं भासिज्जा ५ ॥ एवं खलु० सया जइ**

(सू० १४०) त्तिबेमि ॥ २-१-४-२ ॥ भाषाऽध्ययनं चतुर्थम् ॥ २-१-४ ॥

ઉપર બધાં સૂત્રો કહીને છેવટનો સાર કહે છે કે તે સાધુ સાધ્વીએ ક્રોધ માન માયા લોભને દૂર કરી વિચારી મુદ્દાની વાત નિશ્ચય કરીને ધૈર્યતા રાખી વિવેકપૂર્વક ભાષા સમિતિ યુક્ત પોતે બનીને બોલે આ ભિક્ષુનું સર્વસ્વ છે.

## ચોથું અધ્યયન સમાપ્ત થયું.

ચોથું કહીને પાંચમું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ચોથામાં ભાષા સમિતિ બતાવી, ત્યારપછી એષણા સમિતિ કહેવાય છે. તે વસ્ત્રની અંદર રહેલી ( તેને આશ્રયી ) કહે છે—

આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો ઉપક્રમ વિગેરે થાય છે, તેમાં ઉપક્રમની અંદર રહેલ અધ્યયનના અર્થાધિકારમાં ' વસ્ત્ર એષણા ' બતાવી છે, અને ઉદ્દેશાનો અર્થાધિકાર બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

**पढमे गहणं बीए धरणं, पगयं तु दव्ववत्थेणं ॥ एमेव होइ पायं, भावे पायं तु गुणधारी ॥ ३१५ ॥**

પહેલા ઉદ્દેશામાં વસ્ત્રની લેવાની વિધિ બતાવી છે, બીજામાં રાખવાની વિધિ છે, નામનિષ્પન્ન નિક્ષેપામાં વસ્ત્ર એષણા છે, તેમાં વસ્ત્રનો નામ વિગેરે ચાર પ્રકારે નિક્ષેપો છે, નામ સ્થાપના સુગમ છે, દ્રવ્ય વસ્ત્ર ત્રણ પ્રકારનું છે, એકેંદ્રિયથી બનેલું તે રૂ વિગેરેનું બનાવેલું સુતરાઉ કાપડ છે,

વિકલેંદ્રિયથી બનેલું ચીનાંશુક (રેશમી) વસ્ત્ર છે, પંચેંદ્રિયથી બનેલું તે કંબળ રત્ન વિગેરે છે, અને ભાવ વસ્ત્ર અઢાર હજાર શીલાંગ ( સંપૂર્ણ બ્રહ્મચર્ય ) છે, પણ અહીં તો દ્રવ્ય વસ્ત્રથી અધિકાર છે, તે નિર્યુક્તિકારે બતાવેલ છે, તેજ પ્રમાણે વસ્ત્ર માફક પાત્રાંનો ચાર પ્રકારે નિક્ષેપો છે, એમ માનીનેજ આ ગાથામાં નિર્યુક્તિકારે અતિ ટુંકાણમાં પાત્રાંનો નિક્ષેપો અડધી ગાથામાં બતાવ્યો છે, તેમાં દ્રવ્યપાત્ર તે એક ઇંદ્રિય વિગેરેથી બનેલું, અને ભાવપાત્ર તો સાધુ પોતેજ ગુણધારી હોય તે છે. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર બોલવું જોઈએ. તે આ છે—

**से भि० अभिकंखिज्जा वत्थं एसित्तए, से जं पुण वत्थं जाणिज्जा, तंजहा—जंगियं वा भंगियं वा साणियं वा पोत्तगं वा खोमियं वा तूलकडं वा, तहप्पगारं वत्थं वा जे निग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे से एगं वत्थं धारिज्जा नो बीयं, जा निग्गंथी सा चत्तारिसंघाडीओ धारिज्जा, एगं दुहत्थवित्थारं दो तिहत्थवित्थाराओ एगं चउहत्थवित्थारं, तहप्पगारेहिं वत्थेहिं असंधिज्जमाणेहिं, अह पच्छा एगमेगं संसिविज्जा ॥ ( सू० १४१ )**

જ્યારે તે સાધુને વસ્ત્રની જરૂર પડે, ત્યારે આ પ્રમાણે તપાસ કરે, આ જંગિયં—ઉંટ વિગેરેના ઉનનું બનાવેલું છે, તથા ભંગિક—તે વિકલેંદ્રિયની લાળનું ( રેશમી ) વસ્ત્ર છે, સાણય તે શણ ઝાડની છાલ વિગેરેનું બનાવેલું છે, પોત્તગ તે તાડ વિગેરેનાં પાંદડાં સીવીને બનાવેલું છે, ( ખોમિયં )

તે રૂનું બનાવેલું સુતરાઉ કાપડ છે, તૂલકડ 'આકડાના તૂલ' થી બનાવેલું છે, એજ પ્રમાણે તેવું બીજું પણ વસ્ત્ર જરૂર પડતાં રાખે, જેવા સાધુએ જેટલાં વસ્ત્ર રાખવાં તે કહે છે. જે સાધુ જુવાન છે, બળવાન્ છે, નિરોગી છે, દૃઢ શરીરવાળો છે, અને ધૈર્ય જેનું દૃઢ છે, આવો સાધુ શરીરના રક્ષણ માટે એક વસ્ત્ર ધારણ કરે, પણ બીજું નહિ, પણ બીજું વસ્ત્ર પોતે આચાર્ય વિગેરે માટે રાખે, તે પોતે ધારણ ન કરે (ઉપયોગમાં લે નહિ) પણ જે બાળક હોય, દુર્બલ, વૃદ્ધ અલ્પ શકિતવાળો, અલ્પ ધૈર્યવાળો હોય, તે સાધુ જેમ સમાધિ રહે, તેમ બે ત્રણ પણ ધારણ કરે, પણ જિનકલ્પી તો જેવી પ્રથમથી પ્રતિજ્ઞા કરે, તે પ્રમાણે રાખે, તેને અપવાદ માર્ગ નથી.

**સાધ્વીનાં વસ્ત્રો.**

સાધ્વીઓ ચાર વસ્ત્રો રાખે. એક બે હાથ પરિમાણનું તે ઉપાશ્રયમાં ઓઢીનેજ બેસે, બે ત્રણ હાથ પહોલાં હોય તેમાનું એક ઉજળું ગોચરી સમયે ઓઢે અને બીજું બહાર સ્થંડિલ જવું હોય ત્યારે ઓઢે, ચોથું વસ્ત્ર ચાર હાથનું હોય તે સમવસરણ વિગેરેમાં (વ્યાખ્યાન સાંભળવા જતાં) આખા શરીરને ઢાંકવાને માટે રાખે, કોઈ વખત આવું વસ્ત્ર ન મળે તો પૂર્વનું બીજા સાથે સાંધી લે અને ઓઢે.

**से भि० परं अद्धजायणमेराए वत्थपडियाए नो अभिसंधारिज्ज गमणाए ॥ ( सू० १४२ )**

વળી તે ભિક્ષુ વસ્ત્ર લેવાને માટે અડધા યોજન (બેગાઉ) થી વધારે દૂર જવાનો વિચાર ન કરે.

**से भि० से जं० अस्सिंपडियाए एगं साहम्मिय समुद्दिस्स पाणाइं जहा पिंडेसणाए भाणियव्वं ॥ एवं बहवे साहम्मिया एगं साहम्मिणिं बहवे साहम्मिणीओ बहवे समणमाहण० तहेव पुरिसंतरकडा जहा पिंडेसणाए ॥ ( सू० १४३ )**

આ સૂત્રના બંને વિભાગો જીવોને દુઃખ દેઈ જે વસ્ત્રો બનાવેલ હોય તે સંબંધી છે. તેમાં પ્રથમ વિભાગમાં એક સાધુને ઉદ્દેશીને બનાવેલ હોય, તો આધાકર્મિક હોવાથી પિંડૈષણામાં બતાવ્યા પ્રમાણે જાણવું, કે તે ન કલ્પે.

બીજા વિભાગમાં ઘણા સાધુ એક સાધ્વી અથવા ઘણી સાધ્વીઓ આશ્રયી તેમજ ઘણા શ્રમણ માહણ આશ્રયી બનાવેલ હોય તો તેમને વસ્ત્ર આપ્યા પછી પણ સાધુને ન કલ્પે.

હવે ઉત્તર ગુણ આશ્રયી કહે છે.

**से भि० से जं० असंजए भिक्खुपडियाए कीयं वा धोयं वा रत्तं वा घट्टं वा मट्टं वा संपधूमियं वा तहप्पगारं वत्थं अपुरिसंतरकडं जाव नो०, अह पु० पुरिसं० जाव पडिगाहिज्जा ॥ ( सू० १४४ )**

સાધુને ઉદ્દેશીને ગૃહસ્થે ખરીદ્યું હોય, ધોયું હોય, રંગ્યુ હોય, ઘસ્યું હોય, કોમળ બનાવ્યું હોય, ધુપથી સુગંધીવાળું

બનાવ્યું હોય, તે જ્યાંસુધી બીજા માણસને ન આપે, ત્યાંસુધી ન કલ્પે, પણ બીજાને આપ્યા પછી તે કલ્પે.

**से भिक्खू वा २ से जाइं पुण वत्थाइं जाणिज्जा विरूव रूवाइं महद्धणमुल्लाइं, तं—आईणगाणि वा सहिणाणि वा सहिणकल्लाणाणि वा आयाणि वा कायाणि वा खोमियाणि वा दुगुल्लाणि वा पट्टाणि वा मलयाणि वा पन्नुन्नाणि वा अंसुयाणि वा चीणंसुयाणि वा देसरागाणि वा अमिलाणि वा गज्जफलाणि वा फालियाणि वा कोयवाणि वा कंबलगाणि वा पावराणि वा, अन्नयराणि वा तह० वत्थाइं महद्धणमुल्लाइं लाभे संते नो पडिगाहिज्जा ॥ से भि० आइण्णपाउरणाणि वत्थाणि जाणिज्जा, तं०—उद्दाणि वा पेसाणि वा पेसलाणि वा किण्हमिगाईणगाणि वा नीलमिगाईणगाणि वा गोरमि० कणगाणि वा कणगकंताणि वा कणगपट्टाणि वा कणगखइयाणि वा कणगफुसियाणि वा वग्गाणि वा विवग्घाणि वा [ विगाणि वा ] आभरणाणि वा आभरणविचित्ताणि वा, अन्नयराणि तह० आईणपाउरणाणि वत्थाणि लाभे संते नो० ॥ ( सू० १४९ )**

તે સાધુ વળી મહા ધન મૂલ્યનાં ( કિંમતી ) વસ્ત્ર જાણે, તો તે મળતાં હોય તોપણ લે નહિ, ' આ જિન ' તે ઉંદર વિગેરેનાં ચામડાં અથવા વાળનાં બનેલાં ( ધુંસા કહેવાય છે તે ) તથા શ્લક્ષ્ણ તેમાં જુદી જુદી જાતનાં રંગિત ચિત્ર બનાવ્યાં હોય, કલ્યાણ–( ઘણાં સુંદર ) વસ્રો હોય, ' આયાણિ ' કોઈ ઠંડા દેશમાં બકરાંના વાળ ઘણા કિંમતી હોય

તેનાં બનાવેલાં વસ્ત્ર ( શાલ ) હોય, તથા કોઇ દેશમાં ઇંદ્ર નીલ વર્ણ ( રંગ ) નો કપાસ થાય છે, તેનાં બનાવેલાં ક્ષો-મિક–સામાન્ય રૂનાં બનાવેલ ( પણ કિંમતી ) હોય, તથા ગૌડ દેશમાં બનેલ ઉત્તમ રૂનાં બનાવેલ હોય, પટ્ટ સૂત્ર (  ) નાં બનાવેલ પટ્ટ વસ્ત્ર, મલય દેશના બનાવેલા સૂત્રનાં મલય વસ્ત્ર, પન્નુન્ન તે ઝાડની છાલના તંતુમાંથી બનાવેલ, અંશુક તથા ચીન અંશુક વિગેરે જુદા જુદા દેશમાં બનેલાં ભારે કિંમતનાં વસ્ત્રો તથા આવાં બીજી જાતનાં પણ જે ભારે વસ્ત્રો હોય તે આ લોક તથા પર લોકના અપાયો ( સ્ત્રી મોહિત થઇને દુરાચારની પ્રાર્થના કરે, ચોર લુંટે અથવા મારીને છીનવી લે, માહોંમાંહે સાધુને લડાઇ થાય, વેયાવચ્ચ કરવા રોગાદિ કારણે બીજા સાધુને અપાય નહિ, ગુરૂથી છુપાવવા જુઠું બોલવું પડે, વિગેરે ઘણા દોષો છે, તથા પરલોક સંબંધી તેના ઉપર મૂર્છા કરવાથી વખતે મરીને તેમાંજ કંથુઆ કે કીડા તરીકે જન્મ પામે, પુણ્ય ક્ષય થઇ જવાથી ઉચ્ચ દેવલોક ન મળે, તથા ગુરૂ આદિથી જુદો પડી અનાચાર સેવતાં નરક તિર્યંચનાં દુઃખ પણ ભોગવે ) છે, માટે ભારે કિંમતનું વસ્ત્ર મળતું હોય તોપણ આત્માર્થી સાધુએ લેવું નહિ.

તથા તે સાધુએ અજિનનાં બનાવેલાં વસ્ત્રો લેવાં નહિ, જેમકે ' ઉદ્ર ' તે સિંધુ (સિંધ) દેશમાં એક જાતનાં માછલાં થાય છે, તેના સુક્ષ્મ ચામડાના વસ્ત્રો બનાવેલ હોય, ' પેસ '

સિંધમાંજ એક જાતનાં પશુ થાય છે તેના ચામડામાંથી બનાવેલ તથા પેસલ–તેનાજ ચામડાંના પણ સૂક્ષ્મ રૂવાંથી બનાવેલ હોય તથા કાળાં નીલાં ગૌરાં અનેક જાતિનાં મૃગો હોય છે, તેના ચામડાનાં બનાવેલાં, તથા 'કનક' તે વસ્ત્રમાં સોનાના રસથી સુંદર કર્યાં હોય તથા કનકની કાંતિ જેવાં સુંદર હોય, કનક રસ પટ્ટ કર્યાં હોય તથા સોનાનાં રસથી સ્તબક બનાવી સુંદર બનાવ્યાં હોય, તથા કનક સ્પૃષ્ટ વિગેરે વસ્ત્રો પૂર્વે થતાં હશે, ( હાલમાં તેના તાર બનાવી જોડે વણે છે, તે જરીવાળા દુપટ્ટા વિગેરે બને છે ) તથા વાઘનાં ચામડાંનાં વસ્ત્ર તથા વાઘના ચામડાથી વિચિત્ર બનાવ્યું હોય, તથા આભરણ પ્રધાન ( દાગીના માફક તેમાં મોતી હીરા જડ્યા હોય–ગુંથ્યા હોય ) તથાં આભરણ વિચિત્ર ગિરિ વિડક( ) વિગેરેથી વિભૂષિત કર્યાં હોય, તથા તેવાં બીજાં ભારે ચામડાંથી બનાવેલ ભારે કિંમતનાં સુંદર વસ્ત્રો મળતાં હોય તોપણ લેવાં નહિ. ( વર્ત્તમાનમાં કેટલાક શાસ્ત્રથી અજાણ એવા સાધુઓ રાગવશ થઈને અને કેટલાક ગીતાર્થ પંડિત ગણાતા સાધુઓ ભક્તોની અતિ શ્રદ્ધાનો લાભ લઈ ભારે મૂલ્યની કામળો ખાસ ખરીદાવીને ઓઢે છે, પણ તેમના તેજમાં અંજાઇ શ્રાવકવર્ગ બોલી શકતો નથી, તેવાને માટે ઉપરનું સૂત્ર વીતરાગની આજ્ઞાનું પાલન કરવા માટે હવે પછી પણ વહોરાવતાં કે લેતાં ભવ્યાત્મા વિચારશે. જ્યારે દેશની આબાદી માટે કરોડપતિઓ પણ ખાદી પહેરી અપવિત્ર વસ્ત્રોને બાહ્યશોભા માટે જાણીને ત્યાગે છે, ત્યારે ખાસ પૂજ્યમાં સાધુવર્ગનો કેટલોક

ભાગ હજુ બેમર્યાદી મલમલ તથા અપવિત્ર વસ્તુના લેપ-વાળા નેનકલાકનો મોહ મુકતો નથી, તેથીજ નવો કેળવણી લીધેલો શ્રાવકવર્ગ સાધુ પ્રત્યે કંઈક ઉપેક્ષા ભાવથી જુએ છે. સુજ્ઞ પુરૂષોને આટલી પ્રાર્થના જ બસ છે. કુમારપાળ જેવા ભક્ત રાજાના ગુરૂ છતાં, રાજ્યસભામાં જવા છતાં પણ ખાદીના કપડાથી સંતોષ માનનાર હેમચંદ્રાચાર્યના દૃષ્ટાંતથી પણ સુજ્ઞ વર્ગ સમજી શકશે. )

હવે વસ્ત્ર ગ્રહણના અભિગ્રહની વિશેષ વિધિને કહે છે.

**इच्चेइयाइं आयतणाइं उवाइकम्म अह भिक्खू जाणिज्जा चउहिं पडिमाहिं वत्थं एसित्तए, तत्थ खलु इमा पढमा पडिमा, से भि० २ उद्देसिय वत्थं जाइज्जा, तं०—जंगियं वा जाव तूलकडं वा, तह० वत्थं सयं वा ण जाइज्जा, परो० फासुयं० पडि०, पढमा पडिमा १। अहावरा दुच्चा पडिमा—से भि० पेहाए वत्थं जाइज्जा गाहावई वा० कम्मकरी वा से पुव्वामेव आलोइज्जा—आउसोत्ति वा २ दाहिसि मे इत्तो अन्नयरं वत्थं ?, तहप्प० वत्थं सयं वा० परो० फासुयं एस० लाभे० पडि०, दुच्चा पडिमा २। अहावरा तच्चा पडिमा—से भिक्खू वा० से जं पुण० तं अंतरिज्जं वा उत्तरिज्जं वा तहप्पगारं वत्थं सयं० पडि०, तच्चा पडिमा ३। अहावरा चउत्था पडिमा—से० उज्झियधम्मियं वत्थं जाइज्जा जं चऽन्ने बहवे समण० वणीमगा नावकंखंति तहप्प० उज्झिय वत्थं सयं० परो० फासुयं जाव प०, चउत्थापडिमा ४॥ इच्चेयाणं**

चउण्हं पडिमाणं जहा पिंडेसणाए ॥ सिया णं एताए एस-
णाए एसमाणं परो वइज्जा—आउसंतो समणा! इज्जाहि तुमं
मासेण वा दसराएण वा पंचराएण वा सुते सुततरे वा तो
ते वयं अन्नयरं वत्थं दाहामो, एयप्पगारं निग्घोसं सुच्चा नि०
से पुव्वामेव आलोइज्जा—आउसोत्ति वा! २ नो खलु मे
कप्पइ एयप्पगारं संगारं पडिसुणित्तए, अभिकंखसि मे दाउं
इयाणिमेव दलयाहि, से णेवं वयंतं परो वइज्जा—आउ०
स० ! अणुगच्छाहि तो ते वयं अन्न० वत्थं दाहामो, से पुव्वा-
मेव आलोइज्जा-आउसोत्ति! वा २ नो खलु मे कप्पइ संगा-
रवयणे पडिसुणित्तए०, से सेवं वयंतं परो णेया वइज्जा—
आउसोत्ति वा भइणित्ति वा! आहरेयं वत्थं समणस्स दाहा-
मो, अवियाइं वयं पच्छावि अप्पणो सयट्ठाए पाणाइं ४ समा
रंभ समुद्दिस्स जाव चेइस्सामो, एयप्पगारं निग्घोसं सुच्चा
निसम्म तहप्पगारं वत्थं अफासुअं जाव नो पडिगाहिज्जा ॥
सिआ णं परो नेता वइज्जा-आउसोत्ति! वा २ आहर एयं
वत्थं सिणाणे वा ४ आघंसित्ता वा प० समणस्स णं दाहामो
एयप्पगारं निग्घोसं सुच्चा नि० से पुव्वामेव आउ० भ० !
मा एयं तुमं वत्थं सिणाणेण वा जाव पघंसाहि वा, अभि०
एमेव दलयाहि, से सेवं वयंतस्स परो सिणाणेण वा पघंसि-
त्ता दलइज्जा, तहप्प० वत्थं अफा० नो प० ॥ से णं परो नेता
वइज्जा०—भ० ! आहर एयं वत्थं सीओदगवियडेण वा २
उच्छोलेत्ता वा पहोलेत्ता वा समणस्स णं दाहामो०, एय०
निग्घोसं तहेव नवरं मा एयं तुमं वत्थं सीओदग० उसि०

उच्छोलेहि वा पहोलेहि वा, अभिकंखसि, सेसं तहेव जाव नो पडिगाहिज्ज्रा ॥ से णं परो ने० आ० भ० ! आहरेयं वत्थं कंदाणि वा जाव हरियाणि वा विसोहित्ता समणस्सणं दाहामो, एय० निग्घोसं तहेव, नवरं मा एयाणि तुमं कंदाणि वा जाव विसोहेहि, नो खलु मे कप्पइ एयप्पगारे वत्थे पडिग्गाहित्तए, से सेवं वयंतस्स परो जाव विसोहित्ता दलइज्जा तहप्प० वत्थं अफासुअं नो प० ॥ सिया से परो नेता वत्थं निसिरिज्जा, से पुव्वा० आ० भ० ! तुमं चेव णं संतियं वत्थं अंतोअंतेणं पडिलेहिज्जिस्सामि, केवली बूया आ०, वत्थंतेण बद्धे सिया कुंडले वा गुणे वा हिरण्णे वा सुवण्णे वा मणी वा जाव रयणावली वा पाणे वा वीए वा हरिए वा, अह भिक्खू णं पु० जं पुव्वामेव वत्थं अंतोअंतेण पडिलेहिज्जा ॥ ( सू० १४६ )

હવે પછીનાં કહેવાતાં આયતનોને ઉલંઘીને સાધુ ચાર અભિગ્રહવાળી પ્રતિમાઓને ધારીને તે પ્રમાણે વસ્ત્રોને શોધવાનું જાણે, (૧) ઉદ્દિષ્ટ—મેં પૂર્વે જે વસ્ત્ર સંકલ્પ્યું છે, તે યાચીશ, (૨) પ્રેક્ષિત–મેં પૂર્વે જે દેખ્યું છે, તેજ યાચીશ પણ બીજું નહીં. ( ૩ ) અંતર પરિભોગ (                    ) અથવા ઉત્તરીય પરિભોગવડે શય્યાતરે વસ્ત્રને પહેરીને વાપરી નાંખ્યા જેવું કરી દીધું હોય તે લઈશ. ( ૪ ) જે તદ્દન ફેંકી દેવા જેવું વસ્ત્ર હોય તેને યાચીશ. આ ઉપર બતાવેલાં ચાર સૂત્રોનો સમુદાય અર્થ છે. આ ચારે પ્રતિમાઓની બાકીની વિધિ પિંડૈષણા માફક જાણવી. ( સ્થવિરકલ્પીને ચારે કલ્પે,

જિન કલ્પીને પાછળની બેજ કલ્પે, પણ તે બધા જિનેશ્વરની આજ્ઞામાં હોવાથી પરસ્પર નિંદે નહિ. )

( ણં વાકયની શોભા માટે છે ) હવે સાધુ વસ્ત્ર શોધવા જતાં કોઈ ગૃહસ્થ એમ વાયદો કરે, કે તમે માસ, દશ દિવસ કે પાંચ દિવસ પછી આવશો, તો હું આપીશ. આવું કહે તો સાધુએ તે સ્વીકારવું નહિ, પણ કહેવું કે આપવું હોય તો હમણાંજ આપો, અમે વાયદાનું સ્વીકારતા નથી. ફરીથી ગૃહસ્થ કહે કે તો થોડીવાર પછી આવજો હું આપીશ, તે પણ સ્વીકારવું નહિ. કહેવું કે ભાઈ! આપવું હોય તો હમણાં આપો, તે વખતે ગૃહસ્થ પોતાની બેન વિગેરેને બોલાવી કહે, કે વસ્ત્ર ઘરમાં છે તે લાવ, આપણે સાધુને તે વસ્ત્ર આપી દઈએ અને આપણા માટે પ્રાણી વિગેરેનો આરંભ કરીને પછી આપણે બનાવી લઈશું. આવું વસ્ત્ર 'પશ્ચાત્ કર્મ'ના ભયવાળું હોવાથી મળતું હોય છતાં પણ લેવું નહિ. તેજ પ્રમાણે ગૃહસ્થ કહે, કે આ વસ્ત્ર સ્નાન કરી સુગંધી દ્રવ્યવડે સુંદર બનાવી આપીએ, તે સાંભળીને સાધુએ ના પાડવી, છતાં ગૃહસ્થ હઠ કરીને સુગંધીવાળું બનાવા જાય તો લેવું નહિ.

એજ પ્રમાણે ગૃહસ્થ પાણીથી ધોઇને આપવા કહે, તો એમને એમ યાચવું, પણ તે હઠ કરે, તો તે લેવું નહિ. અથવા ગૃહસ્થ કહે કે તેમાં કંદ વિગેરે છે, તે દૂર કરીને વસ્ત્ર આપીએ, તે વસ્ત્ર મળે તો પણ લેવું નહિ. વળી તે

ગૃહસ્થ નિર્દોષ વસ્ત્ર આપે, તો લેતાં કહેવું કે હું તે વસ્ત્રને બધે જોઈ લઉં, પણ તેની સમક્ષ એક છેડાથી બીજા છેડા સુધી જોયા વિના લેવું નહિ, કારણ કે જોયા વિના લેતાં કેવળી પ્રભુ તેમાં દોષ બતાવે છે, કારણ કે તેમાં કાંઈ પણ કુંડળ, દોરો, ચાંદી, સોનું, મણી, રત્નાવળી વિગેરે આભરણ બાંધ્યું હોય, અથવા સચિત્ત વસ્તુ, જંતુ, બીજ, ભાજી હોય તો દોષ લાગે, માટે સાધુની આ પ્રતિજ્ઞા છે, કે વસ્ત્ર દેખીને લેવું.

**से भि० से जं० सअंडं० ससंताणं तहप्प० वत्थं अफा० नो प० ॥ से भि० से जं अप्पंडं जाव संताणगं अनलं अथिरं अधुवं अधारणिज्जं रोइज्जंतं न रुच्चइ तह अफा० नो प० ॥ से भि० से जं० अप्पंडं जाव संताणगं अलं थिरं धुवं धारणिज्जं रोइज्जंतं रुच्चइ, तह० वत्थं फासु० पडि० ॥ से भि० नो नवए मे वत्थेत्तिकट्टु नो बहुदेसिएण सिणाणेण वा जाव पघंसिज्जा ॥ से भि० नो नवए मे वत्थेत्तिकट्टु नो बहुदे० सीओदगवियडेण वा २ जाव पहोइज्जा ॥ से भिक्खू वा २ दुब्भिगंधे मे वत्थित्तिकट्टु नो बहु० सिणाणेण तहेव बहुसीओ० उस्सि० आलावओ ॥ ( सू० १४७ )**

તે ભિક્ષુ લેવાના વસ્ત્રને નાના જંતુનાં ઈંડાવાળું સમજે, અથવા કરોળીયાના જાળાવાળું સમજે તો મળવા છતાં પણ લે નહિ, કદાચ ઇંડા વિનાનું હોય, પણ ઘણું હીન ( નાનું ) હોય તો કામ પુરતું ન થાય, માટે અનલ કહેવાય તે લેવું નહિ.

તથા અસ્થિર ( જીર્ણ ) હોય, અથવા અધ્રુવ તે સ્વલ્પકાળની અનુજ્ઞાપના હોય તથા અપ્રશસ્ત પ્રદેશવાળું હોય, અથવા ખંજન વિગેરે કલંકવાળું હોય તો લેવું નહિ, તેજ બતાવે છે.

**चत्तारि देविया भागा, दो य भागा य माणुसा ।**
**आसुरा य दुवे भागा, मज्झे वत्थस्स रक्खसो ॥ १ ॥**
**देवीएसुत्तमो लाभो, माणुसेसु अ मज्झिमो ।**
**आसुरेसु अ गेलन्नं, मरणं जाण रक्खसे ॥ २ ॥**

ચાર દેવતા સંબંધી ભાગ છે, અને બે ભાગ મનુષ્ય સંબંધી છે, બે ભાગ અસુર સંબંધી છે, વસ્ત્રના મધ્ય ભાગમાં રાક્ષસના ભાગો છે (૧) દૈવિકમાં ઉત્તમ લાભ છે, મનુષ્યમાં મધ્યમ છે, આસુર ભાગમાં માંદાપણું છે, અને રાક્ષસ ભાગમાં મૃત્યુ છે, એવું જાણ—તેની સ્થાપના આ પ્રમાણે છે—

**लक्खण हीणो उवही, उवहणई नाणदंसण चरित्तं**

લક્ષણથી હીન જે ઉપધિ છે, તે જ્ઞાન, દર્શન અને ચારિત્રને હણે છે, તેથી હીન હોય તે લેવું નહિ, તથા પ્રશસ્ય માનવાળું હોય પણ તે આપતાં દાતા ( દેનાર ) નું મન નારાજ થતું હોય, તો તે સાધુને કલ્પે નહિ.

આ પ્રમાણે અનલ અથિર અધ્રુવ અધારણીય એ ચાર પદોથી સોળ ભાંગા થાય છે, તેમાં પ્રથમના પંદર અશુદ્ધ છે, પણ ચારે ભાંગે શુદ્ધ એવો સોળમો ભાંગોજ કામ લાગે.

માટે સૂત્રમાં અલં ( સમર્થ ) સ્થિર, ધ્રુવ ધારણીય એ ચાર ગુણવાળું વસ્ત્ર મળે તો લેવું કહ્યું છે.

હવે તે ભિક્ષુ એમ જાણે કે મારૂં વસ્ત્ર નવું નથી, માટે થોડા ઘણા પાણીથી સુગંધી દ્રવ્યથી થોડું મસળીને કે ઘણું મસળીને સુગંધીવાળું બનાવે, અથવા મારૂં વસ્ત્ર નવું ન હોવાથી થોડા પાણીથી ધોઈ લઉં, એવું પણ ન કરે. અર્થાત્ આ બંને પાઠો જિનકલ્પીને આશ્રયી છે. કે ભિક્ષુને કપડું મેલના લીધે ગંધાતું હોય તો પણ તે મેલ દૂર કરવા સુગંધી દ્રવ્યવડે કે પાણીવડે ધુવે નહિ, પણ સ્થવિરકલ્પીને એટલું વિશેષ છે કે સુગંધીવાળું બનાવવા માટે નહિ, પણ લોકોની નિંદા દૂર કરવા તથા રોગાદિના કારણો દૂર કરવા પ્રાસુક પાણી વિગેરેથી મેલ દૂર કરવા યતનાથી ધુવે પણ ખરો.

હવે ધોયેલાં કપડાંને યતનાથી સુકાવવાની વિધિ કહે છે.

**से भिक्खू वा० अभिकंखिज्ज वत्थं आयावित्तए वा प०, तहप्पगारं वत्थं नो अणंतरहियाए जाव पुढवीए संताणए आयाविज्ज वा प० ॥ से भि० अभि० वत्थं आ० प० त० वत्थं थूणंसि वा गिहेलुगंसि वा उसुयालंसि वा कामजलंसि वा अन्नयरे तहप्पगारे अंतलिक्खजाए दुब्बद्धे दुन्निक्खित्ते अणिकंपे चलाचले नो आ० नो प० ॥ से भिक्खू वा० अभि० आयावित्तए वा तह० वत्थं कुक्रियंसि वा भित्तंसि वा सिलंसि वा लेलुंसि वा अन्नयरे वा तह० अंतलि० जाव नो आयाविज्ज वा प० ॥ से भि० वत्थं आया० प० तह० वत्थं**

**खंधंसि वा मं० मा० पासा० ह० अन्नयरे वा तह० अंतलि० नो आयाविज्ज वा० प० ॥ से० तमायाए एगंतमवक्कमिज्जा २ अहे झामथंडिल्लंसि वा जाव अन्नयरंसि वा तहप्पगारंसि थंडिल्लंसि पडिलेहिय २ पमज्जिय २ तओ सं० वत्थं आयाविज्ज वा पया०, एयं खलु० सया जइज्जासि ( सू० १४८ ) त्तिबेमि ॥ २-१-५-१ वत्थेसणस्स पढमो उद्देसो समत्तो ॥**

તે ભિક્ષુ અવ્યવહિત (          ) જગ્યામાં વસ્ત્ર ન સુકવે, વળી સુકવવા ઇચ્છે, તો થાંભા ઉપર, ઉંબરા ઉપર, ઊખળી ઉપર તથા સ્નાન પીઠ ( નહાવાના ઓટલા ) ઊપર ન સુકવે, તથા કુડિય (          ) ભિંત, શિલા, લેલુ અથવા તેવા અધર સ્થાન ઉપર પડવાના ભયથી સુકવે નહિ, તથા સ્કંધ માંચો પ્રાસાદ હવેલી અથવા તેવા બીજા કોઈ અધર ભાગમાં પડવાના ભયથી સુકાવે નહિ, પણ જો સુકાવવાની ખાસ જરૂર હોય તો, એકાંતમાં જઇને અચિત્ત જગ્યા જોઇને ઓઘાથી પુંજીને આતાપના વિગેરે કરે, આજ ભિક્ષુની સર્વ સામગ્રી છે. ( આમાં કપડાં સુકવવાનું સ્થાન અચિત્ત જગ્યા બતાવી, તથા અધર લટકતાં રાખવાની ના પાડી, તથા જમીન પર પડતાં યતના ન રહે, માટે જગ્યા પુંજીને એકાંતમાં સુકવવાં વધારે સારૂં છે. )

પહેલો ઉદ્દેશો કહીને બીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં વસ્ત્ર લેવાની વિધિ બતાવી, અને આ ઉદ્દેશામાં પહેરવાની વિધિ કહે છે, આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે,

से भिक्खू वा० अहेसणिज्जाइं वत्थाइं जाइज्जा अहापरिग्गहियाइं वत्थाइं धारिज्जा नो धोइज्जा नो रएज्जा नो धोयरत्ताइं वत्थाइं धारिज्जा अपलिउंचमाणो गामंतरेसु० ओमचेलिए, एयं खलु वत्थधारिस्स सामग्गियं ॥ से भि० गाहावइकुलं पविसिउकामे सव्वं चीवरमायाए गाहावइकुलं निक्खमिज्ज वा पविसिज्ज वा, एवं बहिय विहारभूमिं वा वियारभूमिं वा गामाणुगामं वा दूइज्जिज्जा, अह पु० तिव्वदेसियं वा वासं वासमाणं पेहाए जहा पिंडेसणाए नवरं सव्वं चीवरमायाए॥ ( सू० १४९ )

તે સાધુ સાધુપણાને યોગ્ય કપડાં યાચે, અને જેવાં લીધાં હોય તેવાંજ પહેરે, પણ તેમાં કંઈ પણ શોભા કરે નહિ, તે કહે છે, લીધેલા વસ્ત્રને ધુએ નહિ, રંગે નહિ તથા અકુશપણું ધારણ કરીને ધોઇને રંગેલાં કપડાં કોઈ આપે તો પણ લેઈને પહેરે નહિ તથા તેવાં સાધુને યોગ્ય કપડાં પહેરીને બીજે ગામ જતાં વસ્ત્રોને છુપાવ્યા વિના સુખથીજ વિહાર કરે, કારણકે પ્રાયે આ અસાર વસ્ત્રનો ધારણ કરનારો છે, આજ સાધુનું સંપૂર્ણ સાધુપણું છે, કે આવાં સાદાં કલ્પનીય વસ્ત્ર પહેરવાં.

વળી તે ભિક્ષુ ગોચરી જાય તો વસ્ત્રો બધાં સાથે લેઈ જાય તેજ પ્રમાણે સ્થંડિલ જાય અથવા અભ્યાસ કરવા બહાર જાય તો પણ લેઈને જાય, પણ એટલું ધ્યાન રાખવું કે પિંડએષણામાં કહ્યા મુજબ વરસાદ કે ધુમસ વરસતાં

હોય તો જિનકલ્પી બહાર ન જાય અને સ્થવિર કલ્પી જોઈએ તેટલાંજ વસ્ત્ર બહાર લઈ જાય, ( આ સૂત્રો જિનકલ્પી આશ્રયી છે, તેમ વસ્ત્રધારીનું વિશેષણ હોવાથી સ્થવિરકલ્પીને પણ લાગુ પડે, તો તેમાં વિરૂદ્ધ નથી, પિંડૈષણામાં ઉપધિને લેઈ જવાનું કહ્યું. આ સૂત્રમાં વસ્ત્રોને આશ્રયી કહ્યું છે. )

હવે વાપરવા લીધેલું વસ્ત્ર બગડતાં શું કરવું તે કહે છે.

**से एगइओ मुहुत्तगं २ पाडिहारियं वत्थं जाइज्जा जाव एगाहेण वा दु० ति० चउ० पंचाहेण वा विप्पवसिय २ उवागच्छिज्जा, नो तह वत्थं अप्पणो गिण्हिज्जा नो अन्नमन्नस्स दिज्जा, नो पामिच्चं कुज्जा, नो वत्थेण वत्थपरिणामं करिज्जा, नो परं उवसंकमित्ता एवं वइज्जा—आउ० समणा! अभिकंखसि वत्थं धारित्तए वा परिहरित्तए वा ?, थिरं वा संतं नो पलिच्छिंदिय २ परट्ठविज्जा, तहप्पगारं वत्थं ससंधियं वत्थं तस्स चेव निसिरिज्जा नो णं साइज्जिज्जा ॥ से एगइओ एयप्पगारं निग्घोसं सुच्चा नि० जे भयंतारो तहप्पगाराणि वत्थाणि ससंधियाणि मुहुत्तगं २ जाव एगाहेण वा० ५ विप्पवसिय २ उवागच्छंति, तह० वत्थाणि नो अप्पणा गिण्हंति नो अन्नमन्नस्स दलयंति तं चेव जाव नो साइज्जंति, बहुवयणेण भाणियव्वं, से हंता अहमवि मुहुत्तगं पाडिहारियं वत्थं जाइत्ता जाव एगाहेण वा ५ विप्पवसिय २ उवागच्छिस्सामि, अवियाइं एयं ममेव सिया, माइट्ठाणं संफासे नो एवं करिज्जा ॥ ( सू० १५० )**

કોઇ સાધુ બીજા સાધુ પાસે બે ઘડી વાપરવા માટે વસ્ત્ર માગે અને માગીને કારણ પ્રસંગે બીજે ગામ વિગેરે સ્થળે ગયો, ત્યાં એકથી પાંચ દિવસ સુધી રહ્યો અને ત્યાં એકલો હોવાથી સુવામાં તે વસ્ત્ર બગડી ગયું, પાછળથી તે વસ્ત્ર લાવીને જેનું હતું તેને તેવું વસ્ત્ર પાછું આપે, તો તેના પૂર્વના સ્વામીએ લેવું નહિ, લઇને બીજાને પણ આપવું નહિ, તેમ કોઇને ઉછીનું પણ આપવું નહિ, કે તું આ હમણાં લે અને થોડા દિવસ પછી બીજું મને પાછું આપજે. તથા તે વસ્ત્રનો તે સમયે પણ બદલો ન કરે, તેમ બીજા સાધુ પાસે જઇને આવું બોલવું પણ નહિ—કે હે આયુષ્મન્! શ્રમણ! તું આવા વસ્ત્રને પહેરવા કે વાપરવા ઇચ્છે છે કે? પણ તે વસ્ત્ર જો કોઇ બીજો સાધુ કારણ પ્રસંગે એકલો જવા ઇચ્છતો હોય તો તેને તે વસ્ત્ર આપવું, કદાચ તે વસ્ત્ર જીર્ણ થઇ ગયેલું હોય, તો તેના ઝીણા ઝીણા ટુકડા કરીને પરઠવી દેવું, પણ ફાટેલા વસ્ત્રને તેનો પૂર્વનો સ્વામી પહેરે નહિ, પણ તે બગાડનાર સાધુનેજ પાછું આપી દેવું અથવા કોઇ એકલો જતો હોય તો તેને આપી દેવું, આ પ્રમાણે ઘણાં વસ્ત્ર આશ્રયી ( બહુવચનમાં પણ ) જાણી લેવું.

વળી તે સાધુને આવી રીતે વસ્ત્ર પાછું મળતું જોઇ બીજો સાધુ તેવી લાલચથી ઉપરનો વિષય સમજીને હું પણ બીજાનું વસ્ત્ર મુહૂર્ત્ત માટે યાચીને પાંચ દિવસ સુધી બહાર જઇ વાપરી આવીને બગાડી આવું કે તે વસ્ત્ર પછી મારૂંજ થઇ જાય! આ કપટ છે, માટે સાધુએ તેવું ન કરવું.

से भि० नो वण्णमंताइं वत्थाइं विवण्णाइं करिज्जा विवण्णाइं न वण्णमंताइं करिज्जा, अन्नं वा वत्थं लभिस्सामित्तिकट्टु नो अन्नमन्नस्स दिज्जा, नो पामिच्चं कुज्जा नो वत्थेण वत्थपरिणामं कुज्जा, नो परं उवसंकमित्तु एवं वदेज्जा— आउसो० ! समभिकंखसि मे वत्थं धारित्तए वा परिहरित्तए वा ?, थिरं वा संतं नो पलिच्छिंदिय २ परिट्ठविज्जा, जहा मेयं वत्थं पावगं परो मन्नइ, परं च णं अदत्तहारी पडिपहे पेहाए तस्स वत्थस्स नियाणाय नो तेसिं भीओ उम्मग्गेणं गच्छिज्जा, जाव अप्पुस्सुए, तओ संजयामेव गामाणुगामं दूइज्जिज्जा ॥ से भिक्खू वा० गामाणुगामं दूइज्जमाणे अंतरा से विहं सिया, से जं पुण विहं जाणिज्जा इमंसि खलु विहंसि बहवे आमोसगा वत्थपडियाए संपिंडिया गच्छेज्जा, णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा जाव गामा० दूइज्जेज्जा ॥ से भि० दूइज्जमाणे अंतरा से आमोसगा पडियागच्छेज्जा, ते णं आमोसगा एवं वदेज्जा—आउसं०! आहरेयं वत्थं देहि णिक्खिवाहि जहा रियाए णाणत्तं वत्थपडियाए, एयं खलु० सया जइज्जासि (सू० १५१) त्तिबेमि वत्थेसणा समत्ता॥ २-१-५-२

તે ભિક્ષુ રંગવાળાં વસ્ત્ર કારણ વિશેષથી લીધાં હોય, તો ચોર વિગેરેના ભયથી રંગ વિનાનાં ન બનાવે, ઉત્સર્ગથી તો એજ અધિકાર છે કે તેવાં વસ્ત્ર લેવાંજ નહિ અને લીધાં હોય તો તેને રંગ ઉતારવા પ્રયત્ન ન કરવો, અથવા વર્ણ (ખરાબ રંગનાં) હોય તો સારા રંગવાળાં બનાવવાં નહિ.

અથવા આ સાદા વસ્ત્રને બદલે સારૂં મેળવીશ, એવી ઈચ્છાથી બીજાને આપી દેવું નહિ, તેમ પ્રામિત્ય કરવું નહિ, તથા વસ્ત્રથી વસ્ત્રનું પરિણામ કરવું નહિ, તેમ બીજા પાસે જઈને એવું બોલવું પણ નહિ, કે હે આયુષ્મન્ ! આ મારૂં વસ્ત્ર ઓઢવા પહેરવાને તું ઈચ્છે છે ? અથવા સારૂં હોય તો ટુકડા કરીને ફેંકી દેવું નહિ, કે જેથી મારૂં વસ્ત્ર બીજો ગૃહસ્થ એમ જાણે કે એ ખરાબ હતું ( માટે ફેંકી દીધું છે ) વળી માર્ગમાં ચોરના ભયથી વસ્ત્રના રક્ષણ માટે ઉન્માર્ગે ડરીને ન જાય તથા દોડવાની ઉત્સુકતા રાખવા વિના ઈર્યાસમિતિ પાળતો જાય અને ગામ ગામ વિહાર કરે.

વળી રસ્તામાં જતાં ઉજ્જડ મેદાન જાણે, જ્યાં વસ્ત્ર લુંટનારા બહુ ચોરો વસતા હોય, તો તેમના ડરથી પણ ઉન્માર્ગે ન જાય, પણ યતનાથી વિહાર કરે, કદાચ તે રસ્તે જતાં ચોરો આવે અને વસ્ત્ર માગે, અથવા લુંટી લે, તો શાંતિથી ઉપદેશ આપવો. ન માને તો બાજુએ પરઠવી દેવું અને ફરી ઉપદેશ દેતાં આપે તો લેવું, પણ કોઇને કહેવું નહિ, તેમ ચોરને પકડાવવા નહિ, વગેરે બધું પૂર્વ માફક જાણવું.

**પાંચમું અધ્યયન સમાપ્ત થયું.**

## પાત્રએષણા નામનું છઠ્ઠું અધ્યયન.

પાંચમું કહીને હવે છઠ્ઠું અધ્યયન કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. પ્રથમ અધ્યયનમાં પિંડવિધિ બતાવી, તે આગમમાં કહેલ વિધિએ વસતિમાં આવીને વાપરવું, માટે બીજામાં વસતિની વિધિ બતાવી, તે શોધવા માટે ત્રીજામાં ઈર્યાસમિતિ કહી, પિંડૈષણામાં નીકળેલાએ કેવી ભાષા વાપરવી, તેથી ભાષાસમિતિ કહી, અને તે પડલા વિના પિંડ ન લેવાય માટે પાંચમામાં વસ્ત્રએષણા કહી, તે પિંડને પાત્ર વિના લેવાય નહિ, માટે આ સંબંધવડે પાત્ર એષણા અધ્યયન આવ્યું, એના ચાર અનુયોગદ્વાર થાય છે, તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં પાત્રએષણા અધ્યયન છે, એનો નિક્ષેપો અને અર્થાધિકાર એના પૂર્વના અધ્યયનમાંજ ટુંકાણમાં બતાવવા માટે નિર્યુક્તિકારે કહેલો છે, સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારવું જોઇએ તે આ છે.

**से भिक्खू वा अभिकंखिज्जा पायं एसित्तए, से जं पुण पादं जाणिज्जा, तंजहा-अलाउयपायं वा दारुपायं वा मट्टियापायं वा, तहप्पगारं पायं जे निग्गंथे तरुणे जाव थिरसंघयणे से एगं पायं धारिज्जा नो बिइयं ॥ से भि० परं अद्धजोयणमेराए पायपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भि० से जं० अस्सिं पडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं ४ जहा पिंडेसणाए चत्तारि आलावगा, पंचमे बहवे समण० पगणिय २ तहेव ॥ से भिक्खू वा० अस्संजए भिक्खुपडियाए बहवे**

समणमाहणे० वत्थेसणाऽऽलावओ ॥ से भिक्खू वा० से जाइं पुण पायाइं जाणिज्जा विरुवरुवाइं महद्धणमुल्लाइं, तं०-अयपायाणि वा तउपाया० तंबपाया० सीसगपा० हिरण्णपा० सुवण्णपा० रीरिअपाया० हारपुडपा० मणिकायकंसपाया० संखसिंगपा० दंतपा० चेलपा० सेलपा० चम्मपा० अन्नयराइं वा तह० विरूवरूवाइं महद्धणमुल्लाइं पायाइं अफासुयाइं नो० ॥ से भि० से जाइं पुण पाया० विरूव० महद्धणबंधणाइं, तं० -अयबंधणाणि वा जाव चम्मबंधणाणि वा, अन्नयराइं तहप्प० महद्धणबंधणाइं अफा० नो प० ॥ इच्चेयाइं आयतणाइं उवाइक्कम्म अह भिक्खू जाणिज्जा चउहिं पडिमाहिं पायं एसित्तए तत्थ खलु इमा पढमा पडिमा—से भिक्खू० उद्दिसिय २ पायं जाएज्जा, तंजहा-अलाउयपायं वा ३ तह० पायं सयं वा गं जाइज्जा जाव पडि० पढमा पडिमा १ । अहावरा० से० पेहाए पायं जाइज्जा, तं०—गाहावइं वा कम्मकरीं वा से पुव्वामेव आलोइज्जा, आउ० भ० ! दाहिसि मे इत्तो अन्नयरं पादं तं० —लाउयपायं वा ३, तह० पायं सयं वा जाव पडि०, दुच्चा पडिमा २ । अहा० से भि० से जं पुण पायं जाणिज्जा संगइयं वा वेजइयंतियं वा तहप्प० पायं सयं वा जाव पडि०, तच्चा पडिमा ३ । अहावरा चउत्था पडिमा—से भि० उज्झियधम्मियं जाएज्जा जावऽन्ने बहवे समणा जाव नावकंखंति तह० जाएज्जा जाव पडि०, चउत्था पडिमा ४ । इच्चेइयाणं चउण्हं पडिमाणं अन्नयरं पडिमं जहा पिंडेसणाए ॥ से णं एयाए एसणाए एसमाणं पासित्ता परो वइज्जा, आउ० स० ! एज्जासि तुमं मासेण वा जहा वत्थेसणाए, से णं परो नेता व०

—आ० भ०! आहारेयं पायं तिल्लेण वा० घ० नव० वसाए वा अब्भंगित्ता वा तहेव सिणाणादि तहेव सीओदगाइं कंदाइं तहेव ॥ से णं परो ने०—आउ० स०! मुहुत्तगं २ जाव अच्छाहि ताव अम्हे असणं वा उवकरेंसु वा उवक्खडेंसु वा, तो ते वयं आउसो०! सपाणं सभोयणं पडिग्गहं दाहामो तुच्छए पडिग्गहे दिन्ने समणस्स नो सुट्ठु साहु भवइ, से पुव्वामेव आलोइज्जा—आउ० भइ०! नो खलु मे कप्पइ आहाकम्मिए असणे वा ४ भुत्तए वा०, मा उवकरेहि मा उवक्खडेहि, अभिकंखसि मे दाउं एमेव दलयाहि, से सेवं वयंतस्स परो असणं वा ४ उवकरित्ता उवक्खडित्ता सपाणं सभोयणं पडिग्गहगं दलइज्जा तह० पडिग्गहगं अफासुयं जाव नो पडिगाहिज्जा ॥ सिया से परो उवणित्ता पडिग्गहगं निसिरिज्जा, से पुव्वामे० आउ० भ०! तुमं चेव णं संतियं पडिग्गहगं अंतोअंतेणं पडिलेहिस्सामि, केवली० आयाण० अंतो पडिग्गहगंसि पाणाणि वा बीया० हरि०, अह भिक्खूणं पु० जं पुव्वामेव पडिग्गहगं अंतोअंतेणं पडि० सअंडाइं सव्वे आलावगा भाणियव्वा जहा वत्थेसणाए, नाणत्तं तिल्लेण वा घय० नव० वसाए वा सिणाणादि जाव अन्नयरंसि वा तहप्पगा० थंडिलंसि पडिलेहिय २ पम० २ तओ० संज० आमज्जिज्जा, एवं खलु० सया जएज्जा त्तिबेमि ॥ (सू० १५२) २-१-६-१

તે ભિક્ષુ પાત્ર શોધવાની ઈચ્છા કરે, તો આ પ્રમાણે પ્રથમ જાણે, કે આ પ્રમાણે પાત્રાં છે, તુંબડાનાં પાત્ર છે, લાકડાનાં પાત્ર છે, માટીનાં પાત્ર છે, આમાંથી કોઈપણ જાતિનાં

પાત્રાં ( મુખ્યત્વે લાકડાનાં ) હોય, તો તરૂણ અને સ્થિર સંઘયણવાળો બળવાન સાધુ હોય તો એક પાત્ર ધારણ કરે, પણ બે નહિ, આ જિનકલ્પી વિગેરેને માટે છે, પણ સ્થવિર કલ્પી જુવાન વિગેરે શક્તિવાન હોય તોપણ માત્ર ક (                    ) સહિત બીજું પાત્રું ધારણ કરે, તેમાં સંઘાડામાં રહેલા સાધુને એકમાં આહાર અને બીજામાં પાણી લેવા કામ લાગે, અથવા આચાર્ય વિગેરે માટે અશુદ્ધ વસ્તુ ( માત્રું વિગેરે ) લેવા કામ લાગે. પોતાના રહેવાના સ્થાનથી જરૂર પડતાં બે ગાઉ સુધી પાત્રાં લેવા જાય, પણ વધારે નહિ·હવે તે ગૃહસ્થ એક સાધુ ઘણી સાધ્વી એક સાધુ એક સાધ્વી, ઘણા સાધુ એક સાધ્વી, ઘણા સાધુ ઘણી સાધ્વીને ઉદ્દેશીને આરંભ કરીને જો પાત્રાં તૈયાર કર્યાં હોય તે સાધુ સાધ્વીને સદોષ હોવાથી ન કલ્પે, પણ જો શ્રમણ, માહણ, ગામના ભિખારી વિગેરેને ઉદ્દેશીને બનાવેલાં હોય તો પુરૂષાંતર થયા પછી કલ્પે, આ બધું પિંડેષણામાં બતાવ્યા પ્રમાણે જાણી લેવું,

વળી તે ભિક્ષુ એવી જાતિનાં જુદા જુદા રંગનાં ભારે મૂલ્યનાં પાત્રા જાણે તે ન લે, તે બતાવે છે.

લોઢાનાં તથા તૃપુ ( કલાઈના જેવી ધાતુ ) નાં પાત્રાં, તાંબાનાં પાતરાં, સીસાનાં, હિરણ્ય ( ચાંદી ) નાં, સોનાનાં પાતરાં રીરિય (                    ) હારપુડ ( બીજી જાતિના લોઢા ) નાં, મણિરત્નનાં જડેલાં કે કાંસાનાં પાતરાં સંખસિંગ

હાથીદાંત ચેલ (                    ) સેલ (                    ) ચામડાનાં તેવાં બીજાં કોઈપણ જાતિનાં ભારે મૂલ્યનાં પાતરાં શોભીતાં હોય તો તે અપ્રાસુક જાણીને લેવાં નહિ. તેજ પ્રમાણે પાંતરાનાં બંધન ઉપર બતાવ્યા પ્રમાણે ભારે મૂલ્યનાં લોઢાથી તે ચામડા સુધીનાં હોય તે ન લેવાં, ( પ્રાસુક હોય છતાં પણ ભારે મૂલ્યનાં હોવાથી મમત્વ થાય, તથા ચોરાવાના કારણે અસમાધિ થાય, માટે સાધુને તેવાં પાત્ર તથા પાત્ર બંધનની મના છે. )

આ પ્રમાણે પાપસ્થાન નિવારીને ચાર પ્રતિમાઓથી પાત્રાં શોધે. (૧) અમુક પાત્રુંજ તુંબાનું, લાકડાનું કે માટીનું લઈશ, (૨) દેખેલુંજ પાતરૂં યાચીશ (૩) સંગતિક તે પોતે તે પાત્રાને વાપર્યું હોય તથા વેજયંતિયં –તે બે ત્રણ પાત્રામાં પર્યાયવડે વાપર્યું હોય તેવું યાચે (૪) કોઈ પણ તેને ન ચાહે, તેવું પોતે લે.

આ પ્રમાણે ચાર પ્રતિજ્ઞામાંની કોઈ પણ પ્રતિજ્ઞાએ સાધુ પાતરાં શોધવા જાય ત્યારે ગૃહસ્થ કહે કે હે સાધુ ! તમે પાતરાં લેવા એકમાસ પછી આવજો, પાતરાં તમને આપીશ ત્યારે સાધુએ કહેવું કે તેવું મુદત કરેલું પાતરૂં ન કલ્પે, ત્યારે વસ્ત્ર એષણામાં બતાવ્યા પ્રમાણે ઓછી મુદતનો વાયદો કરે, ત્યારે પણ તેજ ઉત્તર આપવો, તે બે ઘડીની મુદત સુધીનો પણ વાયદો ન સ્વીકારવો, ત્યારે કહે, કે આપણે આપણા માટે નવાં બનાવીશું. તૈયાર તેમને આપી દો, આવું

ધણી પોતે પોતાના ઘરના માણસને-બેન દીકરીને કહે ત્યારે પણ સાધુએ ના પાડવી.

વળી ગૃહસ્થ પોતાની બેન વિગેરેને કહે, કે કોરૂં પાતરૂં ન આપ, પણ તે પાત્રાને તેલ ઘી માખણ છાશવડે ઘસીને આપ, તથા પાણીથી ધોઇને અથવા કાચું પાણી કે કંદ વિગેરે ખાલી કરીને આપ, અથવા કહે કે હે સાધુ ! તમે બે ઘડી પછી ફરીને આવો, તો અમે અશનપાન ખાદિમ સ્વાદિમ તૈયાર કરીએ છીએ, અથવા સંસ્કારવાળું બનાવીએ છીએ, તેથી હે આયુષ્મન્ ! હે સાધુ ! તમને ભોજન પાણી સહિત પાતરાં આપીશું, એકલા ખાલી પાત્રાં સાધુને આપવાથી શોભા ન વધે. આ સાંભળીને સાધુએ કહેવું કે હે ભવ્યાત્મન ! અમને અમારા માટે બનાવેલું કે વધારે રાંધેલું ભોજન પાણી ખાવા પીવાને કામ લાગતું નથી, માટે તૈયાર ન કરો, ન સંસ્કારવાળું બનાવો, જો પાત્રાં આપવાની ઇચ્છા હોય તો એમને એમજ આપો.

આવું કહેવા છતાં ગૃહસ્થ હઠ કરી સાધુ માટે રાંધીને કે સંસ્કારી બનાવીને પાત્રાં ભરી આપવા માંડે તો અપ્રાસુક જાણીને સાધુએ લેવાં નહિ. કદાચ એમને એમ પાત્રાં બહાર લાવીને મુકે, તો તેને કહેવું, કે હે ગૃહસ્થ ! હું તમારા દેખતાં જ આ પાત્રાં દેખી લઉં કે તેની અંદર નાનાં જંતુઓ કે બીજ કે વનસ્પતિ હોય તો કેવળી પ્રભુ તેમાં દોષ બતાવે છે, માટે સાધુએ પ્રથમ જોઇ લેવાં, અને જંતુ વિગેરેથી સંયુક્ત હોય

તો તે જીવો દૂર કરી શકાય તેમ ન હોય તો અપ્રાસુક જાણીને પાત્રાં લેવાં નહિ, પણ જો તેવાં જંતુ વિગેરે ન હોય તો લેવાં, ( તે બધું વસ્ત્રએષણા માફક જાણી લેવું ) આમાં વિશેષ એટલું છે કે તેલ ઘી નવનીત કે વસા ( છાશ ) થી ધોઈને તે ચીકટવાળું પાત્રાંનું ધોવણ કોઈ અચિત્ત જગ્યા જોઈને પડિલેહી પ્રમાર્જીને પરઠવે, આજ સાધુની સાધુતા છે કે જયણાથી દરેક કાર્ય કરે.

## બીજો ઉદ્દેશો.

પહેલા ઉદ્દેશા સાથે આનો સંબંધ આ છે, કે ગયા સૂત્રમાં પાત્રાંનું જોવું બતાવ્યું, અને અહીં પણ તેનુંજ બાકીનું બતાવે છે, આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે.

**से भिक्खू वा २ गाहावइकुलं पिंड० पविट्ठे समाणे पुव्वामेव पेहाए पडिग्गहगं अवहट्टु पाणे पमज्जिय रयं तओ सं० गाहावइं० पिंड० निक्ख० प०, केवली०, आउ०! अंतो पडिग्गहगंसि पाणे वा बीए वा हरि० परियावज्जिज्जा, अह भिक्खूणं पु० जं पुव्वामेव पेहाए पडिग्गहं अवहट्टु पाणे पमज्जिय रयं तओ सं० गाहावइ० निक्खमिज्ज वा २ ॥ ( सू० १५३ )**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગોચરી લેવા જતાં પહેલાં બરોબર રીતે પાત્રાં તપાસે, અને ગોચરી લેતાં પહેલાં પણ તપાસે, અને કીડી વિગેરે પ્રાણી ચડેલું જોએ તો તેને સંભાળીને બાજુએ મુકે, તથા રજ પૂંજીને સાધુ ગૃહસ્થના ઘરમાં પેસે, અથવાં નીકળે, તેથી આપણ પાત્રાંનીજ વિધિ છે, કારણ કે અહીં પણ પ્રથમ પાત્રાં બરાબર તપાસીને પૂંજીને પિંડ લેવો, તેથી તે પણ પાત્રાં સંબંધીજ વિચાર છે, પ્ર૦— પાત્રાં શામાટે પૂંજીને ગોચરી લેવી ? ઉ—કેવળી પ્રભુ પાત્રાં પૂંજ્યા વિના ગોચરી લેતાં કર્મબંધ બતાવે છે, તે આ પ્રમાણે છે.

પાત્રામાં બે ઇંદ્રિય વિગેરે જીવો ચડી જાય છે, અથવા બીજો અથવા રજ હોય તેવાં પાત્રામાં ગોચરી લેતાં કર્મનું ઉપાદાન થાય છે, માટેજ સાધુઓને આ પ્રતિજ્ઞા વિગેરે પૂર્વે બતાવેલ છે કે, પ્રથમ પાત્રાં દેખીને જીવ જંતુ કે રજ હોય તો દૂર કરીને ગૃહસ્થના ઘરમાં જવું આવવું. વળી—

**से भि० जाव समाणे सिया से परो आहट्टु अंतो पडिग्गहगंसि सीओदगं परिभाइत्ता नीहट्टु दलइज्जा, तहप्प० पडिग्गहगं परहत्थंसि वा परपायंसि वा अफासुयं जाव नो प०, से य आहच्च पडिग्गहिए सिया खिप्पामेव उदगंसि साहरिज्जा, से पडिग्गहमायाए पाणं परिट्ठविज्जा, ससिणिद्धाए वा भूमीए नियमिज्जा ॥ से० उदउल्लं वा ससिणिद्धं वा पडिग्गहं नो आमज्जिज्ज वा २ अह पु० विगओदए मे पडिग्गहए छिन्नसिणेहे तह० पडिग्गहं तओ० सं० आमज्जिज्ज**

वा जाव पयाविज्ज वा ॥ से भि० गाहा० पविसिउकामे पडिग्गहमायाए गाहा० पिंड० पविसिज्ज वा नि० एवं बहिया वियारभूमीं विहारभूमीं वा गामा० दूइज्जिज्जा, तिव्वदेसीयाए जहा बिइयाए वत्थेसणाए नवरं इत्थ पडिग्गहे, एयं खलु तस्स० जं सव्वट्ठेहिं सहिए सया जएज्जासि (सू० १५४) त्तिबेमि ॥ पाएसणा सम्मत्ता ॥ २-१-६-२ ॥

જ્યારે તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં ગોચરી પાણી માટે ગયેલો હોય, તે સમયે પાણી યાચતાં કદાચ તે ગૃહસ્થ ભૂલથી અથવા દ્વેષ બુદ્ધિથી અથવા ભક્તિના કારણે અથવા વિમર્ષ (          ) પણાથી ઘરમાં રહીને બીજા પાત્રાંમાં કે પોતાના વાસણમાં થંડું પાણી જુદું લઈને બહાર કાઢીને વહોરાવે, તે સમયે તેવું કાચું પાણી પારકા ( ગૃહસ્થ ) ના હાથમાં કે વાસણમાં જાણે તો અપ્રાસુક જાણીને ન લે, પણ કદાચ ભૂલથી કે ઓચીંતુ ગૃહસ્થે નાંખી દીધું હોય તો તેજ સમયે પાણી આપનાર ગૃહસ્થના વાસણમાં જ પાછું નાંખી દેવું, પણ કદાચ તે ન લે તો, કુવા વિગેરેમાં જ્યાં તે જાતનું પાણી હોય ત્યાં પરઠવવાની વિધિએ પરઠવવું, પણ તેવા પાણીનો અભાવ હોય અથવા દૂર હોય તો જ્યાં છાયા હોય કે ખાડો હોય ત્યાં પરઠવવું અથવા જો બીજો ઘડો હોય, તો તે ઘડો કે પાણીનું વાસણ કોઈને જ્યાં બાધા ન થાય ત્યાં તે ઘડો પાણી સુધાં જ મુકી દે, પણ પાણી પાછું આપ્યા પછી કે ખાલી કર્યા પછી તેને જલદી સુકવવા લૂસવો નહિ, પણ પાણી નીતર્યા પછી થોડો સુકાતાં તડકે મુકવો કે પૂંછી નાંખવો.

વળી ગૃહસ્થના ઘરમાં ગોચરી પાણી લેવા જતાં પોતાનાં બીજાં પાત્રાં સાથે લેઈ જાય, તેજ પ્રમાણે પરગામ વિહાર કરતાં ભણવા જતાં સ્થંડિલ જતાં પોતાનાં પાત્રાં સાથે લઈ જવાં. એ બધું વસ્ત્ર એષણા માફક જાણવું, પણ ફક્ત અહીં પાત્રાં સંબંધી જાણવું.

વિશેષ એ ધ્યાનમાં રાખવું, કે વરસાદ કે ઝાકળ પડતું હોય તો પાત્રાં સાથે ન જવું. આજ સાધુની સર્વ સામગ્રી છે કે હમેશાં યતનાથી વર્ત્તવું. ઇતિ પાત્ર એષણા.

## છઠું અધ્યયન સમાપ્ત થયું.

## સાતમું અધ્યયન અવગ્રહ પ્રતિમા.

છઠું અધ્યયન કહીને સાતમું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે,: પિંડ શય્યા વસ્ત્ર પાત્ર વિગેરેની એષણાઓ અવગ્રહને આશ્રયી થાય છે, તેથી આવા સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગ દ્વાર કહેવા જોઇયે, તેમાં ઉપક્રમની અંદર રહેલ અર્થાધિકાર આ છે, કે સાધુએ આ પ્રમાણે વિશુદ્ધ અવગ્રહ લેવો, નામનિષ્પન્ન નિક્ષેપામાં 'અંવગ્રહ પ્રતિમા' એવું નામ છે, તેમાં અવગ્રહના નામ સ્થાપના નિક્ષેપા સુગમ હોવાથી છોડીને દ્રવ્ય વિગેરે ચાર પ્રકારનો નિક્ષેપો નિર્યુક્તિકાર બતાવે છે.

**दव्वे खित्ते काले भावेऽवि य उग्गहो चउद्धा उ ।**
**देविंद १ रायउग्गह २ गिहवइ ३ सागरिय ४ साहम्मी ॥३१६॥**

દ્રવ્ય અવગ્રહ ક્ષેત્ર અવગ્રહ કાળ અવગ્રહ અને ભાવ અવગ્રહ એમ ચાર પ્રકારનો અવગ્રહ છે.

## અવગ્રહનું વર્ણન.

અથવા સામાન્યથી પાંચ પ્રકારનો અવગ્રહ છે.

(૧) દેવેંદ્રનો અવગ્રહ–તે લોકના મધ્ય ભાગમાં રહેલ મેરૂ પર્વતના રૂચક પ્રદેશથી દક્ષિણના અર્ધ ભાગમાં રહેલ જગ્યાનો.

(૨) રાજા–તે ચક્રવર્ત્તી મહારાજા કે બાદશાહનો ભરત વિગેરે ક્ષેત્ર આશ્રયી જે જગ્યા તેના વશમાં હોય તેમાં સાધુ વિચરે તે.

(૩) ગૃહપતિ–તે ગામડામાં રહેનાર મહત્તર ( પટેલ ) વિગેરેની પાસે ગામના મહેલ્લા વિગેરેનો અવગ્રહ.

(૪) શય્યાતર (ઘરધણી) નો તેની ખાલી પડેલી ઘંઘ ( ) શાળા વિગેરેમાં જ્યાં સાધુ ઉતરે છે, તે

(૫) સાધર્મિક તે સાધુઓ–જેઓ માસ કલ્પવડે ત્યાં રહ્યા હોય તેઓની પાસે તેમની માગેલી જગ્યામાં ઉતરવું તે વસતિ વિગેરેનો અવગ્રહ ૧ા જોજન છે, (બંને દિશામાં ૨ા–૨ા ગાઉ જતાં ) ચારે દિશામાં જાય, આ પ્રમાણે પાંચ પ્રકારનો અવગ્રહ વસતિ વિગેરે લેતાં યથા અવસરે અનુજ્ઞા લેવા યોગ્ય છે. હવે પ્રથમ બતાવેલ દ્રવ્યાદિ અવગ્રહ બતાવવા કહે છે—

**दव्वुग्गहो उ तिविहो सचित्ताचित्तमीसओ चेव ।**
**खित्तुग्गहोऽवि तिविहो दुविहो कालुग्गहो होइ ॥ ३१७ ॥**

દ્રવ્યનો અવગ્રહ ત્રણ પ્રકારનો છે. શિષ્ય વિગેરેનો સચિત્ત છે, રજોહરણ વિગેરેનો અચિત્ત અને શિષ્ય રજોહરણ વિગેરે સાથે સ્વીકારતાં મિશ્ર અવગ્રહ છે, ક્ષેત્ર અવગ્રહ પણ સચિત્ત વિગેરે ત્રણ પ્રકારનોજ છે, અથવા ગામ નગર અરણ્ય ભેદથી ત્રણ પ્રકારનો છે. કાલ અવગ્રહ ઋતુબદ્ધ (આઠમાસ) તથા વર્ષાકાળ (ચારમાસ) નો અવગ્રહ એમ બે ભેદે છે—

હવે ભાવ અવગ્રહ બતાવે છે-

**मइउग्गहो य गहणुग्गहो य भावुग्गहो दुहा होइ ।**
**इंदिय नोइंदिय अत्थवंजणे उग्गहो दसहा ॥ ३१८ ॥**

ભાવ અવગ્રહ બે પ્રકારનો છે, મતિ અવગ્રહ અને ગ્રહણ અવગ્રહ છે, તેમાં મતિ અવગ્રહ પણ બે પ્રકારનો છે, અર્થાવગ્રહ અને વ્યંજન અવગ્રહ છે, તેમાં અર્થાવગ્રહ ઇંદ્રિય તથા નોઇંદ્રિય ( મન ) ના ભેદથી છ પ્રકારનો છે, અને વ્યંજન અવગ્રહ ચક્ષુ ઇંદ્રિય અને મન છોડીને બાકી ચાર ઇંદ્રિયોનો અવગ્રહ છે, તે બધાએ ભેદવાળો દશ પ્રકારનો મતિભાવ અવગ્રહ ( મતિવડે પદાર્થોનો જે સામાન્ય બોધ સમજાય તે ) છે, હવે ગ્રહણ અવગ્રહ બતાવે છે—

**गहणुग्गहम्मि अपरिग्गहस्स समणस्स गहणपरिणाभो ।**
**कह पाडिहारियाऽपाडिहारिए होइ ? जइयव्वं ॥ ३१९ ॥**

અપરિગ્રહવાળો તે મુનિ છે, તેને જ્યારે પિંડ (ગોચરી)

વસતિ (સ્થાન)વસ્ત્ર પાતરાં લેવાનો વિચાર થાય, ત્યારે તે ગ્રહણ ભાવ અવગ્રહ છે. તે વખતે સાધુને એવી બુદ્ધિ હોવી જોઈએ કે કેવી રીતે તે વસતિ વિગેરે મને શુદ્ધ મળી શકે? તથા પ્રાતિહારિક પાછું અપાય તે પાટ પાટલા વિગેરે અપ્રતિહારક ( પાછું ન અપાય તે ગોચરી વિગેરે ) મને શુદ્ધ મળે તેમાં યત્ન કરવો, અને પ્રથમ પાંચ પ્રકારનો ઇંદ્ર વિગેરેનો અવગ્રહ બતાવ્યો, તે આ ગ્રહણ અવગ્રહમાં સમજવો. આ પ્રમાણે નામ નિષ્પન્ન નિક્ષેપો થયો, હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—

**समणे भविस्सामि अणगारे अकिंचणे अपुत्ते अपसू परदत्तभोई पावं कम्मं नो करिस्सामित्ति समुट्ठाए सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि, से अणुपविसित्ता गामं वा जाव रायहाणिं वा नेव सयं अदिन्नं गिण्हिज्जा नेवऽन्नेहिं अदिन्नं गिण्हाविज्जा अदिन्नं गिण्हंतेवि अन्ने न समणुजाणिज्जा, जेहिवि सद्धिं संपव्वइए तेसिंपि जाइं छत्तगं वा जाव चम्मछेयणगं वा तेसिं पुव्वामेव उग्गहं अणणुन्नविय अपडिलेहिय २ अपमज्जिय २ नो उग्गिण्हिज्जा वा परिगिण्हिज्ज वा, तेसिं पुव्वामेव उग्गहं जाइज्जा अणुन्नविय पडिलेहिय पमज्जिय तओ सं० उग्गिण्हिज्ज वा प० ॥ ( सू० १५५ )**

શ્રમ સહન કરે તે શ્રમણ ( તપસ્વી ) છે, તે હું આવી રીતે બનું, એમ સાધુ વિચારે તે કહે છે, '**अनगार**' અગ તે વૃક્ષ છે, તેનાથી જે બને તે અગાર (ઘર) છે, તે જેને ન હોય તે અનગાર અર્થાત્ ઘરનો ફાંસો (મમત્વ) જેણે છોડ્યો હોય,

તે છે, 'अकिंचन' જેની પાસે કંઈપણ ન હોય તે અર્થાત્ નિષ્પરિગ્રહ છે તથા 'अपुत्र' તે સ્વજન બંધુ રહિત અર્થાત્ નિર્મમ છે, એજ પ્રમાણે 'अपशु' તે બે પગવાળાં ચાર પગવાળાં વિગેરેથી રહિત છે, તથા પરદત્તભોજી ( ગોચરી લાવી ખાનારો ) હું બનીને પાપ કર્મ કરીશ નહિ, આ પ્રમાણે દીક્ષા લઇને પછી આવી પ્રતિજ્ઞાવાળો થાય તે બતાવે છે, શિષ્ય ગુરૂને કહે છે. હે ગુરૂ ! હું સર્વથા અદત્તાદાનનું પચ્ચકખાણ કરૂં છું. અર્થાત્ દાંત શોધવા ( ખોતરવા ) માટે જોઈતી સળી કે તણખલું પણ પારકાએ નહિ આપેલું નહિ લઉં—

આવાં વિશેષણો શ્રમણનાં લેવાથી બૌદ્ધબાવા વિગેરેમાં શ્રમણપણું બહારથી નામ માત્ર હોવા છતાં ગુણોના અભાવે તેમનામાં શ્રમણપણું લીધું નથી, પણ ઉપર બતાવેલ અદત્તાદાન ત્યાગ કરનાર જૈન સાધુજ શ્રમણ છે.

એવો અકિંચન સાધુ ગામ અથવા રાજધાનીમાં જઈને પોતે અદત્ત ગ્રહણ ન કરે, ન બીજા પાસે લેવડાવે, અને બીજા ગ્રહણ કરનારની પ્રશંસા ન કરે, વળી જે સાધુઓ સાથે પોતે દીક્ષા લીધી હોય અથવા ઉતરેલ હોય તેઓનાં ઉપકરણ પણ તેમની આજ્ઞા વિના લે નહિ તે બતાવે છે,

છત્ર તે માથાનું ઢાંકણું વરસાદમાં સ્થંડિલ જતાં માથા ઉપર વર્ષાકલ્પ ( કાંબળો ) વિગેરે નાંખે તે છત્રક છે, અથવા કુંકણ દેશ વિગેરેમાં ઘણો વરસાદ પડે છે, તેવા દેશમાં કારણ

પ્રસંગે છત્રી વાપરવાની આજ્ઞા છે, તે છત્ર લેવું હોય અથવા ચર્મ છેદનક (                ) વિગેરે કોઇ પણ ચીજ વિના પૂછે લે નહિ, એક વાર પણ ન લે, અનેકવાર પણ લે નહિ.

સાથેના સાધુઓની વસ્તુ લેવાની વિધિ—

પ્રથમ જેની વસ્તુ હોય તેને પૂછી લેવું, અને પછી આંખેથી જોઈને અને રજોહરણ વિગેરેથી પૂંજીને એકવાર કે અનેકવાર લે.

**से भि० आगंतारेसु वा ४ अणुवीइ उग्गहं जाइज्जा, जे तत्थ ईसरे जे तत्थ समहिट्ठए ते उग्गहं अणुन्नविज्जा—कामं खलु आउसो० ! अहालंदं अहापरिन्नायं वसामो जाव आउसो! जाव आउसंतस्स उग्गहे जाव साहम्मिया एइतावं उग्गहं उग्गिण्हिस्सामो, तेण परं विहरिस्सामो ॥ से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि जे तत्थ साहम्मिया संभोइया समणुन्ना उवागच्छिज्जा जे तेण सयमेसित्तए असणे वा ४ तेण ते साहम्मिया ३ उवनिमंतिज्जा, नो चेव णं परवडियाए ओगिज्झिय २ उवनि० ॥** ( सू० १५६ )

તે મુનિ મુસાફર ખાનામાં પ્રવેશ કરીને અને વિચાર કરીને યતિને યોગ્ય ક્ષેત્ર જોઈને સાધુઓને જોઈએ તેટલી વસતિ વિગેરેનો અવગ્રહ યાચે, કોની પાસે યાચવું તે કહે છે, જે ઘરનો માલિક હોય અથવા માલિકે જેને ત્યાં કામ કરવા રાખ્યો હોય તેમની પાસે જઈને ક્ષેત્ર અવગ્રહ યાચે, કેવી રીતે ? તે બતાવે છે, સાધુ માલિક હોય અથવા તેના ગુમાસ્તા

વિગેરેને ઉદ્દેશીને કહે, હે આયુષ્મન્! તમારી ઈચ્છા પ્રમાણે તમે જેટલો કાળ આજ્ઞા આપો, જેટલી જગ્યા વાપરવા આપો, તે પ્રમાણે અમે અહીં રહીએ, એટલે હે ગૃહસ્થ! તમે જેટલી જગ્યા વાપરવા આપશો, તેટલો સમય અમે તથા અમારા સાધુઓ આ જગ્યા વાપરશું, તેથી આગળ ( પછી ) વિહાર કરીશું,

પછી માલિકે તે મકાનમાં ઉતરવાની જગ્યા આપ્યા પછી સાધુએ શું કરવું તે કહે છે. તે જગ્યાએ કેટલાએક પરોણા સાધુઓ એક સમાચારી આચરનારા ઉદ્યુક્ત વિહારી આવે, તેમને પૂર્વના મોક્ષાભિલાષી સાધુએ ઉતરવા દેવા, તથા વિહાર કરતા પોતાની મેળે ત્યાં તેવા ઉત્તમ સાધુઓ આવ્યા હોય તેમને અશન પાન વિગેરે ચારે આહાર લાવીને તેમની ઈચ્છાનુસાર લેવા પ્રાર્થના કરવી કે આ હું આહાર વિગેરે લાવ્યો છું, આપની ઈચ્છા પ્રમાણે લઈને મારા ઉપર અનુગ્રહ કરો. પણ બીજા સાધુના લાવેલા આહારની પરભારી નિમંત્રણા પોતે ન કરે, પણ પોતે જાતે લાવીને તેમની ઈચ્છાનુસાર આપે.

**से आगंतारेसु वा ४ जाव से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि जे तत्थ साहम्मिआ अन्नसंभोइआ समणुन्ना उवागच्छिज्जा जे तेण सयमेसित्तए पीढे वा फलए वा सिज्जा वा संथारए वा तेण ते साहम्मिए अन्नसंभोइए समणुन्ने उवनिमंतिज्जा नो चेवणं परवडियाए ओगिज्झिय उवनिमंतिज्जा ॥ से आगंतारेसु वा ४ जाव से किं पुण तत्थुग्गहंसि**

पवोग्गहियंसि जे तत्थ गाहावईण वा गाहा० पुत्ताण वा सूई वा पिप्पलए वा कण्णसोहणए वा नहच्छेयणए वा तं अप्पणो एगस्स अट्ठाए पाडिहारियं जाइत्ता नो अन्नमन्नस्स दिज्ज वा अणुपइज्ज वा, सयंकरणिज्जंतिकट्टु, से तमायाए तत्थ गच्छिज्जा २ पुव्व.मेव उत्ताणए हत्थे कट्टु भूमीए वा ठवित्ता इमं खलु २ त्ति आलोइज्जा, नो चेव णं सयं पाणिणा परपाणिंसि पच्चप्पिणिज्जा ॥ ( सू० १५७ )

ટીકાકારે આ સૂત્રનો અર્થ પૂર્વ માફક હોવાથી વિશેષ લખ્યો નથી. તે સાધુ મુસાફરખાના વિગેરેમાં ઉતરેલો હોય ત્યાં બીજા ઉત્તમ સાધુઓ આવે, પણ જો તેમની સમાચારી જુદી હોય તો ગોચરીનો વ્હેવાર ન હોવાથી ફકત પીઠ ફલક વિગેરેની નિમંત્રણા કરે, વળી તે ઘરમાંથી ઘર ધણી પાસે કે તેના પુત્ર પાસેથી કારણ વિશેષે સૂઈ અસ્ત્રો કાનખોતરણી અથવા નયણી પોતાને માટે યાચી હોય, તો એકે બીજાને આપવી નહિ, તેમ લેવી નહિ, પણ જ્યારે પોતાનું કાર્ય પૂરૂં થાય, ત્યારે પોતે જાતે જઈને પોતાના હાથમાં હથેળીમાં રાખીને કહે કે આ તમારી વસ્તુ સૂઈ વગેરે લો, પણ જો તે સ્ત્રી વિગેરે હોય તો જમીન ઉપર મુકીને કહેવું કે આ તમારી વસ્તુ લો, પણ સાધુએ ગૃહસ્થ કે સ્ત્રીને હાથોહાથ આપવી નહિ (વખતે લાગી જાય )

से भि० से जं० उग्गहं जाणिज्जा अणंतरहियाए पुढवीए जाव संताणए तह० उग्गहं नो गिण्हिज्जा वा २ ॥ से भि० से जं पुण उग्गहं थूणंसि वा ४ तह० अंतलिक्खजाए दुबद्धे जाव नो उगिण्हिज्जा वा २ ॥ से भि० से जं० कुलि-

यंसि वा ४ जाव नो उगिण्हिज्ज वा २ ॥ से भि० खंधंसि वा ४ अन्नयरे वा तह० जाव नो उग्गहं उगिण्हिज्ज वा २ ॥ से भि० से जं० पुण० ससागारियं० सखुड्डपसुभत्तपाणं नो पन्नस्स निक्खमणपवेसे जाव धम्माणुओगचिंताए, सेवं नच्चा तह० उवस्सए ससागारिए० नो उवग्गहं.उगिण्हिज्जा वा २ ॥ से भि० से जं० गाहावइकुलस्स मज्झंमज्झेणं गंतुं पंथे पडिबद्धं वा नो पन्नस्स जाव सेवं न० ॥ से भि० से जं० इह खलु गाहावई वा जाव कम्मकरीओ वा अन्नमन्नं अक्कोसंति वा तहेव तिल्लादि सिणाणादि सीओदगवियडादि निगिणाइ वा जहा सिज्जाए आलावगा, नवरं उग्गहवत्तव्वया ॥ से भि० से जं० आइन्नसंलिक्खे नो पन्नस्स० उगिण्हिज्ज वा २, एयं खलु० ॥ ( सू० १५८ ) उग्गहपडिमाए पढमो उद्देसो ॥ २-१-७-१ ॥

સાધુએ અવગ્રહ લેતાં જોવું કે તે સચિત્ત જગ્યા ન હોય, તથા અધર જગ્યા હોય ત્યાં ન ઉતરે, બાળક તથા પશુઓને ખાવા પીવાનું અપાતું હોય, તેવી જગ્યામાં ધર્મ ધ્યાન વિગેરે પંડિત પુરૂષને ન થાય, માટે તેવું મકાન ન યાચવું તેમજ તે મકાનમાં થઇને જવાનો રસ્તો હોય, અથવા ઘરનાં માણસો નોકર–ચાકર વિગેરે ત્યાં લડતાં હોય તથા તેલ મસળતાં હોય, તથા સ્નાન વિગેરે ઠંડા ઉના પાણીથી કરતાં હોય, ત્યાં ન ઉતરવું. આ બધું પૂર્વે શય્યાના અંગે કહ્યું છે, તે પ્રમાણે જાણવું, પણ અહીં વિષય વસતિ અવગ્રહ સંબંધી જાણવો.

## ઇતિ પ્રથમ ઉદ્દેશ:

# બીજો ઉદ્દેશો.

પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં અવગ્રહ બતાવ્યો અને અહીં પણ તેનુંજ બાકી રહેલું કહે છે. તેનું આ સૂત્ર છે.

**से आगंतारेसु वा ४ अणुवीइ उग्गहं जाइज्जा, जे तत्थ ईसरे० ते उग्गहं अणुन्नविज्जा कामं खलु आउसो! अहालंदं अहापरिन्नायं वसामो जाव आउसो! जाव आउसंतस्स उग्गहे जाव साहम्मिआए ताव उग्गहं उग्गिण्हिस्सामो, तेण परं वि० से किं पुण तत्थ उग्गहंसि एवोग्गहियंसि जे तत्थ समणाण वा माह० छत्तए वा जाव चम्मछेदणए वा तं नो अंतोहिंतो बाहिं नीणिज्जा बहियाओ वा नो अंतो पविसिज्जा, सुत्तं वा नो पडिबोहिज्जा, नो तेसिं किंचिवि अप्पत्तियं पडिणीयं करिज्जा ॥ ( सू० १५९ )**

તે સાધુ ધર્મશાળા વિગેરેમાં ઉતરેલો હોય, ત્યાં પૂર્વે બ્રાહ્મણ વિગેરે તે ગૃહસ્થની રજા લઈ ઉતર્યો હોય, તેજ સ્થાનમાં બીજી જગ્યાના અભાવે ઉતરવું પડે, તો તે સ્થાનમાં ઉતરેલા બ્રાહ્મણ વિગેરેનું છત્ર વિગેરે જે કંઇ ઉપકરણ હોય, તે મકાનની અંદર પડ્યું હોય તો બહાર લઈ જવું નહિ તેમ બહારથી અંદર લાવવું નહિ, તેમ સૂતેલા બ્રાહ્મણ વિગેરેને જગાડવા નહિ, તેમજ તેમના મનમાં પણ અપ્રીતિ થાય તેમ ન કરવું તથા તેમની સાથે વિરોધભાવ પણ ન કરવો.

से भि० अभिकंखिज्जा अंबवणं उवागच्छित्तए जे तत्थ ईसरे २ ते उग्गहं अणुजाणाविज्जा—कामं खलु जाव विहरिस्सामो, से किं पुण० एवोग्गहियंसि अह भिक्खू इच्छिज्जा अंबं भुत्तए वा से जं पुण अंबं जाणिज्जा सअंडं ससंताणं तह० अंबं अफा० नो प० ॥ से भि० से जं० अप्पंडं अप्पसंताणगं अतिरिच्छछिन्नं अव्वोच्छिन्नं अफासुयं जाव नो पडिगाहिज्जा ॥ से भि० से जं० अप्पंडं वा जाव संताणगं तिरिच्छछिन्नं वुच्छिन्नं फा० पडि० ॥ से भि० अंबभित्तगं वा अंबपेसियं वा अंबचोयगं वा अंबसालगं वा अंबडालगं वा भुत्तए वा पायए वा, से जं० अंबभित्तगं वा ५ सअंडं अफा० नो पडि० ॥ से भिक्खू वा २ से जं० अंबं वा अंबभित्तगं वा अप्पंडं० अतिरिच्छछिन्नं २ अफा० नो प० ॥ से जं० अंबडालगं वा अप्पंडं ५ तिरिच्छच्छिन्नं वुच्छिन्नं फासुयं पडि० ॥ से भि० अभिकंखिज्जा उच्छुवणं उवागच्छित्तए, जे तत्थ ईसरे जाव उग्गहंसि० ॥ अह भिक्खू इच्छिज्जा उच्छुं भुत्तए वा पा०, से जं० उच्छुं जाणिज्जा सअंडं जाव नो प०, अतिरिच्छछिन्नं तहेव, तिरिच्छछिन्नेऽवि तहेव ॥ से भि० अभिकंखि० अंतरुच्छुयं वा उच्छुगंडियं वा उच्छुचोयगं वा उच्छुसा० उच्छुडा० भुत्तए वा पाय०, से जं पु० अंतरुच्छुयं वा जाव डालगं वा सअंडं० नो प० ॥ से भि० से जं० अंतरुच्छुयं वा० अप्पंडं वा० जाव पडि० अतिरिच्छच्छिन्नं तहेव ॥ से भि० ल्हसणवणं उवागच्छित्तए, तहेव तिन्निवि आलावगा, नवरं ल्हसुणं ॥ से भि० ल्हसुणं वा ल्हसुणकंदं

**वा ल्ह० चोयगं वा ल्हसुणनालगं वा भुत्तए वा २ से जं० लसुणं वा जाव लसुणबीयं वा सअंडं जाव नो प०, एवं अ-तिरिच्छच्छिन्नेऽवि तिरिच्छछिन्ने जाव प० ॥ ( सू० १६० )**

તે ભિક્ષુ કદાચિત આમ્ર વનમાં ગૃહસ્થ પાસે અવગ્રહ યાચે, ત્યાં ઉતરીને કારણ પડે આંબા ( કેરી ) ખાવાને ઈચ્છે, તો સડેલા કે કીડાવાળા કે કરોળીયાના જાળાંવાળા અપ્રાસુક હોય તે લેવા નહિ, તથા આંબા ઈંડાં વિનાના અને સડયા વિનાના હોય, પણ જો તીરછા ન છેદ્યા હોય તથા અખંડિત હોય, તો તેને અપ્રાસુક જાણીને લેવા નહિ, પણ જો કીડા વિનાના તીરછા ચીરેલા અને પ્રાસુક ( અચિત ) હોય તો કારણ પડે લે, તેજ પ્રમાણે ( અંબભિત્તિ ) અડધાં ફાડીયાં, ( અંબપેસી ) આંબાનાં નાનાં ફાડીયાં, ( અંબચોયગ ) આમ્ર છાલ ( સાલગ ) રસ, ( ડાલગ ) કેરીના ઝીણા ટુકડા હોય તે અચિત્ત હોય તો લેવા.

આ પ્રમાણે ઇક્ષુ સૂત્રના ત્રણે આલાવા લેવા તથા અંતરૂચ્છુ પર્વના મધ્ય ભાગ લેવા, આ પ્રમાણે લસણનાં ત્રણે સૂત્ર લેવાં, આમાં જે વાતો ન સમજાય તે નિશીથ સૂત્રના સોળમા ઉદ્દેશાથી જાણવી.

( આહારના અભાવે સાધુને તેવાં ફળ ખાવાં પડે તે આશ્રયી આ સૂત્ર છે કે અચિત્ત ફળના ટુકડા થયેલા હોય તો લેવા, શેરડીનો રસ પાણીની ઓછાશમાં કામ લાગે, તથા લસણ આગાઢ રોગાદિ કારણે લેવાં પડે છે, તેનું પ્રાયશ્ચિત

પણ નિશીથમાં આપેલ છે, આ વસ્તુઓ જીભના સ્વાદ માટે નહિ, પણ ધર્મના સાધન રૂપ શરીરના રક્ષણ માટે શાસ્ત્રકાર ભગવંતે વાપરવાની સંમતિ આપી છે, પણ આત્માર્થી સાધુ ખાસ કારણ વિના અનંતકાયની વસ્તુ વાપરે નહિ. )

હવે અવગ્રહના અભિગ્રહ સંબંધી વિશેષ કહે છે.

से भि० आगंतारेसु वा ४ जावोग्गहियंसि जे तत्थ गाहावईण वा गाहा० पुत्ताण वा इच्चेयाइं आयतणाइं उवाइक्कम्म अह भिक्खू जाणिज्जा, इमाहिं सत्तहिं पडिमाहिं उग्गहं उग्गिण्हित्तए, तत्थ खलु इमा पढमा पडिमा—से आगंतारेसु वा ४ अणुवीइ उग्गहं जाइज्जा जाव विहरिस्सामो पढमा पडिमा१। अहावरा० जस्स णं भिक्खुस्स एवं भवइ-अहं च खलु अन्नेसिं भिक्खूणं अट्ठाए उग्गहं उग्गिण्हिस्सामि, अण्णेसिं भिक्खूणं उग्गहे उग्गहिए उवल्लिसामि, दुच्चा पडिमा २। अहावरा० जस्स णं भि० अहं च० उग्गिण्हिस्सामि अन्नेसिं च उग्गहे उग्गहिए नो उवल्लिस्सामि, तच्चा पडिमा ३। अहावरा० जस्स णं भि० अहं च० नो उग्गहं उग्गिण्हिस्सामि, अन्नेसिं च उग्गहे उग्गहिए उवल्लिस्सामि, चउत्था पडिमा ४। अहावरा० जस्स णं अहं च खलु अप्पणो अट्ठाए उग्गहं च उ०, नो दुण्हं नो तिण्हं नो चउण्हं नो पंचण्हं पंचमा पडिमा ५। अहावरा० से भि० जस्स एव उग्गहे उवल्लिइज्जा जे तत्थ अहासमन्नागए इक्कडे वा जाव पलाले तस्स लाभे संवसिज्जा, तस्स अलाभे उक्कुडुओ वा नेसज्जिओ वा विहरिज्जा, छट्ठा पडिमा ६। अहावरा स० जे भि०

**अहासंथडमेव व उग्गहं जाइज्जा, तंजहा—पुढविसिलं वा कट्ठसिलं वा अहासंथडमेव तस्स लाभे संते०, तस्स अलाभे उ० ने० विहरिज्जा, सत्तमा पडिमा ७ । इच्चेयासिं सत्तण्हं पडिमाणं अन्नयरं जहा पिंडेसणाए ॥ ( सू० १६१ )**

તે સાધુ ધર્મશાળા વિગેરેમાં અવગ્રહ માગીને ઉતર્યા પછી ત્યાં રહેનારા ગૃહસ્થો વિગેરેના પૂર્વે બતાવેલા દોષો ત્યજીને તથા હવે પછી જે કર્મ ઉપાદાનના કારણો બતાવશે તે છોડીને અવગ્રહ લેવાને સમજે.

તે ભિક્ષુ સાત પ્રતિમા ( અભિગ્રહ વિશેષ ) વડે અવગ્રહ લે, તેમાં પહેલી પડિમા આ છે કે તે સાધુ ધર્મશાળા વિગેરેમાં ઉતરવા પહેલાં ચિંતવી રાખે કે મારે આવો ઉપાશ્રય મળે તોજ ઉતરવું તે સિવાય નહિ.

બીજા સાધુને આવો અભિગ્રહ હોય છે કે હું બીજા સાધુઓ માટે અવગ્રહ યાચીશ અથવા બીજાએ યાચેલા અવગ્રહમાં રહીશ.

પ્રથમની પ્રતિમામાં સામાન્ય છે અને આ પ્રતિમા તો ગચ્છમાં રહેલા ઉદ્યુક્ત વિહારીને હોય, તેઓ સાથે ગોચરી કરતા હોય અથવા ન પણ કરતા હોય-તો પણ સાથે ઉતરતા હોવાથી એક બીજા માટે વસતિ યાચે છે.

ત્રીજી પ્રતિમાવાળો સાધુ એવો વિચાર કરે કે હું પોતે બીજાને માટે અવગ્રહ યાચીશ, પણ બીજાના યાચેલામાં રહીશ નહિ. આ પ્રતિમા આહાલંદિક સાધુઓને માટે

છે. કારણ કે તેઓ ગચ્છવાસી આચાર્ય પાસે સૂત્ર અર્થ ભણતા હોવાથી આચાર્ય માટે મકાન યાચે છે.

ચોથી પ્રતિમામાં એ અભિગ્રહ છે. કે હું બીજાને માટે અવગ્રહ યાચીશ નહિ. પણ બીજાએ માગેલા અવગ્રહમાં રહીશ, આ અભિગ્રહ ગચ્છમાં રહેલા અભ્યુદત વિહારી ગચ્છમાં રહીને જિનકલ્પી થવાને માટે અભ્યાસ કરતા હોય તેમને માટે છે.

પાંચમી પ્રતિમા આ પ્રમાણે છે કે હું પોતાના માટે અવગ્રહ યાચીશ, પણ બીજા ત્રણ, ચાર, પાંચ માટે અવગ્રહ નહિ યાચું, આ જિનકલ્પી માટે અભિગ્રહ છે.

હું અવગ્રહ યાચીશ પણ ત્યાંજ ઉત્કટ વિગેરે સંથારો લઈશ; નહિ તો ઉત્કુટુક અથવા બેઠેલો કે ઉભેલો આખી રાત પુરી કરીશ . આ છટ્ઠી પ્રતિમા જિનકલ્પી વિગેરેને છે.

સાતમી પ્રતિમા ઉપર પ્રમાણે છે કે હું ઉપર બતાવેલ સંથારો કરવા શિલાદિક વિગેરે તૈયાર હશે તેજ લઇશ. આમાં વિશેષ એટલું છે કે તૈયાર હોય તોજ લે, નહિ તો બેઠે બેઠે કે ઉભે ઉભે રાત્રી પુરી કરે. આ પણ જિનકલ્પી વિગેરેની છે.

આ સાતે પ્રતિમા વહેનારા સાધુઓ જિનકલ્પી વિગેરે જિનેશ્વરની આજ્ઞામાં હોવાથી યથાશકિત પાળતા હોવાથી વધારે પાળનારો હોય તે પોતાને ઉંચો ન માને તેમ બીજાની નિંદા ન કરે. એ બધું પિંડએષણા માફક જાણવું.

सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं—इह खलु थेरेहिं भगवंतेहिं पंचविहे उग्गहे पन्नत्ते, तं०—देविंदउग्गहे १ रायउग्गहे २ गाहावइउग्गहे ३ सागारियउग्गहे ४ साहम्मियउग्ग० ५, एवं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गियं ( सू० १६२ ) उग्गहपडिमा सम्मत्ता ॥ अध्ययनं समाप्तं सप्तमम् ॥ २-१-७-२ ॥

સુધર્મા સ્વામી જંબુસ્વામીને કહે છે કે ભગવાન મહાવીરે આ ઉદ્દેશામાં બતાવેલો દેવેંદ્ર વિગેરેનો અવગ્રહ સારી રીતે સમજીને સાધુએ પાળવો. ( એ સાધુની સાધુતા છે ) અવગ્રહ પ્રતિમા નામનું સાતમું અધ્યયન સમાપ્ત થયું તથા આચારાંગની પહેલી ચૂલા સમાપ્ત થઈ.

---

## सप्तसप्तिकाख्या द्वितीया चूला ।

પહેલી ચૂલિકાનાં સાત અધ્યયન કહ્યાં હવે બીજી ચૂલિકા કહે છે તેનો પહેલી સાથે આ પ્રમાણે સંબંધ છે.

ગઈ ચૂલામાં વસતિનો અવગ્રહ બતાવ્યો, તે સ્થાનમાં રહીને કેવા સ્થાનમાં કાર્યોત્સર્ગ તથા સ્વાધ્યાય ઉચ્ચાર પેસાબ વિગેરે કરવો તે અહીંઆ બતાવે છે. આ ચૂલામાં સાત અધ્યયન છે એવું નિર્યુક્તિકાર બતાવે છે.

सत्तिक्कगाणि इक्कस्सरगाणि पुव्व भणियं तहिं ठाणं ।
उद्धट्ठाणे पगयं निसीहियाए तहिं छक्कं ॥ ३२० ॥

સાત અધ્યયનોમાં બીજા ઉદ્દેશા નથી, માટે એક સર-

વાળા છે. તેમાં પહેલું અધ્યયન સ્થાન નામનું છે. તેની વ્યાખ્યા અહીં કરે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર થાય છે, ( એ પૂર્વે બતાવેલ છે ) ઉપક્રમમાં અધ્યયનનો અર્થાધિકાર આ છે, કે સાધુએ કેવા સ્થાનમાં આશ્રય લેવો, નામ નિષ્પન્ન નિક્ષેપામાં સ્થાન એ નામ છે. એના નામ વિગેરે ચાર નિક્ષેપા થાય છે, તેમાં અહીં દ્રવ્યને આશ્રયી ઉદ્ધર્વસ્થાનવડે અધિકાર છે. તે નિર્યુક્તિકાર કહે છે. ઉદ્ધર્વસ્થાનમાં પ્રસ્તાવ છે, બીજું અધ્યયન નિશીથિકા છે. તેનો છ પ્રકારે નિક્ષેપ છે, તે તેના સ્થાનમાં કહીશું. હવે સૂત્ર કહે છે.

से भिक्खू वा० अभिकंखेज्जा ठाणं ठाइत्तए, से अणुपविसिज्जा गामं वा जाव रायहाणिं वा, से जं पुण ठाणं जाणिज्जा सअंडं जाव मक्कडासंताणयं तं तह० ठाणं अफासुयं अणेस० लाभे संते नो प०, एवं सिज्जागमेण नेयव्वं जाव उदयपसूयाइंति ॥ इच्चेयाइं आयतणाइं उवाइकम्म २ अह भिक्खू इच्छिज्जा चउहिं पडिमाहिं ठाणं ठाइत्तए, तत्थिमा पढमा पडिमा–अचित्तं खलु उवसज्जिज्जा अवलंबिज्जा काएण विप्परिकम्माइ सवियारं ठाणं ठाइस्सामि पढमा पडिमा। अहावरा दुच्चा पडिमा—अचित्तं खलु उवसज्जेज्जा अवलंबिज्जा काएण विप्परिकम्माइ नो सवियारं ठाणं ठाइस्सामि दुच्चा पडिमा। अहावरा तच्चा पडिमा—अचित्तं खलु उवसज्जेज्जा अवलंबिज्जा नो काएण विपरिकम्माई नो सवियारं ठाणं ठाइस्सामित्ति तच्चा पडिमा। अहावरा चउत्था पडि-

मा—अचित्तं खलु उवसज्जेज्जा नो अवलंबिज्जा काएण नो परकम्माई नो सवियारं ठाणं ठाइस्सामित्ति वोसट्ठकाए वोसट्ठकेसमंसुलोमनहे संनिरुद्धं वा ठाणं ठाइस्सामित्ति चउत्था पडिमा, इच्चेयासिं चउण्हं पडिमाणं जाव पग्गहियतरायं विहरिज्जा, नो किंचिवि वइज्जा, एयं खलु तस्स॰ जाव जइज्जासि त्तिबेमि ( सू॰ १६३ )॥ ठाणासत्तिक्कयं सम्मत्तं ॥ २-२-८ ॥

પૂર્વે બતાવેલો સાધુ જો સ્થાનમાં રહેવાને ઇચ્છે, તો ગામ વિગેરેમાં પ્રવેશ કરે. ત્યાં ઈંડાવાળું તથા કરોળીયાના જાળાવાળું મકાન જો અપ્રાસુક મળે, તો મળતું હોય તોપણ ન લે, તેજ પ્રમાણે બીજાં સૂત્રો પણ શય્યા માફક સમજી લેવાં, તે જ્યાં સુધી પાણી તથા કંદથી વ્યાપ્ત હોય તો પણ તે લેવાં નહિં, હવે પ્રતિમાના ઉદ્દેશને આશ્રયી કહે છે, એટલે પૂર્વે બતાવેલા દોષોવાળાં તથા હવે પછી કહેવાતા દોષોવાળાં પણ સ્થાનો છોડીને ચાર પ્રતિમાઓ વડે સાધુ રહેવા ઇચ્છે, તે કારણભૂત અભિગ્રહ વિશેષ ચાર પ્રતિમાઓ છે તેનું સ્વરૂપ અનુક્રમે બતાવે છે.

(૧) કોઈ સાધુને આવોજ અભિગ્રહ હોય કે હું અચિત્ત ઉપાશ્રયનું સ્થાન યાચીશ, તેજ પ્રમાણે કોઈ અચિત્ત ભીંત વિગેરેને કાયાવડે ટેકો લઈશ, વળી પરિસ્પંદ કરીશ, એટલે હાથપગ વિગેરેથી આકુંચન વિગેરે કરીશ (લાંબા પહોળા કરીશ)

(૨) બીજી પ્રતિમામાં વિશેષ આ છે, કે આકુંચન પ્રસારણ તથા ભીંતનો ટેકો વિગેરે લઈશ, પણ પાદ વિહરણ (પગેથી ચાલવાનું) મકાનમાં પણ નહિ કરૂં.

(૩) ત્રીજીમાં આકુંચન પ્રસારણ કરે, પણ પાદ વિહ-રણ કે ટેકો લેવાનું ન કરે.

(૪) લાંબા પહોળા હાથ વિગેરે ન કરે, તેમ ન ચાલે, ન 'ટેકો' લે, પણ તે કાયાનો મોહ સર્વથા મુકનારો થાય, તથા વાળ દાઢી મૂછ લોમ નખ વિગેરે પણ ન હલાવે. આવી રીતે સંપૂર્ણ કાયોત્સર્ગ કરનારો મેરૂ પર્વત માફક નિષ્પ્રકંપ રહે, તે વખતે જો કોઇ આવીને તેના કેશ વિગેરે ખેંચે, તો પણ સ્થાનથી ચલાયમાન થાય નહિ; આ ચારમાંની કોઇ પણ પ્રતિમા ધારણ કરેલો બીજી પ્રતિમા ધારેલાને હલકો ન માને, તેમ પોતે અહંકારી ન બને તેમ એવું વચન પણ ન બોલે, કે હું શ્રેષ્ટ છું, બીજો ઉતરતો છે.

**આ પ્રમાણે પ્રથમ અધ્યયન સમાપ્ત થયું.**

## નિષીથિકા–' બીજું અધ્યયન'

પહેલું અધ્યયન કહીને બીજું કહે છે, તેનો સંબંધ આ છે કે ગયા અધ્યયનમાં સ્થાન બતાવ્યું, તે કેવું હોય તો ભ-ણવાને યોગ્ય થાય, અને તે સ્વાધ્યાય ભૂમિમાં શું કરવું, શું ન કરવું, તે અહીં કહેશે. આ સંબંધે આ અધ્યયન આવ્યું છે.

એના પણ ચાર અનુયોગદ્વાર થાય છે, તેનું નામ નિષ્પન્નનિક્ષેપામાં "નિષીથિકા" એવું નામ છે, આ નિષીથિકાનો નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ છ પ્રકારે નિક્ષેપો છે, નામ સ્થાપના પૂર્વ માફક છે, દ્રવ્ય નિષીથનો આગમથી જ્ઞશરીર ભવ્યશરીર છોડીને જે દ્રવ્ય પ્રચ્છન્ન (છાનું) હોય તે છે, (ટીકાના સંશોધકે ટીપણમાં લખ્યું છે કે નિશીથ નિષીધ બંનેનું પ્રાકૃતમાં એક 'નિસીહ' શબ્દ વડે બોલાતું હોવાથી એજ પ્રમાણે નિક્ષેપાનું વર્ણન છે, તેજ પ્રમાણે નિષીધિકા નિશીથિકા બંને નામનું એકપણું છે. ક્ષેત્ર નિષીથ તે 'બ્રહ્મલોક' નામના દેવલોકમાં રિષ્ટ વિમાનની પાસે 'કૃષ્ણ રાજીઓ' જે ક્ષેત્રમાં છે, તે તથા જે ક્ષેત્રમાં નિષીથનું વર્ણન ચાલે તે—કાળનિષીથ. તે કૃષ્ણ (કાળી અંધારી) રાત્રિઓ અથવા જે કાળે નિષીથનું વર્ણન ચાલે,

ભાવનિષીથ 'નો આગમથી' આ કહેવાતું સૂત્રનું અધ્યયન જ છે, કારણ કે તે આગમનો એક દેશ છે, નામ નિષ્પન્ન નિક્ષેપો પુરો થયો, હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે,

**से भिक्खू वा २ अभिकं० निसीहियं फासुयं गमणाए, से पुण निसीहियं जाणिज्जा—सअंडं तह० अफा० नो चेइस्सामि ॥ से भिक्खू० अभिकंखेज्जा निसीहियं गमणाए, से पुण नि० अप्पपाणं अप्पबीयं जाव संताणयं तह० निसीहियं फासुयं चेइस्सामि, एवं सिज्जागमेणं नेयव्वं जाव उदयप्पसूयाइं ॥ जे तत्थ दुवग्गा तिवग्गा चउवग्गा पंचवग्गा**

**वा अभिसंधारिंति निसीहियं गमणाए ते नो अन्नमन्नस्स कायं आलिंगिज्ज वा विलिंगिज्ज वा चुंबिज्ज वा दंतेहिं वा नहेहिं वा अच्छिंदिज्ज वा वुच्छि०, एयं खलु० जं सव्वट्ठेहिं सहिए समिए सया जएज्जा, सेयमिणं मन्निज्जासि त्तिबेमि ॥ ( सू० १६४ ) निसीहियासत्तिक्कयं ॥ २-२-९ ॥**

તે ઉત્તમ સાધુ રહેલા સ્થાનમાં અયોગ્યતાના કારણે બીજે સ્થળે ભણવાની જગ્યાએ જવા ઇચ્છે, તો ત્યાં ઈંડાં વિગેરે પડયાં હોય તો અપ્રાસુક જાણીને ન જાય, પણ ઇંડાં વિનાની ફ્રાસુ જગ્યા હોય તે ગ્રહણ કરે, આ પ્રમાણે બીજાં સૂત્રો પણ શય્યા માફક સમજવાં. તે પાણીથી ઉત્પન્ન થયેલાં કંદ વિગેરે પડયાં હોય તો તે જગ્યાએ પણ ભણવા ન બેસે. ત્યાં ગયા પછીની વિધિ કહે છે–ત્યાં ગયેલા બે ત્રણ કે વધારે સાધુ હોય તો પરસ્પર એકેકની કાયાનો સ્પર્શ ન કરે, તેમ જેનાથી મોહનો ઉદય થાય તેમ વળગે પણ નહિ, તથા કંદર્પ પ્રધાન જેમાં છે એવું મુખ ચુંબન વિગેરે ન કરે, (મોઢાને મોઢું ન લગાડે ) આજ વર્ત્તન સાધુનું સર્વસ્વ છે, અને તેથીજ બધાં પરલોકના પ્રયોજનવડે યુકત છે, તથા તે પ્રમાણે વર્ત્તનાર પાંચ સમિતિ પાળતો જીંદગી સુધી સંયમ અનુષ્ઠાન આચરે, અને આજ પરમ કલ્યાણ છે, એવું ઉત્તમ સાધુ માને.

**નિષીધિકા નામનું બીજું અધ્યયન સમાપ્ત થયું.**

## ઉચ્ચાર પ્રશ્રવણ-ત્રીજું અધ્યયન.

હવે ત્રીજું સપ્તૈકક અધ્યયન કહે છે, તેનો પૂર્વના અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે, તે ગયા અધ્યયનમાં નિષીધિકા કહી છે, ત્યાં કેવી જમીન ઉપર સ્થંડીલ માત્રું (ઝાડો પેસાબ) કરવું તે બતાવે છે, એના નામ નિષ્પન્ન નિક્ષેપામાં ઉચ્ચાર પ્રશ્રવણ એવું નામ છે, તેની નિરૂક્તિને માટે નિર્યુક્તિકાર કહે છે,

**उच्चवइ सरीराओ उच्चारो पसवइत्ति पासवणं ।**
**तं कह आयरमाणस्स होइ सोही न अइयारो ? ॥३२१॥**

શરીરમાંથી જોરથી દૂર કરે, અથવા મેલ સાફ કરે (ચરે) તે ઉચ્ચાર (વિષ્ઠા) છે, તથા પ્રકર્ષથી શ્રવે (નીકળે) તે પેસાબ એકિકા (આ શબ્દ કેટલી જગ્યાએ તેજ રૂપે વપરાય છે, એટલે નિશાળમાં છોકરાને પેશાબ કરવા જવું હોય તો માસ્ટરને કહે કે માસ્ટર એકી જાઉં ?) આ સ્થંડિલ તથા માત્રું કેવી રીતે કરે તો અતિચાર ન લાગે તે પછીની ગાથામાં બતાવે છે,

**मुणिणा छक्कायदयावरेण सुत्तभणियंमि ओगासे ।**
**उच्चारविउसग्गो, कायव्वो अप्पमत्तेणं ॥ ३२२ ॥**

છ જીવનિકાયના રક્ષણમાં પ્રયત્ન કરનાર સાધુએ હવે પછી કહેવાતા સૂત્ર પ્રમાણે સ્થંડિલમાં ઉચ્ચાર પ્રશ્રવણ અપ્રમત્તપણે કરવાં. નિર્યુક્તિ અનુગમ પછી સૂત્ર અનુગમ કહેછે,

से भि० उच्चारपासवणकिरियाए उब्बाहिज्जमाणे सयस्स पायपुंछणस्स असईए तओ पच्छा साहम्मियं जाइज्जा ॥ से भि० से जं पु० थंडिल्लं जाणिज्जा सअंडं० तह० थंडिलंसि नो उच्चारपासवणं वोसिरिज्जा ॥ से भि० जं पुण थं० अप्पपाणं जाव संताणयं तह० थं० उच्चा० वोसिरिज्जा ॥ से भि० से जं० अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स वा अस्सिं० बहवे साहम्मिया स० अस्सिं प० एगं साहम्मिणिं स० अस्सिंप० बहवे साहम्मिणीओ स० अस्सिं० बहवे समण० पगणिय २ समु० पाणाइं ४ जाव उद्देसियं चेएइ, तह० थंडिल्लं पुरिसंतरकडं जाव बहियानीहडं वा अनी० अन्नयरंसि वा तहप्पगारंसि थं० उच्चारं नो वोसि० ॥ से भि० से जं० बहवे समणमा० कि० व० अतिही समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं जाव उद्देसियं चेएइ, तह० थंडिलं पुरिसंतरगडं जाव बहियाअनीहडं अन्नयरंसि वा तह० थंडिलंसि नो उच्चारपासवण०, अह पुण एवं जाणिज्जा—अपुरिसंतरगडं जाव बहिया नीहडं अन्नयरंसि वा तहप्पगारं० थं० उच्चार० वोसि० ॥ से० जं० अस्सिंपडियाए कयं वा कारियं वा पामिच्चियं वा छन्नं वा घट्ठं वा मट्ठं वा लित्तं वा संमट्ठं वा संपधूवियं वा अन्नयरंसि वा तह० थंडि० नो उ० ॥ से भि० से जं पुण थं० जाणेज्जा, इह खलु गाहावई वा गाहा० पुत्ता वा कंदाणि वा जाव हरियाणि वा अंतराओ वा बाहिं नीहरंति बहियाओ वा अंतो साहरंति अन्नयरंसि वा तह० थं० नो उच्चा० ॥ से भि० से जं पुण० जाणेज्जा—

खंधंसि वा पीढंसि वा मंचंसि वा मालंसि वा अट्टंसि वा पासायंसि वा अन्नयरंसि वा० थं० नो उ० ॥ से भि० से जं पुण० अणंतरहियाए पुढवीए ससिणिद्धाए पु० ससरक्खाए पु० मट्टियाए मक्कडाए चित्तमंताए सिलाए चित्तमंताए लेलुयाए कोलावासंसि वा दारुयंसि वा जीवपइट्ठियंसि वा जाव मक्कडासंताणयंसि अन्न० तह० थं० नो उ० ॥ ( सू० १६५ )

કોઈ સાધુ કોઈ વખતે ટટ્ટી પેસાબ કરવાની તાકીદે પીડાતો હોય અને રસ્તામાં તેવી છુટની જગ્યા ન મળે તો તેણે કુંડી અથવા તેવું યોગ્ય સાધન સમાધિ માટે મેળવી તેમાં સ્થંડિલ જઈ પરઠવી આવવું, પણ જો પોતાની પાસે હાજર ન હોય તો બીજા સાધુ પાસે યાચવું, અને તેની પ્રતિ લેખના વિગેરે કરીને તે ઉપયોગમાં લેવું, આથી એમ સૂચવ્યું કે સ્થંડિલ પેસાબને રોકવા નહિ, વળી શંકા થયા પહેલાંજ બને ત્યાં લગી સાધુએ નીકળવું, અને જ્યાં સ્થંડિલ જાય ત્યાં પ્રથમ દેખે કે ઇંડાં કે નાના જંતુ કીડીઓ કે કરોળીયાનાં જાળાં વગેરે નથી, જો ઇંડાં વિગેરે હોય તો ત્યાં ટટ્ટી ન જાય, હવે તે સાધુ એમ જાણે કે કોઈ માણસે એક અથવા ઘણા સાધુ સાધ્વીને આશ્રયી સ્થંડિલની જગ્યા બનાવી હોય, અથવા શ્રમણ માહણ વિગેરેને ઉદ્દેશીને બનાવી હોય, તો તે જગ્યાને બીજા પુરૂષે સ્વીકારી હોય કે ન સ્વીકારી હોય તો પણ મૂલ ગુણથી દોષિત હોવાથી તેમાં ઉચ્ચાર પ્રશ્રવણ ન કરવું.

તે સાધુએ યાવંતિક (                    ) સ્થંડિલમાં

અપુરૂષાંતર કૃતમાં સ્થંડિલ ન જાય, પણ બીજાએ વાવર્યા પછી તેનો ઉપયોગ પોતે પણ કરે, વળી ઉત્તર ગુણ અશુદ્ધ તે ખરીદ કરી હોય, બદલે લીધી હોય વિગેરે કારણે દોષિત હોવાથી તેમાં સ્થંડિલ ન જાય, અથવા સ્થંડિલની જગ્યા માંથી કંદ વિગેરેને છોકરાં વિગેરે બહાર કાઢે, અથવા, તે જગ્યામાં કંદ વિગેરે નાંખે તો તેમાં સાધુએ સ્થંડિલ ન જવું, તથા સ્કંધ (            ) પીઢ માંચડા માળા અટ્ટપ્રાસાદ વિગેરેની અધર જગ્યા કે ઉંચી જગ્યા કે નીચી જગ્યા જ્યાં સમાધિથી ન બેસાય તેવી જગ્યાએ સ્થંડિલ ન જવું, તેજ પ્રમાણે સચિત્ત પૃથ્વી વિગેરે ઉપર સ્થંડિલ ન જવું, તે પૃથ્વી ભિની હોય, સચિત્ત રજવાળી હોય, માટી કરોળીયાનાં જાળાં, સચિત્ત પત્થરની શિલા, માટીનાં ઢેફાં, ઘુણના કીડાવાળું લાકડું કે નાનાં જંતુથી વ્યાપ્ત કરોળીયાના જાળાનાં સમુદાયથી વ્યાપ્ત હોય કે તેવું કંઇ પણ અપ્રાસુક સ્થાન હોય ત્યાં સ્થંડિલ ન જવું.

**से भि० से जं० जाणे०—इह खलु गाहावई वा गाहावइपुत्ता वा कंदाणि वा जाव बीयाणि वा परिसाडिंसु वा परिसाडिंति वा परिसाडिस्संति वा अन्न० तह० नो उ० ॥ से भि० से जं० इह खलु गाहावई वा गा० पुत्ता वा सालीणि वा वीहीणि वा मुग्गाणि वा मासाणि वा कुलत्थाणि वा जवाणि वा जवजवाणि वा पइरिंसु वा पइरिंति वा पइरिस्संति वा अन्नयरंसि वा तह० थंडि० नो उ० ॥ से भि० २ जं० आमोयाणि वा घासाणि वा भिलुयाणि वा विज्जुल-**

याणि वा खाणुयाणि वा कडयाणि वा पगडाणि वा दरीणि वा पदुग्गाणि वा समाणि वा २ अन्नयरंसि तह० नो उ० ॥ से भिक्खू० से जं० पुण थंडिल्लं जाणिज्जा माणुसरंधणाणि वा महिसकरणाणि वा वसहक० अस्सक० कुक्कुडक० मक्कडक० हयक० लावयक० वट्टयक० तित्तिरक० कवोयक० कविंजलकरणाणि वा अन्नयरंसि वा तह० नो उ० ॥ से भि० से जं० जाणे० वेहाणसट्ठाणेसु वा गिद्धपट्ठठा० वा तरुपडणट्ठाणेसु वा० मेरुपडणठा० विसभक्खणयठा० अगणिपडणट्ठा० अन्नयरंसि वा तह० नो उ० ॥ से भि० से जं० आरामाणि वा उज्जाणाणि वा वणाणि वा वणसंडाणि वा देवकुलाणि वा सभाणि वा पवाणि वा अन्न० तह० नो उ० ॥ से भिक्खू० से जं पुण जा० अट्टालयाणि वा चरियाणि वा दाराणि वा गोपुराणि वा अन्नयरंसि वा तह० थं० नो उ० ॥ से भि० से जं० जाणे० तिगाणि वा चउक्काणि वा चच्चराणि वा चउम्मुहाणि वा अन्नयरंसि वा तह० नो उ० ॥ से भि० से जं० जाणे० इंगालदाहेसु खारदाहेसु वा मडयदाहेसु वा मडयथूभियासु वा मडयचेइएसु वा अन्नयरंसि वा तह० थं० नो उं० ॥ से जं जाणे० नइयायतणेसु वा पंकाययणेसु वा ओघाययणेसु वा सेयणवहंसि वा अन्नयरंसि वा तह० थं० नो उ० ॥ से भि० से जं जाणे० नवियासु वा मट्टियखाणिआसु नवियासु गोप्पहेलियासु वा गवाणीसु वा खाणीसु वा अन्नयरंसि वा तह० थं० नो उ० ॥ से जं जा० डागवच्चंसि वा सागव० मूलग० हत्थंकरवच्चंसि वा अन्नयरंसि वा तह० नो उ० वो० ॥ से भि० से जं असणवणंसि

**वा सणव० धायइव० केयइवणंसि वा अंबव० असोगव० नागव० पुन्नागव० चुल्लगव० अन्नयरेसु तह० पत्तोवेएसु वा पुप्फोवेएसु वा फलोवेएसु वा बीओवेएसु वा हरिओवेएसु वा नो उ० वो० ॥ ( सू० १६६ )**

સાધુ સાધ્વીએ નીચલી જગ્યાએ સ્થંડિલ ન જવું— તે બતાવે છે—જે જગ્યામાં ગૃહસ્થો અથવા તેના પુત્રો વિગેરે કંદ બીજ વિગેરે ત્રણે કાળમાં નાંખતા હોય, તથા ગૃહસ્થલોક અથવા તેના પુત્રો વિગેરેએ શાલી ચોખા વ્રીહી મગ અડદ કલથી જવ જવજવ (           ) વાવ્યા હોય, વાવતા હોય અથવા વાવવાના હોય; અથવા જ્યાં આમોક તે કચરાના ઢગલા ( ઉકરડા ) માં ઘાસ ( ભૂમિરાજીઓ—           ) ભિલુક સૂક્ષ્મભૂમિરાજીઓ, વિજ્જલ (           ) સ્થાણુ તથા કડય (           ) પ્રગર્ત્તા—મોટાખાડા, તથા દરીપ્રદુર્ગ ભીંતો તથા કીલ્લા બુરૂજ આ બતાવેલાં સ્થાન વખતે સમ હોય કોઈ જગ્યાએ વિષમ હોય ( માટી વિગેરે પડવાનો ડર હોય ) તેથી તેવી જગ્યાએ સ્થંડિલ જતાં પોતે પડી જાય તો આત્મવિરાધના થાય, અને બીજા જીવો નીચે ચગદાઈ જતાં સંયમવિરાધના થાય તથા માણસોને માટે રાંધવાની જગ્યા (ચૂલા) હોય, અથવા ભેંસ બળધ ઘોડા કુકડાં માકડાં (વાંદરા) હય લાવક વટ્ટય તિતર ખબુતર કપિંજલ વિગેરે પશુ પક્ષી માટે ખાવા પીવાનું અથવા શીખવવાનું કે તેવું બીજું કંઈ પણ કાર્ય થતું હોય તથા તે સ્થા-

નમાં તેમને રખાતાં હોય તે જગ્યાએ સ્થંડિલ જવાથી લોક વિરૂદ્ધ પ્રવચનનો ઉપઘાત વિગેરે થાય માટે ત્યાં ન જવું, વળી આપઘાત કરવાનાં સ્થાન જેમાં ઝાડે ફાંસો ખાઇ લોક મરતાં હોય, ગીધ વિગેરે પક્ષીઓ પાસે કાયા ચુંથાવી મરવા લોહી ચોપડી સુતાં હોય, ઝાડ ઉપરથી નીચે કૂદીને મરતાં હોય, અથવા ઝાડ માફક સ્થિર થઇ અનશન વડે મરતાં હોય, મેરૂ ( પર્વત ) ઉપરથી પડીને મરતાં હોય, તથા વિષભક્ષણ કરી મરતાં હોય, અગ્નિમાં બળી મરતાં હોય, અથવા તેવાં બીજાં મરવાનાં સ્થાન હોય, ત્યાં સાધુએ સ્થંડિલ ન જવું, તેજ પ્રમાણે આરામ (જેમાં કેળો વિશેષ હોય) ઉદ્યાન વન વનખંડ દેવલ સભા પરબ વિગેરેની જગ્યામાં સ્થંડિલ ન જાય, અટ્ટાલક ( ) ચરિય ( ) દરવાજા ગોપુર અથવા તેવાં ગામ શહેરનાં કોટ કીલ્લાનાં સ્થાન હોય ત્યાં સ્થંડિલ ન જવું, તેજ પ્રમાણે ત્રિકોણ ચતુષ્ક ( જ્યાં ત્રણ કે ચાર રસ્તા મળતા હોય ) કે ચોતરો હોય તેવા સ્થાનમાં પણ સ્થંડિલ ન જવું, તેજ પ્રમાણે અંગારા પાડવાની જગ્યા, ખારો તૈયાર કરવાની જગ્યા, અથવા મડદાં બાળવાની જગ્યા, જ્યાં મડદાનાં પગલાં હોય, દેરીઓ હોય, અથવા કબરો હોય અથવા તેવા બીજા કોઇ પણ સ્થાનમાં સ્થંડિલ ન જવું, તથા જે જગ્યાએ પાણી પવિત્ર માની લોક નહાતાં હોય તેવા લૌકિક તીર્થ સ્થાનમાં, તથા પંકાયતન જ્યાં માટી પવિત્ર માની લોક આળોટતાં હોય, ઓઘાયતન એટલે પરંપરાથી જ્યાં લોકો પવિત્ર સ્થાન માનતા હોય અથવા જે

રસ્તેથી તળાવમાં પાણીની નીકો હોય ત્યાં સ્થંડિલ ન જવું, તથા માટી ખોદવાની નવી ખાણ હોય, અથવા ગાયોની પ્રહેલી અથવા ખવડાવવાનું સ્થાન હોય, અથવા બીજી ખાણો હોય ત્યાં સ્થંડિલ ન જવું તથા ડાગ ( પાંદડાંવાળું શાખ, ) તથા બીજા શાખ તથા મૂળા થવાની જગ્યામાં હત્થંકર ( ) ની જગ્યામાં સ્થંડિલ ન જવું, તથા અશન ( ) વન શણનું વન ધાવડીનું વન કેતકીનું વન આંબાનું, અશોકનું નાગ પુન્નાગ ચુલ્લક ( ) વિગેરેનું વન હોય તથા પાંદડાં ફૂલ ફળ બીજ ભાજી વિગેરેથી યુક્ત સ્થાન હોય ત્યાં સાધુએ સ્થંડિલ ન જવું.

પ્ર૦ ત્યારે કેવી રીતે સ્થંડિલ જવું ? તે કહે છે—

**से भि० सयपाययं वा परपाययं वा गहाय से तमायाए एगंतमवक्कमे अणावायंसि असंलोयंसि अप्पपाणंसि जाव मक्कडासंताणयंसि अहारामंसि वा उवस्सयंसि तओ संजयामेव उच्चारपासवणं वोसिरिज्जा, से तमायाए एगंतमवक्कमे अणाबाहंसि जाव संताणयंसि अहारामंसि वा झामथंडिलंसि वा अन्नयरंसि वा तह० थंडिलंसि अचित्तंसि तओ संजयामेव उच्चारपासवणं वोसिरिज्जा, एयं खलु तस्स० सया जइज्जासि ( सू० १६७ ) त्तिबेमि ॥ उच्चारपासवणसत्तिक्कओ सम्मत्तो ॥ २-२-३ ॥**

તે સાધુ પોતાનું કે કારણ પ્રસંગે બીજાનું પાત્રું ( તૃપણી કે તુંબડી પહોળા મોઢાની ) લઇ જાય અને જ્યાં

લોકો ન જુએ, અથવા ન આવે તથા જીવાત ન હોય, તેવા આરામ કે રહેવાના મકાનમાં એકાંતમાં બેસી માટીની કુંડી વિગેરેમાં ટટ્ટી કે પેશાબ કરીને તે કુંડી વિગેરેને લઈ જ્યાં નિર્જીવ સ્થાન હોય ત્યાં પરઠવે, (કુંડીમાં જવાનું કારણ એ છે કે માંદો હોય, અથવા ઘણે દૂર સુધી સ્થંડિલની બેસવાની જગ્યા ન મળતી હોય, અથવા લોકોની આવ-જા વિશેષ રહેતી હોય તો કુંડીમાં જઈ પરઠવી આવવું, નહિ તો નિર-વદ્ય જગ્યામાં સ્થંડિલ જવું, પરંતુ પ્રમાદ કે લજ્જાથી સ્થંડિલ રોકવું નહિ, રોગ થવાનું તથા આંખોને નુકશાન થવાનું કારણ ઝાડો પેશાબ રોકવાનું છે,) આજ સાધુનું સર્વસ્વ અને સમાધિ છે કે સ્વપરને પીડા ન થાય, તેમ સ્થંડિલ જવું.

---

## " શબ્દ સપ્તક "—ચોથું અધ્યયન.

ત્રીજા સાથે ચોથાનો આ પ્રમાણે સંબંધ છે, કે પહે-લામાં સ્થાન, બીજામાં સ્વાધ્યાય, ત્રીજામાં સ્થંડિલ વિગેરેની વિધિ બતાવી. તે ત્રણેમાં રહેલા સાધુને અનુકૂલ કે પ્રતિકૂલ શબ્દો સંભળાય તો તે સાંભળીને સાધુએ રાગ દ્વેષ ન કરવો, આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં " શબ્દ સપ્તક " એવું નામ છે, એના નામ સ્થાપના સુગમ નિક્ષેપાને છોડી દ્રવ્ય નિક્ષેપો નિર્યુક્તિકાર પાછલી અડધી ગાથાવડે બતાવે છે.

[ दव्वं संठाणाई भावो वन्नकसिणं स भावो य ]।
दव्वं सद्दपरिणयं भावो उ गुणा य कित्ती य ॥ ३२३ ॥

નો આગમથી દ્રવ્ય વ્યતિરિક્તમાં શબ્દપણે જે ભાષા દ્રવ્યોપરિણત થયા છે, તે અહિઆં લેવાં, ભાવશબ્દ તો આગમથી જેને શબ્દોમાં ઉપયોગ હોય, અને નોઆગમથી અહિંસાદિ લક્ષણવાળા ગુણો સમજવા, કારણ કે આ હિંસા જુઠ વિગેરેથી દૂર રહેવું, તે ગુણોથી પ્રશંસા પામે છે અને કીર્ત્તિ તો જે તીર્થંકર પ્રભુને ચોત્રીશ અતિશય પ્રકટ થતાં બીજા કરતાં અધિક રૂપ સંપદાયુક્ત પોતે થવાથી લોકમાં આ અર્હન્ દેવ છે, એમ પ્રસિદ્ધિ થાય તે કીર્ત્તિ છે.

નિર્યુક્તિ અનુગમ પછી તુર્ત સૂત્ર અનુગમમાં સૂત્ર કહેવું, તે આ છે.

से भि० मुइंगसद्दाणि वा नंदीस० झल्लरीस० अन्नयराणिं वा तह० विरूवरूवाइं सद्दाइं वितताइं कन्नसोयणपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भि० अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं—वीणासद्दाणि वा विपंचीस० पिप्पी (बद्धी)सगस० तूणयसद्दा० वणयस० तुंबवीणियसद्दाणि वा ढंकुणसद्दाइं अन्नयराइं तह० विरूवरूवाइं० सद्दाइं वितताइं कण्णसोयपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भि० अहावेगइयाइं सद्दाइं सुणेइ, तं०—तालसद्दाणि वा कंसतालसद्दाणि वा लत्तियसद्दा० गोधियस० किरिकिरियास० अन्नयरा० तह० विरूव० सद्दाणि कण्ण० गमणाए ॥ से भि०

**अहावेग० तं० संखसद्दाणि वा वेणु० वंसस० खरमुहिस० परिपिरियास० अन्नय० तह० विरूव० सद्दाइं झुसिराइं कन्न० ॥ ( सू० १६८ )**

પૂર્વે બતાવેલો ભિક્ષુ જો વિતત, તત, ઘન, પોકળ, એવા વાજીંત્રના ચાર ભેદવાળા મધુર શબ્દોને સાંભળે, ( તો તેને રાગ થાય ) તે સાંભળવાની ઇચ્છાથી પોતે તે તરફ ન જાય.

વિતત એટલે મૃદંગ નન્દી ઝાલર વિગેરે છે તથા વીણા વિપંચી **બદ્ધીસક** ( સરણાઈ ) વિગેરે તંત્રીનાં વાજાં છે. વીણા વિગેરેનો ભેદ તંત્રીની સંખ્યાથી જાણવો.

ઘન એટલે હસ્તતાલ કાંસી વિગેરે છે. લત્તિકાનો અર્થ કાંસી છે અને ગોહિકા એટલે કાખ અને હાથમાં રાખીને વગાડવાનું વાજું છે.

કિરિકિરિયા તે વાંસ વિગેરેની કાંબીનું વાજું છે,··શુષિર તે શંખ, વેણુ વિગેરે પોકલ વાજાં છે. પણ ખરમુહી તે તોહાડિક છે અને પિરિપિરિય તે કોલિયકના પુટથી જડેલી વાંસ વિગેરેની નળી છે. આવાં કોઇપણ વાજીંત્ર વાગતાં હોય તો સાધુએ તે તરફ ન જવું. વળી—

**से भि० अहावेग० तं० वप्पाणि वा फलिहाणि वा जाव सराणि वा सागराणि वा सरसरपंतियाणि वा अन्न० तह० विरूव० सद्दाइं कण्ण० ॥ से भि० अहावे० तं० कच्छाणि वा णूमाणि वा गहणाणि वा वणाणि वा वणदुग्गाणि पव्व-**

याणि वा पव्वयदुग्गाणि वा अन्न० ॥ अहा० त० गामाणि वा नगराणि वा निगमाणि वा रायहाणाणि वा आसमपट्ट-णसंनिवेसाणि वा अन्न० तह० नो अभि०॥ से भि० अहावे० आरामाणि वा उज्जाणाणि वा वणाणि वा वणसंडाणि वा देवकुलाणि वा सभाणि वा पवाणि वा अन्नय० तहा० सद्दाइं नो अभि० ॥ से भि० अहावे० अट्टाणि वा अट्टालयाणि वा चरियाणि वा दाराणि वा गोपुराणि वा अन्न० तह० सद्दाइं नो अभि० ॥ से भि० अहावे० तंजहा—तियाणि वा चउ-क्काणि वा चच्चराणि वा चउम्मुहाणि वा अन्न० तह० सद्दाइं नो अभि० ॥ से भि० अहावे० तंजहा—महिसकरणट्ठाणाणि वा वसभक० अस्सक० हत्थिक० जाव कविंजलकरणट्ठा० अन्न० तह० नो अभि० ॥ से भि० अहावे० तंज० महिस-जुद्धाणि वा जाव कविंजलजु० अन्न० तह० नो अभि० ॥ से भि० अहावे० तं० जूहियठाणाणि वा हयजू० गयजू० अन्न० तह० नो अभि० ॥ ( सू० १६९ )

તે સાધુ કદાચ કોઈપણ જાતના શબ્દોને સાંભળે કે વપ્ર તે ક્યારા છે એટલે તેની સુંદરતાનું વર્ણન સાંભળે અથવા તે ખેતરના ક્યારા વિગેરેમાં મધુર ગાયન વિગેરે થતું હોય તો તે સાંભળવાની ઈચ્છાથી ત્યાં ન જાય, વપ્રથી જાણવું કે તેજ પ્રમાણે ફલિહ સરોવર સાગર તલાવડીઓ જોવા સાધુએ ન જવું તથા ત્યાં વાજીંત્ર વાગતું હોય તો પણ સાંભળવા ન જવું. તેજ પ્રમાણે કચ્છ, ણૂમ ગહન વન અથવા વનમાંના કિલ્લા પર્વતો અથવા પર્વતના કિલ્લા પણ જોવા ન

જવું તથા ગામ નગર નિગમ રાજધાની આશ્રમ પાટણ સન્નિવેશ વિગેરેમાં મધુર શબ્દો સાંભળવા ન જવું તથા આરામ ઉદ્યાન વન વનખંડ દેરાં સભા પરબ વિગેરેમાં વાજાં સાંભળવા ન જવું તથા અટ્ટ અટ્ટાલક ચરિત દરવાજા તથા નગરના દરવાજે શબ્દ સાંભળવા ન જવું તથા ત્રિક ચોક ચોતરો ચોમુખ સ્થાનમાં ન જવું તથા પાડા બળદ ઘોડા હાથી વિગેરેનાં.

તે કપિંજલ સુધીનાં કળા શીખવવાના સ્થાનમાં જોવા ન જવું તથા જ્યાં તેમનું મૈથુન થતું હોય ત્યાં ન જવું, તેમ તેમનું યુદ્ધ થતું હોય અથવા તેમની ક્રિયા થતી હોય તે જોવા ન જવું ( આ સૂત્રમાં સાધુને બીજા પાસે એવું સંભળાય કે અમુક સ્થાનમાં અમુક જોવાનું છે અથવા અમુક ગાયન સાંભળવાનું છે તો ત્યાં જવાનો વિચાર થાય માટે સાંભળવું નહિં. )

**से भि० जाव सुणेइ, तंजहा—अक्खाइयठाणाणि वा माणुम्माणियट्ठाणाणि वा महताऽऽहयनट्टगीयवाईयतंतीतलतालतुडियपडुप्पवाइयट्ठाणाणि वा अन्न० तह० सद्दाइं नो अभिसं० ॥ से भि० जाव सुणेइ, तं०—कलहाणि वा डिंबाणि वा डमराणि वा दोरज्जाणि वा वेर० विरुद्धर० अन्न० तह० सद्दाइं नो० ॥ से भि० जाव सुणेइ खुड्डियं दारियं परिभुत्तमंडियं अलंकियं निवुज्झमाणिं पेहाए एगं वा पुरिसं वहाए नीणिज्जमाणं पेहाए अन्नयराणि वा तह० नो अभि० ॥ से**

भि० अन्नयराइं विरूव० महासवाइं एवं जाणेज्जा तंजहा—बहुसगडाणि वा बहुरहाणि वा बहुमिलक्खूणि वा बहुपच्चंताणि वा अन्न० तह० विरूव० महासवाइं कन्नसोयपडियाए नो अभिसंधारिज्जा गमणाए ॥ से भि० अन्नयराइं विरूव० महूस्सवाइं एवं जाणिज्जा, तंजहा—इत्थीणि वा पुरिसाणि वा थेराणि वा डहराणि वा मज्झिमाणि वा आभरणविभूसियाणि वा गायंताणि वा वायंताणि वा नच्चंताणि वा हसंताणि वा रमंताणि वा मोहंताणि वा विपुलं असणं पाणं खाइमं साइमं परिभुंजंताणि वा परिभायंताणि वा विछड्डियमाणाणि वा विगोवयमाणाणि वा अन्नय० तह० विरूव० महु० कन्नसोय० ॥ से भि० नो इहलोइएहिं सद्देहिं नो परलोइएहिं स० नो सुएहिं स० नो असुएहिं स० नो दिट्ठेहिं सद्देहिं नो अदिट्ठेहिं स० नो कंतेहिं सद्देहिं सज्जिज्जा नो गिज्झिज्जा नो मुज्झिज्जा नो अज्झोववज्जिज्जा, एयं खलु० जाव जएज्जासि ( सू० १७० ) त्तिबेमि ॥ सद्दसत्तिक्कओ ॥ २-२-४ ॥

તેજ પ્રમાણે જ્યાં કથાઓ કહેવાતી હોય, માપાં તોલ વિગેરે થતું હોય અથવા તેનું વર્ણન થતું હોય ત્યાં ન જવું તથા મોટા અવાજે નાટક ગીત વાજીંત્ર તંત્રી ત્રીતલ તાલ ત્રુટિતથી થતું હોય ત્યાં સાંભળવા ન જવું તથા કજીઆ બાલકોના ખેલ ડમર અથવા બે રાજ્યોની લડાઈ હોય અથવા બહારવટીયા રાજ્ય વિરૂદ્ધ ફરતા હોય, તેવું સાંભળે તો ત્યાં ન જાય.

અથવા તે સાધુ એમ સાંભળે, કે કોઈ સુંદર બાલિકાને આખા શરીરે સ્નાન કરાવી વસ્ત્રાભૂષણથી શણગારી ઘોડા ઉપર બેસાડેલી છે તો ત્યાં ન જવું.

અથવા કોઈ પુરૂષને વધ કરવા લઈ જતા હોય તેવું અથવા દુઃખ દેવા સંબંધી બીજું કંઈ સાંભળવા મળે ત્યાં ન જાય.

અથવા તે સાધુ મહા પાપ આશ્રવનાં સ્થાન તે ઘણાં ગાડાં રથો વિગેરેથી યુક્ત મ્લેચ્છો અથવા હલકા પ્રકારનાં માણસો યુક્ત હોય, ત્યાં કાનને આનંદ પમાડનાર સાંભળવાનું મળશે તેવી બુદ્ધિએ ન જાય.

તેજ પ્રમાણે જ્યાં મહોત્સવો હોય કે જેની અંદર સ્ત્રી પુરૂષ બુઢા બાળક અથવા મધ્યમ વયનાં માણસો સુંદર વસ્ત્રાલંકાર પહેરીને ગાયનો વિગેરેની ક્રિયા કરે છે, ત્યાં સાંભળવાની બુદ્ધિથી ન જાય.

હવે આ બધાનો પરમાર્થ ટુંકામાં સમજાવે છે.

તે સાધુ આલોક અને પરલોકના મહા દુઃખના ભયથી ડરેલો એટલે આ લોકમાં સાંભળવાના રસમાં મનુષ્ય વિગેરેથી ભય છે, અને પરલોકમાં પરમાધામી ( જમડા ) ના માર ખાવા પડશે એમ વિચારીને મોહ છોડે, અથવા આ લોક કે પરલોકના સ્ત્રીના કે દેવીના શબ્દોમાં ન લલચાય, તથા તેવા શબ્દો સાંભળ્યા હોય, કે નહિ, અથવા સાક્ષાત્

મળ્યા હોય કે નહિ, તોપણ તેમાં રાગ ન કરે, તેમાં ગૃદ્ધતા ન કરે, તેમાં મુંઝાય નહિ, ન તલ્લીન થાય, અર્થાત્ જે કાનને કબજામાં રાખી મધુરમાં આનંદ ન માને, હિતના કડવા શબ્દોમાં ખેદ ન માને, તેજ તેનું પૂર્ણ સાધુપણું છે.

જો તેમ ઇંદ્રિયોને કબજામાં ન રાખી શબ્દો સાંભળવા જાય, તો ભણવું ગણવું ન થાય, તથા રાગ દ્વેષ થાય, એ પ્રમાણે બીજા પણ આ લોક પરલોક સંબંધી દુ:ખો જાણીને વિચારવા.

## રૂપ સપ્તક નામનું પાંચમું અધ્યયન.

ચોથું સપ્તક કહીને હવે રૂપ સપ્તક કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા ઉદ્દેશામાં શ્રવણ ઇંદ્રિય આશ્રયી રાગદ્વેષની ઉત્પત્તિ નિષેધી, તેમ અહીં આંખને આશ્રયી નિષેધશે, આ સંબંધે આવેલા અધ્યયનના નામ નિ-નિક્ષેપામાં ( રૂપ સપ્તક એકક ) નામ છે.

રૂપના ચાર પ્રકારે નિક્ષેપા છે—

નામ સ્થાપના સુગમને છોડીને દ્રવ્યભાવ નિક્ષેપા કહેવા નિર્યુક્તિકાર ગાથા કહે છે.

**दव्वं संठाणाई भावो वन्न कसिणं सभावो य ।**
**[दव्वं सद्द(रूव)परिणयं भावो उ गुणा य कित्ती य] ॥३२४॥**

નો આગમથી દ્રવ્ય વ્યતિરિક્તમાં પાંચે સ્થાનો પરિમંડળ ( પૂર્ણ ગોળો ) વિગેરે આકારો છે, અને ભાવરૂપ બે

પ્રકારે વર્ણથી તથા સ્વભાવથી છે, તેમાં વર્ણથી બધા (પાંચે) વર્ણો છે અને સ્વભાવ રૂપ તે અંદરમાં રહેલા ક્રોધ વિગેરેથી ભાંપણ ચઢાવી કપાળમાં સળ પાડીને આંખ લાલ કરીને અનુચિત વચન બોલવાં, એથી વિપરીત પ્રસન્ન થઇને રાગનાં વચન બોલવાં, કહ્યું છે કે—

**रुट्ठस्स खरा दिट्ठी उप्पलधवला पसन्नचित्तस्स ।**
**दुहियस्स ओमिलायइ गंतुमणस्सुस्सुआ होइ ॥ १ ॥**

ક્રોધીને આંખ લાલ હોય, અને પ્રસન્ન થયેલાની કમળ જેવી ધોળી હોય, દુ:ખી જીવની મીંચાયલા જેવી હોય, અને જવા ઇચ્છનારની આંખ ઉત્સુક હોય.

**से भि० अहावेगइयाइं रूवाइं पासइ, तं० गंथिमाणि वा वेढिमाणि वा पूरिमाणि वा संघाइमाणि वा कट्ठकम्माणि वा पोत्थकम्माणि वा चित्तक० मणिकम्माणि वा दंतक० पत्तछिज्जकम्माणि वा विविहाणि वा वेढिमाइं अन्नयराइं० विरू० चक्खुदंसणपडियाए नो अभिसंधारिज्ज गमणाए, एवं नायव्वं जहा सद्दपडिमा सव्वा वाइत्तवज्जा रूवपडिमावि ॥ ( सू० १७१ ) पञ्चमं सत्तिक्कयं ॥ २-२-५ ॥**

તે ભાવ સાધુ ગોચરી વિગેરેના કારણે બહાર ફરતાં જુદી જુદી જાતિનાં રૂપો જુએ, તેમાં મોહ ન કરે, હવે તે રૂપોની વિગત બતાવે છે. ફુલો વિગેરેથી સાથીઓ વિગેરે ગુંથીને બનાવ્યો હોય, તથા વસ્ત્ર વિગેરે વીંટીને પુતળી વિગેરે બનાવેલ હોય, તથા અમુક ચીજો પુરીને પુરૂષ વિગેરેનો આકાર

બનાવ્યો હોય, તથા કપડાંના કકડા શીવીને કાંચળી વિગેરે બનાવે—તે સંઘાતિમ છે, લાકડાંના રથ વિગેરે કાષ્ટ કર્મ છે, તથા પુસ્તકો, લેપનું કામ, ચિત્રો, તથા જુદાં-જુદાં મણિ રત્નોવડે સાથીઆ વિગેરે બનાવેલ હોય, હાથીદાંતની પુતળી વિગેરે હોય, પાંદડાં છેદીને આકાર બનાવ્યો હોય, આ પ્રમાણે અનેક મનોહર વસ્તુઓ દેખીને આંખને પ્રસન્ન કરવાની ઈચ્છાથી ન જાય, અર્થાત જવું તો દૂર રહો પણ મનમાં અભિલાષા પણ દેખવાની ન કરે, તથા પૂર્વે શબ્દોના અધિકારમાં બતાવ્યું તે પ્રમાણે અહીં પણ યોજવું કે આલોક સંબંધી કે પરલોક સંબંધી સાંભળ્યું હોય કે ન સાંભળ્યું હોય, દેખ્યું હોય કે નહિ દેખ્યું હોય, તો તે તે દરેક જાતિના રૂપમાં રાગ ગૃદ્ધતા, મોહ કે તલ્લીનતા ન કરવી, જો રૂપમાં રાગ વિગેરે કરશે તો આ લોકમાં મનુષ્ય વિગેરેથી અને પરલોકમાં પરમાધામીના માર પડશે.

## પરક્રિયા નામનું છઠ્ઠું અધ્યયન.

રૂપ અધ્યયન કહીને પરક્રિયા નામનું છઠ્ઠું અધ્યયન કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે.

ગયાં બે અધ્યયનમાં રાગદ્વેષની ઉત્પત્તિનાં નિમિત્ત મધુરશબ્દ અને રૂપનો નિષેધ બતાવ્યો, તેનેજ અહીં બીજે પ્રકારે કહેશે, આવે સંબંધે આવેલા અધ્યયનના નામ નિષ્પન્ન નિક્ષેપામાં પરક્રિયા એવું આદાન પદવડે નામ છે, તેમાં પ્રથમ પર શબ્દનો છ પ્રકારનો નિક્ષેપ અડધી ગાથાવડે કહે છે.

**छक्कं परइक्किक्क त १ दन्न २ माएस ३ कम ४ बहु ५ पहाणे ६ ।**

'પર' શબ્દનો છ પ્રકારે નિક્ષેપો છે, નામ સ્થાપના સુગમ છે, અને દ્રવ્યાદિ પર પણ એકેક છ પ્રકારે છે.

૧ તત્પર ૨ અન્યપર ૩ આદેશપર ૪ ક્રમપર ૫ બહુ-પર ૬ પ્રધાનપર છે. તેમાં પ્રથમ દ્રવ્યપર તેજરૂપે વર્ત્તમાનમાં વિદ્યમાન હોય, જેમકે એક પરમાણુથી બીજો પરમાણુ જુદો છે અન્યપર તે અન્યરૂપે પર છે, જેમકે એક બે અણુવાળો, ત્રણ અણુવાળો તેમજ બે અણુવાળો એક અણુવાળો કે ત્રણ અણુવાળો છે, આદેશપર તે આદેશ ( આજ્ઞા ) અપાય છે તે, જેમકે કોઈ કાર્યમાં મજુર વિગેરેને રખાય છે તે આદેશ-પર છે, પણ 'ક્રમપર' તો ચાર પ્રકારે છે, તેમાં દ્રવ્યથી ક્રમ પર તે એક પ્રદેશિક દ્રવ્યથી બે પ્રદેશિક દ્રવ્ય છે એ પ્રમાણે બે અણુકથી ત્રણ અણુક વિગેરે છે. ક્ષેત્રના એક પ્રદેશમાં રહેલ તેનાથી બે પ્રદેશ અવગાહમાં રહેલું છે, તથા કાળથી એક સમયની સ્થિતિવાળાથી બે સમયની સ્થિતિવાળું વિગેરે છે, ભાવથી ક્રમ પર તે એક ગુણ કાળાથી બે ગણું કાળું વિગેરે છે. એ પ્રમાણે બધા રંગમાં જાણવું.

"બહુ પર" તે બહુપણે પર એટલે એકથી બીજું બહુ હોય તે જાણવું જેમકે

**जीवा पुग्गल समया दव्व पएसा य पज्जवा चेव ।**
**थोवाणंताणंता विसेसअहिया दुवेऽणंता ॥ १ ॥**

જીવ સૌથી થોડા છે તેથી પુદ્ગલો અનંતગુણા છે, તેનાથી સમયો દ્રવ્યના પ્રદેશો અને તેના પર્યાયો અનંત તથા વિશેષ અધિક છે. ફક્ત બેમાં અનંતગણા છે.

પ્રધાનપર તે બે પગવાળામાં તીર્થંકર છે તથા ચોપગામાં સિંહ વિગેરે અને અપદમાં અર્જુન, સુવર્ણ, ફણસ વિગેરે ઝાડો છે, એ પ્રમાણે ક્ષેત્રકાળ ભાવ પર વિગેરેને પણ તત્પર વિગેરે છ પ્રકારે ક્ષેત્ર વિગેરે પ્રધાનપણાથી પહેલાંની માફક પોતાની બુદ્ધિએ યોજવાં.

સામાન્યથી તો જંબુદ્વીપક્ષેત્રથી પુષ્કર વિગેરે ક્ષેત્રો પર છે તથા કાળ પર તે વરસાદની ૠતુથી શરદ ૠતુ છે, ભાવપર તે ઔદયિકથી ઔપશમિક વિગેરે છે. હવે સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ તે આ છે.

**परकिरियं अज्झत्थियं संसेसियं नो तं सायए नो तं नियमे, सिया से परो पाए आमज्जिज्ज वा पमज्जिज्ज वा नो तं सायए नो तं नियमे। से सिया परो पायाइं संबाहिज्ज वा पलिमद्दिज्ज वा नो तं सायए नो तं नियमे। से सिया परो पायाइं कुसिज्ज वा रइज्ज वा नो तं सायए नो तं नियमे। से सिया परो पायाइं तिल्लेण वा घ० वसाए वा मक्खिज्ज वा अब्भिंगिज्ज वा नो तं २। से सिया परो पायाइं लुद्धेण वा कक्केण वा चुन्नेण वा वण्णेण वा उल्लोढिज्ज वा उव्वलिज्ज वा नो तं २। से सिया परो पायाइं सीओदगवियडेण वा २ उच्छोलिज्ज वा पहोलिज्ज वा नो तं०। से सिया परो पायाइं अन्नयरेण**

विलेवण जाएण आलिंपिज्ज वा विलिंपिज्ज वा नो तं०। से सिया परो पायाइं अन्नयरेण धूवणजाएण धूविज्ज वा पधू० नो तं २। से सिया परो पायाओ आणुयं वा कंटयं वा नीहरिज्ज वा विसोहिज्ज वा नो तं० २। से सिया परो पायाओ पूयं वा सोणियं वा नीहरिज्ज वा विसो० नो तं० २। से सिया परो कायं आमज्जेज्ज वा पमज्जिज्ज वा नो तं सायए नो तं नियमे। से सिया परो कायं लोट्टेण वा संवाहिज्ज वा पलिमद्दिज्ज वा नो तं० २। से सिया परो कायं तिल्लेण वा घ० वसा० मक्खिज्ज वा अब्भंगिज्ज वा नो तं० २। से सिया परो कायं लुद्धेण वा ४ उल्लोढिज्ज वा उव्वलिज्ज वा नो तं० २। से सिया परो कायं सीओ० उसिणो० उच्छोलिज्ज वा प० नो तं० २। से सिया परो कायं अन्नयरेण विलेवणजाएण आलिंपिज्ज वा २ नो तं० २। से० कायं अन्नयरेण धूवणजाएण धूविज्ज वा प० नो तं० २। से० कायंसि वणं आमज्जिज्ज वा २ नो तं २। से० वणं संवाहिज्ज वा पलि० नो तं०। से० वणं तिल्लेण वा घ० २ मक्खिज्ज वा अब्भं० नो तं० २। से० वणं लुद्धेण वा ४ उल्लोढिज्ज वा उव्वलेज्ज वा नो तं० २। से सिया परो कायंसि वणं सीओ० उ० उच्छोलिज्ज वा प० नो तं० २। से० सि वणं वा गंडं वा अरइं वा पुलयं वा भगंदलं वा अन्नयरेणं सत्थजाएणं अच्छिदिज्ज वा विच्छिदिज्ज वा नो तं० २। से सिया परो अन्न० जाएण आच्छिदित्ता वा विच्छिदित्ता वा पूयं वा सोणियं वा नीहरिज्ज वा वि० नो तं० २। से० कायंसि गंडं वा अरइं वा पुलइयं वा भगंदलं वा आमज्जिज्ज वा २ नो तं० २। से० गंडं वा ४ संवाहिज्ज

वा पलि० नो तं० २। से० कायं० गंडं वा ४ तिल्लेण वा ३ मक्खिज्ज वा २ नो तं० २। से० गंडं वा लुद्धेण वा ४ उल्लोढिज्ज वा उ० नो तं० २। से० गंडं वा ४ सीओदग २ उच्छोलिज्ज वा प० नो तं० २। से० गंडं वा ४ अन्नयरेणं सत्थजाएणं अच्छिदिज्ज वा वि० अन्न० सत्थ० अच्छिदित्ता वा २ पूयं वा २ सोणियं वा नीह० विसो० नो तं सायए २। से सिया परो कायंसि सेयं वा जल्लं वा नीहरिज्ज वा वि० नो तं० २। से सिया परो अच्छिमलं वा कण्णमलं वा दंतमलं वा नहम० नीहरिज्ज वा २ नो तं० २। से सिया परो दीहाइं वालाइं दीहाइं वा रोमाइं दीहाइं भमुहाइं दीहाइं कक्खरोमाइं दीहाइं वत्थिरोमाइं कप्पिज्ज वा संठविज्ज वा नो तं० २। से सिया परो सीसाओ लिक्खं वा जूयं वा नीहरिज्ज वा वि० नो तं० २। से सिया परो अंकंसि वा पलियंकंसि वा तुयट्टावित्ता पायाइं आमज्जिज्ज वा पम०, एवं हिट्ठिमो गमो पायाइ भाणियव्वो। से सिया परो अंकंसि वा २ तुयट्टावित्ता हारं वा अद्धहारं वा उरत्थं वा गेवेयं वा मउडं वा पालंबं वा सुवन्नसुत्तं वा आविहिज्ज वा पिणहिज्ज वा नो तं० २। से० परो आरामंसि वा उज्जाणंसि वा नीहरित्ता वा पविसित्ता वा पायाइं आमज्जिज्ज वा प० नो तं साइए॥ एवं नेयव्वा अन्नमन्नकिरियावि॥ ( सू० १७२ )॥

અહીં સાધુથી પર કોઈપણ ગૃહસ્થ હોય, તે કંઈપણ ક્રિયા સાધુના અંગ ઉપર કરે, તો તે સમયે સાધુએ તે

१९

ક્રિયાને કર્મબંધનનું કારણ જાણીને તેને મનથી પણ ઇચ્છે નહિં. તેમ વચનથી કે કાયાથી પણ ન કરવા દે.

આ પર ક્રિયાને ખુલાસાથી સમજાવે છે, કોઇ અન્ય શ્રાવક ધર્મશ્રદ્ધાથી સાધુના પગ ઉપર લાગેલી ધુળને કર્પટ વિગેરેથી દુર કરે અથવા તેવું બીજું કંઇ પ્રમાર્જન વિગેરે કરે તેને સાધુ મન, વચન, કાયાથી સારૂં ન જાણે, તેમ ચોળે મસળે તોપણ સારૂં ન જાણે, તેમ તેલ વિગેરેથી કે બીજા પદાર્થથી અભ્યંગન કરે અથવા લોધર વિગેરેથી ઉદ્વર્તન કરે તથા ઠંડાપાણી વિગેરેથી છંટકાવ કરે તેમ કોઈ સુગંધી દ્રવ્યથી લેપ કરે તેમ વિશિષ્ટ ધુપથી શરીર સુગંધી બનાવે અથવા પગમાં લાગેલો કાંટો કાઢે અથવા પગમાંથી ખરાબ પરૂ કે લોહી કાઢે તો તેને સારૂં મન વચન કાયાથી ન જાણે. જેવી રીતે પગનું કહ્યું, તે પ્રમાણે અંગનાં પણ કૃત્ય જાણી લેવાં. તેજ પ્રમાણે ગુમડાં આશ્રી પણ જાણવું તથા શરીરમાં નસ્તર વિગેરે મારીને કે મલમ વિગેરે લગાડીને ગુમડાં વિગેરે સારાં કરે તો તે મન વચન કાયાથી અનુમોદે નહિં.

અથવા શરીર ઉપરથી પરસેવો કે મેલ દૂર કરે તોપણ સારૂં ન માને તથા આંખનો કાનનો દાંતનો કે નખનો મેલ દૂર કરે તો સારૂં ન માને, તેમ માથાના કે શરીરના વાળ રોમ કે ભાંપણના કે કાખના વાળ કે ગુપ્તભાગના વાળ કાપે કે સરખા કરે તો સારૂં ન માને. વળી તે સાધુને અંકમાં અથવા પલ્યંકમાં તેજ પ્રમાણે હાર અર્ધહાર કંઠી ગળચવો

પહેરાવે અથવા મુકુટ કે ઝુમખાં પહેરાવે, કંદોરો પહેરાવે તેને સારૂં ન જાણે, તે વખતે સાધુ આરામ અથવા ઉદ્યાનમાં હોય ત્યાં ગૃહસ્થ આવીને ઉપરની ક્રિયા કરે તો સાધુ તેને સારૂં ન જાણે.

( ઉપરની ક્રિયાઓ જે સાધુઓ દૃઢ સંઘયણવાળા હોય તે ગુરૂની આજ્ઞાથી કાઉસગ્ગમાં રહેલા હોય ત્યાં કોઈ ભક્તિથી કરે તે આશ્રયી છે. બીજા સાધુ માટે તો વ્યવહાર ન બગડે તેથી તે પુરૂષને નિષેધ કરે અથવા પોતે વિહાર કરે તથા રોગાદિ કારણે ઔષધ ચોળાવવું પડે તો સારૂં ન જાણે. આ ક્રિયાઓ પરસ્પર સાધુએ પણ ન કરવી. શરીર ઉપર મેલ વિગેરે હોય તો કર્મ વધારે કપાય, તેમ રોગાદિ પણ દુઃખ દે તો બને ત્યાંસુધી સહન કરવા અણચાલતે ચોળે મશળે તો રોજ ચોળાવવાની કુટેવ ન પાડવી. કુવ્યસનની માફક રોજ રોજ પગ દબાવવા વિગેરે પરિણામે ઘણું દુઃખ દે છે. માટે કુટેવ ન પાડવી તે આગળ પણ કહે છે. )

**से सिया परो सुद्धेणं असुद्धेणं वा वइबलेण वा तेइच्छं आउट्टे से० असुद्धेणं वइबलेणं तेइच्छं आउट्टे ॥ से सिया परो गिलाणस्स सचित्ताणि वा कंदाणि वा मूलाणि वा तयाणि वा हरियाणि वा खणित्तु कड्ढित्तु वा कड्ढावित्तु वा तेइच्छं आउट्टाविज्ज नो तं सा० कडुवेयणा पाणभूयजीवसत्ता वेयणं वेइंति, एयं खलु० समिए सया जए सेयमिणं मन्निज्जासि ( सू० १७३ ) त्तिबेमि ॥ छट्ठओ सत्तिक्कओ ॥ २-२-६ ॥**

તે સાધુને બીજો કોઈ માણસ શુદ્ધ અથવા અશુદ્ધ વચનબળ તે મંત્ર વિગેરેથી રોગ સમાવે ( વિંછુ વિગેરે ઉતારે ) તો પોતે સારૂં જાણે નહિં તથા બીજો માંદા સાધુની દવા માટે કંદમૂળ વિગેરે ખોદીને કે ખોદાવીને લાવીને દવા કરે તો તેને સારૂં ન જાણે, બની શકે તો દુ:ખ ભોગવતાં આવી ભાવના ભાવવી કે પૂર્વે જીવે કર્મ કર્યાં છે અને તેનાં ફળ ભોગવે છે માટે બીજા કંદમૂળ વિગેરેને દુ:ખ દઈને તથા બીજા પ્રાણીઓને શરીર મન સંબંધી પીડા આપીને પોતે ફરીથી દુ:ખ ભોગવશે. કારણકે પ્રાણી ભૂત જીવ સત્વો છે, તે હાલ દરેક પોતાના પૂર્વે કરેલા કૃત્યના વિપાકને ભોગવે છે કહ્યું છે કે

**पुनरपि सहनीयो दु:खपाकस्तवायं, न खलु भवति नाशः कर्मणां सञ्चितानाम्। इति सहगणयित्वा यद्यदायाति सम्यक्, सदसदिति विवेकोऽन्यत्र भूय: कुतस्ते ? ॥ १ ॥**

હે સાધુ ! તારે આ દુ:ખનો વિપાક સહેવો જોઈએ; કારણકે પૂર્વે કરેલા કર્મોનો સંચય કરેલો છે તે સમજીને હવે પછી જે જે સુખ દુ:ખ આવે તે સમભાવે સહન કર, એ સિવાય બીજે તારો વિવેક ક્યાંથી હોય ? આ પ્રમાણે છઠ્ઠાથી તેરમા સુધી સાત અધ્યયન સમાપ્ત છે.

પૂર્વે કહ્યા પ્રમાણે બીજાએ કરેલી ક્રિયા અનુમોદવી નહિં. તેમ અહીં સાતમા અધ્યયનમાં અન્ય અન્ય ક્રિયા પણ કરવાની નિષેધ કરે છે. આ પ્રમાણે છઠ્ઠા સાતમા અધ્યયનનો

સંબંધ છે, નામ નિ. નિક્ષેપામાં અન્યોઅન્ય ક્રિયા એવું નામ છે તેની બાકી રહેલી અડધી ગાથાને નિર્યુક્તિકાર કહે છે.

**अन्ने छक्कं तं पुण तदन्नमाएसओ चेव ॥ ३२५ ॥**

અન્યના છ પ્રકારે નિક્ષેપા છે. નામ-સ્થાપના સુગમ છે. દ્રવ્ય અન્ય નિક્ષેપામાં પર શબ્દમાં જે ખુલાસો કર્યો છે તેમ અહીં પણ જાણવું. અહીં પરક્રિયા કે અન્ય ક્રિયા કારણ પ્રસંગે ગચ્છવાસીને કરવી પડે તેમાં જયણા રાખવી, ગચ્છમાંથી નીકળેલાને ઔષધ વિગેરે ક્રિયાનું પ્રયોજન નથી, તે નિર્યુક્તિકાર બતાવે છે.

**जयमाणस्स परो जं करेइ जयणाएँ तत्थ अहिगारो ।**
**निप्पडिकम्मस्स उ अन्नमन्नकरणं अजुत्तं तु ॥ ३२६ ॥**
**सत्तिक्काणं निज्जुत्ती समत्ता ॥**

સાધુએ જયણાથી કામ કરવું કરાવવું રાગદ્વેષ ન કરવા, પણ જીનકલ્પીને તે ઘટતું નથી, તેઓ દવા વિગેરેથી દૂર છે,

**से भिक्खू वा २ अन्नमन्नकिरियं अज्झत्थियं संसेइयं नो तं सायए २ ॥ से अन्नमन्नं पाए आमज्जिज्ज वा० नो तं०, सेसं तं चेव, एयं खलु० जइज्जासि ( सू० १७४ ) त्तिबेमि ॥ सप्तमम् ॥ २-२-७ ॥**

અન્યો અન્ય એટલે પરસ્પર ક્રિયા તે સાધુએ માંહોમાંહે પણ ખાસ કારણ વિના ચોળવું ચાંપવું દાબવું વિગેરે ન કરવું. જરૂર પડે કરતાં રાગ દ્વેષ ન કરવો.

**આ પ્રમાણે બીજી ચૂલિકા સમાપ્ત થઇ.**

## ભાવના નામની ત્રીજી ચૂલિકા.

બીજી કહીને હવે ત્રીજી ચૂલિકા કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, કે આ આચારાંગ સૂત્રનો વિષય પ્રથમ વર્ધમાન સ્વામીએ કહ્યો, તે ઉપકારી હોવાથી તેની વક્તવ્યતા ખુલાસાથી કહેવા તથા પંચમહાવ્રત લીધેલા સાધુએ પિંડ શય્યા વિગેરે ( સંયમ શરીર રક્ષાર્થે ) લેવા, તે બે ચૂલિકામાં બતાવ્યું. તેજ પ્રમાણે મહાવ્રતોને બરાબર પાળવા માટે ભાવના ભાવવી, તે આ ત્રીજી ચૂલિકામાં કહેશે. તેથી આવા સંબંધે આવેલી આ ચૂલિકા ( ચૂડા ) ના ચાર અનુયોગ દ્વાર કહેવા, તેમાં ઉપક્રમ દ્વારમાં રહેલો આ અર્થાધિકાર છે, કે અપ્રશસ્ત ભાવના ત્યાગીને પ્રશસ્ત ભાવના ભાવવી, નામનિ–નિક્ષેપામાં ' ભાવના ' એ નામ છે, તેના નામ સ્થાપના વિગેરે ચાર પ્રકારનો નિક્ષેપ છે, નામ સ્થાપના સુગમને છોડી દ્રવ્યાદિ નિક્ષેપો નિર્યુક્તિકાર કહે છે.

**दव्वं गंधंगतिलाइएसु सीउण्हविसहणाईसु ।**
**भावंमि होइ दुविहा पसत्थ तह अप्पसत्था य ॥ ३२७ ॥**

નો આગમથી, દ્રવ્ય ભાવના વ્યતિરિકતમાં જાઈ વગેરેના ફૂલો વિગેરે ગંધવાળા દ્રવ્યથી જે તેલ વગેરે દ્રવ્ય (પદાર્થ) માં જે વાસના (સુગંધી) લાવે, તે દ્રવ્ય વાસના છે, તથા શીતમાં ઉછરેલો માણસ શીત (ઠંડ) સહે, ઉષ્ણ દેશમાં ઉછરેલો તાપ સહે, તથા કસરત કરનારો અનેક કાયકષ્ટ સહે,

તેજ પ્રમાણે બીજા કોઇ પણ પદાર્થ વડે અથવા પદાર્થની જે ભાવના (ધર્મ સમજ્યા વિનાની) હોય તે દ્રવ્ય ભાવના છે, અને ભાવ સંબંધી જે પ્રશસ્ત અ પ્રશસ્ત ભેદ વડે બે પ્રકારની ભાવના છે, તેમાં પ્રથમ અપ્રશસ્ત કહે છે,

**पाणिवहमुसावाए अदत्तमेहुणपरिग्गहे चेव ।**
**कोहे माणे माया लोभे य हवंति अपसत्था ॥ ३२८ ॥**

જીવહિંસા જૂઠ ચોરી મૈથુન પરિગ્રહ ક્રોધ માન માયા અને લોભ એ નવ પાપોમાં પ્રથમ શંકાથી અને પછી વારંવાર નિષ્ઠુર થઇને નિઃશંકપણે વર્તે, તે અપ્રશસ્ત ભાવના. કહ્યું છે કેઃ—

**करोत्यादौ तावत्सघृणहृदयः किञ्चिदशुभं, द्वितीयं सापेक्षो विमृशति च कार्यं च कुरुते । तृतीयं निःशङ्को विगतघृणमन्यत्प्रकुरुते, ततः पापाभ्यासात्सततमशुभेषु प्ररमते ॥१॥**

સુજ્ઞપુરૂષો ભવ્યાત્માઓને બચાવવા ઉપદેશ આપે છે કે જીવહિંસા વિગેરે પાપો બાળક બુદ્ધિના માણસો પ્રથમ ડરીને છુપાં કરે છે. કે રખેને મારી લોકમાં નિંદા થશે, પણ ત્યાં કુટેવ ન છુટે તો પછી અપેક્ષા વિચારી કુયુક્તિ લગાડીને જાહેર પાપ કરે છે, ત્યાર પછી નિઃશંક થઇને લજ્જા દયાને છોડી નવાં નવાં પાપ કરે છે, અને છેવટે પાપના અભ્યાસથી હમેશાં પાપમાંજ રમે છે. (અર્થાત્ જરા કુટેવ પડવાથી ભવિષ્યમાં ઘણું નુકશાન થાય છે, માટે જરાપણ કુટેવ ન પડવા દેવી, ભુલ થાય તો તુર્ત પ્રાયશ્ચિત લેવું.)

## પ્રશસ્ત ભાવના.

**दंसणनाणचरित्ते तववेरग्गे य होइ उ पसत्था।**
**जा य जहा ता य तहा लक्खण वुच्छं सलक्खणओ ॥३२९॥**

દર્શન જ્ઞાન ચારિત્ર તપ વૈરાગ્ય વિગેરેમાં જે પ્રશસ્ત ભાવના હોય છે, તે પ્રત્યેકને લક્ષણથી કહીશ.

## દર્શન ભાવના.

**तित्थगराण भगवओ पवयणपावयणिअइसइड्डीणं।**
**अभिगमणनमणदरिसणकित्तणसंपूअणाथुणणा ॥३३०॥**

તીર્થંકર પ્રભુ, બાર અંગ (જૈન સિદ્ધાંત) જેનું બીજું નામ ગણિપિટક ( ભગવંતનાં વચન રૂપ રત્નોને રાખવાનો પેટારો ) તથા પ્રાવચનિ તે ગણધરો તથા મહાન્ પ્રભાવિક આચાર્યો યુગ પ્રધાનો તથા અતિશય ઋદ્ધિવાળા કેવળજ્ઞાની મનઃપર્યવ તથા અવધિજ્ઞાની તથા ચૌદપૂર્વી તથા આમર્ષ ઔષધિ ( જેના શરીરના મેલ કે પગને ફરશેલી રજ અડવાથી ભયંકર રોગો પણ દૂર થાય તે ) લબ્ધિધારક મુનિઓ વિગેરેનું બહુ માન કરવા સામે જઈને દર્શન કરવું, તેમના ઉત્તમ ગુણોને પ્રશંસવા, સુગંધથી પૂજન સ્તોત્ર વડે સ્તવન કરવું, ( આમાં દેવ મનુષ્યને જે ઉચિત હોય તે કરવું.)

આ પ્રમાણે હમેશાં કરવાથી દર્શન શુદ્ધિ થાય છે,

**जम्माभिसेयनिक्खमणचरणनाणुप्पया य निव्वाणे।**
**दियलोअभवणमंदरनंदीसरभोमनगरेसुं ॥ ३३१ ॥**

**अट्ठावयमुज्जिंते गयग्गपयए य धमचक्के य ।**
**पासरहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३२ ॥**

તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષા લેવાના વરઘોડામાં, ચારિત્ર લીધું તે જગ્યા, તથા કેવળ જ્ઞાન તથા નિર્વાણુ ભૂમિ, તથા દેવલોકમાં, મેરૂ પર્વત, નંદીશ્વર દ્વીપ વિગેરે તથા પાતાળનાં ભવનોમાં જે શાશ્વતા જિનેશ્વરનાં બિંબો છે, તથા અષ્ટાપદ ગિરનાર દશાર્ણકૂટમાં તથા તક્ષશિલામાં ધર્મ ચક્રના સ્થાનમાં, તથા અહિછત્રા નગરીમાં જ્યાં ધરણેંદ્રે પાર્શ્વનાથ પ્રભુનો મહિમા કર્યો છે, તથા રથાવર્ત્ત પર્વત જ્યાં વજ્ર સ્વામીએ પાદપોપગમન અણુશણુ કર્યું છે, તથા જ્યાં વર્ધમાન સ્વામીને આશ્રયી ચમરેંદ્રે ઉત્પતન કર્યું છે. આ બધા સ્થાનોમાં જઈને યથાયોગ્યપણે વંદન પૂજન સ્તવન ધ્યાન કરવાથી દર્શન શુદ્ધિ થાય છે.

( એવાં પવિત્ર સ્થાનોમાં જઈને શ્રેષ્ઠ પુરૂષોના ગુણો ધ્યાનમાં લઈને તે પ્રમાણે પોતાનો આત્મા પવિત્ર કરવો. )

**गणियं निमित्त जुत्ती संदिट्ठी अवितहं इमं नाणं ।**
**इय एगंतमुवगया गुणपच्चइया इमे अत्था ॥ ३३३ ॥**
**गुणमाहप्पं इसिनामकित्तणं सुरनरिंदपूया य ।**
**पोराणचेइयाणि य इय एसा दंसणे होइ ॥ ३३४ ॥**

જૈન સિદ્ધાંતને જાણુનારા જે મહાન સાધુપુરૂષો છે. તેમનામાં ગુણને આશ્રયી આ બાબતો છે, જેમકે બીજગણિત વિગેરેમાં કોઈ પાર પામેલો હોય ( ગમે તેવા હિસાબ ગણી

શકે કે તેને દેખીને બીજા આશ્ચર્ય પામે ) તથા જ્યોતિષના આઠે અંગમાં પ્રવીણ હોય (એટલે ગમે તેવી વાત ભૂત ભવિષ્ય કે વર્તમાનની કહી શકે) તથા દૃષ્ટિવાદ નામના બારમાં અંગમાં બતાવેલ તમામ દર્શનોની બતાવેલી જુદીજુદી યુક્તિઓને પોતે જાણે અથવા દ્રવ્યના સંયોગોને અથવા હેતુઓને જાણે.

તથા સમ્યગ્ ( "અવિપરીત" ) દૃષ્ટિ હોય કે જેથી દેવતાઓથી પણ પોતે ચલાયમાન ન થાય.

તથા અવિતથ (દરેક અપેક્ષાથી સત્ય) જેનું જ્ઞાન હોય આવા પવિત્ર આચાર્ય વિગેરેના ગુણોની પ્રશંસા કરતાં પોતાના આત્માની શ્રદ્ધા નિર્મળ થાય છે, તેજ પ્રમાણે કોઇ પણ ગુણનું વર્ણન કરતાં તે પવિત્ર પુરૂષના ગુણો મળે છે, તથા મંદબુદ્ધિવાળાને તેવા ગુણોનું કીર્તન ન થાય તો તેવા પૂર્વ મહર્ષિનાં નામો લેવાથી પણ ધર્મમાં શ્રદ્ધા થાય છે, અથવા તેવા પુરૂષને સુરનરના સ્વામીઓએ પૂજ્યા તે કથા સાંભળતાં અથવા પુરાણાં ચૈત્યોને પૂજવાથી કે તેવી બીજી ક્રિયા કરવાથી તેઓને ગુણોની વાસના મળવાથી દર્શન શુદ્ધિ થાય છે, તે દર્શનની પ્રશસ્ત ભાવના છે.

## જ્ઞાન ભાવના.

**तत्तं जीवाजीवा नायव्या जाणणा इहं दिट्ठा ।**
**इह कज्जकरणकारगसिद्धी इह बंधमुक्खो य ॥ ३३९ ॥**

बद्धो य बंधहेउ बंधणबंधप्फलं सुकहियं तु ।
संसारपवंचोऽवि य इहयं कहिओ जिणवरेहिं ॥ ३३६ ॥
नाणं भविस्सई एवमाइया वायणाइयाओ य ।
सज्झाए आउत्तो गुरुकुलवासो य इय नाणे ॥ ३३७ ॥

જીનેશ્વરનું વચન જેવી રીતે પદાર્થો છે તેવી રીતે સંપૂર્ણ પદાર્થોનું વર્ણન કરે છે, તેથી તે પ્રવચન કહેવાય છે. અને તે જ્ઞાન ભણવાથી મોક્ષનું પ્રધાન અંગ સમ્યક્ દર્શન પ્રગટ કરે છે. કારણ કે તત્ત્વોનું સ્વરૂપ જાણીને તેમાં શ્રદ્ધા કરવી તેજ સમ્યગ્ દર્શન છે. જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વો છે, તે નવ પદાર્થોને નવતત્ત્વ જ્ઞાનના અર્થીએ બરોબર જાણવા જોઈએ અને તે જાણવાનું સાધન જિનેશ્વરના વચનમાંજ છે.

વળી આ જિનવચનમાંજ પરમાર્થ રૂપ છેવટનું કાર્ય મોક્ષ છે તે મોક્ષ મેળવવાની ક્રિયા કરવામાં મહાન ઉપકારક સમ્યગ્ દર્શન જ્ઞાન–ચારિત્ર મુખ્યપણે છે.

કારક (ક્રિયા કરનારો) સાધુ સમ્યગ્ દર્શન વિગેરેનું અનુષ્ઠાન બરોબર કરનાર છે અને તે પ્રમાણે ક્રિયા કરવાથી આજ જૈન દર્શનમાં છેવટે મોક્ષની પ્રાપ્તિ છે તેજ ક્રિયાસિદ્ધિ જાણવી તેને બતાવે છે.

પ્રથમ કર્મબંધનનું સ્વરૂપ જાણવું અને તેમાં વિરકત થવું તેથી કર્મક્ષય થતાં મોક્ષ પ્રાપ્તિ થાય, આવી ક્રિયા બૌદ્ધ વિગેરે દર્શનમાં ન હોવાથી મોક્ષની ક્રિયાસિદ્ધિ પણ અશકય છે.

આ પ્રમાણે પ્રથમ જ્ઞાન ભણવાથી અને તે પ્રમાણે વર્તવાથી જ્ઞાન ભાવના થાય છે તથા આઠ પ્રકારના કર્મના પુદ્ગલોથી જીવ દરેક પ્રદેશે બંધાએલો છે, તથા મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને યોગો કર્મ બંધનના હેતુઓ છે અને આઠ પ્રકારના કર્મવર્ગણાનું રૂપ પૂર્વે કહ્યા પ્રમાણે બંધન છે અને તે ઉદય આવતાં એનું ફળ ચાર ગતિવાળા સંસારમાં ભ્રમણ કરીને સુખ દુઃખને ભોગવવાનું છે. આ બધું જિનવચનમાંજ કહેલું છે.

અથવા દુનિયામાં જે કંઇ સુભાષિત હિતકારક વચન છે તે અહીં પ્રવચનમાં કહેલું છે તે જ્ઞાનભાવના છે. વળી આ જિનવચનમાં આ સંસારનું જે વિચિત્ર સ્વરૂપ છે તે વિસ્તારથી કહ્યું છે.

તથા હું નિર્મળ ભાવે ભણીશ તો મારૂં જ્ઞાન વધારે નિર્મળ થશે એવી જ્ઞાનભાવના ભાવવી અર્થાત્ રોજ રોજ નવું નવું જ્ઞાન સંપાદન કરવું, આદિ શબ્દથી એકાગ્રચિત્ત વિગેરે ગુણો આ જ્ઞાનથી થાય છે. વળી અજ્ઞાની જે કર્મ કરોડો વરસે ખપાવે છે તેને જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

આવાં કારણોથી જ્ઞાન ભણવું, એટલે જ્ઞાનનો સંગ્રહ થાય. કર્મની નિર્જરા થાય ભૂલી ન જવાય અને સ્વાધ્યાય કરતાં ચિત્તમાં આનંદ રહે આ કારણોથી જ્ઞાન ભાવના વડે દરેક સાધુને ગુરૂકુળ વાસ થાય છે તે બતાવનારી ગાથા કહે છે.

" णाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए गुरुकुलवासं न मुञ्चन्ति ॥ १ ॥ "

જ્ઞાનનો ભાગી થાય, શ્રદ્ધા અને ચારિત્રમાં સ્થિર ચિત્તવાળો થાય, આવાં કારણોથી જેઓ ગુરૂકુળવાસ નથી મુકતા, તેવા પુરૂષોને ધન્ય છે. આવી જ્ઞાનની ભાવના જાણવી.

## હવે ચારિત્રની ભાવના કહે છે.

साहुमहिंसाधम्मो सच्चमदत्तविरई य बंभं च ।
साहु परिग्गहविरई साहु तवो बारसंगो य ॥ ३३८ ॥
वेरग्गमप्पमाओ एगत्ता (ग्गे) भावणा य परिसंगं ।
इय चरणमणुगयाओ भणिया इत्तो तवो वुच्छं ॥ ३३९ ॥

અહિંસાદિ લક્ષણવાળો જૈનધર્મ શ્રેષ્ટ છે. આ પહેલા વ્રતની ભાવના છે તથા આ જિનેશ્વર વચનમાં નિર્મળ સત્ય છે તેવું બીજે નથી. આ બીજા મહાવ્રતની ભાવના છે, ત્રીજા વ્રતની ભાવનામાં અહીં પારકો માલ ન લેવાનું બરોબર બતાવ્યું છે, ચોથા મહાવ્રતની ભાવનામાં બ્રહ્મચર્યની નવવાડો પાળવાનું અહીં બતાવ્યું છે, પાંચમાં મહાવ્રતની ભાવનામાં જરૂરનાં ઉપકરણ સિવાય પરિગ્રહનું ત્યાગપણું સર્વોત્તમ જિન વચનમાં બતાવ્યું છે.

બાર પ્રકારનો તપ પણ અહીં ઇંદ્રિયોના વિજય માટે તથા કર્મો ખપાવવા માટે અહીં બતાવ્યો છે.

વૈરાગ્ય ભાવનામાં સંસારનાં દેખીતાં સુખો પરિણામે તથા અંતરદષ્ટિએ જોતાં દુઃખરૂપ છે માટે વિષ્ટા સમાન જાણીને દૂરથી ત્યાગવા યોગ્ય છે એમ ભાવવું.

અપ્રમાદ ભાવનામાં જાણવું કે જે જીવો દારૂ વિગેરેના કુવ્યસનમાં કે ક્રોધાદિ કરીને કે ઇંદ્રિયોને વશ થઇ કેવાં દુઃખ ભોગવે છે તે વિચારી પાંચે પ્રમાદોને છોડવાનું અહીં છે. એકાગ્રભાવનામાં આ ગાથા વિચારવી.

**" एक्को मे सासओ अप्पा, णाणदंसणसंजुओ ।**
**सेसा मे बहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ १ ॥ "**

જે કોઇ સંસારી જીવ કે સાધુ દેખીતા મનોહર વિષયોથી મુંઝાઈને વિહ્વલથાય અથવા તેવા સુંદર વિષયોના વિયોગમાં ઘેલો થાય તેવા પુરૂષને ચિત્તમાં અપૂર્વ શાન્તિ પ્રાપ્ત કરવા આ ઉપદેશ છે કે તું તારા હૃદયમાં આ પ્રમાણે વિચાર, કે મારો આત્મા નિરંતર રહેનારો જન્મ મરણથી મુક્ત જ્ઞાન દર્શનના લક્ષણવાળો છે, બાકીનું જે કંઈ શરીર વિગેરે ચલાયમાન દેખાય છે તે કર્મના સંયોગથી મને મળેલું છે, હું તેનાથી જુદો છું, મારૂં સ્વરૂપ ચેતન છે અને શરીર વિગેરે જડ છે. ( આ નિશ્ચય નયની ભાવના જાણવી. )

આ ભાવનાઓ રૂષિઓનું અંગ છે અને ચારિત્રને આશ્રયી ( ટેકો આપનાર ) છે.

## ( હવે તપની ભાવના કહે છે. )

**किह मे हविज्जऽवंझो दिवसो ? किं वा पहू तवं काउं ? ।**
**को इह दव्वे जोगो खित्ते काले समयभावे ? ॥ ३४० ॥**

સાધુએ નિર્મળ ચારિત્ર પાળવા હંમેશાં ચિંતવન કરવું કે વિગઈઓ વિગેરે ત્યાગીને મારો દિવસ હંમેશાં ક્યારે સફળ થશે ? તથા હું કયો તપ કરવાને શક્તિવાન છું ? તથા કયા દ્રવ્ય વિગેરેમાં મારો નિર્વાહ થશે ? આવું ચિંતવવું, તેમાં બને ત્યાંસુધી સાધુએ દ્રવ્યમાં ઉત્સર્ગથી વાલ ચણા વિગેરે વાપરવા, ક્ષેત્રમાં જ્યાં ઘી દુધ મળે કે લુખા રોટલા મળે તોપણ સંતોષથી વિહાર કરવો, કાળમાં ઠંડમાં કે ઉનાળામાં વિહાર કરવો તથા ભાવમાં હું સાજો હોવાથી આ તપ કરવાને શકિતવાન છું. આવી રીતે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી વિચારી યથા શક્તિ ઉપકરણ વિગેરે જોઈતાંજ રાખીને પરિસહો સહેવા તપ કરવો. તત્ત્વાર્થ સૂત્રના છઠ્ઠા અધ્યાયમાં ૨૩ મા સૂત્રમાં કહ્યું છે કે યથાશક્તિ ત્યાગ અને તપ કરવો.

**उच्छाहपालणाए इति ( एव ) तवे संजमे य संघयणे ।**
**वेरग्गेऽणिच्चाई होइ चरित्ते इहं पगयं ॥ ३४१ ॥**

તથા અણુસણ વિગેરે તપસ્યામાં પોતાનું બળ અને વીર્ય ન ગોપવતાં ઉત્સાહ રાખવો અને લીધેલા તપને પુરો પાળવો.

**" तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झिअव्वयधुवम्मि ।**
**अणिगूहिअबलविरिओ सव्वत्थामेसु उज्जमइ ॥ १ ॥**

**किं पुण अवसेसेहिं दुक्खक्खयकारणा सुविहिएहिं ।**
**होइ न उज्जमिअव्वं सपच्चवायंमि माणुस्से ? ॥ २ ॥"**

તીર્થંકર દિક્ષા લેતાંજ ચાર જ્ઞાની થાય છે, દેવતા પૂજે છે, નિશ્ચેમોક્ષમાં જવાના છે, આટલું છતાં પણ પોતાનું ઘાતીકર્મ ખપાવવા બળ વીર્યને ન ગોપાવતાં અઘોર તપશ્ચર્યા કરે છે, તો તે સિવાયના બીજા સારા સાધુઓ દુઃખનો ક્ષય કરવા અને મનુષ્ય જીવન અનેક વિઘ્નોવાળું છે તો તેમણે શામાટે પુરો ઉદ્યમ ન કરવો જોઈએ ? આવી તપની ભાવના ભાવવી, સંયમ ભાવના ઇંદ્રિયો અને મનને વશ રાખવા માટે છે તથા સંઘયણ તે વજ્ર રૂષભ વિગેરેમાં તપનો નિર્વાહ થઇ શકે તેવી ભાવના ભાવવી.

## વૈરાગ્ય ભાવના.

અનિત્ય વિગેરે બાર ભાવનાઓ ભાવવી ( ૧ ) આ સંસારમાં બધું અનિત્ય છે પણ સ્થાયિ રહેવાનું નથી ( ૨ ) મારે કોઈનું શરણ નથી ( ૩ ) હું એકલો જન્મ્યો અને એકલોજ મરવાનો છું ( ૪ ) મારા આત્માથી બીજા તમામ જીવો કે જે પદાર્થો જુદા છે ( ૫ ) અશુચિત્વ તે શરીર અંદરથી દુર્ગંધથી ભરેલું છે. ( ૬ ) સંસાર તે વિષયોમાં મોહ કરનારને સંહારનું ભ્રમણ થાય છે ( ૭ ) આશ્રવ તે સુંદર પદાર્થોમાં રાગ અને વિરૂદ્ધમાં દ્વેષ કરવાથી તૃષ્ણા વધીને રોજ રોજ નવાં કર્મોનાં પુદ્ગલો આવે છે ( ૮ ) માટે સુંદર કે વિરૂપ પદાર્થમાં રાગદ્વેષ ન કરતાં સમતા રાખવાથી

સંવર થાય છે ( ૯ ) આવેલાં સુખદુ:ખને હર્ષ ખેદ બતાવ્યા વિના સમતા ભાવે ભોગવીને તથા તપસ્યા કરીને પૂર્વનાં ચીકણાં કર્મ કાપવાં તે નિર્જરા ભાવના છે ( ૧૦ ) લોક તે જેમાં છ દ્રવ્યો રહેલાં છે અને ચાર ગતિમાં જીવનું ભ્રમણ છે તે વિચારવું તે લોક ભાવના છે. ( ૧૧ ) ધર્મનું ચિંતન કરવું તત્વને ઓળખવાં તેજ સમય સફળ જાણવો આ ધર્મ ભાવના છે (૧૨) વીતરાગ પ્રભુનું વચન સાંભળવું અને તેમાં શ્રદ્ધા થવી એ ઘણું દુર્લભ છે એ બોધિ દુર્લભ ભાવના છે.

આ પ્રમાણે બાર ભાવનાઓ ભાવવાથી આત્મ નિર્મળ થાય છે, એમ ભાવનાનું સ્વરૂપ અનેક પ્રકારે થાય છે તે શિષ્યોને જાણવા માટે લખ્યું છે. પણ ચાલુ વાતમાં તો ચારિત્ર ભાવના સાથે પ્રયોજન છે, માટે વીર પ્રભુનું ચરિત્ર નિર્યુક્તિનો અનુગમ કહીને સૂત્રનું ઉચ્ચારણ કરતાં કહે છે.

## મહાવીર પ્રભુનું ચરિત્ર.

**तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पंचहत्थुत्तरे यावि हुत्था, तंजहा-हत्थुत्तराइं चुए चइत्ता गब्भं वक्कंते हत्थुत्तराहिं गब्भाओ गब्भं साहरिए हत्थुत्तराहिं जाए हत्थुत्तराहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए हत्थुत्तराहिं कसिणे पडिपुन्ने अव्वाघाए निरावरणे अणंते अणुत्तरे केवलवरनाणदंसणे समुप्पन्ने, साइणा भगवं परिनिव्वुए। ( सू० १७९ )**

તે કાળ તે સમય એટલે વિક્રમ સંવતના ૪૭૦ વરસ પહેલાં મહાવીર પ્રભુનો જન્મ થયો એવી હાલની ગણતરી છે અને નવ મહિના અને સાડાસાત દિવસ પહેલાં મહાવીર સ્વામી માતાના ઉદરમાં આવ્યા હતા તેને જૈનમતમાં પ્રભૂનું ચ્યવન થયું વિગેરે બાબતો કહે છે.

જૈનોમાં દરેક તીર્થંકરનાં પાંચ કલ્યાણક છે એટલે ચ્યવન જન્મ દિક્ષા કેવળજ્ઞાન અને મોક્ષ છે મહાવીર પ્રભુને એક માતાના ગર્ભમાંથી બીજી માતાના ગર્ભમાં મુક્યા તેને ગર્ભાપહાર કહે છે ( એટલે કોઇ આચાર્ય છ કલ્યાણક પણ માને છે, આ છ માને કે પાંચ માને પણ જો પરસ્પર પ્રીતિ વધારી કલ્યાણનું કારણ એવો તપ જપ કે નિર્મળ ભાવનાઓ ભાવે એ વિશેષ પ્રશંસવા જેવું છે ) ટુંકાણમાં સમજાવવા પ્રથમ ચંદ્રનક્ષત્ર કહે છે. ( સૂર્યનું નક્ષત્ર તેર અથવા ચૌદ દિવસે બદલાય છે ચોમાસામાં આર્દ્રા મઘા સ્વાતિ વિગેરેનો વરસાદ સારો છે એ સૂર્ય નક્ષત્ર છે તથા રોજ બદલાય તે ચંદ્ર નક્ષત્ર છે અને અહીં જે નક્ષત્ર લીધાં તે ચંદ્ર નક્ષત્ર છે ) હસ્ત ઉત્તરે જેને છે તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર છે.

મહાવીર પ્રભુને ચ્યવન ગર્ભાપહાર જન્મ દિક્ષા કેવળ જ્ઞાન એ ઉત્તરાફાલ્ગુનીમાં થયાં છે અને ભગવાનનો મોક્ષ સ્વાતિ નક્ષત્રમાં થયો છે. તે વિસ્તારથી પછીના સૂત્રમાં છે.

**समणे भगवं महावीरे इमाए ओसप्पिणीए सुसमसुसमाए समाए वीइक्कंताए सुसमाए समाए वीइक्कंताए सुस-**

मदुस्समाए समाए वीइक्कंताए दूसमसुसमाए समाए बहु विइक्कंताए पन्नहत्तरीए वासेहिं मासेहि व अद्धनवमेहिं सेसेहिं जे से गिम्हाणं चउत्थे मासे अट्ठमे पक्खे आसाढ-सुद्धे तस्स णं आसाढसुद्धस्स छट्टीपक्खेणं हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागएणं महाविजयसिद्धत्थपुप्फुत्तरवरपुंड-रीयदिसासोवत्थिपवद्धमाणाओ महाविमाणाओ वीसं साग-रोवमाइं आउयं पालइत्ता आउक्खएणं ठिइक्खएणं भवक्ख-एणं चुए चइत्ता इह खलु जंबुद्दीवे णं दीवे भारहे वासे दा-हिणड्ढभरहे दाहिणमाहणकुंडपुरसंनिवेसंमि उसभदत्तस्स माहणस्स कोडालसगोत्तस्स देवाणंदाए माहणीए जालंध-रस्स गुत्ताए सीहुब्भवभूएणं अप्पाणेणं कुच्छिंसि गब्भं वक्कंते, समणे भगवं महावीरे तिन्नाणोवगए या वि हुत्था, चइस्सामित्ति जाणइ चुएमित्ति जाणइ चयमाणे न याणेइ, सुहुमे णं से काले पन्नत्ते, तओ णं समणे भगवं महावीरे हियाणुकंपएणं देवेणं जीयमेयंतिकट्टु जे से वासाणं तच्चे मासे पंचमे पक्खे आसोयबहुले तस्स णं आसोयबहुलस्स तेरसीपक्खेणं हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागएणं बासीहिं राइंदिएहिं वइक्कंतेहिं तेसीइमस्स राइंदियस्स परियाए वट्ट-माणे दाहिणमाहणकुंडपुरसंनिवेसाओ उत्तरखत्तियकुंडपुर-संनिवेसंसि नायाणं खत्तियाणं सिद्धत्थस्स खत्तियस्स कास-वगुत्तस्स तिसलाए खत्तियाणीए वासिट्ठसगुत्ताए असुभाणं पुग्गलाणं अवहारं करित्ता सुभाणं पुग्गलाणं पक्खेवं करित्ता कुच्छिंसि गब्भं साहरइ, जेवि य से तिसलाए खत्तियाणीए

कुच्छिसि गब्भे तंपि य दाहिणमाहणकुंडपुरसंनिवेसंसि उस० को० देवा० जालंधरायणगुत्ताए कुच्छिसि गब्भं साह- रइ, समणे भगवं महावीरे तिन्नाणोवगए यावि होत्था— साहरिज्जिस्सामित्ति जाणइ साहरिज्जमाणे न याणइ साह- रिएमित्ति जाणइ समणाउसो !। तेणं कालेणं तेणं समएणं तिसलाए खत्तियाणीए अहऽन्नया कयाई नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणराइंदियाणं वीइक्कंताणं जे से गिम्हाणं पढमे मासे दुच्चे पक्खे चित्तसुद्धे तस्स णं चित्तसु- द्धस्स तेरसीपक्खेणं हत्थु० जोग० समणं भगवं महावीरं अरोग्गा अरोग्गं पसूया। जण्णं राइं तिसलाख० समणं० महावीरं अरोया अरोयं पसूयात ण्णं राइं भवणवइवाणमंत- रजोइसियविमाणवासिदेवेहिं देवीहि य उवयंतेहिं उप्पयं- तेहि य एगे महं दिव्वे देवुज्जोए देवसन्निवाए देवकहक्कहए उप्पिजलगभूए यावि हुत्था। जण्णं रयणिं० तिसलाख० समणं० पसूया तण्णं रयणिं बहवे देवा य देवीओ य एगं महं अमयवासं च १ गंधवासं च २ चुन्नवासं च ३ पुप्फवा० ४ हिरन्नवासं च ५ रयणवासं च ६ वासिंसु, जण्णं रयणिं तिसलाख० समणं० पसूया तण्णं रयणिं भवणवइवाणमंतर- जोइसियविमाणवासिणो देवा य देवीओ य समणस्स भग- वओ महावीरस्स सूइकम्माइं तित्थयराभिसेयं च करिंसु, जओ णं पभिइ भगवं महावीरे तिसलाए ख० कुच्छिसि गब्भं आगए तओ णं पभिइ तं कुलं विपुलेणं हिरन्नेणं सुव- न्नेणं धणेणं धन्नेणं माणिक्केणं मुत्तिएणं संखसिलप्पवालेणं

अईव २ परिवड्ढइ, तओ णं समणस्स भगवओ महावीरस्स अम्मापियरो एयमट्ठं जाणित्ता निव्वत्तदसाहंसि वुक्कंतंसि सुइभूयंसि विपुलं असणपाणखाइमसाइमं उवक्खडाविंति २ त्ता मित्तनाइसयणसंबंधिवग्गं उवनिमंतंति मित्त० उवनिमंतित्ता बहवे समणमाहणकिवणवणीमगाहिं भिच्छुंडगपंडरगाईण विच्छड्डुंति विग्गोविंति विस्साणिंति दायारेसु दाणं पज्जभाइंति विच्छड्डित्ता विग्गो० विसाणित्ता दाया० पज्जभाइत्ता मित्तनाइ० भुंजाविंति मित्त० भुंजावित्ता मित्त० वग्गेण इममेयारूवं नामधिज्जं कारविंति—जओ णं पभिइ इमे कुमारे ति० ख० कुच्छिंसि गब्भे आहूए तओ णं पभिइ इमं कुलं विपुलेणं हिरन्नेणं० संखसिलप्पवालेणं अतीव २ परिवड्ढइ ता होउ णं कुमारे वद्धमाणे, तओ णं समणे भगवं महावीरे पंचधाइपरिवुडे, तं०—खीरधाईए १ मज्जणधाईए २ मंडणधाईए ३ खेलावणधाइए ४ अंकधा० ५ अंकाओ अंकं साहरिज्जमाणे रम्मे मणिकुट्टिमतले गिरिकंदरसमुल्लीणेविव चंपयपायवे अहाणुपुव्वीए संवड्ढइ, तओ णं समणे भगवं० विन्नायपरिणय ( मित्ते ) विणियत्तबालभावे अप्पुस्सुयाइं उरालाइं माणुस्सगाइं पंचलक्खणाइं कामभोगाइं सद्दफरिसरसरूवगंधाइं परियारेमाणे एवं च णं विहरइ ॥ (सू० १७६)

શ્રમણ ભગવાન મહાવીર આ અવસર્પિણીના ચોથા આરાને છેડે પંચોતેર વરસને સાડાઆઠ મહિના બાકી રહે છે, તે ગ્રીષ્મઋતુના ચોથે મહિને આઠમે પખવાડીએ અષાડ

શુદ છઠ્ઠને દિવસે મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તર વર પુંડરિકદિશા સૌવસ્તિક વર્ધમાન નામના મહાવિમાનમાંથી દેવતા સંબંધી વીસ સાગરોપમનું આયુ પુરૂં કરીને ભવ તથા સ્થિતિનો ક્ષય થતાં ચવીને આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રના દક્ષિણ અર્ધભરતમાં દક્ષિણ બ્રાહ્મણકુંડસ્થાનમાં કોડાલગોત્રી રૂષભદત્ત બ્રાહ્મણના ઘરમાં જાલંધર ગોત્રની દેવાનંદા બ્રાહ્મણીની કુખમાં સિંહના બચ્ચાની માફક અવતર્યા. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાન સહિત હતા તેથી દેવલોકમાં જાણ્યું કે હું ચ્યવીશ. ગર્ભમાં અવતર્યા પછી જાણે કે હું ચવ્યો, પણ ચવવાનો કાળ થોડો હોવાથી તેનું જ્ઞાન થતું નથી કે હું ચવું છું.

ત્યાર પછી મહાવીર પ્રભુને ખરી ભક્તિથી દેવતાએ પોતાના હંમેશના આચાર પ્રમાણે ૮૨ દિવસ થયા પછી આસો (ગુજરાતી ભાદરવો) વદી તેરસના તે બ્રાહ્મણીના કુખમાંથી ત્યાંથી થોડે દૂર આવેલા ક્ષત્રિયકુંડ નગરમાં જ્ઞાતવંશીય કાશ્યપ ગોત્રના સિદ્ધાર્થ ક્ષત્રિય રાજાની ભાર્યા વાશિષ્ટ ગોત્રની ત્રિશલા ક્ષત્રિયાણીની કુખમાં અશુભ પુદ્ગલો દૂર કરીને શુભ પુદ્ગલો મુકીને ભગવાનને આ ગર્ભમાં મુકયા અને ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ દેવાનંદાની કુખમાં મુકયો. (કલ્પસૂત્રમાં આનું વિશેષ વર્ણન છે અને તેનું ભાષાંતર ગુજરાતી તથા હિંદીમાં છે ત્યાંથી જોવું કે આ કાર્ય સૌધર્મ ઇંદ્રે હરિણગમેષી દેવતા પાસે કરાવ્યું હતું આ વાત દેવ સંબંધી હોવાથી મનુષ્યોથી જાણી શકાતી નથી, પણ જેઓ જૈનાગમને

પવિત્ર માને છે તેઓને ભગવતી વિગેરે સૂત્રોથી પણ સમજાશે કે મહાવીર પ્રભુને કેવળ જ્ઞાન થયા પછી અન્ય લોકો માફક દેવાનંદા બ્રાહ્મણીમાતા સમવસરણમાં જિનેશ્વરને વાંદવા આવેલ છે, ત્યાં પુત્ર પ્રેમ ઉદ્દભવ્યો, સ્તનોમાં દુધ ભરાઈ આવ્યું અને ગણધર ઇંદ્રભૂતિ મહારાજને આશ્ચર્ય થવાથી પૂછયું, ત્યારે પ્રભુએ કહ્યું કે આ મારી મા છે, પણ પૂર્વ ભવમાં દેવાનંદાએ રત્ન ચોર્યાં તેવા કારણે અશુભ કર્મ બંધાતાં તેનો ગર્ભ ચોરાયો, આ વાત કહેવાનો સાર એ છે કે જે બીજાની ચોરી કરે છે તેને કડવાં ફળ ભવિષ્યમાં ભોગવવાં પડે છે. )

પ્રભુને જ્યારે એક ગર્ભમાંથી બીજે મુકવાના હતા ત્યારે ત્રણ જ્ઞાનવાળા હોવાથી પોતે જાણે કે મને લઈ જશે તેમ લઈ જતાં ન જાણે કે લઈ જાય છે. અને ત્યાં લઈ ગયા પછી મુકે તે પણ જાણે કે મને મુકયો, ( અવધિ જ્ઞાનીને આજ જણાય છે. કે આ પ્રમાણે અમુક દેવતા કરે છે, કરશે કે કર્યું. ) વળી ગણધરો પોતાના શિષ્યોને કહે છે, હે આયુષ્યમન્ શ્રમણ ! તે કાળ તે સમયને વિષે ૯ માસ ને સાડાસાત દિવસની બંને ગર્ભ સ્થાનમાં ગર્ભ સ્થિતિ પુરી કરીને ગ્રીષ્મઋતુમાં પહેલો માસ બીજું પખવાડીયું ચૈત્ર શુદ ૧૩ ના દિવસે નિરોગી ત્રિશલા માતાએ નિરોગી પુત્ર શ્રમણ ભગવાન્ મહાવીરને જન્મ આપ્યો.

પ્રભુના જન્મ સમયે મધરાત પછી ભુવનપતિ વાનવ્યંતર

જ્યોતિષી વૈમાનિક દેવદેવીઓના આવવાથી આકાશમાં એક મહાન્ દિવ્ય પ્રકાશ અને કોળાહળ થયો.

અને તે સમયે દેવદેવીઓએ આવીને સુગંધી જળ, સુગંધી વસ્તુ, ચુર્ણ ફુલ સોનારૂપાની અને રત્નની વૃષ્ટિ કરી.

જે રાત્રીએ ભગવાન જન્મ્યા તે સમયે દેવદેવીએ મહાવીર પ્રભુનું જન્મ સંબંધી સૂતિકર્મ વિગેરે કર્યું અને મેરૂપર્વત ઉપર પ્રભુને લઇ જઈને જન્માભિષેક કર્યો.

વળી પ્રભુ માતાના ગર્ભમાં હતા તે સમયે પ્રભુના પુન્યોદયથી દેવતાએ તેમના માતાપિતાના ઘરમાં નવારસીયું ધન લાવીને નાખ્યું તથા બીજી દરેક રીતે માતાપિતાનું ધન, સોનું ચાંદી રત્ન શંખ માણેક મોતી પરવાળાં બધી રીતે વધ્યાં, તેથી પૂર્વે કરેલા વિચાર પ્રમાણે પુત્ર જન્મનું દસ દિવસનું સૂતિ કાર્ય કર્યા પછી બારમે દિવસે ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવીને મિત્ર જ્ઞાતિ સ્વજન તથા સંબંધી વર્ગને બોલાવીને તથા શ્રમણ બ્રાહ્મણ ભિક્ષુક વિગેરેને તથા આંધળાં પાંગળાં વિગેરે દરદીઓને બોલાવી તેમને ઇચ્છિત આપીને મન સંતુષ્ટ કરીને માતાપિતા એ બધાંની સમક્ષ પોતાના પુત્રનું નામ તેના ગુણ પ્રમાણે એટલે આ પુત્ર વૃદ્ધિ કરનાર છે એવું અનુભવેલું અને વિચાર કરી રાખ્યા પ્રમાણે જાહેર કરીને વર્ધમાન રાખ્યું, ત્યારપછી મહાવીર પ્રભુ માટે દુધ ધવરાવનાર સ્નાન કરાવનાર શણગાર કરાવનાર ખેલાવનાર ખોળામાં બેસાડનાર એવી પાંચ ધાવમાતાઓ રાખી અને

એ પાંચ માતાઓ ઉપરાંત તેમના પુન્યોદયથી મનોહર શાન્ત મુદ્રાવાળા પ્રભુને જોઈને પ્રસન્ન થઇને અનેક સ્ત્રીઓ પોતાના ખોળામાં રમાડવા લેતી, આ પ્રમાણે લોકોને આનંદ પમાડતા મણીરત્નોથી વિભૂષિત ઘરમાં જેમ પર્વતની ગુફામાં ચંપ્રકનું ઝાડ ઉછરે તેમ મોટા થયા.

## પ્રભુની યુવાવસ્થા.

ધીરેધીરે બાળ અવસ્થા દૂર થતાં વિશેષ જ્ઞાન પામીને અનુભવવાળા પ્રભુ ઉત્સુકતા છોડીને મનુષ્ય સંબંધી પાંચે ઇંદ્રિયોનાં સુંદર કામભોગને ભોગવતાં શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધ વિગેરેને અનુભવે છે અને કાળ સુખે નિર્ગમન કરે છે.

**समणे भगवं महावीरे कासवगुत्ते तस्स णं इमे तिन्नि नामधिज्जा एवमाहिज्जंति, तंजहा—अम्मापिउसंति वद्धमाणे १ सहसंमुइए समणे २ भीमं भयभेरवं उरालं अवेलयं परीसह—सहत्तिकट्टु देवेहिं से नामं कयं समणे भगवं महावीरे ३, समणस्स णं भगवओ महावीरस्स पिया कासवगुत्तेणं तस्स णं तिन्नि नाम० तं०—सिद्धत्थे इ वा सिज्जंसे इ वा जसंसे इ वा, समणस्स णं० अम्मा वासिट्ठस्सगुत्ता तीसे णं तिन्नि ना० तं०—तिसला इ वा विदेहदिन्ना इ वा पियकारिणी इ वा, समणस्स णं भ० पित्तिअए सुपासे कासवगुत्तेणं, समण० जिट्ठे भाया नंदिवद्धणे कासवगुत्तेणं, समणस्स णं जेट्ठा भइणी सुदंसणा कासवगुत्तेणं, समणस्स णं भग० भज्जा जसोया कोडिन्नागुत्तेणं, समणस्स णं० धूया कासवगो-**

रोणं तीसे णं दो नामधिज्जा एवमा०—अणुज्जा इ वा पियदंसणा इ वा, समणस्स णं भ० नत्तूई कोसीया गुत्तेणं तीसे णं दो नाम० तं—सेसवई इ वा जसवई इ वा, ( सू० १७७ )

## પ્રભુના અને તેમના કુટુંબના નામો.

કાશ્યપ ગોત્રીય પ્રભુનું માતાપિતાએ વર્ધમાન નામ પાડયું, સ્વભાવીક ગુણોથી શ્રમણ નામ પાડયું અને ભયંકર ભૂત વિગેરેના તથા બીજા દેવ મનુષ્યોના બધાએ પરિસહોસહ્યા માટે દેવોએ શ્રમણ ભગવાન મહાવીર એવું નામ પાડયું.

ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના તેમનાં ત્રણ નામ હતાં—સિદ્ધાર્થ, શ્રેયાંસ, યશસ્વી.

ભગવાનની માતા વશિષ્ટ ગોત્રની; તેના ત્રણ નામ છે. ત્રિશલા, વિદેહદિન્ના પ્રિયકારિણિ.

ભગવાનના કાકા સુપાર્શ્વ, મોટા ભાઈ નંદિવર્ધન, મોટી બેહેન સુદર્શના એ બધા કાશ્યપ ગોત્રીય હતા. ભગવાનની ભાર્યા યશોદા કૌડિન્ય ગોત્રની હતી. ભગવાનની પુત્રી કાશ્યપ–ગોત્રની તેના બે નામ છે–અનવદ્યા, પ્રિયદર્શના. ભગવાનની દૌહિત્રી કૌશિક ગોત્રની તેના બે નામ–શેષવતી, યશોમતી.

समणस्स णं० ३ अम्मापियरो पासावच्चिज्जा समणोवासगा यावि हुत्था, ते णं बहूइं वासाइं समणोवासगपरि-

यागं पालइत्ता छण्हं जीवनिकायाणं सारक्खनिमित्तं आलोइत्ता निंदित्ता गरिहित्ता पडिक्कमित्ता अहारिहं उत्तरगुणपायच्छित्ताइं पडिवज्जित्ता कुससंथारगं दुरूहित्ता भत्तं पच्चक्खायंति २ अपच्छिमाए मारणंतियाए संलेहणासरीरए झुसियसरीरा कालमासे कालं किच्चा तं सरीरं विप्पजहित्ता अच्चुए कप्पे देवत्ताए उववन्ना, तओ णं आउक्खएण भव० ठि० चुए चइत्ता महाविदेहे वासे चरमेणं उस्सासेणं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिनिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ( सू० १७८ )

ભગવાનના માબાપ પાર્શ્વ પરંપરાના શ્રમણોના ઉપાસક હતા, તેઓ ઘણાં વર્ષ શ્રમણોપાસકપણું પાળી છ કાયના જીવની રક્ષણાર્થે (પાપની) આલોચના કરી નિંદી ગર્હી પડિક્રમી યથાયોગ્ય પ્રાયશ્ચિત લઇ દર્ભ સંસ્તારક ઊપર બેસી ભક્ત પ્રત્યાખ્યાન કરી છેલ્લી મરણ પર્યંતના શરીર–સંલેખના વડે શરીર શોષી કાલ સમયે કાલ કરી તે શરીર છોડી અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી આયુ ક્ષય થતાં ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં છેલ્લે ઊસાસે સિદ્ધબુદ્ધ મુક્ત થઇ નિર્વાણ પામી સર્વ દુઃખનો અંત કરશે.

तेणं कालेणं २ समणे भ० नाए नायपुत्ते नायकुलनिव्वत्ते विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले तीसं वासाइं विदेहंसित्तिकट्टु अगारमज्झे वसित्ता अम्मापिऊहिं कालगएहिं देवलोगमणुपत्तेहिं समत्तपइन्ने चिच्चा हिरन्नं चिच्चा सुवन्नं चिच्चा बलं चिच्चा वाहणं चिच्चा धणकणगरयणसंत-

सारसावइज्जं विच्छड्डित्ता विग्गोवित्ता विसाणित्ता दायारेसु णं दाइत्ता परिभाइत्ता संवच्छरं दलइत्ता जे से हेमंताणं पढमे मासे पढमे पक्खे मग्गसिरबहुले तस्स णं मग्गसिर-बहुलस्स दसमीपक्खेणं हत्थुत्तरा० जोग० अभिनिक्खमणा-भिप्पाए यावि हुत्था,—संवच्छरेण होहिइ अभिनिक्खमणं तु जिणवरिंदस्स। तो अत्थसंपयाणं पवत्तई पुव्वसूराओ ॥ १ ॥ एगा हिरन्नकोडी अट्ठेव अणूणगा सयसहस्सा। सूरो-दयमाईयं दिज्जइ जा पायरासुत्ति ॥ २ ॥ तिन्नेव य कोडि-सया अट्ठासीइं च हुंति कोडीओ। असिइं च सयसहस्सा एयं संवच्छरे दिन्नं ॥ ३ ॥ वेसमणकुंडधारी देवा लोगंतिया महिड्ढीया। बोहिंति य तित्थयरं पन्नरससु कम्मभूमीसु ॥ ४ ॥ बंभंमि य कप्पंमी बोद्धव्वा कण्हराइणो मज्झे। लोगं-तिया विमाणा अट्ठसु वत्था असंखिज्जा ॥ ५ ॥ एए देवनि-काया भगवं बोहिंति जिणवरं वीरं। सव्वजगज्जीवहियं अरिहं! तित्थं पवत्तेहि ॥६॥ तओ णं समणस्स भ० म० अ-भिनिक्खमणाभिप्पायं जाणित्ता भवणवइवा० जो० विमाण-वासिणो देवा य देवीओ य सएहिं २ रूवेहिं सएहिं २ नेव-त्थेहिं सए० २ चिंधेहिं सव्विड्ढीए सव्वजुईए सव्वबल-समुदएणं सयाइं २ जाणविमाणाइं दुरूहंति सया० दुरूहित्ता अहाबायराइं पुग्गलाइं परिसाडंति २ अहासुहमाइं पुग्गलाइं परियाइंति २ उड्ढं उप्पयंति उड्ढं उप्पइत्ता ताए उक्किट्ठाए सिग्घाए चवलाए तुरियाए दिव्वाए देवगईए अहे णं ओव-यमाणा २ तिरिएणं असंखिज्जाइंदीवसमुद्दाइं वीइक्कममाणा

२ जेणेव जंबुद्दीवे दीवे तेणेव उवागच्छंति, २ जेणेव उत्तर-खत्ति य कुंडपुरसंनिवेसे तेणेव उवागच्छंति उत्तरखत्तियकु-डपुरसंनिवेसस्स उत्तरपुरच्छिमे दिसीभाए तेणेव झत्ति वे-गेण ओवइया, तओ णं सक्के देविंदे देवराया सणियं २ जाण विमाणं पट्ठवेति सणियं २ जाणविमाणं पट्ठवेत्ता सणियं २ जाणविमाणाओ पच्चोरुहइ सणियं २ एगंतमवक्कमइ एगंतम-वक्कमित्ता महया वेउव्विएणं समुग्घाएणं समोहणइ २ एगं महं नाणामणिकणगरयणभत्तिचित्तं सुभं चारु कंतरुवं देव-च्छंदयं विउव्वइ, तस्स णं देवच्छंदयस्स बहुमज्झदेसभाए एगं महं सपायपीढं नाणामणिकणयरयणभत्तिचित्तं सुभं चारुकंतरुवं सीहासणं विउव्वइ, २ जेणेव समणे भगवं महा वीरे तेणेव उवागच्छइ २ समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ २ समणं भगवं महावीरं वंदइ नमंसइ २ समणं भगवं महावीरं गहाय जेणेव देवच्छंदइ तेणेव उवागच्छइ सणियं २ पुरत्थाभिमुहं सीहासणे निसी-यावेइ सणियं २ निसीयावित्ता सयपागसहस्सपागेहिं तिल्ले-हिअब्भंगेइ गंधकासाईएहिं उल्लोलेइ २ सुद्धोदएण मज्जावेइ २ जस्स णं मुल्लं सयसहस्सेणं तिपडोलतित्तिएणं साहिएणं सीतेण गोसीसरत्तचंदणेणं अणुलिंपइ २ ईसिं निस्सासवाय-वोज्झं वरनयरपट्टणुग्गयं कुसलनरपसंसियं अस्सलालापेलवं छेयारियकणगखइयंतकम्मं हंसलक्खणं पट्टजुयलं नियंसावेइ २ हारं अद्धहारं उरत्थं नेवत्थं एगावलिं पालंबसुत्तं पट्टमउ-डरयणमालाउ आविंधावेइ आविंधावित्ता गंथिमवेढिमपूरि-

मसंघाइमेणं मल्लेणं कप्परुक्खमिव समलंकरेइ २ त्ता दुच्चंपि महया वेउव्वियसमुग्घाएणं समोहणइ २ एगं महं चंदप्पहं सिबियं सहस्सवाहणियं विउव्वति, तंजहा-ईहामिगउसभतुरगनरमकरविहगवानरकुंजररुरुसरभचमरसद्दूलसीहवणलयभत्तिचित्तलयविज्जाहरमिहुणजुयलजंतजोगजुत्तं अच्चीसहस्समालिणीयं सुनिरूविय मिसिमिसिंतरूवगसहस्सकलियं ईसिं भिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयणलेसं मुत्ताहलमुत्ताजालंतरोवियं तवणीयपवरलंबूसपलंबंतमुत्तदामं हारद्धहारभूसणसमोणयं अहियपिच्छणिज्जं पउमलयभत्तिचित्तं असोगलयभत्तिचितं कुंदलयभत्तिचित्तं नाणालयभत्ति० विरइयं सुभं चारुकंतरूवं नाणामणिपंचवन्नघंटापडायपडिमंडियग्गसिहरं पासाइयं दरिसणिज्जं सुरूवं—सीया उवणीया जिणवरस्स जरमरणविप्पमुक्कस्स। ओसत्तमल्लदामा जलथलयदिव्वकुसुमेहिं ॥ ॥१॥ सिबियाइ मज्झयारे दिव्वं वररयणरूवचिंचइयं। सीहासणं महरिहं सपायपीढं जिणवरस्स ॥ २ ॥ आलइय मालमउडो भासुरबुंदी वराभरणधारी। खोमियवत्थ नियत्थो जस्स य मुल्लं सयसहस्सं ॥३॥ छट्ठेण उ भत्तेणं अज्झवसाणेण सुंदरेण जिणो। लेसाहिं विसुज्झंतो आरुहई उत्तमं सीयं ॥४॥ सीहासणे निविट्ठो सक्कीसाणा य दोहि पासेहिं। वीयंति चामराहिं मणिरयणविचित्तदंडाहिं ॥ ५ ॥ पुव्वि उक्खित्ता माणुसेहिं साहट्टु रोमकूवेहिं। पच्छा वहंति देवा सुरअसुरा गरुलनागिंदा ॥ ६ ॥ पुरओ सुरा वहंती असुरा पुण दाहिणंमि पासंमि। अवरे वहंति गरुला नागा पुण उत्तरे पासे ॥ ७ ॥ वणसंडं व कुसुमियं पउमसरो वा जहा

सरयकाले। सोहइ कुसुमभरेणं इय गगणयलं सुरगणेहिं ॥ ८ ॥ सिद्धत्थवणं व जहा कणयारवणं व चंपयवणं वा। सोहइ कु० ॥ ९ ॥ वरपडहभेरिझल्लरिसंखसयसहस्सिएहिं तूरेहिं। गयणयले धरणियले तूरनिनाओ परमरम्मो ॥१०॥ ततवितत घणझुसिरं आउज्जं चउव्विहं बहुविहीयं। वाइंति तत्थ देवा बहूहिं आनट्टगसएहिं ॥ ११ ॥ तेणं कालेणं तेणं समएणं जे से हेमंताणं पढमे मासे पढमे पक्खे मग्गसिरबहुले तस्स णं मग्गसिरबहुलस्स दसमीपक्खेणं सुव्वएणं दिवसेणं विजएणं मुहुत्तेणं हत्थुत्तरानक्खत्तेणं जोगोवगएणं पाईणगामिणीए छायाए बिइयाए पोरिसीए छट्ठेणं भत्तेणं अपाणएणं एगसाडगमायाए चंदप्पभाए सिबियाए सहस्सवाहिणियाए सदेवमणुयासुराए परिसाए समणिज्जमाणे उत्तरखत्तियकुंडपुरसंनिवेसस्स मज्झंमज्झेणं निगच्छइ २ जेणेव नायसंडे उज्जाणे तेणेव उवागच्छइ २ ईसिं रयणिप्पमाणं अच्छोप्पेणं भूमिभाएणं सणियं २ चंदप्पभं सिबियं सहस्सवाहिणिं ठवेइ २ सणियं २ चंदप्पभाओ सीयाओ सहस्सवाहिणिओ पच्चोयरइ २ सणियं २ पुरत्थाभिमुहे सीहासणे निसीयइ आभरणालंकारं ओमुअइ, तओ णं वेसमणे देवे भत्तुव्वायपडिओ भगवओ महावीरस्स हंसलक्खणेणं पडेणं आभरणालंकारं पडिच्छइ, तओ णं समणे भगवं महावीरे दाहिणेणं दाहिणं वामेणं वामं पंचमुट्ठियं लोयं करेइ, तओ णं सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स जन्नवायपडिए वइरामएणं थालेण केसाइं पडि-

च्छइ २ अणुजाणेसि भंतेत्तिकट्टु खीरोयसागरं साहरइ, तओ णं समणे जाव लोयंकरित्ता सिद्धाणं नमुक्कारं करेइ २ सव्वं मे अकरणिज्जं पावकम्मंतिकट्टु सामाइयं चरित्तं पडिवज्जइ २ देवपरिसं च मणुयपरिसं च आलिक्खचित्तभूयमिव ठवेइ—दिव्वो मणुस्सघोसो तुरियनिनाओ य सक्कवयणेणं। खिप्पामेव निलुक्को जाहे पडिवज्जइ चरित्तं ॥ १ ॥ पडिवज्जित्तु चरित्तं अहोनिसं सव्वपाणभूयहियं । साहट्टु लोमपुलया सव्वे देवा निसामिंति ॥ २ ॥ तओ णं समणस्स भगवओ महावीरस्स सामाइयं खओवसमियं चरित्तं पडिवन्नस्स मणपज्जवनाणे नामं नाणे समुप्पन्ने अड्ढाइज्जेहिं दीवेहिं दोहि य समुद्देहिं सन्नीणं पंचिंदियाणं पज्जत्ताणं वियत्तमणसाणं मणोगयाइं भावाइं जाणेइ । तओ णं समणे भगवं महावीरे पव्वइए समाणे मित्तनाइं सयणसंबंधिवग्गं पडिविसज्जेइ, २ इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ—बारस वासाइं वोसट्ठकाए चियत्तदेहे जे केइ उवसग्गा समुप्पज्जंति, तंजहा—दिव्वा वा माणुस्सा वा तेरिच्छिया वा, ते सव्वे उवसग्गे समुप्पन्ने समाणे सम्मं सहिस्सामि खमिस्सामि अहिआसइस्सामि, तओ णं स० भ० महावीरे इमं एयारूवं अभिग्गहं अभिगिण्हित्ता वोसिट्ठचत्तदेहे दिवसे मुहुत्तसेसे कुम्मारगामं समणुपत्ते, तओ णं स० भ० म० वोसिट्ठचत्तदेहे अणुत्तरेणं आलएणं अणुत्तरेणं विहारेणं एवं संजमेणं पग्गहेणं संवरेणं तवेणं बंभचेरवासेणं खंतीए मुत्तीए समिईए गुत्तीए तुट्ठीए ठाणेणं कमेणं सुचरियफलनिव्वाणमुत्तिमग्गेणं अप्पाणं

भावेमाणे विहरइ, एवं वा विहरमाणस्स जे केइ उवसग्गा समुप्पज्जंति–दिव्वा वा माणुस्सा वा तिरिच्छिया वा, ते सव्वे उवसग्गे समुप्पन्ने समाणे अणाउले अव्वहिए अद्दीणमाणसे तिविहमणवयणकायगुत्ते सम्मं सहइ खमइ तितिक्खइ अहियासेइ, तओ णं समणस्स भगवओ महावीरस्स एएणं विहारेणं विहरमाणस्स बारस वासा वीइक्कंता तेरसमस्स य वासस्स परियाए वट्टमाणस्स जे से गिम्हाणं दुच्चे मासे चउत्थे पक्खे वइसाहसुद्धे तस्स णं वेसाहसुद्धस्स दसमीपक्खेणं सुव्वएणं दिवसेणं विजएणं मुहुत्तेणं हत्थुत्तराहिं नक्खत्तेणं जोगोवगएणं पाईणगामिणीए छायाए वियत्ताए पोरिसीए जंभियगामस्स नगरस्स बहिया नईए उज्जुवालियाए उत्तरकूले सामागस्स गाहावइस्स कट्ठकरणंसि उड्ढंजाणूअहोसिरस्स झाणकोट्ठोवगयस्स वेयावत्तस्स चेइयस्स उत्तरपुरच्छिमे दिसीभागे सालरुक्खस्स अदूरसामंते उक्कुडुयस्स गोदोहियाए आयावणाए आयावेमाणस्स छट्ठेणं भत्तेणं अपाणएणं सुक्कज्झाणंतरियाए वट्टमाणस्स निव्वाणे कसिणे पडिपुन्ने अव्वाहए निरावरणे अणंते अणुत्तरे केवलवरनाणदंसणे समुप्पन्ने, से भगवं अरहं जिणे केवली सव्वन्नू सव्वभावदरिसी सदेवमणुयासुरस्स लोगस्स पज्जाए जाणइ, तं०—आगइं गइं ठिइं चयणं उववायं भुत्तं पीयं कडं पडिसेवियं आविकम्मं रहोकम्मं लवियं कहियं मणोमाणसियं सव्वलोए सव्वजीवाणं सव्वभावाइं जाणमाणे पास-

माणे एवं च णं विहरइ, जण्णं दिवसं समणस्स भगवओ महावीरस्स निव्वाणे कसिणे जाव समुप्पन्ने तण्णं दिवसं भवणवइवाणमंतरजोइसियविमाणवासिदेवेहि य देवीहि य उवयंतेहिं जाव उप्पिंजलगब्भूए यावि हुत्था, तओ णं समणे भगवं महावीरे उप्पन्नवरनाणदंसणधरे अप्पाणं च लोगं च अभिसमिक्ख पुव्वं देवाणं धम्ममाइक्खइ, ततो पच्छा मणुस्साणं, तओ णं समणे भगवं महावीरे उप्पन्ननाणदंसणधरे गोयमाईणं समणाणं पंच महव्वयाइं सभावणाइं छज्जीवनिकाया आतिक्खति भासइ परूवेइ, तं—पुढविकाए जाव तसकाए, पढमं भंते! महव्वयं पच्चक्खामि सव्वं पाणाइवायं से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा नेव सयं पाणाइवायं करिज्जा ३ जावज्जीवाए तिविहं तिविहेणं मणसा वयसा कायसा तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि, तस्सिमाओ पंच भावणाओ भवंति, तत्थिमा पढमा भावणा—

તે કાલે તે સમયે જગત્ખ્યાત, જ્ઞાત (સિદ્ધાર્થ) પુત્ર, જ્ઞાતવંશોત્પન્ન, વિશિષ્ટ દેહધારી, (ત્રિશલા)પુત્ર, કંદર્પજેતા, ગૃહવાસથી ઉદાસ એવા શ્રમણ ભગવાન્ મહાવીરે ત્રીશ વર્ષ ઘરવાસમાં વસી, માબાપ કાલગત થઈ દેવલોક પહોંચતાં પોતાની પ્રતિજ્ઞા સમાપ્ત થઈ જાણી સોનું, રૂપું, સેનાવાહન, ધનધાન્ય, કનકરત્ન, તથા દરેક કીમતી દ્રવ્ય છોડી (દાનાર્થે) અર્પણ કરી, દાન દઈ, શીયાળાના પેલા માસમાં પેલે પક્ષે

માગસર વદિ ૧૦ ના દિને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે દીક્ષા લેવાને અભિપ્રાય કર્યો.

( દોહરા. )

વર્ષાંતે લેનાર છે, દીક્ષા જીનવરરાય;
તેથી સૂરજ ઊગતાં, દાનપ્રવૃત્તિ કરાય. ૧
પ્રતિદિન સૂર્યોદય થકી, પહોર એક જ્યાં થાય;
એક ક્રોડ આઠ સહસ, સોનામ્હોર અપાય. ૨
વર્ષ એકમાં ત્રણસો, અને અઠ્યાશી ક્રોડ;
એંસી હજાર મ્હોરની, સંખ્યા પૂરી જોડ. ૩
કુંડળધારી વૈશ્રમણ, વળી લોકાંતિક દેવ;
કર્મભૂમિ પંદર વિષે, પ્રતિબોધે જિનદેવ. ૪
બ્રહ્મકલ્પ સુરલોકમાં, કૃષ્ણરાજીના માંહિ;
અસંખ્યાતા લોકાંતિકો–તણા વિમાન કહાય. ૫
એ દેવો જિન વીરને, વિનવે છે એ વાત;
સર્વ જીવ હિત તીર્થ તું, પ્રવર્ત્તા સાક્ષાત્. ૬

તે પછી ભગવાનનો નિષ્ક્રમણાભિપ્રાય જાણીને ચારે નિકાયના દેવો પોતપોતાના રૂપ, વેષ તથા ચિન્હો ધારણ કરી સઘળી રૂદ્ધિ, દ્યુતિ, તથા બળ સાથે પોતપોતાના વિમાનોપર ચડી બાદર પુદ્ગલો પલટાવી સૂક્ષ્મ પુદ્ગલોમાં પરણમાવી ઉંચે ઉપડી અત્યંત શીઘ્રતા અને ચપળતાવાળી દિવ્ય દેવગતિથી નીચે ઊતરતા તિર્યક્લોકમાં અસંખ્યાતા દ્વીપ

સમુદ્ર ઉલ્લંઘીને જ્યાં જંબૂદ્વીપ છે, ત્યાં આવી ક્ષત્રિયકુંડ નગરના ઈશાન કોણમાં ઉતાવળા આવી પહોંચ્યા.

ત્યારબાદ શક્ર નામે દેવના ઇંદ્રે ધીમે ધીમે વિમાનને ત્યાં થાપી, ધીમે ધીમે તેમાંથી ઉતરી, એકાંતે જઈ મોહોટો વૈક્રિય સમુદ્‌ઘાત કરી એક મહાન્ મણિ–સુવર્ણ તથા રત્નજડિત, શુભ મનોહર રૂપવાળું દેવચ્છંદક (ઓરડો) વિકુર્વ્યું (બનાવ્યું), તે દેવચ્છંદકની વચ્ચોવચ્ચ મધ્ય ભાગે એક તેવુંજ રમણીય પાદપીઠિકા સહિત એક મહાન્ સિંહાસન વિકુર્વ્યું. પછી જ્યાં ભગવાન હતા, ત્યાં આવીને ભગવાનની ત્રણવાર પ્રદક્ષિણા કરી વાંદી નમી ભગવાનને લઇ જ્યાં દેવચ્છંદક હતું ત્યાં આવી ધીમે ધીમે પૂર્વ દિશા સામે ભગવાનને સિંહાસનમાં બેસાડ્યા. પછી શતપાક અને સહસ્રપાક તૈલોવડે મર્દન કરી ગંધકાષાયિક વસ્ત્રવડે લુંછીને પવિત્ર પાણીથી નવરાવી લક્ષમૂલ્યવાળું થંડું રક્તગોશીર્ષચંદન ઘસી તૈયાર કરી તેના વડે લેપન કર્યું. ત્યારબાદ નિશ્વાસના લગારેક વાયુથી ચલાયમાન થનારાં, વખણાયલાં નગર કે પાટણમાં બનેલાં, ચતુર જનોમાં વખણાએલાં, ઘોડાનાં પ્રીણ જેવાં મનોહર, ચતુર કારીગરોએ સોનાથી ખંચેલાં, હંસ સમાન સ્વચ્છ બે વસ્ત્રો પહેરાવ્યાં. પછી હાર, અર્ધહાર ઉરસ્થ, એકાવળિ પ્રાલંબ, સુત્રપટ્ટ, મુકુટ તથા રત્નમાળાદિ આભરણો પહેરાવ્યાં. પછી જૂદી જૂદી જાતની ફૂલની માળાઓથી પુષ્પતરૂના માફક શણગાર્યા. પછી ઇંદ્રે પાછો બીજીવાર

વૈક્રિય સમુદ્ઘાત કરી હજાર જણ ઉપાડી શકે એવી એક મહાન્ ચંદ્રપ્રભા નામે શિબિકા વિકુર્વી. એ શિબિકાનું વર્ણન આ પ્રમાણે છે—એ શિબિકા ઈહામૃગ, બળદ, ઘોડા, નર, મગર, પક્ષી, વાનર, હાથી, રૂરૂ, સરભ, ચમરી ગાય, વાઘ, સિંહ, વનની લતાઓ, તથા અનેક વિદ્યાધરયુગ્મના યંત્રયોગે કરી યુક્ત હતી તથા હજારો તેજ રાશિઓથી ભરપૂર હતી, રમણીય અને ઝગ ઝગાયમાન હજારો ચિત્રામણોથી ભરપૂર અને દેદીપ્યમાન અને આંખથી સામે નહિ જોઈ શકાય તેવી હતી, અનેક મોતીઓથી વિરાજિત સુવર્ણમય પ્રતરવાળી હતી તથા ઝૂલતી મોતીઓની માળા, હાર, અર્દ્ધહાર, વિગેરે ભૂષણોથી શોભતી હતી, અતિશય દેખવા લાયક હતી, પદ્મલતા, અશોકલતા વિગેરે અનેક લતાઓથી ચિત્રિત હતી. શુભ તથા મનોહર આકારવાળી હતી. અનેક પ્રકારની પંચવર્ણી મણિઓવાળી ઘંટા તથા પતાકાવડે શોભીતા અગ્રભાગવાળી હતી તથા મનોહર દેખવા લાયક અને સુંદર આકારવાળી હતી.

( આર્યા છંદ. )

જરમરણ યુક્ત જિનવર માટે, શિબિકા તિહાં ભળી આવી;
જલથળજ દિવ્ય પુષ્પની, માળાઓ ઝૂલતી ઠાવી. ૭
શિબિકાના વચગાલે, થાપ્યું છે રત્નરૂપ ઝળહળતું;
સિંહાસન બહુ કીમતી, પાદપીઠ સહિત જીનવરનું. ૮
માળા મુકુટ વગેરા, ઉત્તમ ભૂષણ ધરી પ્રકાશી થઈ;
લાખ મૂળના ઉત્તમ, ક્ષૌમિક વસ્રો પહેરી કરી. ૯

બે ઉપવાસ કરીને, પવિત્ર પરિણામ સાથ જિનદેવ;
શુભ લેશ્યાએ ચડતા, શિબિકા ઉપર ચડે દેવ. ૧૦
સિંહાસન પર બેસે, બે પડખે શક્રને ઈશાન રહી,
મણિરત્ન દંડવાળા, ચામર ઢોલે સ્વહાથ ગ્રહી. ૧૧
પહેલાં તે શિબિકાને, ઉપાડે માણસો સહર્ષ થઇ,
તે પછી સુર અસુર ગરૂડ, નાગ ઉપાડે સુસજ્જ રહી. ૧૨
પૂર્વ દિશાએ દેવો, દક્ષિણમાં અસુર ઉચકે શિબિકા,
પશ્ચિમ બાજુ ગરૂડો, નાગ રહે ઉત્તરે ધરતા. ૧૩
ગગન બિરાજે દેવથી, શોભે સરસવનું જેમ વનખંડ,
કણિયર કે ચંપકનું, વન શોભે પુષ્પ વિકસંત. ૧૪
પડહ ભેરિને ઝાલર શંખાદિક, લાખ વાજીયાં વાજાં,
ગગનતળ ધરણિતળમાં, અવાજ પસર્યા અતિ ઝાઝા. ૧૫
તત વિતત ઘન શુષિરએ, ચારે જાતિ તણા બહુ વાજાં,
નાટક સાથે દેવો, વજાડવા વલગિયા ઝાઝા. ૧૬

તે કાલે તે સમયે શિયાળાના પ્રથમ માસે પ્રથમ પક્ષે માગશર વદિ ૧૦ ના સુવ્રત નામના દિવસે વિજય મુહૂર્તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રો આવતાં પૂર્વમાં છાયા વળતાં છેલ્લા પહોરમાં પાણી વગરના બે અપવાસો કરી એક પોતનું વસ્ત્રધારી સહસ્ર વાહિની ચંદ્રપ્રભા નામની શિબિકા ઉપર ચડી દેવ મનુષ્ય તથા અસુરોની પર્ષદાઓ સાથે ચાલતા ચાલતા ક્ષત્રિયકુંડપુર સંનિવેશના મધ્યમાં થઈને જ્યાં જ્ઞાતખંડ નામે ઉદ્યાન હતું

ત્યાં ભગવાન આવ્યા. આવીને ધીમે ધીમે ભૂમિથી એક હાથ ઉંચી શિબિકા સ્થાપી ધીમે ધીમે તેમાંથી ઉતર્યા, ઉતરીને ધીમે ધીમે પૂર્વાભિમુખ સિંહાસન પર બેસી આભરણ-અલંકાર ઉતારવા લાગ્યા. ત્યારે વૈશ્રવણ દેવે ગોદોહાસને રહી સફેદવસ્ત્રમાં ભગવાનના તે આભરણાલંકાર ગ્રહણ કર્યા. પછી ભગવાને જમણા હાથથી જમણા અને ડાબા હાથથી ડાબા કેશોનો પંચમુષ્ટિથી લોચ કર્યો. ત્યારે શક્રદેવેંદ્રે ગોદોહાસને રહી ભગવાનના તે વાળ હીરાના થાળમાં ગ્રહણ કરીને ભગવાનને જણાવીને ક્ષીરસમુદ્રમાં પહોંચાડ્યા.

એ પ્રમાણે ભગવાને લોચ કર્યા પછી સિધ્ધોને નમસ્કાર કરી "મારે કંઈપણ પાપ નહિં કરવું" એમ ઠરાવ કરી સામાયિક ચારિત્ર સ્વીકાર્યું. એ વેળા દેવો તથા મનુષ્યોની પર્ષદાઓ ચિત્રામણની માફક (ગડબડ રહિતપણે સ્તબ્ધ) બની રહી.

જીનવર ચારિત્ર લેતાં, ઇંદ્ર વચનથી તતક્ષણે સઘળા,
દેવ મનુષ્ય અવાજો, તેમજ વાજિત્ર બંધ રહ્યા. ૧
જિનવર ચારિત્ર લેતાં, હમેશ સૌ પ્રાણભૂત હિત કર્ત્તા,
હર્ષિત પુલકિત થઇને, સાવધ થઈ દેવતા સુણતા. ૨

એ રીતે ભગવાને ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર લીધા પછી તેમને મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી અઢી દ્વીપ તથા બે સમુદ્રના પર્યાપ્ત અને વ્યકત મનવાળા સંજ્ઞિ પંચેંદ્રિયોના મનોગત ભાવ જાણવા લાગ્યા.

પછી પ્રવ્રજિત થયેલા ભગવાને મિત્ર, જ્ઞાતિ, સગા તથા

સંબંધીઓને વિસર્જિત કરી એવો અભિગ્રહ લીધો કે "બાર વર્ષ લગી હું કાયાની સાર સંભાલ નહિ કરતાં જે કંઇ દેવ, મનુષ્ય કે તિર્યંચો તરફથી ઉપસર્ગો થશે તે બધા રૂડી રીતે સહીશ, ખમીશ અને આત્મામાં સમભાવ રાખીશ.

આવો અભિગ્રહ લઇ શરીરની મમતાથી રહિત થયા થકા એક મુહુર્ત જેટલો દિવસ હોતાં કુમાર ગામે આવી પહોંચ્યા. પછી ભગવાન ઉત્કૃષ્ટ આલય, ઉત્કૃષ્ટ વિહાર તેમજ તેવાજ સંયમ, નિયમ, સંવર, તપ, બ્રહ્મચર્ય, ક્ષાંતિ, ત્યાગ, સંતોષ સમિતિ ગુપ્તિ, સ્થાન, કર્મ તથા રૂડા ફળવાળા નિર્વાણ અને મુક્તિના આત્મા પોતાને ભાવતા થકા વિચરવા લાગ્યા.

એમ વિચરતાં જે કાંઇ દેવ, મનુષ્ય તથા તિર્યંચો તરફથી ઉપસર્ગ થયા તે સર્વે ભગવાને સ્વચ્છભાવમાં રહી અણપીડાતાં અદીનમન ધરી અદીનવચન કાયાએ ગુપ્ત રહી સમ્યક્ રીતે સહ્યા-ખમ્યા તથા આત્માના સમભાવમાં રહ્યા.

આવી રીતે વિચરતાં ભગવાનને બાર વર્ષ વ્યતિક્રમ્યા. હવે તેરમા વર્ષની અંદર ઉનાળાના બીજે માસે બીજે પક્ષે વૈશાક શુદી ૧૦ ના સુવ્રત નામના દિને વિજયમુહૂર્તે ઉત્તરાફાલ્ગુનીના યોગે પૂર્વ દિશાએ છાયા વળતાં છેલ્લે પહોરે જંભિકગામની બાહેર રૂજુવાલિકા નદીના ઉત્તર કિનારે શ્યામાક ગાથાપતિના કાષ્ટકર્મ સ્થળમાં વ્યાવૃત્ત નામના ચૈત્યના ઈશાનકોણમાં શાળવૃક્ષની પાસે અર્ધા ઉભા રહી ગોદોહાસને આતાપના કુ-

રતાં થકાં તથા પાણી વગરના બે ઉપવાસે જંઘાઓ ઉંચી રાખી માથું નીચે ઘાલી ધ્યાન કોષ્ટમાં રહેતાં થકાં શુકલ ધ્યાનમાં વર્ત્તતાં છેવટનું સંપૂર્ણ પ્રતિપૂર્ણ અવ્યાહત નિરાવરણ અનંત ઉત્કૃષ્ટ કેવલજ્ઞાન તથા કેવલદર્શન ઉપન્યું.

હવે ભગવાન અર્હન્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી થઈ દેવ, મનુષ્ય તથા અસુરપ્રધાન ( આખા ) લોકના પર્યાય જાણવા લાગ્યા. એટલે કે તેની આગતિ–ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ખાધું પીધું, કરેલું કરાવેલું, પ્રગટ કામ, છાનાં કામ, બોલેલું, કહેલું કે મનમાં રાખેલું એમ આખા લોકમાં સર્વ જીવોના સર્વ ભાવ જાણતા દેખતા થકા વિચરવા લાગ્યા.

જે દિને ભગવાનને કેવલજ્ઞાન દર્શન ઉપન્યાં, તે દિને ભવનપત્યાદિ ચારે જાતના દેવદેવીઓ આવતાં જતાં આકાશ દેવમય તથા ધોલું થઈ રહ્યું.

એ રીતે ઉપજેલાં જ્ઞાન દર્શનને ધરનાર ભગવાને પોતાને તથા લોકને સંપૂર્ણપણે જોઇને પહેલાં દેવોને ધર્મ કહી સંભળાવ્યો, અને પછી મનુષ્યોને.

પછી ઉપજેલા જ્ઞાન દર્શનના ધરનાર શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમાદિક શ્રમણ નિર્ગ્રંથોને ભાવના સહિત પાંચ મહાવ્રત તથા પૃથિવીકાય વિગેરે છ જીવનિકાય કહી જણાવ્યા.

## ( પાંચ પાંચ ભાવના સહિત પાંચ મહાવ્રત. )

દીક્ષા લેનાર સાધુએ આમ બોલવું.

**પહેલું મહાવ્રત**—હે ભગવાન્! હું સર્વ પ્રાણાતિપાત ત્યાગ કરૂં છું, તે એ રીતે કે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવનો યાવજ્જીવ પર્યંત મન વચન કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે પોતે ઘાત ન કરીશ, બીજા પાસે ન કરાવીશ અને કરતાને રૂડું ન માનીશ તથા તે જીવઘાતને પડિકમું છું, નિંદુ છું ગરહું છું અને તેવા સ્વભાવને વોસરાવું છું. ભાવના કહે છે.

इरियासमिए से निग्गंथे नो अणइरियासमिएत्ति, केवली बूया०—अणइरियासमिए से निग्गंथे पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणिज्ज वा वत्तिज्ज वा परियाविज्ज वा लेसिज्ज वा उद्दविज्ज वा, इरियासमिए से निग्गंथे नो इरियाअसमिइत्ति पढमा भावणा १। अहावरा दुच्चा भावणा—मणं परियाणइ से निग्गंथे, जे य मणे पावए, सावज्जे सकिरिए अण्हयकरे छेयकरे भेयकरे अहिगरणिए पाउसिए पारियाविए पाणाइवाइए भूओवघाइए, तहप्पगारं मणं नो पधारिज्जा गमणाए, मणं परिजाणइ से निग्गंथे, जे य मणे अपावएत्ति दुच्चा भावणा २। अहावरा तच्चा भावणा-वइं परिजाणइ से निग्गंथे, जा य वई पाविया सावज्जा सकिरिया जाव भूओवघाइया तहप्पगारं वइं नो उच्चारिज्जा, जे वइं परिजाणइ से निग्गंथे, जाव वइ अपावियत्ति तच्चा भावणा ३। अहावरा चउत्था भावणा—आयाणभंडमत्तनि-

क्खेवणासमिए से निग्गंथे, नो अणायाणभंडमत्तनिक्खेव-णासमिए, केवली बूया०-आयाणभंडमत्तनिक्खेवणाअसमि-ए से निग्गंथे पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणिज्जा वा जाव उद्दविज्ज वा, तम्हा आयाणभंडमत्तनिक्खेवणासमिए से निग्गंथे, नो आयाणभंडनिक्खेवणाअसमिएत्ति चउत्था भावणा ४ । अहावरा पंचमा भावणा-आलोइयपाण-भोयणभोई, से निग्गंथे नो अणालोइयपाणभोयणभोइ, केवली बूया०—अणालोईयपाणभोयणभोई से निग्गंथे पाणाणि वा ४ अभिहणिज्ज वा जाव उद्दविज्ज वा, तम्हा आलोइयपाणभोयणभोई से निग्गंथे नो अणालोइयपाणभो-यणभोईत्ति पंचमा भावणा ५। एयावता महव्वए सम्मं काएण फासिए पालिए तीरिए किट्टिए अवट्ठिए आणाए आराहिए यावि भवइ, पढमे भंते! महव्वए पाणाइवायाओ वेरमणं ॥ अहावरं दुच्चं महव्वयं पच्चक्खामि, सव्वं मुसा-वायं वइदोसं, से कोहा वा लोहा वा भया वा हासा वा नेव सयं मुसं भासिज्जा नेवन्नेणं मुसं भासाविज्जा अन्नंपि मुसं भासंतं न समणुमन्निज्जा तिविहं तिविहेणं मणसा वयसा कायसा, तस्स भंते! पडिक्कमामि जाव वोसिरामि, तस्सि माओ पंच भावणाओ भवंति-तत्थिमा पढमा भावणा-अणु-वीइभासी से निग्गंथे नो अणणुवीइभासी, केवली बूया०— अणणुवीइभासी से निग्गंथे समावज्जिज्ज मोसं वयणाए, अणुवीइभासी से निग्गंथे नो अणणुवीइभासित्ति पढमा भावणा। अहावरा दुच्चा भावणा-कोहं परियाणइ से निग्गंथे नो कोहणे सिया, केवली बूया—कोहप्पत्ते कोहत्तं समाव-

इज्जा मोसं वयणाए, कोहं परियाणइ से निग्गंथे न य कोहणे सियत्ति दुच्चा भावणा। अहावरा तच्चा भावणा-लोभं परियाणइ से निग्गंथे नो अ लोभणए सिया, केवली बूया-लोभपत्ते लोभी समावइज्जा मोसं वयणाए, लोभं परियाणइ से निग्गंथे नो य लोभणए सियत्ति तच्चा भावणा। अहावरा चउत्था भावणा-भयं परिजाणइ से निग्गंथे नो भयभीरुए सिया, केवली बूया-भयपत्ते भीरू समावइज्जा मोसं वयणाए, भयं परिजाणइ से निग्गंथे नो भयभीरुए सिया चउत्था भावणा ४। अहावरा पंचमा भावणा-हासं परियाणइ से निग्गंथे नो य हासणए सिया, केव० हासपत्ते हासी समावइज्जा मोसं वयणाए, हासे परियाणइ से निग्गंथे नो हासणए सियत्ति पंचमी भावणा ५। एतावता दोच्चे महव्वए सम्मं काएण फासिए जाव आणाए आराहिए यावि भवइ दुच्चे भंते ! महव्वए ॥ अहावरं तच्चं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं अदिन्नादाणं, से गामे वा नगरे वा रन्ने वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं अदिन्नं गिण्हिज्जा नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा अदिन्नं अन्नंपि गिण्हंतं न समणुजाणिज्जा जावज्जीवाए जाव वोसिरामि, तस्सिमाओ पंच भावणाओ भवंति, तत्थिमा पढमा भावणा-अणुवीइ मिउग्गहं जाई से निग्गंथे नो अणणुवीइमिउग्गहं जाई से निग्गंथे, केवली बूया—अणणुवीइ मिउग्गहं जाई निग्गंथे अदिन्नं गिण्हेज्जा, अणुवीइ मिउग्गहं जाई से निग्गंथे नो अणणुवीइ मिउग्गहं जाइत्ति पढमा भावणा १। अहावरा दुच्चा भावणा-अणुन्नविय पाणभोयणभोई से

निग्गंथे नो अणणुन्नविअ पाणभोयणभोई, केवली बूया—अणणुन्नविय पाणभोयणभोई से निग्गंथे अदिन्नं भुंजिज्जा, तम्हा अणुन्नविय पाणभोयणभोइ से निग्गंथे नो अणणुन्नविय पाणभोयणभोईत्ति दुच्चा भावणा २। अहावरा तच्चा भावणा-निग्गंथेणं उग्गहंसि उग्गहियंसि एतावताव उग्गहणसीलए सिया, केवली बूया-निग्गंथेणं उग्गहंसि अणुग्गहियंसि एतावता अणुग्गहणसीले अदिन्नं ओगिण्हिज्जा, निग्गंथेणं उग्गहं उग्गहियंसि एतावताव उग्गहणसीलएत्ति तच्चा भावणा। अहावरा चउत्था भावणा-निग्गंथेणं उग्गहंसि उग्गहियंसि अभिक्खणं २ उग्गहणसीलए सिया, केवली बूया-निग्गंथेणं उग्गहंसि उ अभिक्खणं २ अणुग्गहणसीले अदिन्नं गिण्हिज्जा, निग्गंथे उग्गहंसि उग्गहियंसि अभिक्खणं २ उग्गहणसीलएत्ति चउत्था भावणा। अहावरा पंचमा भावणा-अणुवीइ मिउग्गहजाई से निग्गंथे साहम्मिएसु, नो अणणुवीई मिउग्गहजाई, केवली बूया—अणणुवीइ मिउग्गहजाई से निग्गंथे साहम्मिएसु अदिन्नं उगिण्हिज्जा अणुवीइमिउग्गहजाई से निग्गंथे साहम्मिएसु नो अणणुवीइमिउग्गहजाती इइ पंचमा भावणा, एतावया तच्चे महव्वए सम्मं० जाव आणाए आराहए यावि भवइ, तच्चं भंते! महव्वयं॥ अहावरं चउत्थं महव्वयं पच्चक्खामि सव्वं मेहुणं, से दिव्वं वा माणुस्सं वा तिरिक्खजोणियं वा नेव सयं मेहुणं गच्छेज्जा तं चेवं अदिन्नादाणवत्तव्वया भाणियव्वा जाव वोसिरामि, तस्सिमाओ पंच भावणाओ भवंति, तत्थिमा पढमा भा-

वणा—नो निग्गंथे अभिक्खणं २ इत्थीणं कहं कहित्तए सिया, केवली बूया—निग्गंथे णं अभिक्खणं २ इत्थीणं कहं कहेमाणे संतिभेया संतिविभंगा संतिकेवलीपन्नत्ताओ धम्माओ भंसिज्जा, नो निग्गंथे णं अभिक्खणं २ इत्थीणं कहं कहित्तए सियत्ति पढमा भावणा १। अहावरा दुच्चा भावणा—नो निग्गंथे इत्थीणं मणोहराइं २ इंदियाइं आलोइत्तए निज्झाइत्तए सिया, केवली बूया-निग्गंथे णं इत्थीणं मणोहराइं २ इंदियाइं आलोएमाणे निज्झाएमाणे संति भेया संति विभंगा जाव धम्माओ भंसिज्जा नो निग्गंथे इत्थीणं मणोहराइं २ इंदियाइं आलोइत्तए निज्झाइत्तए सियत्ति दुच्चा भावणा २। अहावरा तच्चा भावणा—नो निग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सुमरित्तए सिया, केवली बूया—निग्गंथे णं इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सरमाणे संतिभेया जाव भंसिज्जा, नो निग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सरित्तए सियत्ति तच्चा भावणा ३। अहावरा चउत्था भावणा—नाइमत्तपाणभोयणभोई से निग्गंथे न पणीयरसभोयणभोई से निग्गंथे, केवली बूया—अइमत्तपाणभोयणभोई से निग्गंथे पणियरसभोयणभोई संतिभेया जाव भंसिज्जा, नाइमत्तपाणभोयणभोई से निग्गंथे नो पणीयरसभोयणभोइत्ति चउत्था भावणा ४। अहावरा पंचमा भावणा—नो निग्गंथे इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवित्तए सिया, केवली बूया—निग्गंथे णं इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवेमाणे संतिभेया जाव भंसिज्जा, नो निग्गंथे इत्थीपसुपंडगसंसत्ताइं

सयणासणाइं सेवित्तए सियत्ति पंचमा भावणा ५, एतावया चउत्थे महव्वए सम्मं काएण फासेइ जाव आराहिए यावि भवइ चउत्थं भंते! महव्वयं॥ अहावरं पंचमं भंते! महव्वयं सव्वं परिग्गहं पच्चक्खामि से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतमचित्तं वा नेव सयं परिग्गहं गिण्हिज्जा नेवन्नेहिं परिग्गहं गिण्हाविज्जा अन्नंपि परिग्गहं गिण्हंतं न समणुजाणिज्जा जाव वोसिरामि, तस्सिमाओ पंच भावणाओ भवंति, तत्थिमा पढमा भावणा—सोयओ णं जीवे [मणुन्ना] मणुन्नाइं सद्दाइं सुणेइ मणुन्नामणुन्नेहिं सद्देहिं नो सज्जिज्जा नो रज्जिज्जा नो गिज्झेज्जा नो मुज्झि ( ज्झे ) ज्जा नो अज्झोववज्जिज्जा नो विणिघायमावज्जेज्जा, केवली बूया—निग्गंथे णं मणुन्नामणुन्नेहिं सद्देहिं सज्जमाणे रज्जमाणे जाव विणिघायमावज्जमाणे संतिभेया संतिविभंगा संतिकेवलिपन्नत्ताओ धम्माओ भंसिज्जा, न सक्का न सोउ सद्दा, सोतविसयमागया। रागदोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥ १ ॥ सोयओ जीवे मणुन्नामणुन्नाइं सद्दाइं सुणेइ पढमा भावणा १। अहावरा दुच्चा भावणा—चक्खूओ जीवो मणुन्नामणुन्नाइं रूवाइं पासइ मणुन्नामणुन्नेहिं रूवेहिं सज्जमाणे जाव विणिघायमावज्जमाणे संतिभेया जाव भंसिज्जा,—न सक्का रूवमद्दट्ठु, चक्खुविसयमागयं। रागदोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥ १ ॥ चक्खूओ जीवो मणुन्ना २ रूवाइं पासइ, दुच्चा भावणा। अहावरा तच्चा भावणा—घाणओ जीवे मणुन्ना २ इं गंधाइं अग्घायइ मणुन्नामणुन्नेहिं गंधेहिं नो सज्जिज्जा नो रज्जिज्जा जाव नो विणिघायमावज्जिज्जा केवली बूया—मणु-

न्नामणुन्नेहिं गंधेहिं सज्जमाणे जाव विणिघायमावज्जमाणे संतिभेया जाव भंसिज्जा,—न सक्का गंधमग्घाउं, नासाविसयमागयं। रागद्दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥ १ ॥ घाणओ जीवो मणुन्ना २ इं गंधाइं अग्घायइत्ति तच्चा भावणा ३। अहावरा चउत्था भावणा—जिब्भाओ जीवो मणुन्ना २ इं रसाइं अस्साएइ, मणुन्नामणुन्नेहिं रसेहिं नो सज्जिज्जा जाव नो विणिघायमावज्जिज्जा, केवली बूया—निग्गंथे णं मणुन्नामणुन्नेहिं रसेहिं सज्जमाणे जाव विणिघायमावज्जमाणे संतिभेया जाव भंसिज्जा,—न सक्का रसमस्साउं, जीहाविसयमागयं। रागद्दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥ १ ॥ जीहाओ जीवो मणुन्ना २ इं रसाइं अस्साएइत्ति चउत्था भावणा ४। अहावरा पंचमा भावणा—फासओ जीवो मणुन्ना २ इं फासाइं पडिसेवेएइ मणुन्नामणुन्नेहिं फासेहिं नो सज्जिज्जा जाव नो विणिघायमावज्जिज्जा, केवली बूया—निग्गंथे णं मणुन्नामणुन्नेहिं फासेहिं सज्जमाणे जाव विणिघायमावज्जमाणे संतिभेया संतिविभंगा संतिकेवली पन्नत्ताओ धम्माओ भंसिज्जा,—न सक्का फासमवेएउं, फासविसयमागयं। रागद्दोसा० ॥ १ ॥ फासओ जीवो मणुन्ना २ इं फासाइं प्रडिसंवेएति पंचमा भावणा ५। एतावता पंचमे महव्वते सम्मं अवट्ठिए आणाए आराहिए यावि भवइ, पंचमं भंते! महव्वयं। इच्चेएहिं पंचमहव्वएहिं पणवीसाहि य भावणाहिं संपन्ने अणगारे अहासुयं अहाकप्पं अहामग्गंसम्मं काएण फासित्ता पालित्ता तीरित्ता किट्टित्ता आणाए आराहित्ता यावि भवइ ॥ ( सू० १७९ )

## તેની આ પાંચ ભાવનાઓ છે.

પ્રથમ ભાવના—મુનિએ ઈર્યાસમિતિ સહિત થઇ વ-ર્ત્તવું પણ રહિત થઈ ન વર્ત્તવું; કારણ કે કેવળજ્ઞાની કહે છે કે જે ઈર્યાસમિતિ રહિત હોય તે મુનિ પ્રાણાદિકનો ઘાત વિ-ગેરે કરતો રહે છે માટે નિગ્રંથે ઈર્યાસમિતિથી વર્ત્તવું. એ પહેલી ભાવના.

બીજી ભાવના એ કે નિગ્રંથ મુનિએ મન ઓલખવું એટલે કે જે મન પાપ ભરેલું, સદોષ ( ભૂંડી ) ક્રિયા સહિત, કર્મબંધકારિ, છેદ કરનાર, ભેદ કરનાર, કલહકારક, પ્રદ્વેષ ભરેલું, પરિતપ્ત તથા જીવ–ભૂતનું ઉપઘાતક હોય–તેવા મન-ને નહિ ધારવું. એમ મન જાણીને પાપરહિત મન ધારવું, એ બીજી ભાવના.

ત્રીજી ભાવના એ કે નિગ્રંથે વચન ઓળખવું એટલે કે જે વચન પાપ ભરેલું સદોષ ( ભૂંડી ) ક્રિયાવાળું. યાવત્ ભૂતોપઘાતક હોય–તેવું વચન નહિ ઉચ્ચરવું. એમ વચન જાણીને પાપરહિત વચન ઉચ્ચરવું એ ત્રીજી ભાવના.

ચોથી ભાવના એ કે, નિગ્રંથે ભંડોપકરણ લેતાં રાખ-તાં સમિતિ સહિત થઈ વર્ત્તવું પણ રહિતપણે ન વર્તવું. કેમકે કેવલી કહે છે કે આદાન ભાંડ નિક્ષેપણા સમિતિ – રહિત નિર્ગ્રંથ પ્રાણાદિકનો ઘાત વિગેરે કરતો રહે છે. માટે નિર્ગ્રંથે તે સમિતિ સહિત થઈ વર્ત્તવું. એ ચોથી ભાવના છે.

પાંચમી ભાવના એ કે નિર્ગ્રંથે આહારપાણી જોઈને વાપરવાં, વગર જોએ ન વાપરવાં. કેમકે કેવલી કહે છે કે વગર જોએ આહાર પાણી વાપરનાર નિર્ગ્રંથ પ્રાણાદિકનો ઘાત વિગેરે કરે માટે નિર્ગ્રંથે આહારપાણી જોઇને વાપરવાં. નહિ કે વગર જોઇને. એ પાંચમી ભાવના.

એ ભાવનાઓથી મહાવ્રત રૂડીરીતે કાયાએ સ્પર્શિત, પાલિત, પાર પમાડેલું, કિર્ત્તિત, અવસ્થિત અને આજ્ઞા પ્રમાણે આરાધિત થાય છે.

એ પહેલું પ્રાણાતિપાત વિરમણરૂપ મહાવ્રત છે તે હું સ્વીકારૂં છું

બીજું મહાવ્રત—" સઘળું મૃષા વાદરૂપ વચનદોષ ત્યાગ કરૂં છું. એટલે કે, ક્રોધ, લોભ, ભય, કે હાસ્યથી યાવજ્જીવ પર્યંત ત્રિવિધે ત્રિવિધે એટલે મન વચન કાયાએ કરી મૃષાભાષણ કરૂં નહિ, કરાવું નહિ. અને કરતાને અનુમોદું નહિ; તથા તે મૃષાભાષણને પડિક્કમું છું. નિંદું છું ગર્હું છું અને તેવા સ્વભાવને વોસરાવું છું તેની આ પાંચ ભાવના છે.

ત્યાં પેલી ભાવના આ, નિર્ગ્રંથે વિમાસીને બોલવું, વગર વિચારે ન બોલવું; કેમકે કેવળી કહે છે કે વગર વિમાસે બોલનાર નિર્ગ્રંથ મૃષા વચન બોલી જાય. માટે નિર્ગ્રંથે વિમાસીને બોલવું, નહિ કે વગર વિમાસે. એ પેલી ભાવના.

બીજી ભાવના એ કે નિર્ગ્રંથે ક્રોધનું સ્વરૂપ જાણી ક્રો-

ધી ન થવું કેમકે કેવલી કહે છે કે ક્રોધ પામેલ ક્રોધી જીવ મૃષા બોલી જાય માટે નિર્ગ્રંથે ક્રોધનું સ્વરૂપ જાણી ક્રોધી ન થવું એ બીજી ભાવના.

ત્રીજી ભાવના એ કે નિર્ગ્રંથે લોભનું સ્વરૂપ જાણી લોભી ન થવું; કેમકે કેવલી કહે છે કે લોભી જીવ મૃષા બોલી જાય માટે નિર્ગ્રંથે લોભી ન થવું એ ત્રીજી ભાવના.

ચોથી ભાવના એ કે નિર્ગ્રંથે ભયનું સ્વરૂપ જાણી ભયભીરૂ ન થવું; કેમકે કેવલી કહે છે કે ભીરૂ પુરૂષ મૃષા બોલી જાય માટે ભીરૂ ન થવું એ ચોથી ભાવના.

પાંચમી ભાવના એ કે હાસ્યનું સ્વરૂપ જાણી નિર્ગ્રંથે હાસ્ય કરનાર ન થવું; કેમકે કેવલી કહે છે કે હાસ્ય કરનાર પુરૂષ મૃષા બોલી જાય માટે નિર્ગ્રંથે હાસ્ય કરનાર ન થવું. કેમકે કેવલી કહે છે કે હાસ્ય કરનાર પુરૂષ મૃષા બોલી જાય માટે નિર્ગ્રંથે હાસ્ય કરનાર ન થવું. એ પાંચમી ભાવના.

એ ભાવનાઓથી મહાવ્રત રૂડી રીતે કાયાએ કરી સ્પર્શિત અને યાવત્ આજ્ઞા પ્રમાણે આરાધિત થાય છે. એ બીજું મહાવ્રત.

ત્રીજું મહાવ્રત—" સર્વ અદત્તાદાન તજું છું, એટલે કે ગામ નગર કે અરણ્યમાં રહેલું થોડું કે ઝાઝું, નાનું કે મ્હોટું, સચિત્ત કે અચિત્ત અણદીધેલું (વસ્તુ) હું યાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે એટલે મન-વચન-કાયાએ કરી લઉં નહિ, લેવરાવું નહિ, લેનારને અનુમત થઉં નહિ. તથા અદત્તાદાનને પડિક્કમું છું યાવત્ તેવા સ્વભાવને વોસરાવું છું."

## તેની આ પાંચ ભાવનાઓ છે.

ત્યાં પેહેલી ભાવના આ કે નિર્ગ્રંથે વિચારીને પરિમિત અવગ્રહ માગવો, પણ વગર વિચારે અપરિમિત અવગ્રહ ન માગવો, કેમકે કેવળી કહે છે કે વગર વિચારે અપરિમિત અવગ્રહ માગનાર નિર્ગ્રંથ અદત્ત લેનાર થઈ જાય. માટે વિચારીને પરિમિત અવગ્રહ માગવો. એ પેહેલી ભાવના.

બીજી ભાવના એ કે નિર્ગ્રંથે રજા મેળવીને આહાર પાણી વાપરવા. પણ રજા મેળવ્યા વગર ન વાપરવા; કેમકે કેવળી કહે છે કે વગર રજા મેળવે આહારપાણી વાપરનાર નિર્ગ્રંથ અદત્ત લેનાર થઈ પડે. માટે રજા મેળવીને આહાર પાણી વાપરવા એ બીજી ભાવના.

ત્રીજી ભાવના એ કે નિર્ગ્રંથે અવગ્રહ માગતાં પ્રમાણ સહિત (કાળ ક્ષેત્રની હદ બાંધી) અવગ્રહ લેવો. કેમકે કેવળી કહે છે કે પ્રમાણ વિના અવગ્રહ લેનાર નિર્ગ્રંથ અદત્ત લેનાર થઈ જાય માટે પ્રમાણ સહિત અવગ્રહ લેવો એ ત્રીજી ભાવના.

ચોથી ભાવના એ કે નિર્ગ્રંથે અવગ્રહ માગતાં વારંવાર હદ બાંધનાર થવું. કેમકે કેવળી કહે છે કે વારંવાર હદ નહિ બાંધનાર પુરૂષ અદત્ત લેનાર થઈ જાય માટે વારંવાર હદ બાંધનાર થવું એ ચોથી ભાવના.

પાંચમી ભાવના એ કે વિચારીને પોતાના સાધર્મિક પાસેથી પણ પરિમિત અવગ્રહ માગવો; કેમકે કેવળી કહે છે કે તેમ ન કરનાર નિર્ગ્રંથ અદત્ત લેનાર થઇ જાય. માટે

સાધર્મિક પાસેથી પણ વિચારીને પરિમિત અવગ્રહ માગવે., નહિ કે વગર વિચારે અપરિમિત. એ પાંચમી ભાવના.

એ ભાવનાઓથી મહાવ્રત રૂડી રીતે યાવત્ આજ્ઞા પ્રમાણે આરાધિત થાય છે. એ ત્રીજું મહાવ્રત.

ચોથું મહાવ્રત—"સર્વ મૈથુન તજું છું. એટલે કે દેવ મનુષ્ય તથા તિર્યંચ સંબંધી મૈથુન હું યાવજ્જીવત્રિવિધે ત્રિવિધે કરૂં નહિ." ઇત્યાદિ અદત્તાદાન માફક બોલવું.

## તેની આ પાંચ ભાવનાઓ છે.

ત્યાં પહેલી ભાવના એ કે નિર્ગ્રંથે વારંવાર સ્ત્રીની કથા કહ્યા કરવી નહિ; કેમકે કેવળી કહે છે કે વારંવાર સ્ત્રી કથા કરતાં શાંતિનો ભંગ થવાથી નિર્ગ્રંથ શાંતિથી તથા કેવળી ભાષિત ધર્મથી ભ્રષ્ટ થાય. માટે નિર્ગ્રંથે વારંવાર સ્ત્રી કથા-કારક ન થવું એ પહેલી ભાવના.

બીજી ભાવના એ કે નિર્ગ્રંથે સ્ત્રીઓની મનોહર ઇંદ્રિયો જોવી કે ચિંતવવી નહિ. કેમકે કેવળી કહે છે કે તેમ કરતાં શાંતિ ભંગ થવાથી ધર્મભ્રષ્ટ થવાય. માટે નિર્ગ્રંથે સ્ત્રીઓની મનોહર ઇંદ્રિયો જોવી કે તકાસવી નહિ. એ બીજી ભાવના.

ત્રીજી ભાવના એ કે નિર્ગ્રંથે સ્ત્રીઓ સાથે પૂર્વે રમેલી રમત–ક્રીડાઓ યાદ ન કરવી; કેમકે કેવળી કહે છે કે તે યાદ કરતાં શાંતિ ભંગ થવાથી ધર્મભ્રષ્ટ થવાય. માટે નિર્ગ્રંથે સ્ત્રીઓ સાથે પૂર્વે રમેલી રમત ગમતો સંભારવી નહિ. એ ત્રીજી ભાવના.

ચોથી ભાવના એ કે નિર્ગ્રંથે અધિક ખાનપાન ન વાપરવું તથા ઝરતા રસવાળું ખાનપાન ન વાપરવું; કેમકે કેવળી કહે છે કે અધિક તથા ઝરતા રસવાળું ખાનપાન ભોગવતાં શાંતિ ભંગ થવાથી ધર્મભ્રષ્ટ થવાય માટે અધિક આહાર કે વિશેષ ઘી દૂધવાળો આહાર નિર્ગ્રંથે ન કરવો એ ચોથી ભાવના.

પાંચમી ભાવના એ કે નિર્ગ્રંથે સ્ત્રી, પશુ, તથા નપુંસકથી ઘેરાયેલ શય્યા તથા આસન ન સેવવાં; કેમકે કેવળી કહે છે કે તેવાં શય્યા–આસન સેવતાં શાંતિભંગ થવાથી નિર્ગ્રંથ ધર્મ ભ્રષ્ટ થાય માટે નિર્ગ્રંથે સ્ત્રી, પશુ પંડકથી ઘેરાયેલ શય્યા આસન ન સેવવાં. એ પાંચમી ભાવના.

એ રીતે મહાવ્રત રૂડીરીતે કાયાએ કરી સ્પર્શિત તથા યાવત્ આરાધિત થાય છે એ ચોથું મહાવ્રત.

પાંચમું મહાવ્રત–"સર્વ પરિગ્રહ તજું છું. એટલે કે થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત કે અચિત, હું પોતે લઉં નહિ બીજાને લેવરાવું નહિ, અને લેતાને અનુમત થાઉં નહીં યાવત્ તેવા સ્વભાવને વોસરાવું છું.

## તેની આ પાંચ ભાવનાઓ છે.

ત્યાં પેલી ભાવના એ કે કાનથી જીવે ભલા ભૂંડા શબ્દ સાંભલતાં તેમાં આસક્ત, રક્ત, ગૃધ્ધ, મોહિત, તલ્લીન કે વિવેકભ્રષ્ટ ન થવુ. કેમકે કેવળી કહે છે કે તેમ થતાં શાંતિ ભંગ થવાથી શાંતિ તથા કેવલિભાષિત ધર્મથી ભ્રષ્ટ થવાય છે.

કાને શબ્દ પડંતા તો, અટકાવાય ના કદિ;
કિંતુ ત્યાં રાગ દ્વેષોને, પરિહાર કરે યતિ.

એમ કાનથી જીવે ભલા ભૂંડા શબ્દ સાંભળી રાગદ્વેષ ન કરવો એ પેલી ભાવના.

બીજી ભાવના એ કે ચક્ષુથી જીવે ભલા ભૂંડાં રૂપ દેખતાં તેમાં આસક્ત કે યાવત્ વિવેકભ્રષ્ટ ન થવું. કેમકે કેવળી કહે છે કે તેમ થતાં શાંતિ ભંગ થવાથી યાવત્ ધર્મ-ભ્રષ્ટ થવાય છે.

આંખે રૂપ પડંતા તો, અટકાવાય ના કદિ;
કિંતુ ત્યાં રાગદ્વેષોને, પરિહાર કરે યતિ.

એમ ચક્ષુથી જીવે ભલા ભૂંડાં રૂપ દેખી રાગદ્વેષ ન કરવો, એ બીજી ભાવના.

ત્રીજી ભાવના એ કે નાકથી જીવે ભલા ભૂંડાં ગંધ સૂંઘતાં તેમાં આસક્ત કે યાવત્ વિવેકભ્રષ્ટ ન થવું. કેમકે કેવળી કહે છે કે તેમ થતાં શાંતિભંગ થવાથી યાવત્ ધર્મ ભ્રષ્ટ થવાય છે.

નાકે ગંધ પડંતા તો, અટકાવાય ના કદિ;
કિંતુ ત્યાં રાગદ્વેષોને, પરિહાર કરે યતિ.

એમ નાકથી જીવે ભલા ભૂંડાં ગંધ સૂંઘી રાગ દ્વેષ ન કરવો એ ત્રીજી ભાવના.

ચોથી ભાવના એ કે જીભથી જીવે ભલા ભૂંડાં રસ

ચાખતાં તેમાં આસક્ત કે વિવેકભ્રષ્ટ ન થવું; કેમકે કેવળી કહે છે કે તેમ થતાં શાંતિભંગ થવાથી ધર્મભ્રષ્ટ થવાય છે.

જીભે રસ ચડંતા તો, અટકાવાય ના કદિ;
કિંતુ ત્યાં રાગ દ્વેષોને, પરિહાર કરે યતિ.

એમ જીભથી જીવે ભલા ભૂંડા રસ ચાખી રાગદ્વેષ ન કરવો એ ચોથી ભાવના.

પાંચમી ભાવના એ કે ભલા ભૂંડા સ્પર્શ અનુભવતાં તેમાં આસક્ત કે વિવેકભ્રષ્ટ ન થવું; કેમકે કેવળી કહે છે કે તેમ થતાં શાંતિ ભંગ થવાથી ધર્મભ્રષ્ટ થવાય છે.

સ્પર્શેંદ્રિયે સ્પર્શ આવે, અટકાવાય ના કદિ;
કિંતુ ત્યાં રાગદ્વેષોને, પરિહાર કરે યતિ.

એમ સ્પર્શથી જીવે ભલા ભૂંડા સ્પર્શ અનુભવી રાગદ્વેષ ન કરવો. એ પાંચમી ભાવના.

એ રીતે મહાવ્રત રૂડી રીતે કાયાથી સ્પર્શિત, પાળિત પાર પહોંચાડેલ, કીર્ત્તિત, અવસ્થિત અને આજ્ઞાથી આરાધિત પણ થાય એ પાંચમું મહાવ્રત.

એ મહાવ્રતોની પચીસ ભાવનાવડે સંપન્ન અણગાર સૂત્ર, કલ્પ તથા માર્ગને યથાર્થપણે રૂડીરીતે કાયાથી સ્પર્શી, પાળી, પાર પહોંચાડી, કીર્ત્તિત કરી આજ્ઞાનો આરાધક પણ થાય છે. (આ સૂત્રોની ટીકા વિશેષ નથી. તેમજ મૂળનું ભાષાંતર કરનાર શ્રાવક રવજીભાઈ વિદ્વાન હોવાથી છેવટના ભાગમાં કેટલીક જગ્યાએ કાવ્યો તથા ભાષાની નકલ કરી છે.)

# વિમુકિત અધ્યયન.

ભાવના નામનું ત્રીજું કહીને વિમુકિત નામનું ચોથું અધ્યયન કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે, ત્રીજામાં મહાવ્રતની ભાવનાઓ બતાવી છે, તેમ અહીં પણ અનિત્ય ભાવના કહે છે, આ સંબંધે આવેલા અધ્યયનના ચાર અનુયોગદ્વારો થાય છે, તેમાં ઉપક્રમમાં રહેલ અર્થાધિકાર બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

**अणिच्चे पव्वए रुप्पे भुयगस्स तहा ( या ) महासमुद्दे य।**
**एए खलु अहिगारा अज्झयणंमी विमुत्तीए॥ ३४२॥**

આ અધ્યયનમાં અનિત્યત્વ, પર્વત. ભુજંગપણું અને સમુદ્રનો એમ પાંચ અધિકાર છે, તે યથાયોગ્ય સૂત્રમાંજ કહીશું.

નામ નિષ્પન્ન નિ. માં વિમુક્તિ નામ છે, એના નામાદિ નિક્ષેપા ઉત્તરાધ્યયન સૂત્રના વિમુક્તિ (વિમોક્ષ) અધ્યયનમાં બતાવ્યા પ્રમાણે જાણવા, તેથી અહીં ટુંકાણમાં નિર્યુક્તિકાર કહે છે.

**जो चेव होइ मुक्खो, सा उ विमुत्ति पगयं तु भावेणं।**
**देसविमुक्का साहू, सव्वविमुक्का भवे सिद्धा॥ ३४३॥**

જે મોક્ષ તેજ વિમુક્તિ છે, એના નિક્ષેપા મોક્ષ માફક જાણવા, અહીં અધિકાર ભાવ વિમુક્તિનો છે, ભાવ વિમુકિત દેશ અને સર્વ એમ બે ભેદે છે, દેશથી સામાન્ય સાધુથી માંડીને ભવસ્થ (શરીરધારી) કેવલી સુધી જાણવા, સર્વ વિમુક્તિ તો આઠ કર્મના ક્ષય થવાથી સિદ્ધો જાણવા, સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું, તે કહે છે—

## અનિત્ય અધિકાર.

**अणिच्चमावासमुर्विति जंतुणो, पलोयए सुच्चमिणं अणुत्तरं**
**विउसिरे विन्नु अगारबंधणं, अभीरु आरंभपरिग्गहं चए ॥१॥**

જેમાં જીવ રહે તે આવાસ છે, એટલે મનુષ્ય વિગેરે ભવમાં મળેલું શરીર છે, તેને પ્રાણીઓ વારંવાર મેળવે છે, કે જે ચાર ગતિમાં જીવ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં અનિત્ય ભાવ પામે છે, (અર્થાત્ ગતિમાં એકે નિશ્ચળ સ્થાન નથી) આ પ્રમાણે જિનેશ્વરનું વચન સમજીને વિદ્વાન્ પુરૂષ, પુત્ર સ્ત્રી ધન ધાન્ય વિગેરેવાળું ઘરનું બંધન છોડે, તથા સાતે પ્રકારના ભય છોડીને પરિસહ ઉપસર્ગથી ન ડરતો સાવદ્યકૃત્ય તથા બાહ્ય અભ્યંતર પરિગ્રહ છોડે ( અર્થાત્ દીક્ષા ગ્રહણ કરે, અને દીક્ષા ગ્રહણ કરેલી હોય તો આરંભ પરિગ્રહ ત્યાગીને નિર્મળ ચારિત્ર પાળે)

## પર્વત અધિકાર.

**तहागयं भिक्खुमणंतसंजयं, अणेलिसं विन्नु चरंतमेसणं ।**
**तुदंति वायाहि अभिद्रवं नरा, सरेहिं संगामगयं व कुंजरं ।२।**

પ્રથમ શ્લોકમાં બતાવેલ અનિત્ય ભાવના ભાવેલો, ઘરબંધન છોડેલો, આરંભ પરિગ્રહ રહિત અનંત કાય વિગેરે એકેંદ્રિયાદિ અનંતા જીવોની યતના કરવાથી અનંત સંયત બનેલો એવા ઉત્તમ સાધુને જિનેશ્વરના વચનમાં પ્રવીણ શુદ્ધ ગોચરીને લેતો જાણીને તેવા ઉત્તમ ગુણોથી રહિત માણસો પાપથી હણાયેલ આત્માવાળા બનીને કડવાં વચનો

વડે પીડે છે, તથા તેઓ માટીનાં ઢેફાં વિગેરેથી જેમ લડાઈમાં ગયેલા હાથીને તીરો મારે તેમ તે ઉત્તમ સાધુને પીડે છે.

**तहप्पगारेहिं जणेहिं हीलिए, ससद्दफासा फरुसा उईरिया ।**
**तितिक्खए नणि अदुट्ठचेयसा, गिरिव्व वाएण न संपवेयए ।३।**

પૂર્વે કહેલા અનાર્ય જેવા પુરૂષોએ પીડેલો એટલે કડવાં કઠોર વચનોએ આક્રોશ કરીને અતિ ઠંડ તાપ વગેરેથી દુઃખી કરીને હીલના કરી હોય, તોપણ મુનિ તેને સમતા ભાવે સહે, કારણ કે જ્ઞાની સાધુ સમજે છે કે મેં પૂર્વે કરેલા અશુભ કૃત્યો કર્મ રૂપે ઉદયમાં આવ્યા છે, એમ માનીને ચિત્તમાં કુવિકલ્પ ન કરતાં પર્વત માફક ધૈર્ય રાખીને તેનાથી કંપે નહિ, અર્થાત્ વાયુથી પહાડ ન કંપે, તેમ પોતે દુઃખ દેનારથી કજીઓ ન કરે, તેમ ચારિત્ર મુકી ન દે,

## રૂપાનું દૃષ્ટાંત.

**उवेहमाणे कुसलेहिं संवसे, अकंतदुक्खी तस थावरा दुही ।**
**अलूसए सव्वसहे महामुणी, तहा हिसे सुस्समणे समाहिए ।४।**

પરિસહ ઉપસર્ગોને સહતો અથવા ઈષ્ટ અને અનિષ્ટ વિષયોની ઉપેક્ષા કરતો માધ્યસ્થભાવ ધારીને ગીતાર્થ સાધુઓ સાથે વસે, તે અશાતા વેદનીય દુઃખથી પીડાતા ત્રસ થાવર જીવોને પોતે ન પીડતો પૃથ્વી માફક સર્વ સહેનાર તથા બરોબર રીતે ત્રણ જગતના સ્વભાવને જાણનાર મહામુનિ બનીને પોતે વિચરે, તેથી તેને સુશ્રમણની ઉપમા આપી છે,

**विऊ नए धम्मपयं अणुत्तरं, विणीयतण्हस्स मुणिस्स झायओ।
समाहियस्सऽग्गिसिहा व तेयसा, तवो य पन्ना य जसो य वड्ढइ ॥ ५ ॥**

વિદ્વાન્ તે કાળને જાણનારો, નમેલો (વિનયવાન) પ્રધાન એવાં ક્ષાંતિ વિગેરે ધર્મ પદોને જાણીને તૃષ્ણાને દૂર કરેલ. ધર્મધ્યાન ધ્યાવતાં અને બધી ધર્મ ક્રિયામાં ઉપયોગ રાખતાં તેનો તપ તથા કીર્તિ વધે છે.

**दिसोदिसंऽणंतजिणेण ताइणा, महव्वया खेमपया पवेइया।
महागुरु निसयरा उईरिया, तमेव तेउत्तिदिसं पगासगा ॥६॥**

ભાવદિશા તે એકેંદ્રિયાદિ સર્વ જીવોને વિષે ક્ષેમપદ તે રક્ષણસ્થાન રૂપ વ્રતોને અનંત જ્ઞાની જીનેશ્વરે બતાવ્યાં છે, તે સામાન્ય માણસથી ન પળાય માટે મહા ગુરૂ છે, અને તે વ્રતો પાળવાથી પૂર્વનાં ચીકણાં કર્મોને પણ દૂર કરે છે, તથા અજ્ઞાન અંધકાર દૂર કરવાથી ત્રિદિશામાં પ્રકાશ પડે છે, તે જેમ અગ્નિ ઉપર નીચે અને તીરછો પ્રકાશ કરે છે, એમ આ મહાવ્રતો પણ કર્મ અંધકારને દૂર કરવાથી પ્રકાશક છે.

**મૂળ ગુણોની સ્તુતિ કરી ઉત્તમ ગુણો વર્ણવે છે,**

**सिएहिं भिक्खुअसिए परिव्वए, असज्जमित्थीसु चइज्ज पूयणं।
अणिस्सिओ लोगमिणं तहा परं, न मिज्जई कामगुणेहिं पंडिए ॥ ७॥**

સિતા તે આઠ કર્મે કરીને અથવા રાગ દ્વેષ વિગેરે ના કારણરૂપ ગૃહપાશથી બંધાયેલા ગૃહસ્થો અથવા અન્ય દર્શ-

નીઓ છે, તેમના પાશામાં સાધુ પોતે રાગદ્વેષથી ન ફસાય, અને પોતાના સંયમ અનુષ્ઠાનમાં રક્ત રહે; તથા સ્ત્રીઓ સાથે પ્રસંગ ન રાખતાં પૂજન તજે, અર્થાત્ સત્કાર માન પાનનો અભિલાષી ન થાય, તથા આલોક તથા પરલોકમાં સુખ છે એમ માનીને વિષય સુખ વગેરેનો પણ અભિલાષી ન થાય, આ પ્રમાણે મનોજ્ઞ શબ્દો વિગેરેથી પણ લોભાય નહિ. તેજ પંડિત છે. એટલે પરિણામે કડવાં ફળ વિષય અભિલાષમાં છે એમ જાણનારો જ દીર્ઘદર્શી મુનિ છે.

**तहा विमुक्कस्स परिन्नचारिणो, धिईमओ दुक्खखमस्स भिक्खुणो**
**विसुज्झई जंसि मलं पुरेकडं, समीरियं रुप्पमलं व जोइणा ।८।**

ઉપર કહેલા બોધ પ્રમાણે મૂલ ઉત્તર ગુણ ધારીને પાળવાથી વિમુક્ત થયેલ તથા મળેલા જ્ઞાનથી જ્ઞપરિજ્ઞાવડે સદ્અસદ્નો વિવેક સમજીને ચાલનારો એટલે પ્રથમ જ્ઞાનથી વિચારીને પછી ક્રિયા કરે છે, તથા સંયમમાં ધૈર્ય રાખે, અશાતા વેદનીય ઉદયમાં આવતાં દુઃખ આવે તો સમતાથી સહે, ન ખેદ કરે, તેમજ તેની શાંતિ માટે વૈદ્ય ઔષધની પણ ઘણી ઝંખના ન કરે, આવા ભિક્ષુનાં પૂર્વે કરેલાં કર્મો જેમ રૂપાનો મેલ અગ્નિથી દૂર થાય છે, તેમ તપશ્ચર્યા વિગેરેથી દૂર થાય છે.

## સાપની ચામડીનું દૃષ્ટાંત

**से हु परिन्नासमयंमि वट्टई, निरासंसे उवरय मेहुणा चरे ।**
**भुयंगमे जुन्नतयं जहा चए, विमुच्चई से दुहसिज्ज माहणे ॥९॥**

ઉપર કહેલા મૂળ ઉત્તર ગુણ ધારક સાધુ પિંડએષણા અધ્યયનમાં બતાવેલા અર્થ પ્રમાણે પરિજ્ઞા સમયે વર્ત્તે છે, બોલે તેવું પાળે છે, તથા આ લોક પરલોકની આશંસા (આકાંક્ષા) રહિત તથા મૈથુનથી દૂર, એટલે પાંચે મહાવ્રત પાળનારો હોય તેને જેમ સાપ જુની કાંચળીને ત્યાગીને નિર્મળ થાય, તેમ પોતે દુઃખ શય્યા તે નરક વિગેરેના ભ્રમણથી મુકાય છે.

## સમુદ્રનું દૃષ્ટાંત.

**जमाहु ओहं सलिलं अपारयं, महासमुद्दं व भुयाहि दुत्तरं।**
**अहे य णं परिजाणाहि पंडिए, से हु मुणी अंतकडेत्ति वुच्चई**

તીર્થંકર અથવા ગણધરો ભુજાથી મોટો સમુદ્ર તરવો દુર્લભ છે, એ દૃષ્ટાંતે ઉપદેશ આપે છે કે જેમ સમુદ્ર પાણીથી ભરેલો છે, તેમ આશ્રવ દ્વારો છે, મિથ્યાત્વ વિગેરે પાર વિનાનું પાણી છે, તેથી સંસાર સાગર તરવો દુસ્તર છે એમ જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે તું પરિહર અર્થાત્ સદ્અસદ્ ના વિવેકને જાણનાર હે પંડિત મુનિ! તું મહાવ્રત રૂપનાવ વડે સંસારસાગરને તરી જા, આ પ્રમાણે જાણીને વર્તે છે તેજ અલંકૃત મોક્ષમાં જનાર છે. ॥૧૦॥

**जहा हि बद्धं इह माणवेहिं, जहा य तेसिं तु विमुक्ख आहिए।**
**अहा तहा बन्धविमुक्ख जे विऊ, से हु मुणी अंतकडेत्ति वुच्चई**

મિથ્યાત્વ વિગેરે જે પ્રકારે પ્રકૃતિ સ્થિતિ વિગેરેથી આત્મા સાથે જડપુદ્ગળને કર્મ રૂપે એકમેક કરી બાંધ્યા છે, તેને આ સંસારમાં મનુષ્યો સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર વડે

તોડે છે, તેજ મોક્ષ કહ્યો છે, આ પ્રમાણે બંધ અને મોક્ષનું બરોબર સ્વરૂપ જાણીને તે પ્રમાણે વર્ત્તનાર કર્મનો અંતકૃત મુનિ કહેવાય છે. ॥૧૧॥

**इमंमि लोए परए य दोसुवि, न विज्जई बंधण जस्स किंचिवि।**
**से हु निरालंबणमप्पइट्ठिए, कलंकलीभावपहं विमुच्चइ ॥१२॥**
**त्तिबेमि ॥ विमुत्ती सम्मत्ता ॥ २-४ ॥ आचाराङ्गसूत्रं समाप्तं**
**॥ ग्रन्थाग्रं २५५४ ॥**

આ લોક અને પરલોકમાં જેને જરાપણ બંધન નથી, તે નિરાલંબન અર્થાત્ આ લોક પરલોકની આશંસા રહિત ક્યાંય પણ ન બંધાયેલો અશરીરી (સિદ્ધ) છે, તેજ સંસારમાં ગર્ભાદિ રૂપ કલંક ભાવથી મુકાય છે, અર્થાત્ કેવળીને કે સિદ્ધોને ફરી જન્મ નથી—આ પ્રમાણે પ્રભુપાસે જાણીને હું કહું છું,

હવે નયો કહે છે—

પૂર્વે જ્ઞાન ક્રિયાના એકાંત નયને અનુચિત ઠરાવી સર્વ નય સંમત જૈન શાસન છે એમ બતાવ્યું છે ત્યાંથી જાણવું.

**आचारटीकाकरणे यदाप्तं, पुण्यं मया मोक्षगमैकहेतुः।**
**तेनापनीयाशुभराशिमुच्चैराचारमार्गप्रवणोऽस्तु लोकः ॥१॥**

આચારાંગ સૂત્રના અંતમાં નીચલી ત્રણ ગાથાઓ છે.

**आयारस्स भगवओ चउत्थचूलाइ एस निज्जुत्ती।**
**पंचमचूलनिसीहं तस्स य उवरिं भणीहामि ॥ ३४४ ॥**
**सत्तहि छहिं चउचउहि य पंचहि अट्ठट्ठ चउहि नायव्वा।**
**उद्देसएहिं पढमे सुयखंधे नव य अज्झयणा ॥ ३४५ ॥**

इक्कारस तिति दोदो दोदो उद्देसएहिं नायव्वा ।
सत्तयअट्ठयनवमा इक्कसरा हुंति अज्झयणा ॥ ३४६ ॥

તથા મહાપરિજ્ઞા નામનું અધ્યયન વિચ્છેદ જવાથી તેની નિર્યુક્તિનું વિવરણ ટીકાકારે ન કરવાથી નીચે મુકી છે-

पाहण्णे महसद्दो परिमाणे चेव होइ नायव्वो ।
पाहण्णे परिमाणे य छव्विहो होइ निक्खेवो ॥ १ ॥
दव्वे खेत्ते काले भावंमि य होंति या पहाणा उ ।
तेसि महासद्दो खलु पाहण्णेणं तु निप्फन्नो ॥ २ ॥
दव्वे खेत्ते काले भावंमि य जे भवे महंता उ ।
तेसु महासद्दो खलु पमाणओ होंति निप्फन्नो ॥ ३ ॥
दव्वे खेत्ते काले भावपरिण्णा य होइ बोद्धव्वा ।
जाणणओववक्खणओ य दुविहा पुणेक्केक्का ॥ ४ ॥
भावपरिण्णा दुविहा मूलगुणे चेव उत्तरगुणे य ।
मूलगुणे पंचविहदु ाविहा पुण उत्तरगुणेसु ॥ ५ ॥
पाहण्णेण उ पगयं परिण्णाएय तहय दुविहाए ।
परिण्णाणेसु पहाणे महापरिण्णा तओ होइ ॥ ६ ॥
देवीणं मणुईणं तिरिक्खजोणीगयाण इत्थीणं ।
तिविहेण परिच्चाओ महापरिण्णाए निज्जुत्ती ॥ ७ ॥

—* આચારાંગસૂત્ર સમાપ્ત થયું. *—

શુભં ભવતુ.

આનંદ.